203 વર્ષ

# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 60 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ ફાલ્ગુન સુદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 March 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૧૨ માર્ચ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# ખેડૂતો ૧૫ માર્ચ સુધી ટેકાના ભાવે કપાસ વેચાણ માટે નોંધણી કરી શકશેઃ કેન્દ્ર સરકારે ₹ ૭,૪૭૧ ટેકાનો ભાવ જાહેર કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના ખેડૂતોને કપાસના પોષણક્ષમ ભાવ મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે સરકાર દ્વારા કપાસના પાકની પણ ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવી છે. ભારત સરકારના જાહેર સાહસ-ભારતીય કપાસ નિગમ લી. (સીસીઆઈ) દ્વારા આગામી સપ્ટેમ્બર-૨૦૨૫ સુધી કપાસની કેન્દ્ર સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. કપાસનું વેચાણ કરવા ઇચ્છતા ખેડૂતોએ નજીકના કેન્દ્ર પર જઈને રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે, ત્યારબાદ ટેકાના ભાવે કપાસનું વેચાણ કરી શકશે.

ભારત સરકારે કપાસ માટે રૂ. ૭,૪૭૧ ટેકાનો ભાવ જાહેર કર્યો છે. ટેકાના ભાવે કપાસનું વેચાણ કરવા ઇચ્છતા રાજ્યના ખેડૂતોએ આગામી તા. ૧૫ માર્ચ, ૨૦૨૫ સુધીમાં ખરીદ કેન્દ્રો ખાતેથી ભારતીય કપાસ નિગમના ઈ-માર્કેટ પોર્ટલ પર નોંધણી કરાવવાની રહેશે. આ સમયમર્યાદામાં અરજી કરી હશે, તેવા ખેડૂતો પાસેથી જ કપાસની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. આ સંદર્ભે ખેડૂતોની સમસ્યા અથવા ફરિયાદ માટે વોટ્સએપ હેલ્પલાઈન નંબર +૯૧ ૭૭૧૮૯૫૫૭૨૮ જાહેર કર્યો છે. ખેડૂતો આ નંબર પર મેસેજ મોકલીની સમસ્યા અથવા ફરિયાદ નોંધાવી શકે છે.

# ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશન અને દૂધસંઘોનું ગ્રૂપ ટર્નઓવર ₹ ૮૦,૦૦૦ કરોડને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિધાનસભા ગૃહ ખાતે સહકાર વિભાગની અંદાજપત્રીય માગણીઓ પરની ચર્ચામાં સહકાર રાજ્ય પ્રધાન જગદીશ વિશ્વકર્માએ દૂધ ઉત્પાદન ક્ષેત્રે રાજ્યની હરણફાળ અંગે વિગતો આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં પ્રાથમિક દૂધ મંડળીઓની સંખ્યા ૧૦,૬૩૬થી વધીને ૧૬,૪૦૬ અને દૂધ સંઘોની સંખ્યા ૧૨થી વધીને ૨૩ થઈ છે. પરિણામે રાજ્યનું દૈનિક દૂધ કલેક્શન પણ ૬૨ લાખ લીટરથી વધીને ૩૧૫ લાખ લીટર થયું છે. દૂધ ઉત્પાદન ક્ષેત્રે સહકારિતાને વેગ મળતા આજે ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનનું ટર્નઓવર રૂ. ૫૯,૨૫૯ કરોડ તેમજ દૂધસંઘો સાથેનું ગ્રૂપ ટર્નઓવર રૂ. ૮૦,૦૦૦ કરોડને પાર પહોંચ્યું છે. જગદીશ વિશ્વકર્માએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૪-૧૫માં ખેડૂતોને પાક ધિરાણ વ્યાજ સહાય યોજના અંતર્ગત રૂ.૧૨૫ કરોડ ખર્ચ કરવામાં આવતો હતો. તેની સામે ખેડૂતોને ધિરાણ પણ વ્યાજ સહાય ચૂકવવા માટે ૧૦૦૦ ટકાના વધારા સાથે રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૧,૩૮૨ કરોડ જેટલો ખર્ચ કર્યો છે. ગુજરાતની સહકારી મંડળીઓના સભ્યોને તાલિબદ્ધ કરવા, આદિજાતિ વિસ્તારની સહકારી દૂધ મંડળીઓ પર સોલાર પેનલ લગાવવા, શ્રેષ્ઠ કામગીરી કરતા પેક્સને પ્રોત્સાહિત કરવા, ખેડૂતોને ધિરાણ પર વ્યાજ રાહત આપવા માટે આ વર્ષના બજેટમાં રૂ. ૫૦ કરોડથી વધુની જોગવાઈ કરી છે.

# આર.ટી.આઈ.નો દુરુપયોગ કરનારા સામે કાર્યવાહી કરાશે, કુલ ૬૭ ગુના નોંધાયાઃ હર્ષ સંઘવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ રાજ્યમાં આર.ટી.આઈના પવિત્ર કાયદાનો દુરુપયોગ કરી નિર્દોષ પાસેથી રૂપિયા પડાવવાની પ્રવૃત્તિ કરનારા લોકોને સુધરી જવાની કડક ચેતવણી આપી હતી. વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત પર નિવેદન આપતા હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા એક મહત્ત્વનો નિર્ણય લેવાયો હતો જે અંતર્ગત દર મહિને એક વાર પોલીસ કમિશનર / પોલીસ અધિક્ષક અને પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચે સંકલનની બેઠક યોજાઇ હતી. તેમાં સુરત ખાતે આર.ટી.આઇ કાયદાનો દુરુપયોગ કરી સામાન્ય નાગરિકોના પૈસા પડાવવામાં આવી રહ્યા હોવાનો એક ગંભીર પ્રશ્ન ધ્યાને આવ્યો હતો. ત્યાર બાદ આર.ટી.આઇ કાયદાનો દુરુપયોગ કરનારી ચીટર ગેંગના સભ્યોને એક પછી એક પકડી પાડવામાં ગુજરાત પોલીસને સફળતા મળી છે. તેમણે વધુમાં જણાવ્યુ હતું કે, લોકોમાં જાગૃતતા લાવવા, સરકારી સિસ્ટમમાં ભ્રષ્ટાચાર નિવારવા, પારદર્શકતા લાવવા આર.ટી.આઈનો પવિત્ર કાયદો અમલમાં છે, ત્યારે આ કાયદાનો દુરુપયોગ કરનારા શખ્સો સામે ગુજરાત પોલીસે રાજ્યભરમાં કુલ ૬૭ ગુનાઓ દાખલ કરી કડકમાં કડક કાર્યવાહી કરી છે, જે એક શરૂઆત છે. આવનારા દિવસોમાં આવાં તત્ત્વો સામે હજુ સખતાઇપૂર્વક કાર્યવાહી કરવામાં આવશે. આ કાયદાનો દુરુપયોગ બિલકુલ ચલાવી લેવાશે નહિ. સુધરી જાવ કે જેલમાં જાવની કડક ચેતવણી ગૃહ રાજ્યપ્રધાનએ વિધાનસભા ગૃહમાંથી રાજ્યમાં આવી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા તત્ત્વોને આપી હતી.

હર્ષ સંઘવીએ સુરત શહેરમાં બનેલા આવા બનાવો અંગે જણાવ્યું હતું કે, સુરતમાં અમુક લેભાગુ તત્ત્વો દ્વારા આરટીઆઈ એક્ટીવિસ્ટ તથા યુ-ટ્યુબર તરીકે આરટીઆઈ એક્ટ હેઠળ ખોટી-ખોટી અરજીઓ કરી ખોટા સમાચાર છાપી બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા વ્યક્તિઓને બદનામ કરી ખોટી રીતે હેરાન પરેશાન કરી તેમની પાસેથી બળજબરીપુર્વક પૈસા પડાવતા હોવા અંગેની રજૂઆત પોલીસ કમિશ્નરને સંકલન બેઠકમાં મળી હતી. જે અંતર્ગત એસ.ઓ.જી.ને તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી આવી રીતે હેરાન પરેશાન થયેલા લોકોને પોલીસ સમક્ષ ફરિયાદ આપવા અપીલ કરવામાં આવી હતી. સુરત શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં આર.ટી.આઇ.ની આડ નાણાં પડાવવા અંગેના કુલ-૨૪ ગુનાઓ તેમજ ન્યુઝમાં છાપવાની તેમજ અન્ય રીતે દાબ દબાણ આપી બાંધકામ તોડાવી પાડવાની ધમકી આપી નાણાં પડાવવા અંગેના કુલ૧૭ ગુનાઓ એમ ૫૦ આરોપીઓ સામે કુલ-૪૧ ગુનાઓ દાખલ થયા છે.

# રાજ્યની સહકારી બૅન્કોની ડિપોઝિટમાં ₹ ૬,૫૦૦ કરોડનો વધારોઃ દર ચોથો ગુજરાતી સહકારી મંડળીનો સભાસદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિધાનસભા ગૃહમાં સહકાર વિભાગની અંદાજપત્રીય માગણીઓ પરની ચર્ચામાં સહકાર રાજ્ય પ્રધાન જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ગુજરાતના તમામ ખેડૂતો સહકારી બેંક સાથે જોડાય તે હેતુસર રાજ્યમાં કો-ઓપરેશન એમોન્ગ ધી કો-ઓપરેટીવ મૂવમેન્ટ શરૂ થઈ છે. જેની ફલશ્રુતિ રૂપે સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલા સભાસદોના ૨૩ લાખથી વધુ નવા ખાતા રાજ્યની ૧૮ જિ. મધ્યસ્થ બેંકોમાં ખોલાવવામાં આવ્યા છે. પરિણામે સહકારી બેંકોની ડિપોઝીટમાં પણ રૂ. ૬,૫૦૦ કરોડ જેટલો વધારો થયો છે.

ગુજરાતના સહકારી ક્ષેત્ર અંગે વાત કરતાં કહ્યું હતું કે, ગુજરાતમાં અત્યારે કાર્યરત ૮૯,૦૦૦થી વધુ કો-ઓપરેટીવ સોસાયટીઝમાં લગભગ ૧.૭૧ કરોડથી વધુ સભ્યો જોડાયા છે.

એટલે કે, ૬ કરોડથી વધુ વસ્તી ધરાવતા ગુજરાત રાજ્યનો દર ચોથો ગુજરાતી સહકારી મંડળીનો સભાસદ છે. સહકારી મંડળીઓના સભ્યોને હવે ૨૦ ટકા સુધી ડિવિડન્ડ મળતા કરોડો સભાસદોને તેનો સીધો લાભ મળી રહ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, બિલેશ્વર સુગર અને તલાલા સુગર છેલ્લાં કેટલાંક વર્ષોથી બંધ હતી. આ બન્ને મિલ અને વલસાડ સુગર - ઈન્ડી યન પોટાશ લિમિટેડને ૩૦ વર્ષ માટે ભાડાપટ્ટે આપવામાં આવશે, જે રૂ. ૬૦૦ કરોડનું રોકાણ કરશે. આ મીલો ફરી કાર્યરત થતા ત્યાંની ખાંડ સહકારી મંડળીઓ પુનઃ કાર્યરત થશે અને તેનાથી શેરડી પકવતા ૧૦,૦૦૦ ખેડૂતોને ફાયદો થશે.

ગુજરાતમાં વિકસી રહેલા સહકાર ક્ષેત્ર અંગે માહિતી આપતાં કહ્યું હતું કે, ગુજરાતની બજાર સમિતિઓનું ટર્નઓવર રૂ. ૮,૦૦૦ કરોડથી વધીને રૂ. ૫૦,૭૬૧ કરોડ થયું છે.

બજાર સમિતિના ગોડાઉનોની સંગ્રહ ક્ષમતા પણ ૪.૩૩ લાખ મેટ્રીક ટનથી વધીને ૧૩.૪૬ લાખ મેટ્રીક ટન થઇ છે. તેવી જ રીતે, બજાર સમિતિની આવક પણ રૂ. ૭૨.૮૦ કરોડથી વધીને રૂ.૪૭૦ કરોડ જેટલી થઈ છે.

# ફાગણમાં ચૈત્રનો માહોલઃ રાજ્યના નવ જિલ્લામાં હિટવેવની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હોળી પૂર્વે જ ઉનાળાની આકરી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. રાજ્યના અનેક જિલ્લામાં તાપમાનનો પારો ૪૦ સે. ડિગ્રીને પાર કરી ગયો છે અને હવામાન વિભાગ દ્વારા હજુ પણ આગામી સમયમાં આકરી ગરમી પડવાની આગાહી રાજ્યના હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

રાજ્યના હવામાન વિભાગ દ્વારા રાજ્યનાં નવ જિલ્લામાં હિટવેવની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રનાં પોરબંદર, ભાવનગર તેમજ ઉત્તર ગુજરાતનાં સાબરકાંઠા જિલ્લા માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. તે ઉપરાંત રાજકોટ, સુરેન્દ્રનગર,કચ્છ, મોરબી, બનાસકાંઠા તેમ જ સુરત જિલ્લામાં હિટવેવની આગાહી કરવામાં આવી છે.

ગુજરાતમાં આ વર્ષે માર્ચ મહિનાથી જ આકરી ગરમી પડવાની શરૂઆત થઈ ગઈ છે. રાજ્યમાં છેલ્લા બે દિવસથી મોટાભાગના શહેરોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૧ થી ૭ ડિગ્રી વધુ નોંધાયું છે. ત્યારે રાજ્યમાં રેડ એલર્ટની આગાહીની વચ્ચે રાજ્યમાં ૪૨ ડિગ્રી સાથે ભુજમાં મહત્તમ તાપમાન નોંધાયું હતું. સુરતમાં ૪૨.૮ સે., રાજકોટ અને સુરેન્દ્રનગરનું તાપમાન ૪૧.૭ સે., અમદાવાદ અને ગાંધીનગરમાં ૪૦.૪ સે., નલિયામાં ૪૦.૨ સે., કેશોદમાં ૪૦.૮ સે. તેમ જ ભાવનગરનાં મહુવામાં ૪૦.૪ સે. તાપમાન નોંધાયું હતું.

# ફૂલડોલ ઉત્સવ નિમિત્તે દ્વારકા જગત મંદિરનાં સમયમાં ફેરફારઃ માર્ગો પર જય રણછોડનાં નાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પવિત્ર યાત્રાધામ અને મોક્ષપૂરી દ્વારકામાં પૂનમનું વિશેષ મહત્ત્વ છે, પરંતુ ફાગણી પૂનમનું અનેરું મહત્ત્વ છે. હોળી પર કાળિયા ઠાકરનાં દર્શન કરવા માટે સમગ્ર સૌરાષ્ટ્ર સહિત ગુજરાતમાંથી ભાવિક ભક્તોનું ઘોડાપૂર દ્વારકા તરફ ઉમટી રહ્યું છે. આ સમયે દ્વારકાનાં માર્ગો પર પગપાળા સંઘોની ભીડ જોવા મળી રહી છે.

મોક્ષપૂરી દ્વારકામાં પૂનમનું વિશેષ મહત્વ છે અને દર મહિને હજારો ભાવિકો પૂનમ ભરવા નિયમિત રીતે દ્વારકા આવતાં હોય છે. ત્યારે હવે હોળીને લઈને દ્વારકામાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હોળી પર મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પગપાળા દ્વારકા પહોંચતા હોય છે, ત્યારે રસ્તાઓ પર પગપાળા શ્રદ્ધાળુઓ માટે સેવા કેમ્પ ખોલવામાં આવ્યા છે. આમલકી એકાદશીના પાવન અવસરે દ્વારકા જગત મંદિરમાં ભક્તોનો માનવ મહેરામણ ઊમટ્યો હતો અને ભક્તોએ ભગવાન દ્વારકાધીશને ફૂલો અને અબીલ-ગુલાલથી રંગીને ભાવપૂર્વક પૂજા-અર્ચના કરી હતી.

હોળીના પર્વ નિમિતે દ્વારકા જગત મંદિર ખાતે ફૂલડોલ ઉત્સવની ઉજવણી કરવામાં આવશે, આ ઉત્સવમાં સહભાગી થવા માટે સમગ્ર સૌરાષ્ટ્ર ઉપરાંત ગુજરાત અને દેશભરમાંથી શ્રદ્ધાળુઓ ઊમટી રહ્યા છે.

ફૂલડોલ ઉત્સવની ઉજવણીની પૂર્વ તૈયારીઓ તંત્ર દ્વારા કરવામાં આવી છે. જગત મંદિર ખાતે આગામી ૧૪મી માર્ચનાં રોજ હોળીનાં દિવસે ફૂલડોલ ઉત્સવ ઉજવવામાં આવશે. ફૂલડોલ ઉત્સવની ઉજવણીને ધ્યાને લઈને જગત મંદિરમાં દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

હોળીનાં દિવસે સવારે છ વાગ્યે મંગળા આરતી કરવામાં આવશે. ત્યારબાદ બપોરે એક વાગ્યે અનોસર એટલે કે મંદિર બંધ કરવામાં આવશે. તેમ જ બપોરે ૧:૩૦ વાગ્યે ઉત્સવ આરતી કરવામાં આવશે. ફૂલડોલ ઉત્સવ દર્શન ૧:૩૦ થી ૩ વાગ્યા સુધી ઉજવાશે તેમ જ બપોરે ૩ થી ૫ વાગ્યા સુધી જગત મંદિર બંધ રહેશે. ત્યારબાદ નિત્યક્રમ મુજબ દર્શન શરૂ રહેશે.

# બૃહદ ગીરમાં વન્યજીવોની સલામતી સુનિશ્ચિત કરવા સર્વેલન્સ અને સ્પીડ મોનિટરિંગ સિસ્ટમ કાર્યરત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતનાં બૃહદ્ ગીર વિસ્તારમાં વન્યજીવોનો વસવાટ સુરક્ષિત વાતાવરણના લીધે વધી રહ્યો છે, જેના પગલે સરકારે સંરક્ષણ અને પર્યાવરણનું જતન કરવા માટે કામગીરી હાથ ધરી છે. આ કામગીરીના પરિણામે છેલ્લા દોઢ દાયકાથી વન્ય પ્રાણીઓ માટે ગુજરાત વધુ સુરક્ષિત રાજ્ય બન્યું છે. વન્ય પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિઓ અંગે લોકજાગૃતિની સાથે તેમનું સંરક્ષણ-સંવર્ધન થઈ શકે તેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. આ હાઇટેક મોનિટરિંગ યુનિટના માધ્યમથી માંસાહારી પ્રાણીઓ અને ગીર વિસ્તારના પક્ષીઓનું રેડિયો ટેલિમેટ્રી સ્ટડી કરવામાં આવે છે. તે સિવાય વાયરલેસ કમ્યુનિકેશન, માઇક્રોચિપ ડેટાસેટ તેમ જ સફારીના વાહનો અને અંદર અને બહાર જવાના પોઇન્ટ્સનું સર્વેલન્સ પણ કરવામાં આવે છે. રેડિયો ટેલિમેટ્રી સ્ટડીમાં પ્રાણીઓની મૂવમેન્ટ અને તેમની વર્તણૂકનો રેડિયો ટ્રાન્સમિટરના માધ્યમથી અભ્યાસ કરવામાં આવે છે. સંરક્ષિત વિસ્તાર પાસેથી પસાર થતા રસ્તાઓ પર વાહનો સાથે પ્રાણીઓ અથડાય નહિ તે હેતુથી આધુનિક સ્પીડ મોનિટરિંગ સિસ્ટમ પણ વિકસિત કરવામાં આવી છે. આ સેન્સર આધારિત મોનિટરિંગ પ્રણાલી છે જે થર્મલ કૅમેરા ટૅક્નોલૉજીનો ઉપયોગ કરે છે. આ સિસ્ટમ પસાર થતા વાહનોની ગતિને માપે છે જેને એલઇડી પર રજૂ કરીને ડ્રાઇવરને એલર્ટ કરવામાં આવે છે. એએનપીઆર ટૅક્નોલૉજી પસાર થતા વાહનોની લાઇસન્સ પ્લેટનું રીડિંગ કરીને વાહનોની ઓળખ સરળતાથી કરી આપે છે. થર્મલ કૅમેરા પ્રાણીઓ અને ચીજોની હિટ સિગ્નેચરની ઓળખ કરે છે. આ ટૅક્નોલૉજીની મદદથી ખરાબ હવામાન અને ઓછા પ્રકાશમાં પણ વન્યજીવોની મુવમેન્ટ જાણવામાં મદદ મળે છે. વાહનની માહિતી, વન્યજીવોની ઉપસ્થિતિ સહિતની જરૂરી માહિતીને કન્ટ્રોલ સેન્ટર અને ફોરેસ્ટ ચેક પોસ્ટ પર મોકલવામાં આવે છે જેના લીધે સંવેદનશીલ રસ્તાઓ પર વન્યજીવોના અકસ્માતને અટકાવવામાં મદદ મળી છે.

# અમદાવાદ મનપાના હિટ એક્શન પ્લાન અંતર્ગત શાળાના સમયમાં ફેરફાર કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના અમદાવાદ સહિત રાજ્યભરમાં કાળઝાળ ઉનાળો શરૂ થઈ ગયો છે. હવામાન વિભાગે રાજ્યના અનેક શહેરોમાં હિટવેવની આગાહી કરી છે. ઉનાળાના આરંભ સાથે જ અમદાવાદમાં કાળઝાળ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. આ સ્થિતિમાં વિદ્યાર્થીઓને શાળાએ આવવા-જવાના સમયમાં લૂ લાગવાની સમસ્યા ન થાય, તેમજ વિદ્યાર્થીઓ બીમાર ન પડે તે માટે અમદાવાદ મનપાએ હિટ એક્શન પ્લાન અંતર્ગત શાળાના સમયમાં ફેરફાર કર્યો છે.

હિટ એક્શન પ્લાન મુજબ અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડે ઉનાળુ વેકેશન સુધી શાળાના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો હતો. સ્કૂલ બોર્ડ દ્વારા એક પરિપત્ર કરવામાં આવ્યો હતો, જેમાં પાંચ મેથી શરૂ થનાર ઉનાળુ વેકેશન સુધી શાળાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જે મુજબ સવારપાળીએ આવતા વિદ્યાર્થીઓનો સમય ૭થી ૧૨ અને બપોર પાળીએ આવતા વિદ્યાર્થીઓનો સમય ૧૨થી પાંચનો કરાયો છે. ઉનાળુ વેકેશન શરુ ન થાય ત્યાં સુધી તમામ શાળાઓએ સવાર પાળી અને બપોર પાળી માટે આ જ સમયનું પાલન કરવાનું રહેશે.

# રાજ્યની મહિલા ધારાસભ્યોને તેમના મત વિસ્તારમાં વિકાસ કામો માટે ₹ બે કરોડની વધારાની ગ્રાન્ટ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વિશ્વ મહિલા દિવસના ઉપલક્ષ્યમાં રાજ્યનાં મહિલા ધારાસભ્યોને તેમના મત વિસ્તારના વિકાસ કામો માટે વિશેષ ભેટ આપી હતી. ભૂપેન્દ્ર પટેલે ધારાસભ્યોને લોકહિતનાં કામો માટે મળતી નિયમિત ગ્રાન્ટામાં ૨૦૨૫-૨૬ના વર્ષ માટે મહિલા ધારાસભ્યોને રૂ. બે કરોડની વધારાની ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય કર્યો હતો.

ગુજરાત વિધાનસભામાં જનપ્રતિનિધિત્વ કરતી ૧૪ મહિલા ધારાસભ્યોને પ્રત્યેકને તેમના મત વિસ્તારોમાં રોડ-રસ્તાનાં વિવિધ વિકાસ કામો માટે વધારાના રૂ. બે કરોડની ગ્રાન્ટા મળશે. મહિલા ધારાસભ્યોએ વિધાનસભા કાર્યાલયમાં ભૂપેન્દ્ર પટેલને રૂબરૂ મળીને તેમના આ ઉમદા નિર્ણય બદલ આભાર માન્યો હતો.

મુખ્ય પ્રધાને આ વધારાની રૂ. બે કરોડની ગ્રાન્ટમાંથી પ્રત્યેક મહિલા ધારાસભ્યને ૫૦ લાખ રૂપિયા કેચ ધ રેઈન અભિયાનનાં કામો માટે ઉપયોગમાં લેવા અનુરોધ કર્યો હતો.

# રાજ્યમાં આગામી ૧૦ વર્ષમાં ૨.૦૬ લાખથી વધુની ભરતી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગરઃ સામાન્ય વહીવટ વિભાગ માટેની વર્ષ ૨૦૨૫-૨૬ની અંદાજપત્રીય માગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવી હતી. વર્ષ-૨૦૨૫-૨૬ ની સામાન્ય વહીવટ વિભાગની રૂ. ૩૯૯.૮૮ કરોડની માંગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવી હતી. આ દરમિયાન ઋષિકેશ પટેલે સરકાર દ્વારા કરવામાં આવનારી ભરતી અંગે માહિતી આપી હતી.

ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકારના વહીવટી વિભાગો હસ્તકના તમામ સંવર્ગોની ભરતીના આયેજનના ભાગરૂપે સરકાર દ્વારા વર્ષ-૨૦૨૪ થી ૨૦૩૩ માટે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર નિયત કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. જે અનુસાર આગામી ૧૦ વર્ષમાં અંદાજે કુલ-૨,૦૬,૯૯૧ જગ્યાઓ ભરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આ દરમિયાન તેમણે સેવા સેતુ કાર્યક્રમ અંગે માહિતી આપતા કહ્યું હતું કે દસમા તબક્કામાં મળેલ કુલ ૧૭,૬૫,૬૦૪ અરજીઓમાંથી ૧૭,૬૫,૫૯૫ (૯૯.૯૯ ટકા) અરજીઓનો નિકાલ કરવામાં આવી છે.

તેમણે કહ્યું હતું કે રાજકોટ પ્રાદેશિક તાલીમ કેન્દ્રના વધુ કાર્યભારણને ધ્યાને લઈ ભાવનગર ખાતે નવું પ્રાદેશિક તાલીમ કેન્દ્રની સ્થાપના કરવામાં આવશે અને તે માટે વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષે રૂ. ૨.૫૦ કરોડની નવી જોગવાઈ કરવામાં આવી છે.

# આરોગ્ય સેવાઓમાં વર્ગ-૧ની ૧૧૪૬ જગ્યાઓ ભરવા માંગણપત્રક મોકલાયાઃ ઋષિકેશ પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં આરોગ્ય સંસ્થાઓમાં ભરતી અંગે આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતુ કે, રાજ્ય આરોગ્ય સંસ્થાઓમાં સીધી ભરતીથી વર્ગ-૧ ના વિવિધ સંવર્ગની ૧૧૪૬ જગ્યાઓ ભરવા માટે જી.પી.એસ.સી.ને માંગણપત્રક મોકલવામાં આવ્યા છે. જે પૈકી સીએચસીમાં નિમણૂક આપી શકાય તેવા વિવિધ સંવર્ગોની ૯૪૭ જગ્યાઓ છે. વર્ગ-૧ સંદર્ભે રાજ્યના પીએચસી અને સીએચસીમાં વર્ગ-૧ના તબીબોની નિમણૂંક સંદર્ભે જણાવ્યું હતું કે, કમિશ્નર કચેરી દ્વારા દરરોજ વોક ઇન ઇન્ટરવ્યુ લઇ છેલ્લા બે વર્ષમાં ૧૨૭ નિમણુંક આપવામાં આવી છે. જેમને રૂ. ૧,૩૦,૦૦૦ ફિક્સ પગાર આપવામાં આવે છે.

પી.જી. બોન્ડ ડ્યુટી ૧ વર્ષ માટે આપવામાં આવે છે. હાલમાં ૪૨૦ તજજ્ઞોનુ લીસ્ટ ઉપલબ્ધ થયેલ છે અને તેઓને નિમણૂંક આપવાની કાર્યવાહી ચાલુ છે. સીપીએસ (સ્પેશ્યાલિસ્ટ તબીબ)ને બોન્ડ ડ્યુટી (૧ વર્ષ માટે) મુકવામાં આવે છે. અંદાજે ૧૦૦ નવા સી.પી.એસ. ઉમેદવારો નજીકના સમયમાં ઉપલબ્ધ થનાર છે. બોન્ડેડ સીપીએસને રૂ. ૭૫,૦૦૦/ માસિક સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. વધુમાં સીએમ સેતુ દ્વારા પણ તબીબોની સેવા ગ્રામ્ય આરોગ્ય સંસ્થાઓમાં લેવામાં આવે છે.

રાજ્યમાં જીપીએસસી મારફત સીધી ભરતી માટે કુલ ૧૯૨૧ જગ્યાઓની જાહેરાત કરાઇ છે. વર્ષ ૨૦૨૫માં તબીબો ઉપલબ્ધ થશે. વર્ષ ૨૦૨૪માં એમ.બી.બી.એસ. પૂર્ણ કરનાર ૩૧૩૬ ડોક્ટર્સ પૈકી ૩૦૩૯ને બોન્ડેડ નિમણૂક અપાઇ છે. વર્ગ -૩ અને ૪ સંદર્ભે રાજ્યના સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે વર્ગ/૩ની પેરા મેડિકલ સંવર્ગની ૮૬૫ જગ્યાઓ માટેના માગણીપત્રકો તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે જે ગૌણ સેવા પસંદગી મંડળને મોકલવામાં આવશે.

નર્સિંગ સંવર્ગની ૧૯૦૨ જગ્યાઓ માટે જી.ટી.યુ. દ્વારા પરિક્ષા લેવામાં આવી છે. જેનું પરિણામ ટૂંક સમયમાં જાહેર કરાશે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે વર્ગ ૩ સંવર્ગની જગ્યાઓ પંચાયત વિભાગ હસ્તક હોઇ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઈ ભરવા અંગેની કાર્યવાહી કરવામાં આવે છે. જ્યારે ડ્રાઈવર વર્ગ/૩ અને વર્ગ/૪ની જગ્યાઓ પર આઉટસોર્સિંગથી સેવાઓ લેવામાં આવે છે.

# અમદાવાદ સિવિલ કિડની હૉસ્પિટલમાં જાહેરાત આપ્યા વગર જ છેલ્લાં ૨૦ વર્ષમાં ૨૯૭ની ભરતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના સિવિલ સંકુલમાં આવેલી આઈકેડીઆરસી કિડની હૉસ્પિટલમાં છેલ્લા ૨૦ વર્ષથી ચાલી રહેલા ભરતી કૌભાંડનો પર્દાફાશ સામે આવ્યો હતો. કૉંગ્રેસે કેગના અહેવાલને ટાંકીને આરોપ લગાવ્યો હતો કે, હોસ્પિટલમાં વર્ષ ૨૦૦૪ થી ૨૦૨૩ દરમિયાન ૨૯૭ લોકોની ભરતીમાં ગેરરીતિ આચરવામાં આવી છે. આ તમામ ભરતીઓ કોઈપણ જાહેરાત આપ્યા વગર જ ગુપચુપ રીતે કરવામાં આવી હતી.

કૉંગ્રેસે જણાવ્યું હતું કે, કેગના અહેવાલમાં ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા છે. સિવિલ કિડની હોસ્પિટલના ૫૮ ડોક્ટરો અને અધ્યાપકોમાંથી ૩૪ને કોઈપણ જાહેરાત વગર જ પાછલા બારણેથી નોકરી આપવામાં આવી. નિવૃત્ત અધિકારીઓને નોકરી પર રાખવા માટે સરકારની પૂર્વ મંજૂરી જરૂરી હોવા છતાં ૧૨ નિવૃત્ત અધિકારીઓને ઊંચા પગારે નોકરી પર રાખવામાં આવ્યા છે.

કૉંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે હૉસ્પિટલમાં લાગતા વળગતા લોકોને જ નોકરીઓ આપવામાં આવી છે, જ્યારે ગુજરાતના લાખો યુવાનો બેરોજગારીનો સામનો કરી રહ્યા છે. કૉંગ્રેસે આરોગ્ય પ્રધાન પાસેથી આ મામલે જવાબ માગ્યો હતો અને વિધાનસભામાં ચર્ચાની માંગ કરી હતી. કૉંગ્રેસે માગ કરી હતી કે, આ ભરતી કૌભાંડમાં સંડોવાયેલા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 60 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ ફાલ્ગુન સુદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 March 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૧૨ માર્ચ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u







## દેશી પદ્ધતિથી નરમ ગોળ બનાવતું અબડાસાનું કનકપર કચ્છનું પ્રથમ ગામ બન્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના અબડાસા તાલુકાના છેવાડાના કનકપર ગામના પ્રગતિશીલ ખેડૂતોના એક જૂથે જાતે કરેલા શેરડીના વાવેતરમાંથી માખણ જેવા નરમ અને મધ જેવા મીઠા ગોળનું ઉત્પાદન કરતાં પ્રાયોગિક ધોરણે સફળતા મળી હતી. અબડાસાના કનકપર ગામને ભારત સરકારે શ્રેષ્ઠ ગામ તેમજ સો ટકા ટપક પદ્ધતિ અપનાવવા સહિતના એવોર્ડ પણ આપ્યા છે. અહીંના દાડમ દિલ્હીની બજારમાં વેચાય છે. આ ગામના લોકોએ પોતે જ ગૌચર જમીન વિકસાવી છે અને વર્ષમાં ગામની ગાયોને ચાલે તેટલાં ઘાસનું ઉત્પાદન પણ જાતે જ કરે છે, ત્યારે તાજેતરમાં ગોળનો પ્રયોગ કરતાં ગોળ ઉત્પાદનમાં પણ સફળતા મેળવીને કચ્છમાં સંભવતઃ ગોળ બનતો હોય એવું પ્રથમ ગામ બન્યું છે.

કનકપરના કનકેશ્વરી ખેડૂતોના જૂથના પ્રતિનિધિઓ વાડીલાલ પોકાર અને ભીમજીભાઇ ડાયાણીના જણાવ્યા મુજબ, કનકપરના છ ખેડૂતોએ તેમની વાડીઓમાં શેરડીનું વાવેતર કર્યું હતું. ત્યારબાદ મહારાષ્ટ્રના અમુક ગામ અને દક્ષિણ ભારતના ગામમાં પ્રચલિત દેશી પદ્ધતિથી આ શેરડી કાપીને મોટા મશીનોમાં રસ કાઢી ચાર ભઠ્ઠીઓ પર તાવડા લગાડી પ્રયોગ ખાતર ગોળ બનાવવાનું શરૂ કર્યું હતું. ગોળ દેશી હોવાથી વેચાણમાં મૂકવામાં આવતાં મૂલ્યમાં વૃદ્ધિ થઇ છે અને પ્રતિ કિલોના ભાવ રૂ. ૮૦ રાખવામાં આવ્યો છે. ■

## રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં લાલિયાવાડી ચાલતી હોવાનો હાસ્ય કલાકાર હકાભા ગઢવીનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં લાલિયાવાડી ચાલતી હોવાનો ગુજરાતનાં જાણીતા હાસ્ય કલાકાર હકાભા ગઢવી દ્વારા કરવામાં આવ્યો હતો. હાસ્ય કલાકાર હકાભા ગઢવીએ રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં સિટી સ્કેનની કામગીરી દરમિયાન થયેલા ખરાબ અનુભવની વાત કરતાં એક વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કર્યો હતો.

તેમણે વીડિયોમાં કહ્યું હતું કે, રાજકોટ સિવિલ હોસ્પિટલનો મને બહુ કડવો અનુભવ થયો છે. તેમણે કહ્યુ કે પાંચ કલાક લાઈનમાં ઊભા રહ્યા બાદ તેમની બહેનનું સિટી સ્કેન કરવામાં આવ્યું હતું. સરકાર પૂરું ધ્યાન આપે છે પણ હૉસ્પિટલના ડોક્ટરો કોઈ ધ્યાન નથી આપતા. તમામ ડોકટરોની સુવિધા છે, ખાનગી હૉસ્પિટલમાં ન હોય તેવી સુવિધા સરકારી હૉસ્પિટલમાં છે પણ કોઈએ ધ્યાન આપ્યું નથી. હૉસ્પિટલમાં સીસીટીવી કેમેરા છે તમે જોઈ શકો છો.

તેમણે આગળ કહ્યું હતું કે પાંચ કલાક સુધી રાહ હોવી પડી હતી અને પછી અમારા દર્દીનું સિટી સ્કેન કરવામાં આવ્યું હતું, પાંચ કલાકમાં તો માણસ મરી જાય. આ સાથે તેમણે ડૉક્ટર મોડા આવતા હોવાનો પણ આક્ષેપ કર્યો હતો. તેમણે આ અંગે આરોગ્ય મંત્રીની ધ્યાન આપવા વિનંતી કરી હતી. ઉપરાંત તેમણે કહ્યું કે, મે એક મંત્રીને પણ ફોન કર્યો હોવા છતાં મંત્રીનું પણ આ લોકોએ માન નથી રાખ્યું.''

હાસ્ય કલાકાર હકાભા ગઢવીનો સિવિલ હૉસ્પિટલની કામગીરી સામે સવાલ ઉઠાવતો વીડિયો વાયરલ થવાના મામલે ઇન્ચાર્જ સિવિલ અધિક્ષક રાહુલ ગંભીરે નિવેદન આપ્યું હતું. તેમણે હકાભાનાં નિવેદનોને ફગાવ્યાં હતા અને કહ્યું હતું કે હકાભાનાં દર્દીનાં સિટીસ્કેન સમયે અન્ય દર્દીનું સિટીસ્કેન ચાલુ હતું. તેમના દર્દીનું શરીર સિટીસ્કેન સમયે હલતું હોવાથી બેભાન કરવા એનેસ્થેસિયા પણ આપવું પડ્યું હતું અને આ આ બંને બાબતોના કારણે તેમના દર્દીનાં સિટીસ્કેનમાં વધુ સમય લાગ્યો હતો. તેમણે કહ્યું હતું કે થોડા સમયમાં જ રિપોર્ટ આપી દેવામાં આવ્યો હતો. ■

## અમદાવાદ અને મોરબીની સરકારી એન્જિનિયરિંગ કોલેજનું ₹ ૧૦ કરોડના ખર્ચે હેરિટેજ રિસ્ટોરેશન કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉચ્ચ શિક્ષણ પ્રધાન ઋષિકેશ પટેલે વિધાનસભા ગૃહ ખાતે જણાવ્યું હતું કે, ગુજરાતની વિરાસતને જીવંત રાખવા ગુજરાત સરકારે અનેકવિધ મહત્વૂર્ણ નિર્ણયો કર્યા છે. રાજ્યમાં ૭૫ વર્ષ કે તેનાથી વધુ વર્ષની કોલેજોના મૂળભૂત હેરીટેજ સ્ટ્રક્ચરને જાળવી રાખવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

જે અનુસાર વર્ષ ૧૮૮૧માં બનેલી મોરબીની લખધીરજી એન્જિનિયરિંગ કોલેજ તેમજ વર્ષ ૧૯૪૮માં બનેલી અમદાવાદની એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગ જેવી પુરાત્ત્વ મહત્ત્વ ધરાવતી આ બે કોલેજોના હેરિટેજ રિસ્ટોરેશન માટે રાજ્ય સરકારે રૂ. ૧૦ કરોડની જોગવાઈ હતી. આ બંને કોલેજોના હેરિટેજ રિસ્ટોરેશનની કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવશે. તે ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે, રાજ્યમાં ૭૫ વર્ષથી જૂની અને પુરાતત્ત્વ મહત્ત્વ ધરાવતી અન્ય સંસ્થાઓને પણ આગામી આયોજનમાં સામેલ કરીને તેનું હેરિટેજ મહત્ત્વ જળવાઈ રહે, તે સુનિશ્ચિત કરવામાં આવશે. ■

## માધાપર સર્કલ પાસે સ્કૂટર સ્લીપ થતાં ટ્રક તળે મહિલા શિક્ષિકાનું મોત

ભુજ: ભુજની મુક્તજીવન સ્વામીબાપા કોલેજમાં પીટી ટીચર તરીકે ફરજ બજાવતી ૨૫ વર્ષીય યુવતીનું માધાપર પોલીસ મથક સામેના સર્કલ પર ટ્રક નીચે કચડાઈ જવાથી મૃત્યુ નીપજતાં ભારે અરેરાટી પ્રસરી હતી. મરણ જનાર નંદિની લાલજીભાઈ પિંડોરીયા અપરિણીત હતા અને માધાપર નવા વાસના ઐશ્વર્યાનગરમાં રહેતા હતા. સવારે તેમના સ્કૂટર પર કોલેજ તરફ જતા હતા ત્યારે રસ્તામાં એકાએક તેમનું સ્લીપ થઈને નીચે પટકાતાં પાછળ આવી રહેલી ટ્રક નીચે તેઓ કચડાઈ ગયાં હતાં. નિષ્ક્રિય બની ચૂકેલી ટ્રાફિક પોલીસના પાપે પશ્ચિમ કચ્છમાં બેફામ ઝડપે દોડતાં ભારેખમ વાહનો કે ઓવરલોડ વાહનો સામે કોઈ પગલાં લેવાતાં નથી. દરરોજ જીવલેણ અકસ્માત સર્જાઈ રહ્યા છે છતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ ધુતરાષ્ટ્ર બની નિર્દોષ નાગરિકોના મોત નિહાળી રહ્યાં છે. ■

## જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ૯૦ હજાર મણ ઘંઉની આવક પણ જગ્યાનાં અભાવે ખરીદી કરી બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢ માર્કેટિંગ યાર્ડ મસાલા અને જણસીની આવકથી ઊભરાયું હતું. જૂનાગઢનાં માર્કેટિંગ યાર્ડ ખાતે ઘઉંની સીઝન ચાલુ થતાની સાથે જ ઘઉંની રેકોર્ડ બ્રેક આવક થઈ હતી, ૨૪ કલાકમાં ૯૦ હજાર મણ ઘઉંની આવકનાં કારણે યાર્ડમાં ઘઉંને સંગ્રહ કરવાની જગ્યા ખૂટી પડતા ખરીદી બંધ કરવી પડી હતી.

મળતી વિગતો અનુસાર જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ઘઉંની ખૂબ સારી માત્રામાં આવક થતા યાર્ડમાં ઘઉંનાં સંગ્રહ કરવાની જગ્યા ખૂટી પડતા થોડા સમય માટે આવક બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ખેડૂતોને જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં ઘઉં ન લાવવા ખેડૂતોને સૂચના આપવામાં આવી છે.

જૂનાગઢ એપીએમસી દ્વારા ઘઉંની લુઝમાં આવક ૧૦ માર્ચથી સોમવારે રાત્રીના ૧૨ વાગ્યાથી ૧૧ માર્ચ સવારે ૬ વાગ્યા સુધી થવા દેવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ માર્કેટિંગ યાર્ડ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે કે નવી જાહેરાત ન થાય ત્યાં સુધી આ આવક બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને ટોકન પદ્ધતિ દ્વારા વાહનને પ્રવેશ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તે ઉપરાંત વાહનોની લાઈન માત્ર આવક ગેઈટથી સક્કરબાગ રોડ બાજુ ત્યારબાદ દોલતપરા ગેઈટ તરફ જ કરવાની રહેશે. ઉપરાંત તત્કાલીન સિક્યુરિટી વ્યવસ્થાની સૂચના ને અનુસરવાનું રહેશે. ■

## અંજારમાં ચોરાઉ તેલ સાથે ₹ ૫,૫૮,૨૦૦નો મુદ્દામાલ જપ્ત, એક શખ્સની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના અંજાર શહેરના મફત નગર ખાતે આવેલાં એક મકાનમાંથી સ્થાનિક પોલીસે ચોરાઉ મનાતાં રૂ.૧,૭૩,૪૦૦નાં મૂકીને જુદા-જુદા તેલ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો, જયારે તેલ ચોરીના કારસામાં સામેલ અન્ય વ્યક્તિને ટ્રેસ કરવાની કામગીરી હાથ ધરી છે.

આ કાર્યવાહી અંગે પોલીસે માહિતી આપતાં જણાવ્યું હતું કે, અંજારના મફત નગરમાં આવેલા એક મકાનમાં ગેરકાયેદે જુદા-જુદા પ્રકારના તેલનો જથ્થો સંગ્રહ કરાયો હોવાની મળેલી પૂર્વ બાતમીના આધારે પોલીસ દળે દરોડો પાડ્યો હતો.

આ સમયે કિશોરનાથ નારણનાથ નાથબાવા નામનો શખ્સ પાછળની દીવાલ કૂદીને નાસી ગયો હતો, જ્યારે ધર્મેન્દ્રનાથ રામનાથ નાથબાવા (રહે. રામકૃષ્ણ મહાવીર નગર)ને દબોચી લેવામાં આવ્યો હતો.

નારણનાથ હરિનાથ નાથબાવા, કિશોરનાથ અને ધર્મેન્દ્રનાથ કંડલા માર્ગ તરફથી આવાગમન કરતા ટેન્કરચાલકોને પૈસાની લાલચ આપી તેમના વાહનોમાંથી વીજ મોટર થકી તેલ કાઢી લઈ બારોબાર વેચી મારતા હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું.

આ મકાનમાંથી ક્રૂડ પામ ઓઈલ ૮૩૦ લિટર, રિફાઈન પામ તેલ ૪૦૦ લિટર, કાચું સોયાબીન તેલ ૩૫૦ લિટર, રિફાઈન સોયાબીન તેલ ૪૦ લિટર, દીવેલ તેલ ૨૨૦ લિટર સહિત કુલ ૧,૭૩,૪૦૦ની કિંમતનું તેલ જપ્ત કરાયું હતું તેમજ જુદા-જુદા ખાલી કેરબા, મોબાઈલ ફોન, વીજ મોટર, તેલની હેરાફેરી કરવા માટેનો ટેમ્પો મળીને કુલ રૂ.૫,૫૮,૨૦૦નો મુદ્દામાલ હસ્તગત કરવામાં આવ્યો હતો. ■

## અમદાવાદમાં હોળીના તહેવાર ટાણે શિક્ષકોનો પગાર અટવાયો, અંદાજે ચાર હજાર શિક્ષકને હાલાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને ભણાવતા શિક્ષકોને હોળી ધુળેટી તેમ જ રમજાનના તહેવાર ટાણે જ પગાર ન મળતા તેમનો તહેવાર બગડે તેવી સ્થિતિ સર્જાઈ છે. સામાન્ય રીતે ૧ તારીખ આસપાસ પગાર થઈ જતો હોય છે, પરંતુ માર્ચ માસને શરૂ થવાના દસ દિવસથી વધુ સમય થયો છતાં પગાર નહીં થતા શિક્ષકોની મુશ્કેલીઓ વધી છે. સ્કૂલ બોર્ડમાં ૪૦૦થી વધુ શાળાઓમાં ૪૦૦૦ જેટલા શિક્ષકો ફરજ બજાવે છે જેમને હાલ તહેવાર ટાણે જ મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. આ શિક્ષકો હાલ તહેવાર સમયે પોતાનો ખર્ચો કેવી રીતે કાઢે તેને લઈને સમસ્યા ઊભી થઈ છે.

સામાન્ય રીતે સરકારી કર્મચારીઓને પગાર દર મહિનાની પહેલી તારીખે પગાર થઈ જાય છે પરંતુ ચાલુ મહિનામાં ૧૦ દિવસથી વધુ સમય થવા છતાં પગાર નહિ થતાં મુશ્કેલી સર્જાઈ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સ્કૂલ બોર્ડમાં ચાર હજાર જેટલા શિક્ષકો ફરજ બજાવે છે. આ ઉપરાંત પાંચ હજાર જેટલા પેન્શનર છે જેઓનું પેન્શન પણ અટવાયું છે.

આ અંગે એવું જાણવા મળ્યું હતું કે, સરકારમાંથી સમયસર ગ્રાન્ટ આવી નથી જેથી શિક્ષકોનો પગાર થયો નથી. ■

## જામનગરના હાપામાં ₹ ૩૭ કરોડના ખર્ચે મલ્ટીપર્પઝ કલ્ચરલ કોમ્પ્લેક્સ બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગર મહાનગર-પાલિકા દ્વારા શહેરમાં વિકાસ માટે હવે હાપા ખાતે સિંધુ જ્યોત ભવન નજીક અદ્યતન ત્રણ માળનું આકર્ષક મલ્ટિપપર્સ કલ્ચરલ કોમ્પલેકસ બનાવવામાં આવશે, રૂ.૩૭ કરોડના ખર્ચવાળા આ પ્રોજેક્ટને સ્ટે.કમીટીએ લીલીઝંડી આપી હતી. જામનગરમાં પ્રથમ વખત જ આ પ્રકારનું અદ્યતન કોમ્પલેક્સ બનશે અને તેમાં વિવિધ પ્રકારની સુવિધા પણ હશે, ખાસ કરીને ૭૦ હજાર ફૂટ જગ્યામાં પાર્કિંગ એરીયા બનાવવામાં આવશે. આમ સંપૂર્ણ એસી બનનારા ઓડિટોરીયમનું કામ હવે ઝડપથી શરૂ થાય તે માટે લોકો રાહ જોઇ રહ્યા છે.

સ્ટે.કમિટીએ રૂ.૫૦૦ કરોડથી વધુ રકમના કામોની દરખાસ્તને લીલીઝંડી આપી દીધી છે, અદ્યતન મલ્ટી પપર્સ કલ્ચરલ કોમ્પલેક્સ બનાવવાનો નિર્ણય શાસકોએ કર્યો હતો, રાજકોટ રોડ ઉપર હાપામાં ડાબી સાઇડમાં આવેલા આ પ્લોટમાં ૧૨૦૦ની સીટીંગવાળુ મલ્ટી લેવલ ઓડીટોરીયમ પ્રોજેક્ટર રૂમ, એક્રોટિક્સ, વીઆઇપી રૂમ, આઠ લિફ્ટ, ફાયર સિસ્ટમ, પ્રથમ માળે ૮ અને બીજા માળે ૮ સહિત કુલ ૧૬ રૂમ, એન્ટ્રી ગેઇટ, કમ્પાઉન્ડ વોલ સહિતની સુવિધા આ ઓડિટોરીયમમાં કરવામાં આવશે જેમાં નાટક, નૃત્ય સંગીત, એકિઝબિશન જેવા અનેક કાર્યક્રમો થઇ શકશે.

સ્ટે.કમિટીના ચેરમેન નિલેશ કગથરાએ આ અંગે વિગતો આપી હતી અને જણાવ્યું હતું કે, કુલ ૧૮૯૮૨૫ ચો.ફુટ પાર્ટી પ્લોટમાં ગ્રાઉન્ડ વધતાં ત્રણ ફલોર હશે, ૭૦ હજાર ચો.ફૂટમાં પાર્કિંગ એરિયા, કુલ સ્ટેર કેસમાં બે મુખ્ય એન્ટ્રી સહિત કુલ ૬ એન્ટ્રી હશે, અદ્યતન ઓડીટોરીયમમાં ૮ લીફ્ટ અને મુખ્ય રોડથી ઓડિટોરીયમ સુધી ૯ મીટર પહોળો એકસેસ રોડ બનાવાશે, પાછળની તરફનો પણ વીઆઇપી એકસેસ રોડ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. દરેક લેવલ પર એન્ટ્રી માટે જગ્યા રાખવામાં આવી છે.

## હોળીનાં પર્વ પૂર્વે જ જામનગરમાં ફૂડ વિભાગની કાર્યવાહી: દૂધની ડેરીઓ પર દરોડા પાડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: તહેવારો નજીક આવતાની સાથે જ જામનગરમાં મહાનગરપાલિકાની ફૂડ શાખાએ કાર્યવાહી કરી હતી. શહેરની ૭ દૂધની ડેરીઓ પર ફૂડ વિભાગ દ્વારા તપાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર જામનગર મહાનગર પાલિકાની ફૂડ વિભાગની ટીમ દ્વારા દૂધની ડેરીઓ અને પનીરનાં જથ્થાનું વેચાણ કરતાં વેપારીને ત્યાં અચાનક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ફૂડ વિભાગની ટીમ દ્વારા તૈયાર પનીરનાં જથ્થાનાં સેમ્પલ લેવામાં આવ્યા હતા અને લેબોરેટરી ખાતે તપાસ અર્થે મોકલી દેવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા બીજા દિવસે પણ કાર્યવાહીને યથાવત્ રાખવામાં આવી હતી.

હોળીનાં તહેવાર પર ખજૂરનું વેંચાણ કરવામાં આવતું હોય ફૂડ વિભાગની ટીમે એક પેઢીમાં વેચાણ માટે મુકાયેલા ખજૂરના નમૂના પણ એકત્ર કર્યા હતા અને તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. તે ઉપરાંત એની એક પેઢીમાંથી પતાસાના પણ સેમ્પલ લેવામાં આવ્યા હતા. અન્ય પેઢીઓ પરથી હારડાની મીઠાઈના સેમ્પલો પણ લેવામાં આવ્યા હતા.

## મોરબી ઝૂલતા પુલ દુર્ઘટનાનાં આરોપી જયસુખ પટેલને કોર્ટમાંથી રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ૩૦ ઓકટોબર ૨૦૨૨માં સર્જાયેલી મોરબી ઝુલતા પુલ દુર્ઘટના કેસમાં આરોપી જયસુખ પટેલને કોર્ટમાંથી રાહત આપવામાં આવી હતી. કોર્ટમાંથી શરતી જામીન આપવામાં આવ્યા હતા અને મોરબી જિલ્લામાં પ્રવેશ પર પ્રતિબંધ હતો તે પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર ૩૦ ઓક્ટોબર, ૨૦૨૨ ના રોજ મોરબીનો ઝુલતો બ્રિજ તૂટી પડતા ૧૩૫ લોકોના કરુણ મૃત્યુ થયા હતા. જે કેસમાં મોરબી કોર્ટમાં તમામ ૧૦ આરોપીઓ વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં ઓરેવા ગ્રુપના એમડી જયસુખ પટેલ સામે પણ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

આ અંગે પોલીસે ફરિયાદ નોંધી ઓરેવા ગ્રુપના એમડી જયસુખ પટેલ સહીતના ૧૦ આરોપીઓને ઝડપી લીધા હતા આરોપીઓ ઝડપાયા બાદ જયસુખ પટેલે જામીન મેળવ્યા હતા શરતોને આધીન કોર્ટે જામીન અરજી મંજુર કરી હતી. જેમાં મોરબી જીલ્લામાં પ્રવેશ નહિ કરવાની શરત હતી.

આજે કેસની મુદત હોવાથી આરોપી જયસુખ પટેલ દ્વારા વકીલ મારફત જામીનની શરત રદ કરવા અરજી કરી હતી અને આરોપી પક્ષની દલીલોને સાંભળી કોર્ટે જયસુખ પટેલને રાહત આપતા જામીનની શરત રદ કરી હતી. આથી હવે તેઓ મોરબી જીલ્લામાં પ્રવેશ કરી શકશે તેમજ કેસની વધુ સુનાવણી ૧૫ એપ્રિલના રોજ હાથધરવામાંઆવશે. ■

## ભચાઉ નજીક મધ્યરાત્રે ૨.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છને વર્ષ ૨૦૦૧માં તારાજ કરનારા મહાભૂકંપની વરવી યાદો લોકોના માનસપટ પર વારંવાર જીવંત કરી સતત ધ્રુજાવી રહેલા આફ્ટર શોક્સની વણથંભી વણઝાર ચાલુ રહી છે તેવામાં મંગળવારની મધ્યરાત્રીના ૧ અને ૧૧ મિનિટે ૨.૮ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. આ અંગે ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી કચેરીના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, ૧૧મી માર્ચની રાત્રીના સમયે ૧ અને ૧૧ મિનિટે ભચાઉથી ૧૪ કિલોમીટર દૂર હલરા અને રામપર ગામ વચ્ચે કેન્દ્રબિંદુ ધરાવતા ૨.૮ની તીવ્રતાનું કંપન ઉદ્ભવ્યું હતું. ભૂકંપના આ કંપનની અસર કેન્દ્રબિંદુ આસપાસના વિસ્તારમાં વિશેષ અનુભવાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૫ના શરૂઆતી માસમાં ૩થી ઉપરની તીવ્રતા ધરાવતા છથી વધુ આંચકા નોંધાઈ ચુક્યા છે અને મુંદરા, માંડવી અને ભચાઉ તાલુકામાં ક્યારેક થતા ભેદી ધડાકા પણ લોકોને સતત ડરાવી રહ્યા છે. ■

## સૌરાષ્ટ્રમાં રાજકોટ બાદ ભાવનગરમાં બીજું સ્પીપા કેન્દ્ર કાર્યરત થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: રાજ્ય સરકારે ભાવનગરમાં સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક ઍડમિનિસ્ટ્રેશન (સ્પીપા)નું નવું કેન્દ્ર સ્થાપવાની મંજૂરી આપી છે. કેન્દ્રીય પ્રધાન નિમુબેન બાંભણિયાની રજૂઆતને પગલે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ નિર્ણય લીધો હતો.

હાલમાં રાજકોટ પ્રાદેશિક તાલીમ કેન્દ્ર હેઠળ સૌરાષ્ટ્ર અને કચ્છના ૧૧ જિલ્લાઓની કામગીરી ચાલે છે. ભાવનગરમાં નવું કેન્દ્ર શરૂ થતાં આસપાસના જિલ્લાઓની તાલીમ અંગેની કામગીરી અહીંથી સંભાળવામાં આવશે. આ કેન્દ્રથી સ્થાનિક યુવાનો અને સરકારી કર્મચારીઓને તાલીમનો લાભ મળશે. વિધાનસભા ગૃહમાં મંત્રી ઋષિકેશ પટેલે જાહેરાત કરી હતી કે, વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં આ કેન્દ્ર માટે રૂ. ૨.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. શિક્ષણ પ્રત્યે સમર્પિત શહેર ભાવનગરમાં સ્પીપા કેન્દ્રની સ્થાપનાથી સ્થાનિક કક્ષાએ જ્ઞાન અને કૌશલ્યોનું સંવર્ધન થશે. શૈક્ષણિક અને વેપાર-ઉદ્યોગ જગત સહિત નાગરિકોએ આ નિર્ણયને આવકાર્યો હતો. નિમુબેન બાંભણિયાએ ભૂપેન્દ્ર પટેલ અને ઋષિકેશ પટેલનો આભાર માન્યો હતો. ■

## કેન્દ્રએ ગુજરાત સ્ટેટ કેમ્પાને કુલ રૂ.૨૩૪૯.૧૨ કરોડ ટ્રાન્સફર કર્યાઃ મૂકેશભાઈ પટેલ

### જંગલ જમીનના બિન જંગલ ઉપયોગ માટે કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરી મેળવવાની રહે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વન અને પર્યાવરણ રાજ્ય પ્રધાન મૂકેશ પટેલે કેમ્પા યોજના હેઠળ કેન્દ્રની આર્થિક મદદ અંગે વિધાનસભામાં માહિતી આપી હતી. તેમણે વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા જણાવ્યું હતું કે, કેમ્પા યોજના હેઠળ છેલ્લાં બે વર્ષમાં તાપી જિલ્લામાં કુલ ૮૫૫ હેક્ટરમાં રૂ. ૯.૯૧ કરોડના ખર્ચે રોપાઓના વનીકરણની કામગીરી કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી ગુજરાત સ્ટેટ કેમ્પાને વિવિધ કમ્પોનન્ટ હેઠળ કુલ રૂ. ૨૩૪૯.૧૨ કરોડ ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

મૂકેશ પટેલે વધુ વિગતો આપતા કહ્યું કે વર્ષ ૨૦૨૩-૨૪માં તાપી જિલ્લામાં રૂ. ૨.૧૧ કરોડના ખર્ચે ૧૯૦ હેક્ટરમાં ૧.૭૪ લાખ રોપાનું વનીકરણ કરવામાં આવ્યું હતું, જેમાંથી જીવંત રોપાની ટકાવારી ૮૯.૦૪ જેટલી છે. આ કામગીરી થકી ૨૭,૩૬૮ માનવદીન ઉત્પન્ન થયા છે. તેવી જ રીતે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૭.૮૦ કરોડના ખર્ચે ૬૬૫ હેક્ટરમાં ૫.૭૭ લાખ રોપાનું વનીકરણ કરવામાં આવ્યું હતું, જેમાંથી જીવંત રોપાની ટકાવારી ૯૬.૩૮ જેટલી છે. આ કામગીરી થકી ૯૮,૩૭૨ માનવદિન ઉત્પન્ન થયા છે.

વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ વિશે માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે, જંગલ જમીનના બિન જંગલ ઉપયોગ માટે કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરી મેળવવાની રહે છે.

આ મંજૂરીની શરત મુજબ યુઝર એજન્સી પાસેથી વળતર વનીકરણ, સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ નેટ પ્રેઝન્ટ વેલ્યુ-એન.પી.વી., કેન્દ્ર સરકાર દ્વારા અમુક દરખાસ્તોમાં મૂકવામાં આવેલ અન્ય શરતો તેમજ અમુક દરખાસ્તોમાં વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ ના ભંગ બદલ દંડનીય જોગવાઈ મુજબની રકમ વસૂલ કરવામાં આવે છે.

નેશનલ કેમ્પા તરફથી ગુજરાત સ્ટેટ કેમ્પાને અત્યાર સુધી વળતર વનીકરણ માટે રૂ.૯૯૭.૨૪ કરોડ, કેચમેન્ટ એરીયા ટ્રીટમેન્ટ પ્લાન માટે રૂ. ૬.૭૨ કરોડ, વાઈલ્ડલાઈફ મેનેજમેન્ટ પ્લાન માટે રૂ. ૧૨.૭૯ કરોડ, નેટ પ્રેઝન્ટ વેલ્યુ માટે રૂ. ૧૧૯૧.૫૩ કરોડ, વ્યાજ પેટે રૂ. ૫૪.૬૪ કરોડ અને અન્ય રૂ. ૮૬.૨૦ કરોડ એમ કુલ રૂ. ૨૩૪૯.૧૨ કરોડ ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. ■

## શિક્ષક ભરતીમાં જગ્યા વધારવાની માગ સાથે ગાંધીનગર ખાતે ટેટ એક પાસ ઉમેદવારોનું આંદોલન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ટેટ-ટાટના ઉમેદવારો ઘણા સમયથી વિરોધ કરી રહ્યાં છે. ત્યારે ફરી એક વખત ગાંધીનગર ખાતે ટેટ એક પાસ ઉમેદવારોએ શિક્ષકોની ખાલી જગ્યાઓની સંખ્યા વધારવાની માંગણી સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ઉમેદવારોએ સરકાર સમક્ષ ઘણા સમયથી આ માગણીઓ મૂકી હતી, પરંતુ તે બાબતે કોઇ ઉકેલ ન મળતા ઉમેદવારોએ જીવરાજ મહેતા ભવન ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ટેટ એક પાસ ઉમેદવારોએ ખાલી પડેલી જગ્યાઓ પર ભરતી કરવાની માગણી સાથે ગાંધીનગર જીવરાજ મહેતા ભવન ખાતે સૂત્રોચ્ચાર કર્યો હતો. આકરી ગરમીમાં ઉમેદવારો ઉપરાંત તેમના વાલીઓ પણ જોડાયા હતા. ઉમેદવારોએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા ભરતી કરશું તેવી માત્ર જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ આજ સુધી કોઇ ભરતી કરવામાં આવી નથી. ઉમેદવારોએ આરટીઆઈ દ્વારા જાહેર થયેલી મહેકમને ધ્યાને લઈ ધોરણ ૧ થી ૫ માટે પૂરતી સંખ્યામાં ભરતી કરવામાં આવે તેવી માગ કરવામાં આવી હતી. આ દરમિયાન પોલીસે આંદોલન કરી રહેલા ઉમેદવારોની પોલીસે અટકાયત કરી હતી. ■

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 60 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ફાલ્ગુન સુદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 March 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૧૨ માર્ચ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# પાકમાં ફિલ્મી સ્ટાઈલથી ટ્રેન હાઈજેક






(ફાઈલ તસવીર)



▸ ટ્રેનમાંના ૧૦૦ સૈનિક સહિત ૪૫૦ યાત્રીને મારી નાખવાની ધમકી
▸ પાકિસ્તાનના ૨૦ જવાનની હત્યા, મોટરમેન ઘાયલ

કરાચીઃ પાકિસ્તાનથી બલૂચિસ્તાન પ્રાંતને અલગ કરવાની માગણીને લઇને લાંબા સમયથી હિંસક આંદોલન ચલાવી રહેલા બલોચ લિબરેશન આર્મી નામના સંગઠને બલૂચિસ્તાનના બોલાનમાં મસ્કાફ ખાતે પાકિસ્તાનના લશ્કરના અંદાજે ૧૦૦ સૈનિક સહિત કુલ આશરે ૪૫૦ મુસાફરને લઇ જતી જાફર એક્સપ્રેસ નામની ટ્રેનનું ફિલ્મી સ્ટાઇલથી અપહરણ કર્યું હતું અને પાકિસ્તાનની સરકાર જો તેઓની સામે લશ્કરી કાર્યવાહી કરશે, તો બધા પ્રવાસીને મારી નાખવાની ધમકી પણ આપી હતી. બાદમાં ટ્રેનમાંની અમુક મહિલા અને બાળકોને છોડી દીધાં હતાં, પરંતુ પાકિસ્તાનના સૈનિકોને પકડી રાખ્યા હતા.

બળવાખોરોએ મંગળવારે મોડી સાંજ સુધી ૨૦ પાકિસ્તાની સૈનિકને મારી નાખ્યા હતા.

જાફર એક્સપ્રેસ ટ્રેનમાં પાકિસ્તાનના લશ્કરના સૈનિકો, પોલીસ, ત્રાસવાદ-વિરોધી દળના જવાનો, ઇન્ટર-સર્વિસીસ ઇન્ટેલિજન્સ (આઇએસઆઇ)ના માણસો હતા અને બળવાખોરો તેઓને બંધક બનાવીને ટ્રેનની સાથે ઉપાડી ગયા હતા. સૈનિકો રજામાં ટ્રેનમાં બેસીને પંજાબ જઇ રહ્યા હતા ત્યારે અપહરણ કરાયું હતું.

જાફર એક્સપ્રેસ ટ્રેન બોગદામાંથી પસાર થતી હતી ત્યારે તેના પર હુમલો કરાયો હતો અને ટ્રેનના ચાલક (મોટરમેન)ને ઘાયલ કરીને ટ્રેનનું મુસાફરોની સાથે અપહરણ કરાયું હતું.

બલૂચિસ્તાન પ્રાંતની સરકારના પ્રવક્તા શાહિદ હિંદે જણાવ્યું હતું કે બોલાનના મસ્કાફમાં જાફર એક્સપ્રેસ બોગદામાંથી પસાર થઇ રહી હતી ત્યારે તેના પર બલોચ

(જુઓ પાનું ૨) ▸▸

## મોદીનું મૉરિશસના સર્વોચ્ચ અવૉર્ડથી સન્માન કરાયું

પોર્ટ લુઇસઃ મૉરિશસના વડા પ્રધાન નવીનચંદ્ર રામગુલામે દેશના સર્વોચ્ચ પુરસ્કાર 'ધ ગ્રેન્ડ કમાંડર ઑફ ધિ ઓર્ડર ઑફ ધ સ્ટાર ઍન્ડ કી ઑફ ધ ઇન્ડિયન ઓસન'થી ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું મંગળવારે સન્માન કર્યું હતું.

મોદી મૉરિશસનું આ સન્માન મેળવનારા સૌપ્રથમ ભારતીય નેતા છે. ભારત અને મૉરિશસ વચ્ચેના સંબંધને વધુ દૃઢ બનાવવા મોદીએ લીધેલાં પગલાં બદલ તેમને આ અવૉર્ડ અપાયો હતો.

મોદીને વિદેશી રાષ્ટ્રે આપેલો આ ૨૧મો આંતરરાષ્ટ્રીય પુરસ્કાર છે.

નવીનચંદ્ર રામગુલામે જણાવ્યું હતું કે મૉરિશસનો આ સર્વોચ્ચ અવૉર્ડ મેળવનારા મોદી પાંચમા વિદેશી નાગરિક છે.

દરમિયાન, મોદીએ મૉરિશસના વડા પ્રધાન નવીનચંદ્ર રામગુલામ અને તેમનાં પત્ની વીણા રામગુલામને 'ઓવરસીઝ સિટિઝન ઑફ ઇન્ડિયા' (ઓસીઆઇ) કાર્ડ આપવાની જાહેરાત કરી હતી.

મોદીએ મૉરિશસના પ્રમુખ ધર્મવીર ગોખુલ અને તેમનાં પત્ની વૃંદા ગોખુલને પણ 'ઓવરસીઝ સિટીઝન ઑફ ઇન્ડિયા' કાર્ડ આપ્યાં હતાં.

મોદીએ મૉરિશસમાંના ભારતીય સમુદાયને સંબોધતા જણાવ્યું હતું કે મૉરિશસમાં 'મિનિ ઇન્ડિયા' વસેલું છે. જો ભારતીય ફિલ્મનું શૂટિંગ મૉરિશસમાં થયું

(જુઓ પાનું ૨) ▸▸



## દક્ષિણ આફ્રિકામાં હાઈવે પર બસ અકસ્માતમાં ૧૨નાં મોત

જોહાનિસબર્ગઃ દક્ષિણ આફ્રિકાના શહેર જોહાનિસબર્ગમાં મંગળવારે એક હાઇવે પર બસ પલટી જતાં ઓછામાં ઓછા ૧૨ લોકોનાં મોત થયાં હતાં અને ૪૫ જણ ઘાયલ થયાં હતાં, એમ કટોકટીની સેવાઓએ જણાવ્યું હતું.

દુર્ઘટનામાં નવ પુરૂષ અને ત્રણ મહિલાના ઘટના સ્થળે જ મોત થયાં હતાં, બે મૃતદેહ હજુ પણ કાટમાળમાં ફસાયેલા છે. અધિકારીઓએ તરત જ પીડિતોની ઉંમર જણાવી ન હતી.

શહેરના એકુરહુલેની ઇમરજન્સી મેનેજમેન્ટના પ્રવક્તા વિલિયમ ન્થલાડીએ જણાવ્યું હતું કે, ઇમરજન્સી ક્રૂ બસની નીચે કોઈ વધુ પીડિતો ફસાયેલા છે કે કેમ તે જોવા માટે બસને ઊભી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ન્થલાડીએ જણાવ્યું હતું કે તેઓ હોસ્પિટલમાં દાખલ થયેલા લોકોને કેટલી ઇજાઓ થઈ છે તેની વિગતો જાણતા નથી. હોસ્પિટલમાં લઈ જવામાં આવેલા લોકોમાં ડ્રાઈવર પણ સામેલ

(જુઓ પાનું ૨) ▸▸

## આયુષ્માન ભારત યોજના હેઠળના ૩.૫૬ લાખ ખોટા દાવા નકારાયા

### સેંકડો હૉસ્પિટલ સામે કાર્યવાહી હાથ ધરાઈ

નવી દિલ્હીઃ કેન્દ્રના આરોગ્ય ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન પ્રતાપરાવ જાધવે મંગળવારે રાજ્યસભામાં જણાવ્યું હતું કે આયુષ્માન ભારત આરોગ્ય વીમા યોજના હેઠળના કુલ રૂપિયા ૬૪૩ કરોડના ૩.૫૬ લાખ ખોટા દાવાને નકારવામાં આવ્યા હતા તેમ જ આ સંબંધમાં ૧,૧૧૪ હૉસ્પિટલની સામે આ બાબતમાં કાર્યવાહી હાથ ધરીને તેઓને પેનલમાંથી દૂર કરાઇ હતી.

તેમણે રાજ્યસભામાં લેખિત જવાબમાં જણાવ્યું હતું કે ભૂલચૂક કરનારી ૧,૫૦૪ હૉસ્પિટલને કુલ રૂપિયા ૧૨૨ કરોડનો દંડ કરાયો હતો, જ્યારે ૫૪૯ હૉસ્પિટલને સસ્પેન્ડ કરાઇ હતી.

આયુષ્માન ભારત - પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના હેઠળ સરકાર રૂપિયા પાંચ લાખનો આરોગ્ય વીમો આપે છે.

દેશની અંદાજે ૪૦ ટકા વસતિને એટલે કે આશરે પંચાવન કરોડ લોકોને (અંદાજે ૧૨.૩૭ કરોડ પરિવારને) આ યોજના હેઠળ આવરી

(જુઓ પાનું ૨) ▸▸

## મહિલાઓને પુરુષો સમાન હક આપતું ઘોષણાપત્ર ૧૯૩ દેશે અપનાવ્યું

### 'દુનિયામાં દર ત્રણ સ્ત્રીમાંથી એકે હિંસાનો સામનો કરવો પડે છે'

સંયુક્ત રાષ્ટ્રસંઘઃ આ વૈશ્વિક સંસ્થાના ૧૯૩ સભ્ય દેશે મહિલાઓ અને છોકરીઓને પુરુષો અને છોકરા સમાન અધિકારો આપતું ઘોષણાપત્ર સર્વસંમતિથી પસાર કર્યું હતું.

અગાઉ, ૩૦ વર્ષ પહેલાં બીજિંગમાં મહિલાઓને લગતી પરિષદમાં વિશ્વના દેશોએ આવો જ ૧૫૦ પાનાંનો ઠરાવ પસાર કર્યો હતો.

સંયુક્ત રાષ્ટ્રસંઘના ઘોષણાપત્રમાં દાવો કરાયો હતો કે બીજિંગમાં આવી પરિષદના ૩૦ વર્ષ પછી પણ દુનિયાના કોઇ પણ દેશમાં મહિલાઓને સમાન અધિકાર આપવાની દિશામાં નક્કી કરાયેલા લક્ષ્યને પ્રાપ્ત નથી કરાયું.

સંયુક્ત રાષ્ટ્રસંઘની મહિલાઓના અધિકારો માટે કાર્ય કરતી સમિતિના અહેવાલમાં જણાવાયું હતું કે દુનિયાના પચીસ ટકા (એક-ચતુર્થાંશ) દેશોમાં મહિલાઓ સાથેના અન્યાયના કિસ્સા હજી પણ મોટી સંખ્યામાં

(જુઓ પાનું ૨) ▸▸

## ફિલિપાઇન્સના માજી પ્રમુખની ઍરપોર્ટ પર ધરપકડ

મનિલાઃ ફિલિપાઇન્સના ભૂતપૂર્વ પ્રમુખ રોડ્રિગો ડટેર્ટેની મનિલાના આંતરરાષ્ટ્રીય વિમાનમથકે પોલીસ દ્વારા મંગળવારે ધરપકડ કરાઇ હતી.

ફિલિપાઇન્સની સરકારે જણાવ્યું હતું કે ઇન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે માનવતા-વિરોધી ગુના આચરવા માટે રોડ્રિગો ડટેર્ટેને પકડવાનો આદેશ આપ્યો હતો. ફિલિપાઇન્સના પ્રમુખ ફર્ડિનાન્ડ માર્કોસની ઑફિસે બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું હતું કે ફિલિપાઇન્સના ભૂતપૂર્વ પ્રમુખ હોંગકોંગથી મનિલા આવ્યા ત્યારે વિમાનમથકે જ તેમને પકડવામાં આવ્યા હતા. રોડ્રિગો ડટેર્ટે કેફી

(જુઓ પાનું ૨) ▸▸






**ભૂપેશ બઘેલના ઘરે દરોડા**

## ઈડીના વાહન પર પથ્થરમારો કરવા બદલ એફઆઈઆર

રાયપુર : દુર્ગ પોલીસે છત્તીસગઢના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને કૉંગ્રેસના સિનિયર નેતા ભૂપેશ બઘેલના ઘરે તેમની પુત્ર વિરુદ્ધના કેસમાં દરોડા પાડવા ગયેલી એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ ટીમને ફરજ બજાવતા રોકવા અને તેના વાહન પર પથ્થરમારો કરવા બદલ ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ (એફઆઈઆર) નોંધવામાં આવ્યો છે, એવી માહિતી સત્તાવાર સાધનોએ આપી છે.

ખાનગી વાહનના ડ્રાઈવરે સોમવારે રાત્રે જૂના ભીલાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

કથિત દારૂ કૌભાંડમાં ભૂપેશના પુત્ર ચૈતન્ય સામે મની લોન્ડરિંગ તપાસના ભાગરૂપે ઈડીએ ભિલાઈની માનસરોવર

(જુઓ પાનું ૨) ▸▸

## રશિયન એર ડિફેન્સે ૩૩૭ યુક્રેનિયન ડ્રોન તોડી પાડ્યાં

મોસ્કોઃ રશિયન સૈન્યએ જણાવ્યું હતું કે મંગળવારે હવાઈ સંરક્ષણોએ ૧૦ રશિયન પ્રદેશોમાં ૩૩૭ યુક્રેનિયન ડ્રોનને રાતોરાત તોડી પાડ્યાં હતાં, જે ત્રણ વર્ષમાં રશિયા પરનો સૌથી મોટો યુક્રેનિયન ડ્રોન હુમલો હોવાનું જણાય છે.

આ હુમલામાં એકનું મોત થયું હતું અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા.

હુમલા વિશે યુક્રેનિયન અધિકારીઓ તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી.

સૌથી વધુ ડ્રોન - ૧૨૬ - યુક્રેનથી સરહદ પારના કુર્સ્ક પ્રદેશ પર મોકલવામાં આવ્યાં હતાં, જેના કેટલાક ભાગો પર કિવના દળોનું નિયંત્રણ છે, અને ૯૧ મોસ્કો પ્રદેશ પર મોકલવામાં આવ્યાં હતાં, એમ રશિયાના સંરક્ષણ મંત્રાલયના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

નિવેદનમાં સૂચિબદ્ધ અન્ય પ્રદેશોમાં યુક્રેન સાથેની સરહદ પર બેલ્ગોરોડ, બ્રાયન્સ્ક અને વોરોનેઝ અને રશિયાની અંદરના

(જુઓ પાનું ૨) ▸▸


|| यः सर्वेभ्यः प्रेरणा ||
- The inspiration to all

*In giving and in vision, he led the way, Transforming lives every day.*
*Though he is gone, his light will stay, Guiding us forward, come what may.*



**Shri Mahavirprasad G. Saraf**
(26.09.1933 ~ 11.03.2025)

**Join us to celebrate his life**
**on Thursday 13.03.2025 from 04.00 pm to 06.00 pm**
at Jalaram Hall, N S Road No. 6, Hatkesh Society,
JVPD Scheme, Vile Parle (W), Mumbai - 400049

**Wife:**
Late Smt. Kirandevi Saraf
*Fondly remembered by:*
**Sons - Daughter-in-laws:**
Ashok - Neera • Naresh - Renu • Prakash - Shilpa
**Grandchildren:**
Nishita - Shailesh Goenka • Archita - Nikhil Rajpuria
Priyanka - Kapal Pansari • Niharika - Yash Kela
Yash - Drishti • Aashna
**Great Grandchildren:**
Arjun • Vivan • Amaira • Arhaan • Yuvraj
**and the entire Saraf & Sarex family**
Sarex
*(No Condolences at home please)*

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઔરંગઝેબની કબર તોડવાથી શું? તેને ઉઘાડો પાડો

**મહારાષ્ટ્રમાં** હમણાં મોગલ બાદશાહ ઔરંગઝેબનો વિવાદ વકર્યો છે. સમાજવાદી પાર્ટીના નેતા અબુ આઝમીએ ઔરંગઝેબનાં વખાણ કરતાં શરૂ થયેલી બબાલમાં હવે વાત અગાઉના ઔરંગાબાદ અને હાલના છત્રપતિ સંભાજીનગરમાં આવેલી ઔરંગઝેબની કબર દૂર કરવા સુધી પહોંચી ગઈ છે.

મરાઠા રાજા છત્રપતિ શિવાજી મહારાજના વંશજ અને સતારાના ભાજપના (BJP) સાંસદ ઉદયનરાજે ભોંસલેએ છત્રપતિ સંભાજીનગર જિલ્લાના ખુલદાબાદમાં આવેલી ઔરંગઝેબની કબરને દૂર કરવાની માગ કરી હતી. ભોંસલેની માગ વિશે પૂછવામાં આવતા મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ ખુલદાબાદમાં આવેલી મુઘલ બાદશાહ ઔરંગઝેબની કબરને દૂર કરવાની હાકલને ટેકો આપી દીધો પણ પોતાની વાતને ઔરંગઝેબની કબર દૂર કરવાની લીલી ઝંડી તરીકે ના લઈ લેવાય ને પોતે કોઈ ટંટામાં ના ફસાય એટલે આ કામ કાયદાની મર્યાદામાં રહીને કરવાની સૂફિયાણી સલાહ પણ આપી દીધી.

ફડણવીસનું કહેવું છે કે, ઔરંગઝેબની કબર દૂર થાય એવું બધાં ઈચ્છે છે પણ આ કામ કાયદાના દાયરામાં રહીને થવું જોઈએ કારણ કે ઔરંગઝેબની કબર ઈન્ડિયન ઓર્કિયોલોજિકલ સર્વે (એએસઆઈ) એટલે કે ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના રક્ષણ હેઠળ મૂકવામાં આવી છે અને સંરક્ષિત ઈમારત જાહેર કરવામાં આવી છે. ભાજપના નેતા કોઈ પણ વાતમાં કૉંગ્રેસ પર દોષનો ટોપલો ઢોળવાનું છોડતા નથી ને ફડણવીસે પણ એ જ કર્યું છે. ફડણવીસના દાવા પ્રમાણે, કેટલાક વર્ષો પહેલા કૉંગ્રેસ શાસન દરમિયાન આ સ્થળને ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના રક્ષણ હેઠળ મૂકવામાં આવ્યું હતું.

આ વાત સાચી છે કે ખોટી તેનું બહુ મહત્ત્વ નથી કેમ કે કૉંગ્રેસે વરસે પહેલાં એ કરેલું. ભાજપમાં દમ હોય તો તેણે અત્યારે કૉંગ્રેસના નિર્ણયને ઉલટાવી બતાવવો જોઈએ. કેન્દ્રમાં છેલ્લાં ૧૦ વર્ષથી ભાજપનું શાસન છે અને મહારાષ્ટ્રમાં ખુદ દેવેન્દ્ર ફડણવીસ પોતે પાંચ વર્ષ મુખ્ય પ્રધાન રહી ચૂક્યા છે. એ પછી એકનાથ શિંદેની સરકારમાં પણ ભાજપ ભાગીદાર હતો ને દેવેન્દ્ર ફડણવીસ પોતે નાયબ મુખ્ય પ્રધાન હતા. ખુલદાબાદમાં એ વખતે પણ ઔરંગઝેબની કબર હતી જ પણ ફડણવીસને કે ભાજપ સરકારને ત્યારે કબર દૂર કરવાનું સૂઝ્યું નહોતું. હવે વિવાદ ઊભો થયો છે ત્યારે ફડણવીસ રાજકીય મુદ્દો ઉભો કરીને ફાયદો મેળવવા માટે કબરને દૂર કરવાની પિપૂડી વગાડવા મચી પડ્યા છે.

ફડણવીસની વાત હાસ્યાસ્પદ છે કેમ કે કાયદાની મર્યાદામાં રહીને ઔરંગઝેબની કબર દૂર કરી શકાય તેમ નથી. એએસઆઈ દ્વારા સંરક્ષિત માળખાંને હટાવવાની મંજૂરી કોઈ કાયદો નથી આપતો. આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ) એક્ટ ૧૯૫૮ હેઠળ પુરાણાં સ્મારક જાહેર થયેલી મિલકતને જાળવવાની જવાબદારી સરકારની છે કેમ કે એએસઆઈ એક સ્વાયત્ત સરકારી સંસ્થા છે. ભાજપના નેતાઓને આ વાતની ખબર છે એટલે એ લોકો હઈસો હઈસો કરીને રાજકીય ફાયદો ઉઠાવી રહ્યા છે પણ ખરેખર ઔરંગઝેબની કબર દૂર કરવાની તેમની તાકાત જ નથી. બીજું એ કે, ઔરંગઝેબની કબર દૂર કરાય એટલે આંતરરાષ્ટ્રીય સ્તરે તેની અસર પડે જ. ભારતમાં અસહિષ્ણુતાનો માહોલ છે એવું કોરસ શરૂ થાય. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર અત્યારે વૈશ્વિક સ્તરે કોઈ વિવાદ ઊભો કરવા નથી માગતી તેથી ફડણવીસ આણિ મંડળી ગમે તેટલી કૂદાકૂદ કરે તો પણ કબર દૂર કરી શકે તેમ નથી.

જો કે મુખ્ય સવાલ એ છે કે, ઔરંગઝેબની કબર ખરેખર દૂર કરવાની જરૂર છે ખરી ? બિલકુલ નથી કેમ કે કબર દૂર કરવાથી ઈતિહાસ ભૂંસાવાનો નથી. ને મહારાષ્ટ્રની ભાજપ સરકાર ખરેખર ઔરંગઝેબને વિલન માનતી હોય ને તેનામાં દમ હોય તો તેણે ઔરંગઝેબની કબર ખુલદાબાદમાં જ રાખીને ત્યાં આવનારાં લોકોને ઔરંગઝેબનો સાચો ઈતિહાસ જણાવવો જોઈએ. ઔરંગઝેબની અસલિયત લોકો સામે ખુલ્લી મૂકવી જોઈએ. ભાજપ સરકારમાં તાકાત હોય તો તેણે ખુલદાબાદમાં ઔરંગઝેબની કબરની બહાર બોર્ડ મરાવવું જોઈએ કે, આ કબરમાં જે માણસ સૂતો છે એ હળાહળ હિંદુ વિરોધી હતો અને તેણે કટ્ટર ધર્માંધતા અપનાવીને હજારો હિંદુઓને વટલાવીને મુસલમાન બનાવ્યા હતા અને જે મુસલમાન ના બન્યા તેમની કત્લેઆમ કરી નાંખી હતી.

કેન્દ્રમાં ભાજપની સરકાર છે, મહારષ્ટ્રમાં ભાજપની સરકાર છે ત્યારે આટલી મર્દાનગી તો બતાવી શકે કે નહીં ? ને એવું લખવામાં કશું ખોટું પણ નથી કેમ કે આ ઈતિહાસ છે. ઔરંગઝેબ પોતાના ભાઈઓની હત્યા કરીને દિલ્હીની ગાદી પર બેઠેલો. એ વખતે ઘણા રાજા એવું કરતા તેથી ઔરંગઝેબે કશું નવું નહોતું કર્યું પણ પોતાના ભાઈના હજારો સમર્થકોની પણ કત્લેઆમ કરી હતી પોતાની સામે પડનારા દરેકને તેણે મારી નાંખેલા.

ઔરંગઝેબે હિંદુઓ સાથે તો ભયંકર દગો કરેલો. શાહજહાં પછી ઔરંગઝેબ બાદશાહ બને કે દારા સિકોહ બને એ મુદ્દે મોગલ સામ્રાજ્યના ખંડિયા રાજા બે છાવણીમાં વહેંચાઈ ગયેલા. દારા સિકોહે રામાયણ તથા મહાભારતનો ફારસી ભાષામાં અનુવાદ કરેલો તેથી હિંદુઓમાં પ્રિય હતો છતાં મોટા ભાગના હિંદુ રાજા ઔરંગઝેબની સાથે હતા. જોધપુરના જસવંતસિંહ રાઠોડ અને આમેરના રાજા જયસિંહ કછવાહા સહિત ૨૧ હિંદુ રાજા ઔરંગઝેબના પડખે હતા. તેમની સહાયથી ઔરંગઝેબ ગાદી પર બેઠેલો.

ઔરંગઝેબ સામે છત્રપતિ શિવાજી મહારાજે બરાબર ઝીંક ઝીલી હતી ને એ વખતે હિંદુ રાજાઓ શિવાજી સામે ઔરંગઝેબની સત્તા બચાવવા લડતા હતા. ઔરંગઝેબે એ છતાં હિંદુઓને નિશાન બનાવીને તેમના પર ભારે અત્યાચારો કરેલા. ધર્માંધ ઔરંગઝેબે લાખો હિંદુઓનું ધર્માંતરણ કરાવેલું અને હિંદુઓની કત્લેઆમ કરેલી. સોમનાથનું મહાદેવનું અને કાશી વિશ્વનાથ સહિતનાં ઘણાં મંદિરો ઔરંગઝેબે તોડેલાં.

શિવાજી મહારાજે ઔરંગઝેબ સામે ઝીંક ઝીલીને હિંદુ સામ્રાજ્ય બનાવ્યું હતું. ઔરંગઝેબે શિવાજી મહારાજને મારવા માટે બહુ પ્રયત્ન કર્યા હતા પણ ફાવ્યો નહોતો. ઔરંગઝેબને તેનો એટલો ડંખ હતો કે, શિવાજીના નિધન પછી પણ તેણે આ દુશ્મનાવટ ચાલુ રાખી હતી.

શિવાજી મહારાજનું ૧૬૮૦મા નિધન થયું પછી સંભાજી મહારાજ રાજા બન્યા હતા. ઔરંગઝેબે ૧૬૮૯માં દક્ષિણ ભારત જીતવા આક્રમણ કર્યું અને મુગલ સેનાએ સંગમેશ્વર જીતવા હુમલો કર્યો ત્યારે મરાઠા લશ્કર આડું આવીને ઊભું રહી ગયેલું. ભયંકર યુદ્ધ પછી અંતે મરાઠા લશ્કરની હાર થઈ. સંભાજી મહારાજના બનેવી ગણોજી શિર્કેએ ગદ્દારી કરીને સંભાજી મહારાજનું સ્થાન બતાવી દેતાં સંભાજી મહારાજ જીવતા પકડાઈ ગયા હતા.

ઔરંગઝેબે સંભાજી ઇસ્લામ સ્વીકાર કરે તો તેમને જીવતા છોડી દેવાની શરત મૂકી હતી પણ સંભાજીએ આ શરત ના સ્વીકારી. અકળાઈને ઔરંગઝેબે સંભાજી મહારાજને ભારે યાતનાઓ આપતાં ૪૦ દિવસ પછી સંભાજી મહારાજનું નિધન થયું હતું.

ઔરંગઝેબની કબર કાઢી નાંખશો તો આ બધું પણ જતું રહેશે. તેના બદલે કબરમાં સૂતેલા ઔરંગઝેબને ઉઘાડો પાડો.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, બુધવાર, તા. ૧૨–૩–૨૦૨૫

- ભારતીય દિનાંક ૨૧, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ સુદ –૧૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ સુદ–૧૩
- પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૩મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- નક્ષત્ર મઘા મધ્યરાત્રિ પછી ક. ૨૮–૦૫ સુધી, પછી પૂર્વાફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૫, સ્ટા. ટા.
- –: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતીઃ સવારે ક. ૧૧–૧૪, રાત્રે ક. ૨૩–૪૨
- ઓટઃ સાંજે ક. ૧૭–૨૨, મધ્યરાત્રિ પછી ક. ૦૬–૦૧ (તા. ૧૩મી)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ શુક્લ – ત્રયોદશી. માઘી માસમ (દક્ષિણ ભારત)
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી ગણેશ પૂજા, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, મઘા જન્મ નક્ષત્ર શાંતિ પૂજા, પિતૃ પૂજા, વડનું પૂજન, સૂર્ય–બુધ–કેતુ પૂજન, સંગીત આદિ કાર્યક્રમો કરવાં, પ્રાચીન વિષયોમાં સંશોધન કરવું. નોકરી, વેપાર, પ્રવૃત્તિઓનાં વિકાસનાં કામકાજકરવાં. ધાર્મિક પ્રવૃત્તિઓ કરવી.
- આચમનઃ ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ ચસ્કેલું મન, બુધ–શુક્ર યુતિ, સૂર્ય–શનિ યુતિ મહત્ત્વાકાંક્ષાને ધક્કો લાગે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ, બુધ–શુક્ર યુતિ, સૂર્ય–શનિ યુતિ, ચંદ્ર–મઘા યુતિ.
- ગોચરગ્રહોઃ સૂર્ય–કુંભ, માર્ગી મંગળ–મિથુન, બુધ–મીન, માર્ગી ગુરુ–વૃષભ, વક્રી શુક્ર–મીન, શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–મેષ. માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર.

# દિલ્હીમાં ઝૂંપડીમાં આગ લાગતાં ત્રણ શ્રમિકનાં મોત

રાયપુર : પૂર્વ દિલ્હીના આનંદ વિહારના એજીસીઆર એન્ક્લેવની નજીક એક અસ્થાયી તંબુમાં ભીષણ આગ લાગતાં બે ભાઈ સહિત ત્રણ શ્રમિક બળીને ભડથું થઈ ગયા હતા. દિલ્હી પોલીસે અજ્ઞાત ઈસમ સામે ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ (એફઆઈઆર) નોંધાવ્યો છે. પોલીસના ડેપ્યુટી કમિશનર (શહદરા) પ્રશાંત ગૌતમે કહ્યું હતું કે અમે ભારતીય ન્યાય સંહિતાની ૧૦૬(૧) (બેજવાબદારીથી મોત ) કલમ હેઠળ એફઆઈઆર આનંદ વિહાર પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. બનાવની તપાસ કરવા અનેક ટીમની રચના કરવામાં આવી છે.

ફાયર ઓફિસરના કહેવા મુજબ દિલ્હી ફાયર સર્વિસીસને મંગળવારે રાત્રે ૨-૨૨ કલાકે મદદ માટે કોલ આવ્યો હતો. ઘટનાસ્થળે ત્રણ ફાયર ટેન્ડર મોકલવામાં આવ્યાં હતાં. ૨-૫૦ કલાકે આગ કાબૂમાં લાવવામાં આવી હતી.

રાતના ૩-૧૦ કલાકે સ્ટેશન ઓફિસર ફિરોઝે એ વાતને સમર્થન આપ્યું હતું કે ત્રણ ભડથું થઈ ગયેલા મૃતદેહ તંબુની અંદરથી મળ્યા હતા.

પોલીસે એક નિવેદનમાં કહ્યું હતું કે આ ત્રણ મૃતકોને જગ્ગી (૩૦), તથા બે ભાઈ શ્યામ સિંહ (૪૦) અને કાંતા પ્રસાદ (૩૭) તરીકે ઓળખવામાં આવ્યા છે. આ ત્રણેય ઉત્તર પ્રદેશના ઔરૈયાના વતની હતા અને અહીં મજદૂર તરીકે કામ કરતા હતા. પોલીસના કહેવા મુજબ આ શ્રમિકો આગને લીધે થયેલી ગૂંગળામણથી મરણ પામ્યા હતા. આ ત્રણેય અને બીજો એક મજદૂર નીતિન મંગલમ રોડના ડીડીએ પ્લોટમાં કામચલાઉ તંબુમાં સાથે રહેતા હતા અને તેઓ ઈન્દ્રપ્રસ્થ ગૅસ લિમિટેડમાં કામ કરતા હતા.

તંબુમાં પ્રકાશ કરવા એક કુલર સ્ટેન્ડમાં રાખવામાં આવેલા ડિઝલ કન્ટેનરનો ઉપયોગ કરાતો હતો. બચી ગયેલા શ્રમિક નીતિને કહ્યું હતું કે રાતના બે વાગ્યે શ્યામ સિંહ જાગી ગયો હતો અને તેણે આગ લાગેલી જોઈ હતી. તેણે દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો હતો , પરંતુ તે વિફળ ગયો હતો. આગ વિકરાળ બની ત્યારે નીતિન બહાર નીકળવામાં સફળ થયો હતો, જ્યારે બીજા ત્રણ આગમાં સપડાઈ ગયા હતા. તંબુમાં રહેલા ગૅસ સિલિન્ડરમાં ધડાકો થતાં આગ ભીષણ થઈ હતી.

પોલીસનાં સૂત્રોએ કહ્યું હતું કે શ્યામ અને કાંતાના પિતાએ એવો સવાલ કર્યો છે કે ત્રણ જણ બળીને ભડથું થઈ ગયા તો એક જણ બહાર નીકળવામાં કેવી રીતે સફળ થયો.

# રાજસ્થાનમાં માર્ગ અકસ્માતમાં સાતનાં મોત, ૧૦ ઘાયલ

જયપુરઃ રાજસ્થાનના નાગૌર જિલ્લામાં મંગળવારે બે અલગ-અલગ માર્ગ અકસ્માતમાં નેશનલ લો યુનિવર્સિટી-જોધપુરના ત્રણ વિદ્યાર્થી સહિત સાત લોકોનાં મોત થયાં હતાં જ્યારે ૧૦ અન્ય ઘાયલ થયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

પ્રથમ અકસ્માત સવારે ૫.૩૦ વાગ્યે થયો હતો જ્યારે લાલદાસજી મહારાજ ધામ પાસે સ્લીપર બસ એક ટ્રક સાથે અથડાઈ હતી, જેમાં ત્રણ વિદ્યાર્થીનાં મોત થયા હતા અને અન્ય ૮ લોકો ઘાયલ થયા હતા.

સર્કલ ઓફિસર જયલ ખેમા રામ બિજરનિયાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ પંજાબના પટિયાલાથી જોધપુર એક કાર્યક્રમમાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે આ અકસ્માત થયો હતો. તેઓને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

તેમણે કહ્યું કે કેટલાક વિદ્યાર્થીઓને સામાન્ય ઈજાઓ થઈ હતી અને તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

મૃતક વિદ્યાર્થીઓની ઓળખ નવી દિલ્હીની આરુષિ ગુપ્તા, ચેન્નાઈના હર્ષિત વશિષ્ઠ અને કોલકાતાના આરવ મિદ્ધા તરીકે થઈ છે.

એક ઘાયલ વિદ્યાર્થીએ પત્રકારોને જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓનું જૂથ રમતગમતના કાર્યક્રમમાં ભાગ લેવા પટિયાલા ગયું હતું

જિલ્લામાં અન્ય એક અકસ્માતમાં એક કાર પલટી ગઈ હતી, જેમાં ચાર સંબંધીઓનાં મોત અને બે ઘાયલ થયા હતા.

સદરના સ્ટેશન હાઉસ ઓફિસર સુરેશ કુમારે જણાવ્યું કે મૃતકોની ઓળખ રેલંતરામ, સુશીલ, મહેન્દ્ર અને મેહરરામ તરીકે થઈ છે. પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહોને મોર્ચરીમાં મોકલી દેવામાં આવ્યા છે.

# લોરેન્સ બિશ્નોઈના મિત્ર અમન સાહુનું એન્કાઉન્ટર, ૧૦૦થી વધુ નોંધાયા હતા ગુના

નવી દિલ્હીઃ ગેંગસ્ટર અમન સાહુનું છત્તીસગઢથી ઝારખંડ લાવતી વખતે એન્કાઉન્ટર કરવામાં આવ્યું હતું. ઝારખંડ પોલીસ અનુસાર અમને ભાગવાની કોશિશ કરી હતી અને તેણે એસટીએફના જવાન પાસેથી રાઇફલ છીનવી લીધી હતી.

તેમજ ફાયરિંગ કર્યું હતું, જેમાં જવાન ઘાયલ થયો હતો. પોલીસે વળતી કાર્યવાહીમાં તને ઠાર કર્યો હતો. ઘાયલ જવાનની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ એન્કાઉન્ટર મંગળવારે સવારે કરવામાં આવ્યું હતું. તે લોરેન્સ બિશ્નોઈનો મિત્ર પણ હતો.

રાંચી પોલીસની ટીમ સાહુને રાયપુરથી પૂછપરછ માટે લાવતી હતી ત્યારે પલામુના ચૈનપુર વિસ્તારમાં પોલીસ વાહનને અકસ્માત નડ્યો હતો. આ પછી તેનું એન્કાઉન્ટર થયું હતું. અમનને જે વાહનમાં લઈ જવામાં આવતો હતો તેના પર પહેલા બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. આનો ફાયદો ઉઠાવાને તે હથિયાર લૂંટીને ભાગવાની ફિરાકમાં હતો. તેણે પોલીસ પર ફાયરિંગ કર્યું હતું. સ્વ બચાવમાં પોલીસે તેના પર ફાયરિંગ કરતાં ઠાર થયો હતો.

અમન સાહુ બરકાગાંવથી વિધાનસભા ચૂંટણી લડવા માગતા હતા, પરંતુ એક કેસમાં સજા થવાને કારણે તેમને ચૂંટણી લડવાની મંજૂરી આપવામાં આવી ન હતી. રામગઢના ભુરકુંડા પત્રાતુમાં તેની સામે અનેક કેસ નોંધાયેલા હતા.

# કથુઆમાં હવે બે કિશોરનો પત્તો મળતો નથી

જમ્મુ : જમ્મુ અને કાશ્મીરના કથુઆ જિલ્લામાં બે કિશોર ગુમ થઈ ગયા છે. હાલમાં આ જિલ્લામાં પાંચ નાગરિકના ભેદી રીતે મોત થતાં આ જિલ્લો ચર્ચામાં આવ્યો છે. સત્તાવાળાઓએ પાંચ નાગરિકના મોતની તપાસ શરૂ કરી છે.

મંગળવારે પોલીસ અધિકારીએ કહ્યું હતું કે બે કિશોર-દીન ઉર્ફે દિનુ (૧૫) અને તેનો સંબંધી રેહમત અલી (૧૨) તેમના ઢોરને ભંબેરવાનમાં ચરવા લઈ ગયા ત્યારથી તેમનો પત્તો નથી.

પોલીસે એ કિશોરને શોધવા ટુકડીઓ બનાવી છે અને સગડ મેળવવા તેમના ફોટો બધે ફેરવવામાં આવ્યા છે.

ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (ડીઆઈજી) શિવકુમાર શર્માએ પોલીસ ઓફિસરને બીજા જિલ્લા, દેરા અને પંજાબ, જમ્મુ અને ઉધમપુરના કિશોરના સગાવહાલાનો સંપર્ક કરવાનો હુકમ આપ્યો છે. ડીઆઈજી ગુમ થયેલા કિશોરનાં કુટુંબોને મળ્યા હતા અને તેમને ખાતરી આપી હતી કે છોકરાને શોધવા સંભવ બધાં પગલાં ભરાશે.

શનિવારે કથુઆની ઊંચી ટેકરના અંતરિયાળ મલ્હાર વિસ્તારના ઈશું નાળામાંથી ૧૫ વર્ષના વરૂણ સિંહ, તેના મામા દર્શન સિંહ (૪૦) અને કાકા યોગેશ સિંહના મૃતદેહો મળી આવતાં તરખાટ મચી ગયો હતો. આ ત્રિપુટી પાંચ માર્ચથી ગાયબ હતી.

ગયા મહિને બે જણ સમશેર (૩૭) અને રોશન (૪૫)ના મૃતદેહો કથુઆ જિલ્લાના કોહાગ ગામમાંથી મળી આવ્યા હતા. પોસ્ટમોર્ટમના અહેવાલ પ્રમાણે તેમને ગળે ફાંસો દઈને મારવામાં આવ્યા છે. જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં કથુઆની હત્યા પર ઉગ્ર ચર્ચા કરી હતી.

મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ વિધાનસભામાં કહ્યું હતું કે આ મોત પાછળના સંજોગોની તપાસ થઈ રહી છે.

## પહેલા પાનાનું ચાલુ

### પાકમાં

લિબરેશન આર્મીએ હુમલો કર્યો હતો અને તેના મુસાફરોની સાથે ટ્રેનનું અપહરણ કર્યું હતું.

ક્વેટાથી સવારે નવ વાગ્યે નીકળેલી ટ્રેન બોગદા ક્રમાંક આઠમાં પહોંચી ત્યારે તેના પર (શોલે ફિલ્મના ડાકુઓની જેમ) હુમલો કરાયો હતો. ટ્રેનના એન્જિન પર ગોળીબાર કરાયો હતો. આ હુમલામાં ટ્રેનનો મોટરમેન ઘાયલ થયો હતો અને પ્રવાસીઓની સાથે ટ્રેનનું અપહરણ કરાયું હતું.

જાફર એક્સપ્રેસ ક્વેટા અને પેશાવરની વચ્ચે રોજ દોડે છે. આ ટ્રેન રોહરી - ચમન રેલવે લાઇન અને કરાચી - પેશાવર રેલવે લાઇનના કેટલાક વિભાગમાં દોડે છે. આ ટ્રેન ૧,૬૩૨ કિલોમીટર (અંદાજે ૧,૦૧૪ માઇલ)નો પ્રવાસ ૩૪ કલાક અને ૧૦ મિનિટમાં પૂરો કરે છે.

બલૂચ લિબરેશન આર્મીએ જણાવ્યું હતું કે અમારી પાસે પાકિસ્તાનના લશ્કરના ૧૦૦થી વધુ સૈનિક બંધક છે. અમારી સામે લશ્કરી કાર્યવાહી કરાશે, તો બધાને મારી નાખીશું.

ટ્રેનના મુસાફરોમાં સૈનિકો ઉપરાંત બાળકો અને મહિલાઓ પણ હતા. આ રેલવે લાઇન પહાડી વિસ્તારમાં આવેલી છે અને તેમાં ટ્રેન ૧૭ બોગદામાંથી પસાર થાય છે.

ભૂતકાળમાં આ રેલવે લાઇનના પાટાને બલૂચ બળવાખોરોએ રૉકેટ છોડીને અને રિમોટ-કન્ટ્રોલથી બૉમ્બ ફોડીને ઉડાવી દીધા હતા.

પાકિસ્તાન રેલવેએ ક્વેટા અને પેશાવર વચ્ચેની ટ્રેન દોઢ મહિનાથી વધુ સમય બંધ રાખ્યા બાદ ગયા વર્ષે ઑક્ટોબરમાં તે ફરી શરૂ કરવાની જાહેરાત કરી હતી.

બલૂચિસ્તાનમાં અનેક સંગઠન પાકિસ્તાનથી આ પ્રાંતને અલગ કરવાની ચળવળ ચલાવી રહ્યું છે.

ક્વેટા રેલવે સ્ટેશને ૨૦૨૪ના નવેમ્બરમાં કરાયેલા આત્મઘાતી હુમલામાં ઓછામાં ઓછા ૨૬ લોકો માર્યા ગયાં હતાં અને ૬૨ લોકો ઘાયલ થયા હતા.

બલૂચિસ્તાનની સરહદ ઇરાન અને અફઘાનિસ્તાનને અડીને આવેલી છે. અહીં બળવાખોરો સૈનિકો, સરકારી પ્રોજેક્ટ્સ અને ૬૦ અબજ ડૉલરના ચીન - પાકિસ્તાન ઇકોનોમિક કોરિડોર પ્રોજેક્ટ પર અવારનવાર હુમલા કરે છે. બલૂચિસ્તાન પ્રાંત ખનિજ અને તેલથી સમૃદ્ધ છે. (એજન્સી)

### મોદીનું મૉરિશસના

હોય તો તે મોટા ભાગે હિટ જ થાય છે. તેમણે જણાવ્યું હતું કે અમે મૉરિશસમાં રહેતી ભારતીયોની સાતમી પેઢીને 'ઓવરસીઝ સિટીઝન ઑફ ઇન્ડિયા' કાર્ડ આપવાનો નિર્ણય લીધો છે. વડા પ્રધાને જણાવ્યું હતું કે મૉરિશસ માત્ર ભારતનો ભાગીદાર દેશ નથી, પરંતુ તે ભારતના પરિવારનો હિસ્સો છે. મૉરિશસની સમૃદ્ધિથી સૌપ્રથમ આનંદ ભારતને થાય છે. (એજન્સી)

### દક્ષિણ આફ્રિકામાં

હતો. જોહાનિસબર્ગના મુખ્ય ઓ.આર. નજીક હાઇવે પર આ અકસ્માત થયો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે, તે જોહાનિસબર્ગની પૂર્વમાં આવેલા ટાઉનશીપ અથવા કેટલેહોંગથી બસ લોકોને ટેમ્બો ઇન્ટરનેશનલ એરપોર્ટ લઇ જઇ રહી હતી.

અકસ્માતમાં અન્ય કોઈ વાહન સામેલ નહોતું અને અધિકારીઓ હજુ સુધી અકસ્માતનું કારણ નક્કી કરી શક્યા નથી. પોલીસે તપાસ હાથ ધરી છે.

### આયુષ્માન ભારત

લેવાયા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આયુષ્માન ભારત - પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ૭૦ વર્ષ અને તેનાથી મોટી વયના દરેક વરિષ્ઠ નાગરિકને આરોગ્ય વીમો આપવાની ૨૦૨૪ની ૨૯ ઑક્ટોબરે જાહેરાત કરી હતી અને તેનું નામ 'આયુષ્માન વય વંદના કાર્ડ' રાખ્યું હતું. 'આયુષ્માન વય વંદના કાર્ડ' ધરાવનારા દરેક વરિષ્ઠ નાગરિકને રૂપિયા પાંચ લાખના આરોગ્ય વીમા હેઠળ આવરી લેવાય છે. (એજન્સી)

### મહિલાઓને પુરુષો સમાન

નોંધાઇ રહ્યા છે, જ્યારે મહિલાઓ સામેના અત્યાચાર અને તેઓના મૂળભૂત અધિકારોના ભંગની અનેક ઘટના તો નોંધાતી પણ નથી અથવા જાહેર નથી થતી.

સંયુક્ત રાષ્ટ્રસંઘના મહામંત્રી એન્ટોનિયો ગુટેરસે જણાવ્યું હતું કે મહિલાઓ હજી પણ હિંસા, ભેદભાવ, આર્થિક અસમાનતા દાખવવી જેવી સમસ્યાનો સામનો કરી રહી છે. તેમણે જણાવ્યું હતું કે મહિલાઓને પુરુષોની સરખામણીમાં સરેરાશ અંદાજે વીસ ટકા ઓછું વેતન ચૂકવાય છે. વિશ્વમાં દર ત્રણમાંની એક સ્ત્રી સામે હિંસાની ઘટના નોંધાય છે. હૈતીથી લઇને સુદાન સુધીના દેશોમાં યુદ્ધ દરમિયાન જાતીય હિંસા આચરવાના બનાવ હજી પણ બને છે. (એજન્સી)

### ફિલિપાઇન્સના

પદાર્થો સામેના અભિયાનમાં અનેક લોકોને મારવાનો આદેશ આપ્યો હોવાનો આક્ષેપ છે.

રોડ્રિગો ડટેર્ટે દક્ષિણ ફિલિપાઇન્સના શહેર દાવાઓના મેયર હતા, તે સમયગાળામાં એટલે કે ૨૦૧૧ની પહેલી નવેમ્બરથી ૨૦૧૯ની ૧૬ માર્ચ સુધી માનવતા-વિરોધી ગુના આચર્યા હોવાનો આક્ષેપ છે અને ઇન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે તેના સંબંધમાં તપાસ હાથ ધરી હતી. ફિલિપાઇન્સમાં રોડ્રિગો ડટેર્ટેની સરકાર હતી ત્યારે તેણે ૨૦૨૧ના અંતમાં ઇન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટની તપાસ પણ અટકાવી હતી. (એજન્સી)

### ઈડીના વાહન પર

કોલોનીમાંના બઘેલના ઘરે અને બીજા ૧૩ ઠેકાણાએ દરોડા પાડ્યા હતા. સૂત્રોના જણાવ્યા પ્રમાણે દરોડા આઠ કલાક ચાલ્યા હતા અને ઈડીએ ૩૦ લાખ રૂપિયા રોકડા અને બીજા દસ્તાવેજો જપ્ત કર્યા હતા. ડ્રાઈવરે તેની પોલીસ ફરિયાદમાં કહ્યું હતું કે વાહન બપોરે સાડાચાર વાગ્યે બઘેલના ઘરેથી રવાના થતું હતું ત્યારે ૧૫-૨૦ દેખાવકારોએ તેને અટકાવ્યું હતું. અમુક લોકો બોનેટ પર ચડી ગયા હતા અને વાહનના આગળના કાચ પર પથ્થરમારો કર્યો હતો.

૬૩ વર્ષના સિનિયર બઘેલ કાર્યવાહી દરમિયાન હાજર રહ્યા હતા. તેમણે ઈડીના દરોડા પાછળના આશયને પડકાર્યો હતો. કૉંગ્રેસે કહ્યું હતું કે સંસદનું બજેટ સત્ર ફરી ભરાવાનું છે અને અનેક મુદ્દા પર વિપક્ષ સરકારને ઘેરવાની છે ત્યારે બઘેલના ઘરે દરોડા પાડીને સમાચારના મથાળા મેનેજ કરવાનું કાવતરું કરવામાં આવ્યું છે. ચૈતન્ય બઘેલને રાયપુરની ઈડી ઓફિસમાં પૂછપરછ કરવા માટે સમન્સ મોકલવામાં આવે એવી સંભાવના છે. ઈડીના જણાવ્યા પ્રમાણે કથિત દારૂ કૌભાંડ ૨૦૧૯થી ૨૦૨૨ વચ્ચે કરવામાં આવ્યું હતું અને એ વખતે રાજ્યમાં બઘેલની આગેવાની હેઠળની કૉંગ્રેસની સરકાર હતી (એજન્સી)

### રશિયન એર ડિફેન્સે

વિસ્તારો, જેમ કે કાલુગા, લિપેટ્સક, નિઝની નોવગોરોડ, ઓરીઓલ અને રિયાઝાનનો સમાવેશ થાય છે.

મોસ્કોના મેયર સર્ગેઈ સોબ્યાનિને જણાવ્યું હતું કે ૭૦થી વધુ ડ્રોન્સે રશિયન રાજધાનીને નિશાન બનાવ્યું હતું અને જ્યારે તેઓ તેની તરફ ઉડતાં હતાં ત્યારે તેમને તોડી પાડવામાં આવ્યાં હતાં.

રાજધાની આસપાસના મોસ્કો પ્રદેશના ગવર્નર, આન્દ્રે વોરોબ્યોવએ જણાવ્યું હતું કે હુમલાનાં પરિણામે એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને નવ ઘાયલ થયા હતા, જેણે પ્રદેશમાં રહેણાંક મકાનમાં સાત એપાર્ટમેન્ટને પણ નુકસાન પહોંચાડ્યું હતું. આ હુમલામાં એક અલગ જગ્યાએ પાર્કિંગની જગ્યામાં સંખ્યાબંધ કારને આગ લાગી હતી અને આ પ્રદેશમાં અન્ય બે રહેણાંક ઇમારતોને નુકસાન થયું હતું, એમ રશિયન રાજ્ય સમાચાર એજન્સી આરઆઇએ નોવોસ્ટી અને તાસના અહેવાલમાં જણાવાયું છે.

લિપેટ્સ્ક પ્રદેશમાં હાઇવે પર વધુ એક વ્યક્તિ ઘાયલ થયો હતો, એમ ગવર્નર ઇગોર આર્ટામોનોવે જણાવ્યું હતું. સોબ્યાનિને જણાવ્યું હતું કે મોસ્કોમાં એક ઇમારતની છતને પણ નુકસાન થયું છે, જેને તેણે ''નજીવી'' તરીકે વર્ણવ્યું છે. ઇમારતના ફૂટેજ, છઈંઅ નોવોસ્ટી દ્વારા પ્રકાશિત, છતની નજીક એક બહુમાળી રહેણાંક મકાનના રવેશ પર એક સળગેલી જગ્યા દર્શાવે છે, જેમાં બિલ્ડિંગના અસ્તરના ટુકડાઓ છીનવાઈ ગયા હતા. મોસ્કોની બહાર ડોમોડેડોવો, વનુકોવો, શેરેમેટ્યેવો અને ઝુકોવ્સ્કી અને યારોસ્લાવલ અને નિઝની નોવગોરોડ પ્રદેશોના એરપોર્ટ સહિત છ એરપોર્ટની અંદર અને બહાર ફ્લાઇટને અસ્થાયી રૂપે પ્રતિબંધિત કરવામાં આવી છે.

સરકારનો વચનભંગ

# વિધાનભવન પર કાંદા, કપાસ, સોયાબીન ફેંકી વિરોધ

મુંબઈ: સ્વાભિમાની શેતકરી સંઘઠન દ્વારા ખેડૂતોની મહત્ત્વની માગણીઓ માટે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન સરકાર ખેડૂતોની મુખ્ય માગણીઓ પર ધ્યાન આપે તેવી માગણી સાથે સંઘઠન દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સોમવારે રજૂ કરાયેલા બજેટમાં વચનો પૂરા કરવામાં નથી આવ્યા એવું સંગઠનનું કહેવું છે.

રાજ્ય સરકારે સોમવારે રજૂ કરેલા બજેટમાં સંપૂર્ણ દેવા મુક્તિના વચનનું પાલન ન કરતા રાજ્યમાં તુવેર, કપાસ, સોયાબીન અને ડુંગળીનું વાવેતર કરતા ખેડૂતો આર્થિક ભીંસમાં આવી ગયા છે. સરકારની નીતિના કારણે કોઈ પણ પાકને ટેકાના ભાવ ન મળી રહ્યા હોવાથી મુંબઈ વિધાનભવન ખાતે તુવેર, ડુંગળી, સોયાબીન, કપાસ ફેંકીને રાજુ શેટ્ટીની આગેવાનીમાં સ્વાભિમાની શેતકરી સંગઠન દ્વારા આંદોલન કરવામાં આવ્યું હતું.

મંગળવારે સવારે ૧૧ વાગે રાજ્યમાંથી સ્વાભિમાની શેતકરી સંગઠનના કાર્યકર્તાઓ મુંબઈના વિધાનભવન પરિસરમાં પહોંચ્યા હતા. સત્ર ચાલી રહ્યું હોવાથી પરિસરમાં વિશાળ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. વિધાનભવન વિસ્તારમાં પોલીસે કાર્યકરોની અટકાયત કરી આઝાદ મેદાન પોલીસ સ્ટેશન જવા રવાના થયા હતા. ■

## લાસલગાંવ એપીએમસીમાં કાંદાની લિલામી ફરી શરૂ

### એક્સ્પોર્ટ ડ્યૂટી દૂર કરવાની માગણી સાથે સોમવારે આંદોલન કરાયું હતું

નાશિક: કાંદાના ભાવમાં ઘટાડો થવાથી પાણીની ટાંકી પર ચઢીને વિરોધ પ્રદર્શન કર્યાના એક દિવસ બાદ નાશિકના લાસલગાંવ એપીએમસીમાં મંગળવારે ફરી કાંદાની લિલામી શરૂ થઇ હતી.

કાંદા પરની વીસ ટકા એક્સ્પોર્ટ ડ્યૂટી દૂર કરવાની સાથે કાંદાનું ઉત્પાદન કરતા ખેડૂતોએ સોમવારે આંદોલન કર્યું હતું. તેમનું કહેવું હતું કે આ એક્સ્પોર્ટ ડ્યૂટીને કારણે જ લાસલગાંવ એપીએમસીમાં કાંદાના દરમાં ઘટાડો થયો હતો.

અમુક ખેડૂતો પાણીની ટાંકી પર ચઢીને વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા જ્યારે સોમવારે અમુક સમય માટે કાંદાની લિલામી પણ અટકાવી દેવામાં આવી હતી. કાંદાના દરમાં ૩૦૦-૫૦૦ રૂપિયાનો ઘટાડો થયો છે. કાંદા પરની વીસ ટકાની એક્સ્પોર્ટ ડ્યૂટી દૂર થવી જોઇએ, એમ એક આંદોલનકર્તાએ જણાવ્યું હતું.

એપીએમસીના સૂત્રોએ જણાવ્યું હતું કે સોમવારે માર્કેટમાં ૧૧,૫૦૦ ક્વિન્ટલ કાંદા લિલામી માટે લાવવામાં આવ્યા હતા. કાંદાના દર પ્રતિ ક્વિન્ટલે ૧૦૦૦ રૂપિયા, ૧૮૦૦ રૂપિયા અને ૨૨૦૧ રૂપિયા રહ્યા હતા. કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટેએ ખેડૂતોને આશ્વાસન આપ્યું હતું કે નાશિક જિલ્લાના યેઉલાના વિધાનસભ્ય છગન ભુજબળ હાલમાં વિધાનસભામાં ચાલી રહેલા બજેટ સત્રમાં આ મુદ્દો ઉઠાવશે ત્યારે આંદોલનકારીઓએ વિરોધ પ્રદર્શન બંધ કર્યું હતું. ■

## બીકેસી-કફ પરેડ મેટ્રો ૩ લાઇનનું ૯૩ ટકા કામ પૂર્ણ

મુંબઈ: 'કોલાબા-બાંદ્રા-સીપ્ઝ અંડરગ્રાઉન્ડ મેટ્રો ૩' લાઇનનું ૯૫ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે અને બીકેસી-કફ પરેડ વચ્ચેના ભાગનું ૯૩ ટકા કામ પૂર્ણ થઈ ગયું હોવાની માહિતી મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી) એ આપી છે.

આરે-બીકેસી વચ્ચેનો પહેલો તબક્કો શરૂ કરવામાં આવ્યો છે અને બીકેસી-કફ પરેડ તબક્કાના બીકેસી-આચાર્ય અત્રે ચોક મેટ્રો સ્ટેશન તબક્કાને ટૂંક સમયમાં સેવામાં મૂકવામાં આવશે. બીકેસી - આચાર્ય અત્રે ચોક મેટ્રો સ્ટેશન તબક્કામાં મેટ્રો સ્ટેશનોનું ૯૯.૦૩ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે અને સિસ્ટમનું ૮૭ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે અને સેફ્ટી સર્ટિફિકેટ મેળવવાની પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ થશે. દરમિયાન, એમએમઆરસી એ જણાવ્યું હતું કે બીકેસી-આચાર્ય અત્રે ચોક મેટ્રો સ્ટેશન સેક્શન માર્ચના અંત સુધીમાં કાર્યરત થઈ જશે. જોકે, સેફ્ટી સર્ટિફિકેટ મળ્યા પછી એપ્રિલ સુધીમાં બીકેસી-આચાર્ય અત્રે ચોક મેટ્રો સ્ટેશન વચ્ચે મેટ્રોનું સંચાલન શરૂ થવાની શક્યતા છે. ■

## સગીર વિદ્યાર્થિની સાથે અશ્લીલ વર્તન: બસચાલકની ધરપકડ

મુંબઈ: સગીર વિદ્યાર્થિની સાથે અશ્લીલ વર્તન કરવાના આરોપસર સાયન પોલીસે સ્કૂલ બસના ચાલકની ધરપકડ કરી હતી. આરોપી બસચાલક છેલ્લા આઠ મહિનાની પીડિતા સાથે આવું વર્તન કરી રહ્યો હતો અને આ અંગે પ્રિન્સિપાલ સમક્ષ ફરિયાદ કરવામાં આવી હતી. જોકે ચાલક સામે કોઇ કાર્યવાહી કરાઇ નહોતી, એવો આક્ષેપ કરાયો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર આરોપી છેલ્લા આઠ મહિનાથી વિદ્યાર્થિનીને વારંવાર ત્રાસ આપી રહ્યો હતો. શાળા છૂટ્યા બાદ ઘરે જતી વખતે વિદ્યાર્થિની સાથે તે અશ્લીલ વર્તન કરતો હતો. વિદ્યાર્થિની બસમાં પાછળની સીટ પર બેઠી હોય ત્યારે આરોપી તેને ત્યાંથી ઉઠાડીને ડ્રાઇવરની બાજુની સીટ પર બેસવા માટે કહેતો હતો. વિદ્યાર્થિની ભાઇ પણ બસમાં હોય ત્યારે આરોપી તેને બારીમાંથી બહાર જોવાનું કહીંને વિદ્યાર્થિનીની છેડતી કરતો હતો.બસચાલકના આ કૃત્યને કારણે વિદ્યાર્થિની શાળાએ જવા માટે ગભરાતી હતી. પરિવારજનોને શંકા જતાં તેમણે વિદ્યાર્થિનીની પૂછપરછ કરી હતી, જેમાં તેમણે તમામ હકીકત જણાવી હતી. ત્યાર બાદ પરિવારજનો ૩ માર્ચે શાળામાં ગયા હતા અને પ્રિન્સિપાલ સમક્ષ ફરિયાદ કરી હતી. ■

## વિદ્યાર્થી અને પ્રોફેસરના સ્વાંગમાં લંડન જવાનો પ્રયાસ કરનારા આઠ પકડાયા

મુંબઈ: એક્સચેન્જ પ્રોગ્રામમાં ભાગ લેવાને બહાને વિદ્યાર્થી અને પ્રોફેસરના સ્વાંગમાં ગેરકાયદે લંડન જવાનો પ્રયાસ કરવા બદલ મુંબઈ પોલીસે છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પરથી આઠ જણને પકડી પાડ્યા હતા.

પકડાયેલા આઠમાંથી સાત જણે પોતાની ઓળખ હરિયાણાની ખાનગી યુનિવર્સિટીના વિદ્યાર્થી તરીકે આપી હતી, જ્યારે એક જણે પોતે પ્રોફેસર હોવાનું દર્શાવ્યું હતું. પકડાયેલા આરોપીઓ વિરુદ્ધ માનવ તસ્કરીનો ગુનો નોંધવામાં આવ્યો હતો.પોલીસના જણાવ્યા મુજબ સોમવારની વહેલી સવારે ઈમિગ્રેશન ચેકપોઈન્ટ પાસે આરોપીઓને પકડી પાડવામાં આવ્યા હતા. યુકેના વિઝા મેળવવા માટે આરોપીઓએ બનાવટી દસ્તાવેજો અને ખોટી માહિતી પૂરા પાડ્યા હતા.

આરોપીઓ વાયા જેદ્દાહ લંડન જવાના હતા. એજન્ટે તેમની પાસેથી વ્યક્તિદીઠ ૨૦ લાખ રૂપિયા માગ્યા હોવાનું પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું.

યુકેના વિઝિટ વિઝા પર બે જણ જઈ રહ્યા હોવાનું ઈમિગ્રેશનના અધિકારીના ધ્યાનમાં આવ્યું હતું. આ બાબતે અધિકારીએ પૂછપરછ કરતાં બન્ને જણે જણાવ્યું હતું કે હૈસરની ખાનગી યુનિવર્સિટી દ્વારા પ્રોફેસર સાથે તેઓ સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામમાં ભાગ લેવા જઈ રહ્યા છે. જોકે વિદ્યાર્થીઓ જે યુનિવર્સિટીમાં જઈ રહ્યા હતા તેની કોઈ વિગતો આપી શક્યા નહોતા, જેને પગલે અધિકારીને શંકા ગઈ હતી. શંકાને પગલે વધુ પૂછપરછ કરવામાં આવતાં એક જણે પોતાની ઓળખ પ્રોફેસર તરીકે આપી હતી અને હરિયાણાની યુનિવર્સિટીની સૂચનાથી સાત વિદ્યાર્થી સાથે તે લંડન જઈ રહ્યો હોવાનું કહ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ આરોપી દિલ્હીની એક હોટેલમાં બિટ્ટુ નામના એજન્ટને મળ્યો હતો, જેણે લંડન મોકલવાની સગવડ કરી આપવાની ખાતરી આપી હતી. આ માટે વ્યક્તિદીઠ ૨૦ લાખ રૂપિયા માગ્યા હતા. તેણે જ વિઝા પણ મેળવી આપ્યા હતા.

આ પ્રકરણે સહાર પોલીસે આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૪૩, ૩૩૬(૨) અને અન્ય સુસંગત કલમો તેમ જ પાસપોર્ટ ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ મામલાની વધુ તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપાઈ હતી. (પીટીઆઈ) ■




## પ્રતીક્ષાનગરમાં બસ ડેપો નજીકથી કોહવાયેલો મૃતદેહ મળ્યો

મુંબઈ: પ્રતીક્ષાનગરમાં બસ ડેપો નજીકથી મંગળવારે શખસનો કોહવાયેલો મૃતદેહ મળી આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. મંગળવારે સવારે ૧૧.૩૦ વાગ્યે બસ ડેપો નજીકથી પસાર થનારા નાગરિકોની નજર મૃતદેહ પર પડતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. આથી વડાલા ટ્રક ટર્મિનલ (ટીટી) પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પાલિકા સંચાલિત હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા બાદ પોલીસે મૃતકની ઓળખ મેળવવા આજુબાજુના વિસ્તારમાં તપાસ આદરી હતી.

## મુંબઈમાં ૨૦૨૪માં આગની ઘટનાઓમાં વધારો

મુંબઈ: મુંબઈમાં ૨૦૨૪માં આગની ઘટનાઓમાં વધારો જોવા મળ્યો હતો. મુંબઈ ફાયર બ્રિગેડના ડેટા મુજબ જાન્યુઆરી થી ડિસેમ્બરની વચ્ચે ૫૩૦૧ કેસ સામે આવ્યા હતા, જ્યારે ૨૦૨૩માં આ જ સમય દરમ્યાન ૫૦૭૪ આગની ઘટનાઓ બની હતી. આમ આગની ૨૨૭ ઘટનાઓ વધી હતી. રિપોર્ટ મુજબ અધિકારીઓના અને કાર્યકર્તાઓની નબળી તપાસ અને અગ્નિ સુરક્ષા અનુપાલનમાં નીરસતાને મુખ્ય કારણ ગણવામાં આવ્યું છે. એમએફબીના ડેટા પરથી માલૂમ પડે છે કે ૨૦૨૪માં ૫૨૨૮ સ્ટોપ ફાયર કોલ નોંધવામાં આવ્યા હતા જ્યારે ૨૦૨૩ માં ૪૯૯૩ હતા.

સ્ટોપ કોલ નાની આગ હોય છે જેને અગ્નિ શમન વિભાગના પહોંચતા પહેલા બુઝાવવામાં આવે છે. ૨૦૨૩ ની તુલનામાં ૨૦૨૪માં લેવલ ૧ આગના કેસ થોડા ઓછા હતા. તે ૫૭ થી ઘટીને ૫૫ થઇ ગયા હતા. લેવલ-બેની આગ ૧૪થી ઘટીને ૧૩ થઈ ગઈ. લેવલ-૩ની આગ ૯ થી ઘટીને ૪ થઇ ગઈ. બને વર્ષોમાં લેવલ-૪ આગનો ફક્ત એક કેસ નોંધાયો હતો.

સૂત્રોનું કહેવું છે કે એમએફબી તપાસમાં સુધારાની જરૂર છે. વિભાગમાં ૧૬૦ અધિકારીઓ છે પરંતુ હજુ વધુની જરૂર છે. અધિકારી તપાસ અને કટોકટી બંને સાંભળતા હોવાથી મુશ્કેલી પડે છે.

અગ્નિ સુરક્ષા જાગરૂકતાની પણ કમી જોવામાં આવી છે. સૂત્રોના કહ્યા મુજબ મુંબઈમાં લગભગ ૫૦,૦૦૦ બિલ્ડીંગો છે, પરંતુ એમએફબી પાસે નિયમિત તપાસ માટે કર્મચારીઓની અછત છે. હાઉસિંગ સોસાયટીઓએ દર છ મહિને અગ્નિ ઓડિટ કરાવવું જરૂરી છે. જોકે ઘણી સોસાયટીઓ આ નિયમનું પાલન નથી કરતી. સુરક્ષા કર્મચારીઓને શિક્ષિત નથી કરવામાં આવતા. લોકો ખુલ્લા તારોને નજરઅંદાજ કરી દે છે. ■

## પુણેની ડી. વાય. પાટીલ કોલેજમાં બૉમ્બની ધમકી: વિદ્યાર્થીઓમાં ગભરાટ

પુણે: પુણેના આકુર્ડી વિસ્તારમાં આવેલી ડી. વાય. પાટીલ કોલેજમાં બૉમ્બ પ્લાન્ટ કરાવો હોવાની ધમકી આપતો ઇ-મેઇલ મંગળવારે સવારના મળ્યા બાદ ત્યાંનો સ્ટાફ તથા વિદ્યાર્થીઓમાં ગભરાટ ફેલાયો હતો. વિદ્યાર્થીઓની પરીક્ષા ચાલી રહી છે ત્યારે કોલેજને ધમકીભર્યો ઇ-મેઇલ પ્રાપ્ત થતાં પોલીસને જાણ કરાઇ હતી. આખી કોલેજ ખાલી કરાવાયા બાદ બૉમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડની મદદથી ખૂણખાંચરે તપાસ હાથ ધરાઇ હતી, પરંતુ કોઇ વાંધાનજક વસ્તુ મળી ન આવતાં બૉમ્બની વાત અફવા સાબિત થઇ હતી. ડી. વાય. પાટીલ કોલેજના સત્તાવાળાઓને મંગળવારે સવારના ૮.૩૦ વાગ્યે ઇ-મેઇલ પ્રાપ્ત થયો હતો, જેમાં કોલેજમાં બોમ્બ પ્લાન્ટ કરાયો હોવાની ધમકી અપાઇ હતી. ધમકીભર્યો ઇ-મેઇલ મળ્યા બાદ તેની જાણ પોલીસને કરવામાં આવી હતી, જેને પગલે બૉમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ સાથે પોલીસ અધિકારીઓ તાત્કાલિક કોલેજમાં દોડી આવ્યા હતા. બીજી તરફ બૉમ્બની વાત અન્યત્ર ફેલાતાં વિદ્યાર્થીઓના વાલીઓ પણ કોલેજમાં આવી પહોંચ્યા હતા.

દરમિયાન કોલેજ ફરતેના વિસ્તારને કોર્ડન કરવામાં આવ્યો હતો અને ક્લાસરૂમમાંથી વિદ્યાર્થીઓને બહાર કાઢીને આખી કોલેજ ખાલી કરાવાઇ હતી. ત્યાર બાદ બૉમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડની મદદથી તપાસ કરવામાં આવી હતી. પાંચથી છ કલાકની તપાસ બાદ કોલેજમાંથી કોઇ વાંધાજનક વસ્તુ મળી ન આવતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

પોલીસ દ્વારા આ પ્રકરણે તપાસ હાથ ધરવામાં આવી હોઇ કોલેજને ધમકીભર્યો ઇ-મેઇલ મોકલનાર વ્યક્તિની ક્રાઇમ બ્રાન્ચ અને સાયબર સેલ દ્વારા શોધ ચલાવવામાં આવી રહી છે.■

## બૉમ્બની ધમકીને કારણે મુંબઈ પરત ફરેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ ન્યૂ યોર્ક માટે રવાના


મુંબઈ: બોમ્બની ધમકીને કારણે મુંબઈ પરત ફરેલી ન્યૂ યોર્ક જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ મંગળવારે સવારે તેના ગંતવ્ય સ્થાન માટે રવાના થઈ હતી.

એર ઈન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે,એફડીટીએલ (ફ્લાઇટ ડ્યૂટી ટાઇમ લિમિટેશન)ની સમસ્યાને કારણે નવા ઓપરેટિંગ ક્રૂ સાથે,ફ્લાઈટે તમામ ૩૦૩ મુસાફરો સાથે ઉડાન ભરી હતી.

એક અધિકારીએ જણાવ્યું હતું કે પોલીસે સોમવારે સાંજે આ ઘટનાના સંદર્ભમાં એક અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે. સોમવારે સવારે લગભગ ૬ વાગ્યે વિમાન મધ્ય એશિયાના અઝરબૈજાન ઉપર ઉડાન ભરી રહ્યું હતું ત્યારે ધમકીભર્યો સંદેશ મળ્યો હતો. એક મુસાફરે શૌચાલયમાં 'ફ્લાઇટમાં બોમ્બ છે' સંદેશ લખેલી એક નોંધ જોઈ હતી અને ક્રૂને ચેતવણી આપી હતી.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે અઝરબૈજાન એરપોર્ટ પર ઇમર્જન્સી લેન્ડિંગનો પ્રયાસ નિષ્ફળ જતા વિમાનના કેપ્ટને પરત ફરવાની વ્યવસ્થા કરવા માટે મુંબઈ એરપોર્ટ અધિકારીઓનો સંપર્ક કર્યો હતો. ફ્લાઈટ લગભગ નવ કલાક સુધી ઉડાન ભર્યા બાદ સોમવારે સવારે મુંબઈ પાછી આવી હતી. સુરક્ષા એજન્સીઓ દ્વારા બોઇંગ ૭૭૭-૩૦૦ ઇઆર વિમાનની સંપૂર્ણ તપાસ કર્યા પછી કંઈ શંકાસ્પદ મળ્યું નહોતું, અને તેને મંગળવારે સવારે ૫ વાગ્યે ઉડાન ભરવા માટે ફરીથી શેડ્યૂલ કરવામાં આવી હતી, એમ તેમણે જણાવ્યું હતું. ■







## મારા ભાઈના હત્યારાઓને ફાંસી જ થવી જોઈએ: મૃતક સરપંચના ભાઈ

છત્રપતિ સંભાજીનગર: બીડમાં સરપંચ સંતોષ દેશમુખની હત્યાનો કેસ વધુ ચર્ચામાં રહ્યો છે ત્યારે મૃતકના ભાઇ ધનંજય દેશમુખે મંગળવારે કહ્યું હતું કે હત્યારાઓને ફાંસીની સજા થાય એવી અમારા પરિવારની ઇચ્છા છે.

આ હત્યા પ્રકરણે વધુ એક એફઆઇઆર નોંધાવવામાં આવવી જોઇએ, એમ તેમણે વધુમાં કહ્યું હતું.

પવનચક્કી કંપની પાસેથી કથિત ખંડણી વસૂલ કરવા માટે ગયા વર્ષે ડિસેમ્બરમાં બીડ જિલ્લાના મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખની અપહરણ બાદ ક્રૂરતાથી હત્યા કરવામાં આવી હતી. પોલીસે અત્યાર સુધી આ પ્રકરણે આઠ જણની ધરપકડ કરી છે જ્યારે અન્ય આરોપી કૃષ્ણા આંધાલે હજી ફરાર છે.

આ હત્યા પ્રકરણે જ એનસીપીના નેતા ધનંજય મુંડેને પોતાના પ્રધાનપદ પરથી રાજીનામું આપવું પડ્યું છે. દેશમુખની હત્યાના કેટલાક વીડિયો અને ફોટા પણ ચાર્જશીટમાં સામેલ કરવામાં આવ્યા હતા. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. સંતોષ દેશમુખની હત્યા પ્રકરણે ચાલી રહેલી તપાસથી સંતુષ્ટ છો કે નહીં એ અંગે પૂછતા ધનંજય દેશમુખે જણાવ્યું હતું કે કોર્ટના ચુકાદા બાદ કહી શકશું કે અમે સંતુષ્ટ છીએ કે નહીં. ■















## વડિયા - રીબડામાં ધીરગુરુદેવનું આગમનઃ બોર્ડિંગ - ગૌશાળામાં પગલાં

પૂ. શ્રી ધીરગુરુદેવ વડિયા ખાતે તપોધની તીર્થધામ, સુરગપરા, પ્રાણકુંજ ખાતે પધારતાં પૂ. નંદા-સુનંદાજી મ.સ. આદિનું મિલન થયેલ. વિનુભાઈ રૈયાણી, મહાસુખભાઈ ગાઠાણી, મનુભાઈ દામાણીએ વર્ષો પછી ગુરુપદાર્પણથી આનંદ અનુભવ્યો હતો.

ગુરુપ્રાણ ગૌશાળામાં પગલાં તેમ જ તપસ્વી માણેકચંદ્રજી મ.સા. જૈન વિદ્યાલય જ્યાં ૪-૪ વર્ષ સુધી સ્કૂલનાં અભ્યાસ સમયે બોર્ડિંગમાં નિવાસ કરેલ તે વિદ્યાલયમાં પધરામણી કરેલ. મહાસુખભાઈ ગાઠાણીના પેલેસમાં તથા મણીભાઈ દોશીના નિવાસે પધાર્યા હતા. ગૌશાળામાં નૂતન શેડ અને ઘાસચારા સંગ્રહ માટેની જાણકારી મેળવી હતી. રીબડા અજિતનાથ ઉપાશ્રયે થઈ રાજકોટ પધારશે.

## બજેટમાં શિંદે સેનાના વિધાનસભ્યોને ફાળવણી કરવામાં ત્રીજો ક્રમાંક

મુંબઈઃ મહાયુતિ સરકારમાં મોટા ભાઈ એવો ભાજપ જાયન્ટ હોવાનું સોમવારે જાહેર થયેલા બજેટમાં ફરીક એક વાર સિદ્ધ થઇ ગયું છે. મહાયુતિમાં વિધાનસભ્યોના આંકડા અનુસાર બીજો ક્રમાંક ધરાવતી શિવસેના બજેટમાં જોગવાઈઓના આંકડાને જોતાં ત્રીજા ક્રમાંક પર ફેંકાઈ ગઇ છે. નાણાપ્રધાનપદ સહિત નાયબ મુખ્ય પ્રધાનપદ સંભાળતા અજિત પવારની એનસીપી બીજા સ્થાને છે. એનસીપીના પ્રધાનોનાં ખાતાંને મળેલું ભંડોળ વધુ છે. આ બાબતમાં શિવસેના ત્રીજા સ્થાને છે. અજિત પવારે મહાયુતિ સરકાર ૨.૦નું પહેલું બજેટ રજૂ કર્યું. અજિત પવારે ૧૧મી વાર બજેટ રજૂ કર્યું હતું. આમાં કોઇ પણ મોટી જાહેરાત નહોતી. આને કારણે કયા ખાતાને કેટલું ભંડોળ મળશે તેના તરફ બધાની મીટ મંડાયેલી હતી. મહાયુતિમાં ભાજપના ૧૩૨, શિવસેના ૫૭ અને એનસીપીના ૪૧ વિધાનસભ્યો છે. આને કારણે વિધાનસભ્યોના આંકડાને જોતાં એનસીપી ત્રીજા સ્થાને છે, પણ એનસીપીના પ્રધાનોનાં ખાતાંને મળેલું ભંડોળ શિવસેનાના પ્રધાનોનાં ખાતાંને મળેલા ભંડોળ કરતાં ૧૪,૯૫૭ કરોડ રૂપિયા વધુ છે. ત્રણ પક્ષોનો વિચાર કરીએ તો સૌથી ઓછું ભંડોળ શિવસેનાના વિધાનસભ્યોનાં ખાતાંને મળ્યું છે.

રાજ્યના પ્રધાનમંડળમાં સૌથી વધુ સભ્ય ભાજપના છે. આને કારણે તેઓને સૌથી વધુ ભંડોળ મળવાનું હતું એ સ્પષ્ટ હતું. ભાજપના પ્રધાનોનાં ખાતાંને ૮૯,૧૨૮ કરોડ ભંડોળ મળ્યું છે. અજિત પવારની એનસીપીના પ્રધાનોનાં ખાતાંને મળેલું ભંડોળ ૫૬,૫૬૩ કરોડ રૂપિયા છે, જ્યારે શિવસેનાના પ્રધાનોનાં ખાતાંને ૪૧,૬૦૬ કરોડ રૂપિયાનું ભંડોળ મળ્યું છે. આમ વિધાનસભ્યોના આંકડા વધુ હોવા છતાં શિવસેનાને ભંડોળની બાબતમાં ત્રીજા ક્રમે ધકેલવામાં આવી હતી.

## દરેક નાગરિક પર ₹ ૮૨ હજારનું દેવું: દાનવે

મુંબઈઃ મહાયુતિ સરકાર દ્વારા નાણાકીય ગેરવહીવટ અને રાજ્યના વધતા જતા દેવાના બોજને કારણે દરેક નાગરિક માથે હવે ૮૨ હજાર રૂપિયાનું દેવું થઇ ગયું છે, એમ વિધાન પરિષદના વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવેએ મંગળવારે જણાવ્યું હતું. નાણાપ્રધાન અજિત પવાર દ્વારા ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કર્યાના એક દિવસ બાદ રાજ્ય વિધાનસભાના ઉપલા ગૃહમાં વિપક્ષી નેતાઓએ મહારાષ્ટ્રની નાણાકીય પરિસ્થિતિ પર સરકારની ટીકા કરી હતી.

## વૃક્ષોની કાપણી મુદ્દે વર્સોવા-દહિસર કોસ્ટલ રોડ પ્રોજેક્ટનો સ્થાનિકો દ્વારા વિરોધ: બહેતર યોજના બનાવવા વિનંતી કરી

મુંબઈઃ મુંબઈ કોસ્ટલ રોડનો બહુપ્રતિક્ષિત બીજો તબક્કો જે વર્સોવાને દહિસર સાથે જોડનાર છે,તેને કારણે ૩૩૭ વૃક્ષો પર તેની અસર થવાની હોવાથી રહેવાસીઓ અને નાગરિક કાર્યકરોએ આ અંગે વિરોધ દર્શાવ્યો હતો. જેના કારણે હવે વૃક્ષોનું નુકસાન ઓછું કરવા માટે બીએમસીએ તેની યોજનાઓનું પુનર્મૂલ્યાંકન કરવાનો નિર્ણય લીધો છે.

એક નાગરિક અધિકારીએ જણાવ્યું હતું કે, 'અમે વૃક્ષોનું નુકસાન ઘટાડવાના રસ્તાઓ શોધી રહ્યા છીએ. કોન્ટ્રાક્ટરને યોજનાની સમીક્ષા કરવાનું કહેવામાં આવ્યું છે,' આ પ્રોજેક્ટથી અસર થનાર ૩૩૭ વૃક્ષો માંથી ૧૬૬ વૃક્ષો કાપવા પડશે,જ્યારે બાકીનાનું ટ્રાન્સપ્લાન્ટેશન કરવામાં આવશે.

સપ્તાહના અંતે, સ્થાનિક ભાજપ ધારાસભ્ય સંજય ઉપાધ્યાય,બીએમસી અધિકારીઓ, ભૂતપૂર્વ ટ્રી ઓથોરિટીના સભ્ય નિરંજન શેટ્ટી અને રહેવાસીઓએ આ બાબતની ચર્ચા કરવા માટે એક બેઠક યોજી હતી. દરમિયાન, નિરંજન શેટ્ટીએ બીએમસીને તેના વર્તમાન પ્રસ્તાવને પાછો ખેંચવા અને ટ્રી ઓથોરિટીને નવો પ્રસ્તાવ આપવા કહ્યું હતું.

એક સ્થાનિક રહેવાસી મિલી શેટ્ટીએ કહ્યું હતું કે, બીએમસીનો ટ્રેક રેકોર્ડ દર્શાવે છે કે ટ્રાન્સપ્લાન્ટેડ વૃક્ષો ભાગ્યે જ ટકે છે, એટલે કે લગભગ ૨૦૦ સંપૂર્ણ ઉગાડેલા વૃક્ષો નાશ પામશે. તેથી અમે આ પ્રસ્તાવ સામે સખત વિરોધ કરીએ છીએ.

એક સ્થાનિક રહેવાસી સુભાજીત મુખર્જીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખીને આયોજન ટીમને ડિઝાઇન પર પુનર્વિચાર કરવા વિનંતી કરી હતી.

## હિંદુઓની પ્રમાણિત દુકાનોમાંથી મટન ખરીદવા અપીલ

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન નિતેશ રાણેએ માત્ર હિન્દુ સમુદાયના સભ્યો દ્વારા સંચાલિત 'ઝટકા' મટનની દુકાનોને પ્રમાણિત કરવાના હેતુથી 'મલ્હાર સર્ટિફિકેશન' શરૂ કરવાની જાહેરાત કરી છે. આ આઉટલેટ્સ ૧૦૦ ટકા હિન્દુ દ્વારા સંચાલિત હશે, એમ પ્રધાનશ્રીએ સોમવારે જણાવી લોકોને આવી પ્રમાણિત દુકાનોમાંથી માંસ ખરીદવાની અપીલ કરી હતી. રાણેએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં સોમવારે જણાવ્યું હતું કે 'આજે અમે મહારાષ્ટ્રમાં હિન્દુ સમુદાય માટે ખૂબ જ મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ પ્રસંગે Malhar Certification.com લોન્ચ કરવામાં આવી છે.'

મલ્હાર સર્ટિફિકેશન દ્વારા હિન્દુ સમુદાયને યોગ્ય મટનની દુકાનોમાં પ્રવેશ મળશે. એનું સંચાલન પૂર્ણપણે હિન્દુઓ દ્વારા કરવામાં આવશે અને તેમાં કોઈ ભેળસેળ નહીં થાય' એમ તેમણે જણાવ્યું હતું.

તેમણે લોકોને મલ્હાર સર્ટિફિકેટનો શક્ય તેટલો વધુ ઉપયોગ કરવા અને જે દુકાનોમાં આ સર્ટિફિકેશન નથી તેમાંથી મટન ન ખરીદવા અપીલ કરી હતી.

'આવા પ્રયાસોથી હિન્દુ સમુદાયના યુવાનોને આર્થિક રીતે સશક્ત બનાવવામાં આવશે' એમ પ્રધાને જણાવ્યું હતું. (પીટીઆઈ)

છેલ્લા પાનાનું ચાલુ

### યુવાન પ્રેમીને પામવા

હાથ ધરી હતી. માંડવી પોલીસે ટેક્નિકલ બાબતોનો તપાસ કરી મહિલા બિહારના નાલંદામાં હોવાનું શોધી કાઢ્યું હતું. માહિતીને આધારે પોલીસની ટીમ નાલંદા પહોંચી હતી અને ત્યાંના ડિવિઝનલ ઈન્ટેલિજન્સ યુનિટ (ડીઆઈયુ)ની મદદ માગી હતી. ડીઆઈયુ અને સ્થાનિક પોલીસની મદદથી માંડવી પોલીસે બિહાર-ઝારખંડ સીમા નજીકના મીરનગર ખાતેના સૂર્યાચક ગામનાં અમુક ઘરોમાં સર્ચ કરી હતી. એક ઘરમાંથી મહિલા બાળક સાથે મળી આવી હતી. બન્નેને માંડવી લાવ્યા પછી બાળકને તેના વડીલોના તાબામાં સોંપાયો હતો.

મહિલાની પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે મહિલા પરિણીત છે અને ત્રણ સંતાનની માતા છે. સોશિયલ મીડિયા મારફત તેની ઓળખાણ ૧૮ વર્ષના યુવાન સાથે થઈ હતી. બાદમાં બન્ને મળવા લાગ્યાં હતાં. જોકે પોતે પરિણીત હોવાની જાણ મહિલાએ યુવાનને કરી નહોતી.

બિહારમાં પોતાના વતન રહેવા ગયેલા યુવાન સાથે મહિલાને નવું જીવન શરૂ કરવાની ઇચ્છા હતી. પતિથી અલગ રહેતી મહિલાએ આ માટે વિચિત્ર યોજના બનાવી હતી. પ્રેમ સંબંધમાંથી પોતે ગર્ભવતી થઈ હોવાનું જુઠ્ઠાણું મહિલાએ યુવાન સામે ચલાવ્યું હતું. બાદમાં તેણે એક પુત્રને જન્મ આપ્યો હોવાની વાત ઉપજાવી કાઢી હતી. આ વાત પર યુવાનને ખાતરી થાય તે માટે વીડિયો કૉલ પર તેણે ભાભીનો દીકરો દેખાડ્યો હતો. યુવાન લગ્ન માટે માની જતાં મહિલા ભાભીના દીકરાને લઈને બિહાર જતી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું. આ મામલે વધુ તપાસ ચાલી રહી છે. (પીટીઆઈ)

### લીલાવતી હૉસ્પિટલમાં

જ્યારે અગાઉનું ટ્રસ્ટ નિયંત્રણમાં હતું.

હાલના ટ્રસ્ટી મંડળે ચાર્જ સંભાળ્યા પછી ફોરેન્સિક ઓડિટરની મદદ લીધી અને અંદાજે ૧૨૫૦ કરોડ રૂપિયાની ૫૫ વર્ષીય પ્રશાંત કિશોર મહેતાએ બાન્દ્રા પોલીસનો સંપર્ક કર્યો હતો,પરંતુ પોલીસે એફઆઇઆર નોંધવાનો ઇનકાર કર્યો હતો. તેથી તેમને બાન્દ્રા કોર્ટનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. કોર્ટે સંબંધિત કલમ હેઠળ બાન્દ્રા પોલીસને એફઆઇઆર નોંધવાનો નિર્દેશ કર્યો હતો. આ કેસ ટૂંક સમયમાં ઇકોનોમિક ઓફેન્સીસ વિંગ્સ (ઇઓડબ્લ્યુ)ને સોંપવામાં આવી શકે છે, એમ પરમબીર સિંહે જણાવ્યું હતું.

મહેતાએ એફઆઇઆરમાં આક્ષેપ કર્યો હતો કે આરોપી, લીલાવતી કીર્તિલાલ મહેતા મેડિકલ ટ્રસ્ટ (એલકેએમએમટી)માં કથિત ટ્રસ્ટી તરીકે કામ કરતી વખતે અન્ય આરોપી કંપનીઓ તેમજ તેમના ડિરેક્ટરો સાથે મળીને મેડિકલ ઇક્વિપમેન્ટ, ફર્નિચર, કમ્પ્યુટર્સ તથા અન્ય વસ્તુ-સામગ્રીઓ ખરીદતી વખતે ભંડોળની ઉચાપત કરી હતી અને છેતરપિંડી કરી હતી. પોલીસે સંબંધિત કલમો હેઠળ હોસ્પિટલના ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ, ઇક્વિપ્મેન્ટ સપ્લાયર્સ અને વિક્રેતાઓ સહિત ૧૭ જણ સામે ગુનો નોંધ્યો છે. પરમબીર સિંહે જણાવ્યું હતું કે હાલનો કેસ ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ સામે ત્રીજી એફઆઇઆર નોંધવાનો છે. પ્રથમ એફઆઇઆર જુલાઇ, ૨૦૨૪માં છેતરપિંડી અને ૧૨૦૦ કરોડની ઉચાપાત અંગે બાન્દ્રા પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી હતી. બીજી એફઆઇઆર ડિસેમ્બર, ૨૦૨૪માં બાન્દ્રા કોર્ટના નિર્દેશ પ્રમાણે વકીલોને ચૂકવવામાં આવતી કાનૂની ફીના બહાને કરાયેલી ૪૪ કરોડ રૂપિયાની ઉચાપાત બાબતે નોંધવામાં આવી હતી. આ કેસની તપાસ ઇઓડબ્લ્યુ પાસે છે. અમે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)ને પણ ત્રણ એફઆઇઆરની નોંધ લેવાની વિનંતી કરી છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

#### ટ્રસ્ટે શું કહ્યું ?

ફોરેન્સિક ઓડિટ દરમિયાન બહાર આવેલી ગંભીર ગેરરીતિ અને નાણાકીય ઉચાપાત ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ દ્વારા કરાયેલો ફક્ત વિશ્વાસઘાત નથી, પરંતુ હૉસ્પિટલના મિશન સામેનું જોખમ પણ છે. આ ગેરકાયદે પ્રવૃત્તિઓમાં જે કોઇ સામેલ છે તેમને સજા થાય તેની અમે ખાતરી કરીશું. અમે ઇડીને આ ગેરરીતી બાબતે પ્રોવિઝન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ની જોગવાઇઓ હેઠળ તપાસ કરવાની વિનંતી કરીએ છીએ, એમ હૉસ્પિટલના કાયમી રેસિડેન્ટ ટ્રસ્ટી પ્રશાંત મહેતાએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

### ઔરંગઝેબ બાબતે

૨૦ હજાર રૂપિયાના બોન્ડ ભરવા પડ્યા હતા. જોકે આઝમીને વિધાનસભા સત્રમાંથી ૨૬મી માર્ચ સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

આઝમી વિરુદ્ધ ગયા અઠવાડિયે મરીન ડ્રાઈવ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં મંગળવારે કોર્ટે તેમના આગોતરા જામીન મંજૂર કરતાં તેમને રાહત મળી હતી. જોકે તેમને ૧૨મી, ૧૩મી અને ૧૫મી માર્ચે સવારે ૧૧થી ૧ દરમિયાન તપાસ અધિકારી સમક્ષ હાજર રહેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. કોર્ટે તેમને કેસ સંબંધિત કોઇ પણ પુરાવા સાથે છેડછાડ કરવા સામે ચેતવણી આપી હતી.

### પ્રાર્થનાસ્થળ અને

ફડણવીસ સહિત અનેક મહાયુતિ નેતાઓએ ભૂતકાળમાં રાઉતની દૈનિક પત્રકાર પરિષદની ટીકા કરી છે. સંજય રાઉત રોજ સવારે પ્રેસ કોન્ફરન્સ કરે છે અને ક્યારેક વિપક્ષ પર ટીકાના તીર છોડે છે. ત્યારે દિવસભરમાં ઘણી પ્રતિક્રિયાઓ આવે છે. આના પર મહાગઠબંધનના અનેક નેતાઓએ મજાકમાં ટિપ્પણી કરી હતી કે સવારનું લાઉડ સ્પીકર બંધ કરી દેવું જોઈએ. આ વાતના અનુસંધાનમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાને મંગળવારે ગૃહમાં સંજય રાઉત પર કટાક્ષ કર્યો હતો. પ્રાર્થના સ્થળ અને મસ્જિદો પરના લાઉડ સ્પીકરો અંગે ફડણવીસે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ કોઈ પણ પ્રાર્થના સ્થળ પર લાઉડ સ્પીકર મુકતા પહેલા મંજૂરી લેવી જોઇએ. લાઉડ સ્પીકર રાત્રે ૧૦થી સવારે ૬ વાગ્યા સુધી બંધ રાખવા જોઈએ. દિવસ દરમિયાન ૫૫ ડેસિબલ અને સાંજના છથી રાતના ૧૦ દરમિયાન ૪૪ ડેસિબલ અવાજની મર્યાદા હોવી જોઈએ. જો ડેસિબલની મર્યાદા ઓળંગવામાં આવી હશે તો કેન્દ્રીય કાયદો મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (એમપીસીબી)ને પગલાં લેવાની સત્તા છે. હાલમાં કાયદામાં જોગવાઈ કરવામાં આવી છે કે પોલીસે આ મામલાની નોંધ લેવી પડશે અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને જાણ કરવી પડશે. જો કે હાલ તેને અપનાવવામાં આવે તેમ લાગતું નથી. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વધુમાં કહ્યું હતું કે હવેથી લાઉડ સ્પીકરની સીધેસીધી પરવાનગી નહીં આપવામાં આવે. ચોક્કસ સમયગાળા માટે જ લાઉડ સ્પીકર રાખી શકાશે. લાઉડ સ્પીકર ફરી મૂકવા હોય તો સંબંધિતોએ પોલીસની પરવાનગી ફરી લેવી પડશે. અવાજની મર્યાદાનો ભંગ થયો હશે ત્યાં તેમને ફરીથી મંજૂરી નહીં મળે અને લાઉડ સ્પીકર પણ જપ્ત કરવામાં આવશે. આ નિયમોનું પાલન કરવામાં આવી રહ્યું છે કે નહીં તેની તપાસ કરવાની જવાબદારી પોલીસ ઇન્સ્પેક્ટરની રહેશે. જો પોલીસ યોગ્ય રીતે પાલન નહીં કરે તો તેમની સામે પગલાં લેવામાં આવશે.

### મ્હાડાના રૂ. ૧૭૨

છે. નાણાની વસૂલી કરવા માટે અલગથી અધિકારીની નિમણૂક કરવામાં આવશે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

જર્જરિત સેસ્ડ ઇમારતો અથવા રેસિડેન્શિયલ ઇમારતોનું સમારકામ ચાલી રહ્યું હોય અથવા તેનો પુનર્વિકાસ કરવામાં આવી રહ્યો હોય ત્યારે તેના રહેવાસીઓને સામાન્ય રીતે ટ્રાન્ઝિટ કેમ્પમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. મ્હાડાની જમીન પરની ઇમારતોના પુનર્વિકાસ કરતી વખતે સરકારને નાણાં ચૂકવવાના બાકી હોય એવા ખાનગી ડેવલપરો સામે કાર્યવાહી કરવાનું શરૂ કરવામાં આવ્યું છે, એમ ભોયરે જણાવ્યું હતું. ૧૬ ડેવલપર પાસેથી ૨૭૪ કરોડ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા છે જ્યારે ૧૭૨ કરોડ રૂપિયા વસૂલ કરવાના હજી બાકી છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

### આઝમી થયા

આપી હતી તથા આ મરાઠા બહાદુર યોદ્ધાની પ્રશંસા પણ કરી હતી. છત્રપતિ શિવાજી મહારાજના પુત્ર સંભાજી મહારાજ પોર્ટુગીઝ અને મુગલો સામેની લડત ચલાવી હતી, સંગમેશ્વરમાં તેમને પકડીને મારી નાખવામાં આવ્યા હતા.

આઝમીએ એક્સ પર પોસ્ટ કર્યુ હતું કે સ્વરાજ્યના બીજા છત્રપતિ મરાઠા યોદ્ધા ધર્મવીર છત્રપતિ સંભાજી મહારાજને તેમની પુણ્યતિથિ નિમિત્તે હું શ્રદ્ધાંજલિ આપું છું. ગયા અઠવાડિયે ૨૬મી ફેબ્રુઆરીએ ઔરંગઝેબની પ્રશંસા કરવા માટે અબુ આઝમીને વિધાનસભામાં ચાલી રહેલા બજેટ સત્રમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

વિધાનમંડળના સભ્યોનું કહેવું હતું કે ઔરંગઝેબની પ્રશંસા કરવી એ છત્રપતિ શિવાજી મહારાજ અને છત્રપતિ સંભાજી મહારાજનું અપમાન કરવા બરાબર છે.

### શિંદે સરકારે

પામ તેલ આપવામાં આવતું હતું. આ યોજના બંધ થવા પાછળનું ચોક્કસ કારણ બહાર આવ્યું નથી. પરંતુ એવી ચર્ચા છે કે આ યોજનાને લાડકી બહિણ યોજનાની અસર થઈ છે. લાડકી બહિણ યોજનાને કારણે ઘણી યોજનાઓ સ્થગિત થઈ ગઈ છે.

### રોડ એક્સિડેન્ટ

કરવાનો અને ડ્રાઇવરોને રસ્તાની સ્થિતિ વિશે આવશ્યક માહિતી આપવાનો છે.

પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે પોલીસ દ્વારા દારૂ પીને વાહન ચલાવવા બદલ ઘણા કેસ નોંધાયા છે અને કિસ્સાઓ પણ બન્યા છે કે જેમાં ડ્રાઇવરોએ ડ્રગ્સનું સેવન કર્યું હોય. ટ્રાફિક વિભાગ એવાં મશીનો ખરીદી રહ્યું છે જે આલ્કોહોલ ટેસ્ટ ચલાવવા ઉપરાંત ડ્રાઇવરે ડ્રગ્સનું સેવન કર્યું છે કે નહીં એ પણ જાણી શકે. (પીટીઆઈ)

### બજેટના દિવસે

આવી છે, એવો ટોણો શંભુરાજ દેસાઈએ માર્યો હતો. આટલું જ નહીં અજિતદાદા શિંદેની જગ્યા પર બેઠા હોવાનું નાના પટોલેએ ધ્યાન દોર્યું હતું. જોકે તેના પર મુખ્ય પ્રધાને પણ હાસ્યના માહોલને વધારે હાસ્યમય બનાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે અમારામાં આવું ચાલ્યા કરે, અમે લોકો એકબીજાની ખુરશી પર બેસી જઇએ છીએ.

ખરેખર બન્યું એવું હતું કે વિધાનસભાનું મંગળવારે કામકાજ શરૂ થયું ત્યારે અજય ચૌધરી ભૂલથી વિરોધ પક્ષના નેતાની ખુરશી પર બેસી ગયા હતા. તેના પર શંભુરાજ દેસાઈએ કહ્યું હતું કે વિરોધ પક્ષના નેતાની ખુરશી પર અજય ચૌધરી બેઠા હોવાથી અમારે તેમનું અભિવાદન કરવું પડશે. અજય ચૌધરીની વાત પૂરી થઇ ત્યાં નાના પટોલેએ અજિતદાદા એકનાથ શિંદેની ખુરશી પર બેસી ગયા હોવા અંગે ધ્યાન દોર્યું હતું. આવી માહિતી અમને પહેલાંથી જ આપવી જોઇએ, એવો ટોણો પટોલેએ માર્યો હતો.

સભાગૃહમાં એકદમ હાસ્યનું મોજું ફરી વળી ગયું હતું ત્યારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કાલે જ શિંદે સાહેબે કહ્યું હતું કે અમારામાં અદલાબદલી ચાલતી રહે છે, એવું કહેતાં સભાગૃહ ખિલખિલાટ થઇ ગયું હતું.

### મહેસાણાથી આવેલા

આરોપીઓની ઓળખ રાજુ ભાનુદાસ મોરે (૪૭), મંગલ રાજુ મોરે (૩૫), ફાતિમા જિલાની શેખ (૩૭) અને મોહમ્મદ આસિફ મોહમ્મદ ઉમર ખાન (૪૨) તરીકે થઈ હતી. કોર્ટે આરોપીઓને ૧૩ માર્ચ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેમની વધુ પૂછપરછ કરી રહી છે.

અધિકારીના જણાવ્યા મુજબ ગુજરાતના મહેસાણા જિલ્લામાં રહેતું દંપતી સુરેશ સલાટ અને સોની સલાટ સવા મહિનાના દીકરા સાથે આવ્યું હતું. દંપતી કામચલાઉ ધોરણે વસઈમાં રહેતું અને ચાદર વેચવા મુંબઈ આવતું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર દંપતી બીજી માર્ચે ચાદર વેચવા ગોરેગામ આવ્યું હતું ત્યારે રાતે ખાસ્સું મોડું થઈ ગયું હતું. વસઈ જવા ટ્રેન ન મળતાં દંપતી ગોરેગામ હાઈવે પાસેના એક બસ સ્ટોપ પર સૂઈ ગયું હતું. દંપતી સવારે સાડાસાત વાગ્યાની આસપાસ ઊંઘમાંથી જાગ્યું ત્યારે બાળક ગુમ હોવાની જાણ થઈ હતી. મલાડના માલવણી વિસ્તારમાં અંબુજવાડી ખાતેથી પોલીસે રિક્ષા ડ્રાઈવર મોરે, તેની બન્ને પત્ની મંગલ અને ફાતિમા તેમ જ પ્લમ્બર ખાનને પકડી પાડ્યાં હતાં. તેમની પાસેથી બાળકને છોડાવી વડીલોના તાબામાં સોંપાયો હતો. પ્રાથમિક પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે બાળકીની ડિમાન્ડ હોવાથી આરોપી એક બાળકીનું અપહરણ કરીને તેને વેચી દેવાના હતા. જોકે બાળકીને બદલે ભૂલથી તેમણે બાળકનું અપહરણ કર્યું હતું. પરિણામે બાળક વેચી શક્યા નહોતા, એવો દાવો આરોપીએ કર્યો હતો.

### હાઉસિંગ સોસાયટીમાં

એની તરફ નિર્ણય લેવામાં આવશે, એવું પણ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે સ્પષ્ટ કર્યું હતું. અજિત પવારના આ નિર્ણયનું તમામ લોકોએ સ્વાગત કર્યું હતું. રાજ્યમાં હાઉસિંગ સોસાયટીમાં બિયર અને દારૂની દુકાનોને પરવાનગી આપવામાં આવતી હોવાને કારણે કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન ઊભો થતો હોવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. ભૂતપૂર્વ પ્રધાન સુધીર મુનગંટીવારે પણ આ મુદ્દાને રજૂ કર્યો હતો. આના પર જવાબ આપતાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે જણાવ્યું હતું કે સરકારની ભૂમિકા રાજ્યમાં દારૂનું વેચાણ વધે એવી નથી. દારૂના પ્રતિબંધના નિયમની કડક રીતે અમલબજાવણી કરવામાં આવશે. અનેક દાયકાઓથી રાજ્યમાં દારૂના વેચાણ કરવા માટેનાં લાઈસન્સ બંધ કરવામાં આવ્યાં છે. સ્કૂલ, કોલેજ વિસ્તારમાં વાઈનશોપને પરવાનગી આપવામાં નથી આવતી. સ્થાનિક રહેવાસીઓનો વિરોધ હોય તો મતદાન દ્વારા વાઈનશોપ બંધ કરવાનો કાયદો છે. આમાં વધુ સ્પષ્ટતા થાય એ માટે વાઈનશોપ બંધ કરવા માટે પાલિકા વોર્ડમાં થયેલા કુલ મતદાન પૈકી ૭૫ ટકા મતદાન જે તરફી થયું હશે તે અનુસાર નિર્ણય લેવામાં આવશે. રાજ્યમાં દારૂના વેચાણને પ્રોત્સાહન ન આપતાં ગેરકાયદે દારૂના વેચાણને રોકવા માટે જરૂરી ઉપાયયોજના કરવામાં આવશે, એવું પણ અજિત પવારે સ્પષ્ટ કર્યું હતું.

## પારસી મરણ

રતી કાવસજી દલાલ તે મરહુમો ગુલબઈ કાવસજી દલાલના દીકરી. તે બકતાવર જીમી અંકલેસરીયા તથા મરહુમ નવરોઝ, સોલી ને દોલીના બહેન. શાહનાઝ ને જમશેદના ફુઈ. ફરઝાના ને એરીકના માસી. (ઉં. વ. ૯૦) રે. ઠે.: ૬૮૧-એ, ખરેગાત રોડ, પારસી કોલોની, દાદર, મુંબઈ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૨-૩-૨૫ને દિને બપોરે ૩.૪૫ વાગે રૂસ્તમ ફરામ અગિયારી દાદરમાં.

પેરીન મીનુ પીથાવાલા તે મરહુમ મીનુના ધન્યાની. તે મરહુમો દોસીબાઈ નવરોજી સીધવાના દીકરી. તે પેશોતમ, મરહુમ આલુ, હોશંગ ને દારાના બહેન. તે માહરુખ, મહિયર, રોહિનતન, શેરનાઝ, તેહેમતન ને મરહુમ ગુલચેરના ફુઈજી. આબન ને મરહુમ કેતીના મામી. તે મરહુમો માનેકબાઈ બમનજી પીથાવાલાના વહુ. (ઉં. વ. ૯૪) રે. ઠે.: ૬૧૭-બી, કૂપર બિલ્ડિંગ, ત્રીજે માળે, પ્રિન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨. ઉઠમણાની ક્રિયાઃ ૧૨-૩-૨૫ને દિને બપોરે ૩.૪૫ વાગે ઉપરની બેનેટ નં. ૬માં ડુંગરવાડી.

અર્નવાઝ રૂસ્તમ પૂનેગર (ઉં. વ. ૮૯) તા. ૮-૩-૨૫એ ગુજરી ગયા છે. તે મરહુમ રૂસ્તમના વાઇફ. મરહુમ જહાંગીર શાહ અને મરહુમ પિરોજા કોન્ટ્રેક્ટરના દીકરી. મરહુમ મણિ દિવેચા, મરહુમ ફેની પટેલ, મરહુમ વિસ્પી કોન્ટ્રેક્ટર, મરહુમ રોઢા ગાંધીના બહેન. બહેરામ, નેવીલ, યઝદી (દિવેચા), દિલનવાઝ દારૂવાલા, ખુર્શીદ એન્જિનિયરના આન્ટી.

યાસ્મિન એરચ તવરીઆ (ઉં. વ. ૬૬) તા. ૯-૩-૨૫એ ગુજરી ગયા છે. તે મરહુમ એરચ અને મરહુમ ધનમાઇ તવરીઆના દીકરી.

## હિન્દુ મરણ

**વિશા મોઢ વણિક**

સુરત નિવાસી હાલ મુંબઈ સ્વ. મદનલાલ શાહના સુપુત્ર મૌબેશભાઈ એમ. શાહ (દિપકભાઈ) (ઉં. વ. ૭૩) તા. ૧૦-૩-૨૫ને સોમવારે શ્રીજીચરણ પામેલ છે. તે ચંદ્રિકાબેનના પતિ. ખ્યાતિના પિતા. વિરલના સસરા. જીયા અને તીર્થના નાના તથા સતીશભાઈ, પન્નાબેન અને શ્યામાબેનના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**વૈષ્ણવ વાણિયા**

કિરીટભાઈ કાલીદાસ શાહ (ઉં. વ. ૮૩) ગામ - મહેસાણા, હાલ મુંબઈ મંગળવાર, તા.૧૧-૩-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. કુમુદબેનના પતિ. કાલીદાસ નથુભાઈ અને ચંદન કાલીદાસના સુપુત્ર. રણછોડદાસ ખેંગારભાઈના જમાઈ. પ્રમિત-જયશ્રી, સચિન-શર્મિલાના પિતા. વત્સલ-ચાર્મી, આકાંક્ષા-જેમ્સ, પ્રજ્વલ અને અનન્યાના દાદા. પ્રાર્થનાસભા તા. ૧૫-૩-૨૫ના સાંજે ૫ થી ૬.૩૦ ભાટીયા ભાગીરથી હોલ, દાદીશેઠ અગિયારી લેન, ચીરાબઝાર, મુંબઈ.

**બ્રહ્મભટ્ટ**

સ્વ. કાંતિલાલ ભગવાનદાસ ભટ્ટના પુત્ર રાજેશકુમાર ભટ્ટ (ઉં. વ. ૬૧), તા. ૯-૩-૨૫ના અવસાન થયેલ છે. હાલ થાણા મૂળ કુતીયાણા, તે સ્વ. કાંતિલાલ ભગવાનદાસ ભટ્ટ અને હંસાબેન કાંતિલાલ ભટ્ટના પુત્ર. નૂતનબેનના પતિ. ઉમેશભાઇ અને પરેશભાઇના મોટાભાઇ. તે હર્ષના પિતાશ્રી. હરકિશનભાઇ કેલૈયા, રમેશભાઇ કેલૈયા અને મુકેશભાઇ કેલૈયાના ભાણેજ. સ્વ. મહેન્દ્રભાઇ કેલૈયાના જમાઇ તા. ૯-૩-૨૫ના સ્વર્ગવાસ થયેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કપોળ**

ડેડાણવાળા સ્વ.લીલાવતી તથા સ્વ.વજુભાઇ નાગરદાસ મેહતાના પુત્ર શૈલેષ (ઉં. વ. ૬૭) તે ઈલાના પતિ, તે મીતેન, અ. સૌ. ઈશા દીપ સોનીના પિતા, સ્વ. ભરત - ગં. સ્વ. નલિની, સ્વ. ઉપેન્દ્ર-સ્વ. દામિની, અ.સૌ. ભામિની કિરણકુમાર પારેખના નાનાભાઈ. મનીષ - રાખી, મેહુલ - રીટા, દીપલ અમિતકુમાર સંઘવી, હર્ષ અને પાયલના કાકા-મામા. ડુંગરવાળા સ્વ. છોટાલાલ જીવરાજ મેહતાના જમાઈ તા. ૯-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે.

**કચ્છી માંડલિયા**

કચ્છ માંડવી નિવાસી હાલ દેવલાલી નિવાસી અ.સૌ. સંધ્યા મહેતા તે જીતેન્દ્રભાઈ માધવલાલ મહેતાના ધર્મપત્ની, તે મંગળાબેન માધવલાલ મહેતા (સીંગજીયાણી) ના પુત્રવધૂ. હસુમતિબેન દોલતરામ મહેતાના દીકરી. તા. ૮/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સ્વ. કુંવરજી વનમાળીદાસ મહેતાના સુપુત્ર ચંપકલાલભાઈ (નોંઘણવદરવાળા હાલ બેંગલોર) (ઉં. વ. ૮૯) તા. ૧૦-૩-૨૫ સોમવારે અરિહંતશરણ પામેલ છે. તે નિરંજનાબેનના પતિ. સ્વ. કાંતિલાલભાઈ વનમાળીદાસ મહેતા (ઘાટકોપર)ના ભત્રીજા. સ્વ. નિર્મળાબેન શાંતિલાલ શાહ (ટાણાવાળા)ના ભાઈ. ચુનીલાલ ઓધવજી શાહ (ચોગઠવાળા)ના જમાઈ. તે મીનાબેન, ભદ્રેશભાઈ તથા મનોજભાઈના પિતા. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ જૈન**

જતીનભાઇ શાહ (પાલેજવાળા) (ઉં. વ. ૭૫) શાંતિનાથની પોળ હાલ મુંબઇ નિવાસી સ્વ. પ્રભાવતીબેન પોપટલાલ શાહના સુપુત્રી. કલ્પનાબેનના પતિ. પ્રતિકના પિતા. બિનીતાના સસરા. વિરાજના દાદા. કૈલાશભાઇ, દિનેશભાઇ અને નયનાબેન, સ્વ. સવિતાબેન, સ્વ. હિંમતભાઇ, સ્વ. મહાસુખભાઇ, સ્વ. વસંતભાઇ, સ્વ. ભાનુબેનના ભાઇ. સ્વ. પ્રભાવતીબેન કાંતિલાલ શાહના જમાઇ તા. ૮-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઇંગોરાળાવાળા હાલ મલાડ સ્વ. ધીરજલાલ દુર્લભદાસ પારેખના ધર્મપત્ની ભારતીબેન (ઉં. વ. ૭૦) તા. ૮-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ધર્મેન્દ્ર, અલ્પા રાજેશકુમાર, સોનલ મનીષકુમાર, આરતી મેહુલકુમારના માતુશ્રી. સ્વ. ચંદુભાઇ, સ્વ. જયાબેન, સ્વ. સવિતાબેન, રસીલાબેન, સ્વ. હંસાબેનના ભાઇના ધર્મપત્ની. મનીષા ભાવેશભાઇ, અલ્પા અતુલભાઇ, વિલાસ પ્રદીપકુમારના કાકી. જયસુખભાઇ, ચીમનભાઇ, અનુભાઇ, સ્વ. પ્રભાબેન, સ્વ. વસંતબેન, સ્વ. સૂરજબેન, ચંદ્રાબેનના બેન. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બારોઇના તલકશી કેનીયા (ઉં. વ. ૯૨) ભુજોડી (ભુજ) મધ્યે તા. ૫-૩-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી વેજબાઇ શામજી તેજશીના પુત્ર. સ્વ. ભારતીબેન (ઉર્ફે હેમકુંવરબેન)ના પતિ. ભાવના, મીના, અતુલ, હર્ષાના પિતા. ગુંદાલા પાનબાઇ મોરારજી દેવજીના જમાઇ. મગનલાલના ભાઇ. પ્રાર્થના શ્રી વ.સ્થા. જૈન શ્રા.સં. કરસન લધુભાઇ નિસર હોલ, દાદર. તા. ૧૨-૩-૨૦૨૫, ટા. ૨.૦૦ થી ૩.૩૦. ઠે. અતુલ કેનીયા, એઆરએ-૧૮, વર્ધમાનનગર, ભુજ-અંજાર હાઇવે, ભુજોડી, ભુજ-કચ્છ. ૩૭૦૦૨૦.

વાંકીના કાન્તા જેઠાલાલ ગાલા (ઉં. વ. ૬૯) તા. ૧૦.૩.૨૫ના અવસાન પામેલ છે. માંકબાઇ હેમરાજના પૌત્રી. મોંઘીબેન જેઠાલાલના સુપુત્રી. શાંતીલાલ, નાની તુંબડીના વનિતા હસમુખ, જયંતના બેન. પત્રીના ખીમઇબાઇ ભોજાના દોહિત્રી. પ્રાર્થના સભા રાખેલ નથી. ઠે. શાંતીલાલ ગાલા, એ/૪૦૨, મયુરેશ્વર, આદર્શ દુગ્ધાલય લેન, કારમેલ સ્કુલની સામે, માર્વે રોડ, મલાડ (વે.).

મોટા આસંબીયાના મુલચંદ લખમશી દેઢિયા (ઉં. વ. ૯૧) તા. ૧૦-૩-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી જખીબાઈ લખમશીના સુપુત્ર. જવેરબેનના પતિ. નવીન, ગુણવંતી, ભાવના, રેખાના પિતા. તુંબડી કસ્તુરબેન વેરશી, મો.આસંબીયા મઠાબેન વીરજી, તુંબડી રતનબેન દેવજી, પુનડી મોંઘીબેન કુંવરજી, પુનડી મણીબેન મેઘજી, તુંબડી ચંચળબેન દામજી, કોડાય વિમળાબેન શીવજી, ટુંડા ભાગ્યવંતી શામજીના ભાઈ. નાની ખાખર ભાણબાઈ વેલજી હધુ વીરાના જમાઈ. પ્રા.ક.વિ.ઓ.દે.સંચાલીત શ્રી જીરાવલ્લા દેરાસરવાડી, દેરાસર લેન, ઘાટકોપર. ટા. ૩.૩૦ થી ૫. નિ. નવીન દેઢિયા, સી-૬૦૧, કર્મ સંકલ્પ બિલ્ડીંગ, રાજાવાડી રોડ નં.૬, ઘાટકોપર (ઈ), મું. ૭૭.

રામાણીયાના માતુશ્રી જયાબેન સાવલા (ઉં. વ. ૭૦) તા. ૯-૩-૨૫ ના અવસાન પામેલ છે. ગંગાબેન કલ્યાણજીના પુત્રવધૂ. શાંતિલાલના ધર્મપત્ની. નૈલેષ, શૈલેષના માતા. રતનબેન મુલજીના સુપુત્રી. હીરેન, ગિરીશ, કિરણ, તરલા, જ્યોત્સના, પ્રીતિ, ધરણીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. નૈલેષ સાવલા, એ/૧૨૦૨, આઈઆરએમએ બિલ્ડીંગ, હેમ પેટ્રોલ પંપની બાજુમાં, વલસાડ-૩૯૬૦૦૧.

બિદડા (ચાંપાણી ફરીયો) ના ડુંગરશી દેવજી મારૂ (ઉં. વ. ૮૪) તા. ૧૦-૩-૨૫ના અવસાન પામ્યા છે. ધનવંતીના પતિ. પાનબાઈ દેવજી કચુના પુત્ર. બિપીન, રેખાના પિતા. વેલજી, શાંતીલાલ, વસંત, સુંદરબેન, જવેર, સુશીલા, રંજનના ભાઇ. મોટી ખાખર મણીબાઈ મોરારજી છાડવાના જમાઈ. પ્રાર્થના સભા રાખેલ નથી. ફોન આવકાર્ય. નિ. બિપીન મારૂ, સુનંદા દેસાઈ બિલ્ડિંગ, પ્લોટ નં. એફ/૨૭, રૂમ નં. ૧૦૧, અપો. ગુલમર્ગ સોસાયટી, ક્યૂએફસી, આરસી રોડ, ચેમ્બુર, મું. ૭૧.

નાની તુંબડીના વસનજી રવજી સાવલા (ઉં. વ. ૮૪) તા. ૯-૩-૨૫ના અવસાન પામેલ છે. તેજબાઇ, મણીબાઇ રવજીના પુત્ર. લક્ષ્મીબેનના પતિ. ભાવના, માનસી, રચનાના પિતા. મુરજી, વૃજલાલ, ચંદ્રકાંત, કાંતીલાલ, કાંતા, પુષ્પાના ભાઇ. મોટા આસંબીયાના કુંવરબાઇ રતનશી વેલજીના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન સંઘ શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર. ટા. ૪ થી ૫.૩૦. નિ. ભદ્રેશ મામણીયા, ૪/૧૨૦, ખટાઉ બીલ્ડીંગ, ડો. એસ.એસ. રાવ રોડ, લાલબાગ, મું. ૧૨.

પત્રીના હેમલતાબેન હરિલાલ ગોગરી (ઉં. વ. ૭૪) તા. ૧૦-૦૩-૨૫ના અવસાન પામ્યા છે માતુશ્રી ભાનુબેન પ્રેમજી લાલજીના પુત્રવધૂ. હરિલાલના ધર્મપત્ની. ભાવનાના માતુશ્રી. ગોધરોના વિમળાબેન વેરશી લાલજી ગાલાના પુત્રી. સ્વ. નેમચંદ, પુષ્પા, વસંત, નલિનીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હરિલાલ ગોગરી, ૭૦૧, લક્ષ્મી નિવાસ, સમીર ચંદાવરકર લેન, દહાણુકરવાડી, કાંદિવલી (વેસ્ટ).

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ઇન્ટરવલ

# એસએમઇ સેબીના સાણસામાં






કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

**બજાર નિયામકે રોકાણકારોના હિતરક્ષણના ઉદ્દેશ સાથે લઘુ અને મધ્યમ કદની કંપનીઓના આઇપીઓ સંદર્ભના નિયમનો અને ધારાધોરણો સખત બનાવ્યા છે**

શેરબજારમાં ભલે અંદાજે પાછલા પાંચ મહિનાથી સેકન્ડરી માર્કેટ ભલે ઊથલપાથલ અને અફડાતફડી સાથે પછડાટ અનુભવી રહ્યું હોય પરંતુ તેની સામે પ્રાઇમરી માર્કેટમાં એકંદરે સ્થિર અને તેજીમય માહોલ રહ્યો છે. ખાસ કરીને એસએમઇ આઇપીઓનો તો જુવાળ જ આવ્યો છે અને ખરાબ બજારમાં પણ આ કંપનીઓના શેર ભળતાં જ ઊંચા ભાવે લિસ્ટેડ થતાં જોવાયા છે.

શેરબજારના નિયામક ધી સિરક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)ના ધ્યાનમાં આ વાત છે અને તેમાં તેને જ્યાં જ્યાં રોકાણકારોનું અહિત થવાની આશંકા દેખાઇ છે, ત્યાં ત્યાં પગલાં લીધા છે. આ જ દિશામાં આગળ વધતા સેબીએ એસએમઇ આઇપીઓના નિયમો કડક બનાવ્યા છે.

માર્કેટ રેગ્યુલેટરે આ શ્રેણીના આઇપીઓ માટે નફાકારકતાની આવશ્યકતા દાખલ કરવા સાથે ઓફર-ફોર-સેલ (ઓએફએસ) પર ૨૦ ટકા મર્યાદા લાગુ કરતું કડક નિયમનકારી માળખું સૂચિત કર્યું છે.

સુધારાઓનો ઉદ્દેશ્ય સધ્ધર, એટલે કે બીજા શબ્દોમાં સાવ અધ્ધર ના હોય એવી લઘુ અને મધ્યમ કદની કંપનીઓને જાહેર જનતા પાસેથી ભંડોળ એકત્ર કરવાની તક પૂરી પાડવા સાથે રોકાણકારોનાં હિતો માટે રક્ષણ પૂરું પાડવાનો છે.

સેબીએ નોંધ્યું છે કે તાજેતરમાં એસએમઇ ભરણાઓનું દોડાપૂર ઊમટ્યું છે અને રિટેલ ઇન્વેસ્ટર્સ પણ તેમાં નોંધપાત્ર સંખ્યામાં ઝંપલાવી રહ્યાં છે. આથી જ સેબી બોર્ડે પ્રાથમિક મૂડીબજારમાં પ્રવેશી રહેલી એસએમઇ કંપનીઓ અને મર્ચન્ટ બેન્કરો માટે ધારાધોરણો કડક બનાવ્યાં છે.

આ સંદર્ભે એક વધુ મહત્ત્વપૂર્ણ બાબતમાં રેગ્યુલેટરે અપ્રકાશિત ભાવ સંવેદનશીલ માહિતી (અનપબ્લિશ્ડ પ્રાઇસ સેન્સિટિવ ઇન્ફર્મેશન - યુપીએસઆઇ) ની વ્યાખ્યાને વિસ્તૃત બનાવી છે. નવા નિયમ પ્રમાણે જો ઇશ્યુઅર્સે તેના ડ્રાફ્ટ પ્રોસ્પેક્ટ્સ ફાઇલ કરતી વખતે પાછલાં ત્રણ નાણાકીય વર્ષોમાંથી કોઈપણ બે વર્ષની કામગીરીમાંથી રૂ. એક કરોડનો ઓપરેટિંગ નફો નોંધાવ્યો હોય, તો જ તે કંપની ઇશ્યૂ લાવી શકશે. એ જ રીતે, એસએમઇ આઇપીઓમાં ઓએફએસનો હિસ્સો, કુલ ઇશ્યૂ કદના ૨૦ ટકાથી વધુ ના હોવો જોઇએ અને વેચાણકર્તા શેરધારકો તેમના હોલ્ડિંગના ૫૦ ટકાથી વધુ વેચી શકશે નહીં.

લઘુતમ પ્રમોટર યોગદાનથી વધુ ૫૦ ટકા પ્રમોટર્સના હોલ્ડિંગ માટે લોક-ઇન એક વર્ષ પછી અને બાકીનું બે વર્ષ પછી મુક્ત કરવામાં આવશે. એસએમઇ આઇપીઓમાં બિન-સંસ્થાકીય રોકાણકારો માટે ફાળવણી પદ્ધતિ મેઇનબોર્ડ આઇપીઓમાં એનઆઇઆઇ માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિ સાથે એકરૂપ બનાવાશે.

ઇશ્યૂના ઉદ્દેશ્યોમાં જ્યાં ઇશ્યૂની આવકમાંથી, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, પ્રમોટર, પ્રમોટર જૂથ અથવા કોઈપણ સંબંધિત પાર્ટીની લોનની ચુકવણીનો સમાવેશ થતો હોય, એવા ઇશ્યુને મંજૂરી નહીં મળે. મેઇનબોર્ડ પર લિસ્ટેડ એન્ટિટીઝને લાગુ પડતા સંબંધિત પાર્ટી ટ્રાન્ઝેક્શન (આરપીટી) ધોરણો, લિસ્ટેડ એસએમઇ એન્ટિટીઝને પણ લાગુ કરવામાં આવશે.

મર્ચન્ટ બેન્કર્સ માટે પણ સેબીએ નિયમનોમાં ફેરફાર કર્યા છે. બેંકો, નાણાકીય સંસ્થાઓ અને તેમની પેટાકંપનીઓ સિવાયના મર્ચન્ટ બેન્કર્સ ફક્ત સેબી દ્વારા નિર્દિષ્ટ પરવાનગી મુજબની પ્રવૃત્તિઓ કરી શકે છે. જરૂરી નિયમનકારી મંજૂરી મેળવ્યા પછી અન્ય રેગ્યુલેટેડ પ્રવૃત્તિઓ એક અલગ વ્યવસાય એકમ તરીકે હાથ ધરી શકાય છે. પરવાનગી વિહીન પ્રવૃત્તિઓ બે વર્ષમાં અલગ બ્રાન્ડ નામ ધરાવતી અલગ કાનૂની એન્ટિટીમાં સ્થાનાંતરિત કરવામાં આવશે.

ઓછામાં ઓછા રૂ. ૫૦ કરોડની નેટવર્થ ધરાવતા બેંકરો કેટેગરી ૧ હેઠળ આવશે અને તેમને સેબીના કાર્યક્ષેત્ર હેઠળ આવતી બધી પ્રવૃત્તિઓ કરવાની મંજૂરી આપવામાં આવશે. રૂ. ૧૦ કરોડની નેટવર્થ ધરાવતા બેંકરો કેટેગરી ટુ હેઠળ આવશે અને તેમને ઇક્વિટી મેઇનબોર્ડ મુદ્દાઓને હેન્ડલ કરવાની મંજૂરી આપવામાં નહીં આવે.

સેબી બોર્ડે અપ્રકાશિત ભાવ સંવેદનશીલ માહિતી (યુપીએસઆઇ)ની વ્યાખ્યામાં ઘણી વધુ મહત્ત્વપૂર્ણ ઘટનાઓનો સમાવેશ કરવા માટે સુધારાને મંજૂરી આપી છે. સ્ટોક એક્સચેન્જોને જાહેર કરાયેલ મહત્વપૂર્ણ ઘટનાઓ પર સેબી દ્વારા કરવામાં આવેલા અભ્યાસ મુજબ, કંપનીઓ ફક્ત પીઆઇટી નિયમોમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત વસ્તુઓને યુપીએસઆઇ તરીકે વર્ગીકૃત કરતી જોવા મળી હતી અને કાયદાનું ભાવનાથી પાલન કરતી નહોતી.

બોર્ડે યોજનાના ઉલ્લેખિત સંપત્તિ ફાળવણી અનુસાર નવા ફંડ ઓફરમાં મ્યુચ્યુઅલ ફંડ્સ દ્વારા એકત્રિત ભંડોળના ઉપયોગ માટે સમયરેખા સ્પષ્ટ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી.

બજારના અભ્યાસુઓ અનુસાર માર્કેટ રેગ્યુલેટર રોકાણકારોના હિત ખાતર નિયમનોમાં જે ફેરફાર કરી રહી છે અને ધારાધોરણો કડક બનાવી રહી છે, તેને કારણે એસએમઇ પ્રમોટર્સ કદાચ નિરુત્સાહિત થાય એવી શક્યતા છે, પરંતુ હજુ સુધી રોકાણકારોના હિતનું ખરેખર રક્ષણ થાય એવા મહત્ત્વનાં પગલાં લેવાના બાકી છે! ■

# રશિયા યુદ્ધ જીતી જાય તો વિશ્વનાં સમીકરણો પલટાઈ જશે

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com


ઝેલેન્સ્કી


ડૉનલ્ડ ટ્રમ્પ

જો કોઈ તમારા હાથ-પગ બાંધીને તમને દોડવાનું કહે તો શું તમે એ રનિંગ રેસ જીતી શકો?

યુક્રેનની હાલત આવી જ છે. અમેરિકાએ યુદ્ધમાં સહાય કરવાનું બંધ કરીને યુક્રેનની લાઈફલાઈન કાપી નાખી છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ યેનકેન પ્રકારે ચોથા વર્ષમાં પ્રવેશી ગયેલું રશિયા-યુક્રેન વચ્ચેનું આ યુદ્ધ બંધ કરવા માગે છે. ટ્રમ્પે યુદ્ધ અટકાવવાની એકપક્ષી પહેલ કરી હતી. તેમણે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે વાત કરીને યુદ્ધ અટકાવવાની સિક્રેટ ડીલ કરી છે. ટ્રમ્પે આમાં એના એક વખતના સહયોગી યુરોપ અને યુક્રેનની બાદબાકી કરી છે.

અમેરિકાના તત્કાલીન પ્રમુખ જો બાઈડન અને યુરોપના શાસકોએ જ યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીને રશિયા સાથે સમજૂતી ન કરવા અને રશિયા સાથેનો જંગ ચાલુ રાખવા સતત ઈજન અને પ્રોત્સાહન આપ્યા હતા. અમેરિકા અને યુરોપની ચડામણી અને ઉશ્કેરણીને લીધે જ યુક્રેને એક મહાસત્તા સામે લડવાનું ગજું ન હોવા છતાં ત્રણ વર્ષ સુધી ઝઝૂમ્યું છે. અમેરિકાએ ઝેલેન્સ્કીને દબડાવીને, ધમકાવીને, ગગલાવીને - ધમકી આપીને યુક્રેનને રશિયા સાથે યુદ્ધ વિરામ કરવા લાચાર બનાવ્યું છે. અમેરિકા યુદ્ધ અટકાવીને વિશ્વ પર મોટો ઉપકાર કરવા નથી માગતું અમેરિકાને તો યુક્રેનના કુદરતી સંસાધનો જોઈએ છે. યુક્રેન પાસે વિરલ ધાતુનો ખજાનો છે અને ટ્રમ્પનો એના પર ડોળો છે. અમેરિકા યુક્રેન પર જબરદસ્તી કરીને મિનરલ ડીલ કરવાનું છે. તેમણે યુક્રેનની અબજો ડૉલરની સહાય બંધ કરીને યુક્રેનના પગ તળેથી જમીન જ ખેંચી લીધી છે. અમેરિકાએ યુક્રેનને ઈન્ટેલીજન્સ ઈન્પુટ આપવાનું પણ બંધ કરી દીધું છે. ટ્રમ્પના જમણા હાથ એલન મસ્કે તો કહ્યું છે કે જો હું યુક્રેનને આપેલી સ્ટારલિંક સેટેલાઈટ ઈન્ટરનેટ સિસ્ટમ બંધ કરી દઉં તો યુક્રેનનું આખું સંરક્ષણ વામણું બની જાય. ટ્રમ્પ સાથે સિક્રેટ ડીલ બાદ રશિયાએ યુક્રેન પરના હુમલા ભીષણ કરી દીધા છે.

બીજી બાજુ યુરોપ પોતાના સંરક્ષણ માટે અમેરિકા પર એટલું પરાવલંબી રહ્યું છે કે તે લાખ ઈચ્છા છતાં યુક્રેનને કોઈ મદદ કરી શકતું નથી. યુક્રેન કમને યુદ્ધ અટકાવવા માટે સાઉદી અરેબિયામાં યુદ્ધવિરામ માટેની વાતચીતમાં ભાગ લેવા સંમત થઈ ગયું છે. અમેરિકા અને યુક્રેનના અધિકારીઓ વચ્ચે વાતચીતનો પહેલો રાઉન્ડ શરૂ ચુક્યો છે. ટ્રમ્પના પ્રચંડ દબાણને લીધે યુક્રેનને બધું ગુમાવવાનું જ છે, જેમકે રશિયા તેને પચાવી પડેલો ૨૦ ટકા પ્રદેશ તેને પાછો આપશે નહીં. અમેરિકા તેના ખનીજો લૂંટી લેશે. યુક્રેનને રશિયા ફરી કોઈ આક્રમણ નહીં કરે એવી કોઈ ગેરંટી પણ મળવાની નથી. યુદ્ધ તો થંભી જશે અને આમાં ફક્ત એક જ વિનર હશે અને એ છે રશિયા. યુક્રેન અને યુરોપને માટે તો આ સંધિ નેગેટિવ જ છે.

આ દરમિયાન, ઝેલેન્સ્કી સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનને પણ મળવાના છે. આ પ્રિન્સ અમેરિકાના ખાસ વિશ્વાસુ છે અને એથી એમના તરફથી પણ યુક્રેનને કોઈ મદદ નહીં મળે.

સમય અને યુગ કેવો બદલાઈ ગયો છે. ગ્રીસના ઈતિહાસકારો કહે છે કે સિકંદરે પરાક્રમી રાજા પુરુને હરાવ્યો હતો, અનેક ઈતિહાસકારોનું કહેવું છે કે પોરસે સિકંદરને હરાવ્યો હતો અને એણે સરેન્ડર થવું પડ્યું હતું. આ બે મહાન યોદ્ધાનો એક પ્રસંગ બહુ પ્રચલિત છે. એના પ્રમાણે સિકંદરે પોરસને હરાવ્યા બાદ તેને પૂછ્યું કે

'હું તારી સાથે કેવો વર્તાવ કરું ?' તો પરોસે જવાબ આપયો કે 'એક જીતેલો રાજા બીજા હારેલા રાજા સાથે જે વર્તાવ કરે છે એવો વર્તાવ તું મારી સાથે કર.' આ જવાબ સાંભળ્યા બાદ સિકંદર અને પોરસ વચ્ચે દોસ્તી થઈ હતી અને સિંકદરે પોરસને એનું રાજ્ય પાછું આપી દીધું હતું. આ જ રીતે ,૧૯૭૧ના યુદ્ધમાં ભારતે પાકિસ્તાનને હરાવ્યું હતું એટલું જ નહીં, તેના ક્ષેત્રમાં બહુ અંદર ઘૂસી ગયું હતું, ભારત ધારત તો આ પ્રદેશના બદલામાં પાકિસ્તાનના અંકુશ હેઠળનું કાશ્મીર માગી શક્યા હોત. જોકે ઈંદિરા ગાંધી એ પાકિસ્તાનના બે ટુકડા કરીને બાંગ્લાદેશનું સર્જન કરવાનું જ મુનાસિબ માન્યું હતું.

હવે જ્યારે રશિયા - યુક્રેન વચ્ચે યુદ્ધવિરામ થવાનો છે ત્યારે મહાસત્તા રશિયા અને અમેરિકા પોતાને જોઈતું બધું લઈ લેશે અને યુક્રેન પર અપમાનિત કરતી સંધિ લાદી દેશે.

આમાં અમેરિકા અને યુરોપનો મોટો સ્વાર્થ એ હતો કે જો યુક્રેન સામે લડવામાં રશિયા નબળું પડી જાય તો એમના પર રશિયાનો ખતરો ઓછો થઈ જાય. બીજી બાજુ, અમેરિકા ખુદ રશિયાને યુદ્ધમાં પ્રવૃત્ત રાખીને રશિયાને સંરક્ષણ અને આર્થિક રીતે પાયમાલ કરવા માગતું હતું. ટ્રમ્પ કહે છે કે રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યું ત્યાર બાદ અમેરિકાએ યુક્રેનને ૩૫૦ અબજ ડૉલરની મદદ કરી છે. યુક્રેને આ સહાય 'બેબી પાસેથી કેન્ડી પડાવી' લેવાય એ રીતે હાંસલ કરી છે. જો યુક્રેને જંગ શરૂ થયો ત્યારે રશિયા સાથે સંધિ કરી હોત તો તેને તેનો પ્રદેશ કે ખનિજોનો ભંડાર ગુમાવવો ન પડત. અમેરિકાના નાદમાં આવીને યુક્રેને તેનું નાક કપાવી દીધું છે.

આમ એક આક્રમક અને યુદ્ધ કરનાર દેશને સજા આપવાને બદલે તેને ઈનામ આપવાથી એક ખોટો ચીલો પડશે. આખા વિશ્વમાં 'જેના હાથમાં લાકડી તેની ભેંસ'ની પ્રણાલી શરૂ થઈ જશે.ચીન ગમે ત્યારે તાઈવાન પર આક્રમણ કરીને તેના પર કબજો જમાવી દેશે. વિસ્તારવાદી ચીન આવું તેના પડોશી સાથે પણ કરી શકે. કોઈ પણ દેશના સાર્વભૌમત્વનું કશું મહત્ત્વ જ નહીં રહે. સુપરપાવર કોઈના પર પણ આક્રમણ કરીને તેને ગુલામ બનાવી દેશે. ટ્રમ્પ તો કહે જ છે ને કે ગ્રીનલેન્ડ, કેનેડા અને પનામા નહેર અમે મેળવીને જ ઝંપીશું. ટ્રમ્પે પોતાનાં બધાં પત્તાં ખોલી દીધા હોવાથી પુતિન વિનિંગ પોઝિશનમાં આવી ગયા છે અને ટ્રમ્પને પણ ગાંઠતા નથી. અમેરિકાએ યુરોપ અને યુક્રેનને દગો દીધો છે. રશિયા તેને યુદ્ધમાં મદદ કરનાર ઈરાન અને ચીનને્ દગો દઈ શકે. અમેરિકામાં ટ્રમ્પને વિરોધ પક્ષના લોકો રશિયાના એજન્ટ કહેવા લાગ્યા એટલે ટ્રમ્પે રશિયા પર ટેરિફ નાખવાની ધમકી આપી. જોકે આ એક નાટક જ છે. ટ્રમ્પે અમેરિકાને એક લુખ્ખો, વિશ્વાસઘાત અને સ્વાર્થી દેશ બનાવી દીધો છે. અમેરિકાની આ નીતિ રીતને લીધે જગતનાં સમીકરણો બદલાઈ જશે. મોટી ઊથલપાથલ મચવાની છે. યુરોપે પોતાની સંરક્ષણ સિસ્ટમ વિકસાવવી પડશે. યુરોપે પોતાનું સંરક્ષણ જાતે કરવું પડશે. અમેરિકા પાસે એફ-૩૫ ફાઈટર જેટ લેવું કેટલું ખતરનાક છે એ ભારતે હવે સમજી લેવું પડશે. જર્મનીએ પણ આ ફાઈટર જેટ અમેરિકા પાસેથી લીધા છે, પરંતુ જર્મનીને ડર છે કે આ વિમાનમાં એવું મેકેનિઝમ છે કે અમેરિકા ધારે તો એક બટન દબાવીને આ વિમાનને ઊડતું જ અટકાવી શકે. ફ્રાન્સે તો તેના અણુ હથિયારો વડે આખા યુરોપનું રક્ષણ કરવાની ઓફર આપી છે. અમેરિકાના દગાને લીધે આખું યુરોપ એક થઈને રશિયાની દાદાગીરી સામે 'નાટો' જેવું નવું સંગઠન બનાવવું પડશે. અમેરિકા તો 'નાટો 'માંથી ખસી જવાની ધમકી આપે છે. જેમ આરબના દેશોએ ગાઝા પટ્ટી પરનો ટ્રમ્પનો પ્લાન ફગાવી દીધો છે એ રીતે યુરોપ પણ સ્વબળે રશિયા સામે લડવાનું સામર્થ્ય દાખવી શકે. આમ સમગ્ર રીતે જોતાં લાગે છે કે હાલ જેવી જ સ્થિતિ પરિસ્થિતિ જો યથાવત રહેશે તો આખા વિશ્વનો નકશો બદલાઈ જાય એવી પૂરેપૂરી સંભાવના છે. ■


# આ તો સ્કેમ છે...

# સ્કેમ છે..!



પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## કાશ, રિચાર્ડ નિક્સનને ગુસ્સો ન આવ્યો હોત તો...



કુદરતદત્ત કહો કે માનવસહજ નબળાઈ પણ દરેક વ્યક્તિ, સમાજ અને દેશમાં વિવિધ પ્રકારની અને ચોક્કસ ગુરુતાગ્રંથિ હોય ને હોય. મહાસત્તા નંબર વન અને બની બેઠેલા જગત જમાદાર અમેરિકાને જુઓ. મહાસત્તા, આર્થિક સમૃદ્ધિ, બહેતર સગવડ - સુવિધા અને દુનિયાભરનાં સપનાં સમાન આ દેશ અને એના નાગરિકો સુપરિયારિટી કૉમ્પલેક્સના શિકાર ન બન્યા હોય તો જ નવાઈ. બાકી, બોલિવૂડની બાનીમાં અપને ગીરેબાન મેં ઝાંક કે દેખે તો ક્યાં દિખેગા? કદાચ અમેરિકનો ભૂંડા ભૂતકાળને ભૂલી ગયા છે કાં એવો દેખાડો કરે છે. એમના પૂર્વજોએ અમેરિકાના મૂળ નિવાસી એવા રેડ ઈન્ડિયનની જમીન અને સ્વતંત્રતા દગાફટકાથી આંચકી લીધા હતા. ગુલામી જેવા ઘૃણાસ્પદ વેપાર અને રંગભેદની ક્રૂરતાથી માનવતાને શર્મસાર કરી ચુકયા છે. આમ છતાંય આજે અમેરિકામાં આતંકવાદી હુમલો થાય, સ્કૂલમાં ગોળીબારથી હત્યા થાય કે એવી કોઈ ઘટના બને ત્યારે રાષ્ટ્રીય કોરસગાન બુલંદ બને કે આ આપણું અમેરિકા નથી, આપણું અમેરિકા આવું ન હોય.

અમેરિકનોના જમીનથી પાંચ-દશ ઈંચ ઊંચો ઉડતો ગુરુતાગ્રંથિ અને ભ્રામક નૈતિકતાનો રથ ૧૯૭૨માં જમીન પર પટકાયો જ નહિ, એના પૈડાં જમીનની અંદર ઊંડે સુધી ઘૂસી ગયાં. એ ઘટના એટલે વૉટરગેટ સ્કૅન્ડલ અને એના મુખ્ય નાયક કે ખલનાયક એટલે તત્કાલીન પ્રમુખ રિચાર્ડ મિલોસ નિક્સન (૯ જુલાઈ, ૧૯૧૩- ૨૨ એપ્રિલ, ૧૯૯૪).

અમેરિકી સમાજ જ નહિ, વિશ્વરભરને હચમચાવી નાખનારા આ સ્કૅમમાં શું હતું, એ શા માટે થયું, કેવી રીતે પર્દાફાશ થયું અને એની ફળશ્રુતિ કેવી આવી એની વિગતોમાં ઊતરવા અગાઉ એની પૂર્વભૂમિકા જાણવી જરૂરી છે.

૧૯૭૨માં રિચાર્ડ નિકસનની પ્રમુખપદની પહેલી મુદત પૂરી થવાને આરે હતી. ફરીથી પ્રેસિડૅન્ટ બનવા માટે રિપબ્લિકન પાર્ટી તરફથી ઉમેદવારી મેળવવા તેમના ધમપછાડા શરૂ થઈ ચૂકયા હતા. સત્તા પર ટકી રહેવાના હવાતિયામાં આ માણસ કંઈ કસર છોડવા માગતો નહોતો. પોતાની બીજી મુદત મેળવવા માટેના કારસામાં તેમણે લોકતાંત્રિક દેશના બંધારણ, કાયદા, વ્યવસ્થા-તંત્ર, સંસ્થાગત સ્વતંત્રતા, નીતિ, મૂલ્યો અને આદર્શોની ઘોર અવગણના કરવાનું જરાય અનુચિત ન માન્યું. એમને આ ઘૃણાસ્પદ પ્લાનિંગનું મનવાંચ્છિત ફળ મળી ગયું. હા, એ બીજી મુદત માટે પ્રમુખપદે ચૂંટાઈ આવ્યા. પરંતુ પાપ ઝાઝો સમય છૂપું ન રહ્યું. એ તો વ્હાઈટ હાઉસના છાપરે ચડીને ચીસાચીસ પાડવા માંડ્યું. નિકસને ઢાંકપિછોડો કરવા માટે તન, મન, ધન અને કમરતોડ ધમપછાડા કર્યા પણ એનાથી કંઈ ન ઊપજયું. હાથ લાગ્યા નાલેશી, બદનામી અને બરતરફી. લોકતાંત્રિક અમેરિકાના ઈતિહાસ પર એક કાળું ટીલું લાગી ગયું.

નિક્સને આ હદે શા માટે જવું પડ્યું? એવા તે ક્યાં સંજોગો હતા? એમની શી લાચારી હતી? હકીકતમાં અમેરિકાના આ ૩૦મા પ્રમુખે ૧૯૬૯માં સત્તા સંભાળી. એમને લાગતું હતું કે પોતે જે કંઈ કરી રહ્યા છે એ શ્રેષ્ઠ છે, નૈતિક છે, દેશ જ દુનિયાના હિતમાં છે, પણ એવું નહોતું. વ્યક્તિ જાહેર જીવનમાં હોય ત્યારે એની એક હિલચાલ, ઉચ્ચારણ, શબ્દો અને મૌન પણ બિલોરી કાચ હેઠળ હોય છે. ૧૯૭૧માં નિક્સનને લાગવા માંડ્યું કે અખબારોમાં દેશના ગુપ્ત દસ્તાવેજો પ્રગટ થાય છે એ જરાય યોગ્ય ન ગણાય. આવી લાગણીનું જન્મદાતા હતું વિશ્વ વિખ્યાત અખબાર 'ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ'. આ પેપરે પ્રગટ કરેલા અહેવાલ - દસ્તાવેજથી દીવા જેમ સ્પષ્ટ થયું કે અમેરિકાએ કમ્બોડિયા પર ગુપ્ત રીતે બૉમ્બમારો કરાવ્યો હતો. સરકાર અને સમાજ માટે આ મોટો આંચકો હતો. આ અમેરિકાના સર્વ સ્વીકૃત વિચારો નૈતિકતા અને મૂલ્યોથી તદ્દન વિરોધી હતું.

ત્યાર બાદ તરત અમેરિકન લશ્કરના ગુપ્ત દસ્તાવેજો પ્રગટ થયા કે જે કમ્બોડિયા બૉમ્બાર્ડિંગના વધુ સજજડ પુરાવા હતા. આટલું ઓછું હોય એમ સોવિયેત સંઘ સાથે ચાલી રહેલી નિ:શસ્ત્રીકરણ કરાર અંગેની ચર્ચાના દસ્તાવેજો પ્રગટ થયા. આનાથી સ્પષ્ટ થયું કે સરકાર જાહેરમાં બોલે છે કંઈક, ને કરે છે એકદમ વિરોધાભાસી પ્રયાસો.

આ બધા એક્સપોઝર અને એક્સકલુઝિવથી નિકસન શાસનનો મુખવટો પર્દાફાશ થઈ ગયો પરંતુ અહેવાલો ખોટા નહોતા એટલે અખબારો વિરુદ્ધ કોઈ દંડાત્મક કાનૂની પગલાં ભરવાનું શક્ય નહોતું.

'ધ વૉશિંગ્ટન પોસ્ટ' પણ મેદાનમાં કૂદી પડ્યું હતું. તેણે 'ડિપ થ્રોટ' નામના કાલ્પનિક માહિતગારને ટાંકીને સરકારની આબરૂની ધજિયા ઉડાડી હતી. અમેરિકી પ્રજાથી ગુપ્ત રાખીને અમેરિકાએ ૧૯૭૧ના ભારત સાથેના યુદ્ધમાં પાકિસ્તાનને ગુપ્ત રીતે મદદ પણ કરી હતી. આવું બધું પર્દાફાશ થાય એ સત્તાધીશ અને એમાંય સરમુખ્યતારી વલણ ધરાવનારને ગમે.

નિકસન ઈચ્છતા હતા કે આ બધું રોકવું પડે, ગમે તે ભોગે. આમાં સૌથી મહત્ત્વનું એ જાણવાનું હતું કે અખબારો સુધી આ સ્ફોટક માહિતી અને દસ્તાવેજો પહોંચાડે છે કોણ? પરંતુ એ કંઈ રીતે શકય બને?

લાંબી વિચારણા બાદ નિકસનને એ કીમિયો સૂઝયો. તેમણે પોતાના વિશ્વાસુઓની ટીમને ભેગી કરી. તેમણે વ્હાઈટ હાઉસના પોતાના મુખ્ય સલાહકાર જૉન એહરલિકમાન અને અંડર સેક્રેટરી એજિલ ક્રોગને બોલાવ્યા. નિકસન રોષભેર પોતાની ગામઠી ભાષામાં બરાડવા માંડયા, ''મને ફિકર નથી કે તેઓ શત્રુ છે કે મિત્ર... સાફ છે કે જે કૂતરીના ગલુડિયાએ સરકારી રહસ્ય અખબારોને આપ્યાં છે એ સરકાર વિરોધી છે... હું લાંબા સમયથી આ વિષયનો અભ્યાસ કરી રહ્યો છું અને કાયમ કોઈને કોઈ કૂતરીનું બચ્ચું ભેદ પર્દાફાશ કરી નાખે છે...''

પ્રમુખ રિચાર્ડ મિલોસ નિકસન આ બધું રોકવા માગતા હતા. આ માટે તેમણે જે પગલાં ભર્યાં એ અમેરિકાની આબરૂના ધજાગરા ઉડાડનારા અને એમની રાજકીય કબર ખોદનારા હતા. એવું તે કયું કુકર્મ વિચારાયું હતું? એ જાણીએ આવતા અઠવાડિયે. ■


**મુખવટાની પાછળ**

*રાજકારણ સત્તાનો ખેલ માત્ર રહી ગયો છે તથા સત્તાનો આધાર હવે પૈસા બની ગયા છે.* - અજ્ઞાત

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## ઘર તૂટતું બચાવતી ટેકનોલોજી



AI - આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો મનુષ્ય જીવન પર પ્રભાવ પેલી વાર્તાની રાજકુમારીની જેમ રાતે ન વધે એટલો દિવસે વધી રહ્યો છે અને દિવસે ન વધે એટલો રાતે વધી રહ્યો છે. આ ટેકનોલોજી દિમાગમાંથી હવે દિલની દુનિયામાં પ્રવેશી રહી છે. અંગત જીવનમાં હુંસાતુંસી, ઝઘડા કે વિખવાદ પર પડદો પાડવા માટે ખિસ્સાને પોસાય એવા સલાહકાર તરીકે ટેકનોલોજી ઊભરી રહી છે. અત્યારે ઉપલબ્ધ ટ્રેડિશનલ થેરપી હાજા ગગડાવી દે એવી મોંઘીદાટ હોવાથી અનેક યુગલ મતભેદ અને મનભેદ દૂર કરવા માટે ચેટબોટ ટેકનોલોજીનો સહારો લઈ રહ્યા છે.

ન્યૂ યોર્કમાં એક યુગલે આપસી અણસમજ અને અણબનાવ દૂર કરવા લાગલગાટ છ મહિના સુધી ચેટ જીપીટીની મદદ લીધી અને છૂટાછેડા સુધી નોબત પહોંચી ગઈ હતી એની જગ્યાએ છેડાછેડીની ગાંઠ ફરી મજબૂત થઈ ગઈ છે. કાઉન્સેલર ગુરુઓનો ધંધો પડી ભાગવાનો આ પ્રારંભ કહી શકાય. મહિનાના માત્ર ૨૦ ડૉલર (આશરે ૧૭૦૦ રૂપિયા) ખર્ચીને આ સર્વિસ મેળવી શકાય છે. સસ્તું ભાડું ને સિદ્ધપુરની જાત્રાની જેમ ઓછા ખર્ચે સંસાર સાબૂત રાખવો એ આનું નામ!

## મૃત્યુનો માતમ નહીં, મહોત્સવ



દરેક જન્મ પછી મરણ નિશ્ચિત છે. મૃત્યુ એક અલ્પવિરામ છે, મૌત એક કવિતા હૈ, પરમસખા છે મૃત્યુ, મૌત આની હૈ આયેગી એક દિન, જાન જાની હૈ જાયેગી એક દિન, ઐસી બાતોં સે ક્યા ગભરાના...

જિંદાદિલ લોકો મૃત્યુને એક પડાવ માની એનો શોક નહીં કરવા, માતમ નહીં કરવા પણ એને મહોત્સવ તરીકે મનાવવા માટે જણાવી ગયા છે.

'બોલવું સહેલું છે, કરવું અઘરું છે' તમે દલીલ કરશો. હા, પણ પોલેન્ડના એક રહેવાસીએ મૃત્યુના સ્ટેશન પર ઊતરવાને ઝાઝી વાર નથી એનો ખ્યાલ આવી જતાં મૃત્યુને મહોત્સવ બનાવી દેશવાસીઓ માટે એક મિસાલ કાયમ કરી છે.

વાત એમ છે કે મધ્ય યુરોપના પોલેન્ડ નામના દેશમાં મૃત્યુ થશે એનો સ્વીકાર કરવાથી અપશુકન થાય એવી માન્યતા છે. સગા સબંધીઓ અને અન્ય નિકટવર્તીઓ અસ્વસ્થ થઈ જાય છે. પોલેન્ડમાં દેહાંત પછી જ વ્યક્તિની સન્માન વિધિ પાર પાડવાનો રિવાજ છે. જીવતા જગતિયું અહીં નહીં, કભી નહીં જેવું છે. સોશિયલ મીડિયા પર એક સન્નારીએ જણાવ્યા અનુસાર મારા પિતાશ્રીને મૃત્યુ પછી લોકો પ્રશંસા કરે, સન્માન આપે એ મંજૂર નથી. એટલે એમણે પોતે જ પોતાના 'વિદાય સમારંભ'નું આયોજન કર્યું. હાજર રહેલા લોકોએ જીવતા જીવત એમને ભાવભીની વિદાય આપી અને સૌથી વધુ મહત્ત્વની વાત એ છે કે આવેલા લોકોમાંથી ઘણા જીવતા જગતિયું કરવાના વિચારને સમર્થન આપી એવું કરવાની પ્રેરણા લઈને ગયા.

## મોબાઈલ - મુરતિયાની મોંકાણ



પૈડાં વગરની ટ્રેન, પેટ્રોલ વગરની કાર અને બેલેન્સ વગરના બેન્ક એકાઉન્ટનો કોઈ મતલબ નથી રહેતો. હોવા છતાં ન હોવા બરાબર છે. સાહિત્ય અને સંસ્કૃતિથી મઘમઘતા મધ્ય પ્રદેશના નએગાંવ નામના ગામમાં કુંવારાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. 'વાગડમાં નવ દેજો રે સઈ'ની જેમ અડોસપાડોસના ગામના પરિવાર પોતાની દીકરી આ ગામમાં આપવા રાજી નથી. કન્યા સુધ્ધાં તૈયાર નથી. ના, અહીંની સાસુ વાગડની જેમ વઢકણી નથી કે યુવાનો સ્માર્ટ નથી એવુંય નથી. પ્રોબ્લેમ એ છે કે આ ગામમાં કોઈ પણ ટેલિકોમ કંપનીનું નેટવર્ક નથી પકડાતું. પરિણામે હાથમાં રહેલો મોબાઈલ ગોળ વિનાનો કંસાર અને મા વિનાનો સુનો સંસાર જેવો છે. કેટલાક યુવાનો તો છોકરી મળે એ માટે નોકરી કરવા અન્ય શહેરમાં સ્થળાંતર કરી રહ્યા છે. કન્યાઓના પેરન્ટ્સની ફરિયાદ છે કે યોગ્ય મુરતિયા સાથે દીકરીના વિવાહ તો કરી દઈએ, પણ પછી એની સાથે વાતચીત કઈ રીતે કરવી? કોઈ વાતની તાત્કાલિક જાણ કેવી રીતે કરવી? કુંવારાઓના નિઃસાસા સરકારી કચેરી સુધી પહોંચ્યા છે અને મોબાઈલ ટાવર માટેનાં ચક્રો ગતિમાન થયાં છે ખરા.જોઈએ,હવે કેટલી કન્યા પરણીને અહીં આવે છે..

## બહેન રક્ષક, ભાઈ રક્ષિત






રક્ષાબંધનના દિવસે ભાઈના હાથમાં બહેન રાખડી બાંધી એની પ્રગતિ અને દીર્ઘ આયુ માટે પ્રાર્થના કરે છે. બહેનની રક્ષા કરવાનું ભાઈ વચન આપે છે. જોકે, પછાત રાજ્યનું લેબલ ધરાવતા અને નબળો સાક્ષરતા દર ધરાવતા બિહાર રાજ્યના છપરા શહેરના એક પરિવારમાં ઊલટી ગંગા વહે છે. અનાજ દળવાની ઘંટીનો વ્યવસાય કરતા શ્રીમાન કમલ સિંહ અને શ્રીમતી શ્રદ્ધા દેવીનાં આઠ સંતાનમાં સાત દીકરી અને એક દીકરો છે. સાત બહેનો જ્યારે ભાઈને રાખડી બાંધે છે ત્યારે ભાઈએ સમર્પિને રક્ષા કરવાનું વચન આપવાની વાત તો દૂર રહી, એ વિશે વિચારવું પણ નથી પડતું.

કેમ? કારણ કે સાતેસાત બહેન માજણ્યા ભાઈ ઉપરાંત દેશના દરેકે દરેક ભાઈની જ નહીં, સમગ્ર દેશવાસીઓની રક્ષાની જવાબદારી સંભાળે છે.

રાની કુમારી સિંહ બિહાર પોલીસમાં છે, રેણુ કુમારી સિંહ સશસ્ત્ર સીમા બળ, સોની કુમારી સિંહ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ, કુમારી પ્રીતિ સિંહ ક્રાઈમ બ્રાન્ચ, કુમારી પિંકી સિંહ એક્સાઈઝ પોલીસ, કુમારી રિંકી સિંહ બિહાર પોલીસ અને નન્હી સિંહ ગવર્નમેન્ટ રેલવે પોલીસમાં ડ્યૂટી બજાવે છે!

આમ સાત બહેનનો એકમાત્ર ભાઈ રાજીવ સિંહ રાજપૂત રક્ષક નહીં રક્ષિત છે. બી.ટેક.ની ડિગ્રી મેળવી દિલ્હીમાં સેટલ થયેલો રાજીવ કહે છે 'મારી દરેકે દરેક જરૂરિયાતોનું ધ્યાન મારી બહેનોએ રાખ્યું છે. હું એમના સપોર્ટથી જ ભણી ગણી આગળ વધી શક્યો છું.' દેશના વિવિધ હિસ્સામાં રહેતી અને અંગત જીવનમાં વ્યસ્ત હોવા છતાં સાતેય દીકરીઓએ માતા - પિતા માટે ચાર માળનું મકાન બંધાવ્યું છે. 'આ કેવળ સિમેન્ટ - રેતીનું બાંધકામ નથી, પિતાશ્રીએ અમારામાં રાખેલી શ્રદ્ધાનું પ્રતીક છે.' બહેનો એક સૂરમાં કહે છે.

## લ્યો કરો વાત!

*અચાનક વાતાવરણમાં પલટો આવ્યો. ગગનમાં વાદળાઓ ગાજવા લાગ્યા, વીજળીના કડાકા ભડાકા શરૂ થયા અને રિમઝીમ ગિરે સાવન જેવો માહોલ થયો. વાતાવરણ રોમાંચક બની ગયું અને રસોડામાંથી શ્રીમતીએ દોડતા આવીને પતિનો હાથ ઝાલી લીધો. પતિને ગુલાબી સપનાં આવવા લાગ્યાં. પતિને વિચારવાનો મોકો આપ્યા વિના ખેંચીને ટેરેસ પર લઇ ગઈ. પતિના શરીરમાં લોહી વીજળીવેગે દોડવા લાગ્યું ત્યાં પત્નીની આંખોમાં આંખ પરોવીને બોલી :*

*'છૂંદાનું તપેલું હું લઈ લઉં છું, તમે ફટાફટ ગાદલા ગોદડાં ઉપાડી લો.!'* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**નાક દબાવવાથી શું થાય?**
* સામેવાળી વ્યક્તિ પૈસેટકે હળવી થાય .

**શેઠ-બોસની શિખામણ ઝાંપા સુધી તો પત્નીની?**
* પત્નીની શિખામણ લગ્ન ટકી રહે ત્યાં સુધી..!

**ઈ- કંકોત્રી મોકલનારને ઈ- ચાંલ્લો મોકલીએ તો ચાલે?**
* હા, એ પણ ઈ- જમણવાર યોજશે !

**સમૂહ લગ્નની જેમ સમૂહ છૂટાછેડા કેમ થતાં નથી?**
* ધાર્યા કરતાં વધુ દંપતી છૂટા પડવા ઊમટી ન પડે એ માટે!

**બાળ હઠ, સ્ત્રી હઠ - રાજ હઠથી વધારે અઘરી હઠ કઈ?**
* જામી પડેલા મહેમાનોની અતિથિ હઠ.

**દાંતનું ચોકઠું રંગીન હોય તો?**
* એ માટે ચહેરો પણ રંગવો પડે

**શેરમાર્કેટમાં ધોવાણ પછી રોકાણકારો રડે પછી શું ?**
* રડવા દો તેજી વખતે આપોઆપ હસવા માંડશે

**ટાલવાળા કેવી રીતે નસીબદાર ગણાય?**
* હેર-કટ અને હેર- ઓઈલનો ખર્ચ બચે એટલે!

**'વીર...વાળો' ટાઈટલની ગુજરાતી ફિલ્મો કેમ હવે બનતી નથી?**
* કોઈ ' વીર' નિર્માતા હાલ માર્કેટમાં નથી !

**બાળક જન્મ પછી કેમ રડે છે?**
* 'સંસારમાં પછી રડવાનું જ છે ' એમ ધારીને એ આગોતરી પ્રેકટિસ કરે છે !

**પુત્રના લક્ષણ પારણામાં, વહુના લક્ષણ બારણામાં.. તો સાસુનાં લક્ષણ ?**
* મેરેજ રિસેપ્સનમાંથી !

**આવક વેરાની જેમ આળસ વેરો લેવાય તો?**
* ક્યો આળસુ એ વેરો ભરવા જશે ?

**નેતાજી પ્રજાને વચન કેમ આપતાં હશે?**
* પોતે ભૂલી શકે અને પ્રજા યાદ રાખી શકે એ માટે

**બદામ ખાવાથી યાદશક્તિ વધે?**
* ના, કરજ વધે !

**કન્યા ઘોડા પર બેસીને પરણવા આવે તો એને કન્યા ઘોડો કહેવાય?**
* ના, એના ભાવિ વરનો ઘોડે નારાજ થઈ જાય.!

**હાથના કર્યા હૈયે વાગે. તો પગના ક્યાં વાગે?**
* આપણી બેન્ક બેલેન્સમાં ! ■

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# ઘાસને ધરતીનો પહેલો પુત્ર ગણાવે છે



આજના સમયમાં યુવાનો અને યુવતીઓમાં સહનશક્તિનું પ્રમાણ ઘણું ઘટી ગયું છે. કોર્ટમાં ભરાતા છૂટાછેડાના કેસોનું વધતું પ્રમાણ તેની સાક્ષી પૂરે છે. વાતે વાતે રિસાઇને પિયર ચાલ્યા જવું તેમાં પણ બહુ સમજદારી હોય તેવું પણ મને લાગતું નથી. એવી યુવતીઓને શીખામણ આપતી એક બહુ સરસ ચોવક પ્રચલિત છે : ''ધણીજી રુખી માંની, પૅજી પાલખીનું ખાસી'' 'ધણીજી'નો અર્થ થાય છેઃ પતિની 'રુખી માંની' એટલે સૂકો રોટલો અને 'પૅ જી'ના અર્થ છે. પિતાની! શબ્દાર્થ સરળ છે : પિતાની ઘરની પાલખીમાં સુખ કરતાં, પતિના ઘરનો સૂકો રોટલો સારો ! ટૂંકમાં પરણ્યા પછી પિયરવાસ કરતાં સાસરવાસ જ સારો.

યાદ આવે છે? રામાયણમાં અશોક વાટિકામાં રહેતાં સીતાજીએ રાવણને પોતાનાથી દૂર રહેવાની ધમકી આપતાં ઘાસનાં એક તણખલાંની આણ આપી હતી! કારણકે એ ધારદાર તણખલું સીતાજીના ભાઇ સમાન હતું. સીતાજી ધરતી પુત્રી હતાં અને તણખલાંવાળું ઘાસ પણ ધરતીમાં જ પેદા થયું હતું. એટલે જ ચોવક બની છેઃ ''ધરતી જો પૅલો પુતર ઘા' 'ધરતી જો' એટલે ધરતીનો અને 'પૅ લો પુતર'નો અર્થ થાય છેઃ પહેલો પુત્ર. 'ઘા' એટલે ઘાસ. ચોવકનો સરળ અર્થ થાય છે : ધરતીનો પહેલો પુત્ર ઘાસ. એ ઘાસનાં તણખલાંના કારણે રાવણ, સીતાજીથી દૂર રહ્યો હતો!

આપણે ગુજરાતીમાં ઘણીવાર બોલતાં હોઇએ છીએં કે, 'બળુકાના બે ભાગ'. એવો જ અર્થ ધરાવતી ચોવક પણ બનેલી છે. ચોવક છેઃ ''ધીંગે જી ધરા નેં, બરૂકે જી બાયડી.'' જમીન પર આધિપત્ય વધારવા થતી લડાઇઓનો ઇતિહાસ દૂર નથી! હજુ પણ એ દુષ્પ્રક્રિયા ચાલુ જ રહી છે. બળવાન હોય તે જમીન પડાવી લે, પચાવી પાડે! ગમતી સ્ત્રીઓને પરણવા માટે પણ કસોટીઓ થતી! તેનો પડઘો આ ચોવકમાં પડયો છે. પણ... 'ધીંગે જી' એટલે 'બળુકાની' 'ધરા' એટલે જમીન અને 'બરૂકે જી'નો અર્થ થાય છેઃ બલવાનની. 'બાયડી' એટલે સ્ત્રી, અર્થ એવો થાય છે કે : જે બળુકો હોય તે ફાવે!

સાસરે વળાવેલી દીકરી સુખી હોય તો તેનાં માવતરને તેનાથી વિશેષ જીવનનો 'રાજીપો' ન હોય, પણ સુખી દેખાતી દીકરીનું ઘર બીજી બધી રીતે સારું હોય પણ મૂળ જરૂરિયાતોનો જ અભાવ રહેતો હોય એવી દીકરીના મા-બાપના કપાળે કરચલીઓ વધારે જોવા મળતી હોય છે. ચોવક છે : ''ધી સુખીયાણી પ ગંધી માંની જી ત્રાંણ'' 'ધી' એટલે દીકરી. સુખીયાણીનો અર્થ થાયઃ સુખી. 'ગંધી માંની જીત્રાંણ' આ શબ્દ સમૂહનો અર્થ થાય છેઃ પહેરવા-ઓઢવા અને ખાવા-પીવાની તકલીફ! 'ત્રાંણ' શબ્દનો અર્થ થાય છે અછત, અભાવ કે તકલીફ.

ભાગ્યમાં લખ્યું હોય એવું અને એટલું જ સુખ મળતું હોય છે. ચોવક કહે છેઃ 'ધોડ્યા ધન ન થીયેં, ઇચ્છયા પુતર ન થીયેં'' 'ધોડ્યા ધન' એટલે ધન પાછળ દોટ મૂકવી અને 'ઇચ્છયા પુતર' એટલે કે ઇચ્છા મુજબ પુત્રની પ્રાપ્તિ, 'ન થીયેં' એટલે કે ન થાય. મૂઠી વાળીને દોટ મૂકવાથી ધન પ્રાપ્તિ નથી થતી અને ઇચ્છા મુજબ પુત્રની પ્રાપ્તિ નથી થતી એ બધું સુખ ભાગ્ય પ્રમાણે મળતું હોય છે.

એક અસરકારક ચોવક અહીં મૂકું છુંઃ 'પર કમાય ત પુતર કેર ગુરે?' 'પર કમાય' પારકાની કમાણી અને 'કેર ગુરે ?' એટલે કોણ માગે? જો પારકાની કમાણીથી ચાલતું હોય તો ઇશ્વર પાસેથી બુઢાપાની લાકડી સમાન પુત્ર કોણ માગે? સંદર્ભમાં ગુજરાતી કહેવત મૂકી શકાયઃ પારકી આશા, સદા નિરાશ! ■

મગજ મંથન_ વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# કઠોર પરિશ્રમથી ડરો છે તો પછી ઉન્નત જીવનની કલ્પના ન કરો!

### પરિશ્રમની સાથે જોખમ લેનારો જ જીવન સફળ બનાવી શકે.

કોઈ નિશ્ચિત કાર્યક્રમ અને યોજના અનુસાર કામ થવા છતાં ઘણી વાર એવી પરિસ્થિતિઓનું નિર્માણ થાય કે આપણને તે કાર્યક્રમ બદલવા, ભવિષ્યમાં વધુ મહેનત કરવા લાચાર કરે છે. આવી પરિસ્થિતિ સર્જાય ત્યારે ગભરાયા વિના પોતાની જાતને પરિસ્થિતિ અનુસાર ઢાળી દેવી જોઈએ.

પહેલાં આર્થિક સુખ ભોગવી ચૂકેલાને જ્યારે આર્થિક તંગીમાં સપડાવું પડે છે ત્યારે એ વિચારે છે કે લોકો મારી મશ્કરી કરશે. આ મશ્કરી, ટીકા, ઉપહાસની શરમથી એ વધુ દુઃખી થાય છે. હકીકતે આ એની માનસિક નબળાઈ માત્ર છે. દુનિયાના બધા લોકો પોતાના કામમાં મગ્ન હોય છે, કોઈને અન્યની ગંભીરતાથી ટીકા કરવાની નવરાશ નથી. વાંકી,ત્રાંસી ટોપી પહેરી બજારમાં નીકળનાર માનવી વિચારે છે કે રસ્તે જતાં આવતાં બધા મારી ત્રાંસી ટોપી જોઈ ટીકા કરશે પણ એવું થતું નથી. આવતાં-જતા લોકો પોતાનાં કામકાજમાં વ્યસ્ત છે, નહીં કે ત્રાંસી ટોપીની ટીકા કરવા અને કદાચ કોઈ એવી નાનીશી ટીકા કે આલોચના કરશે એના ભયથી જાણે પોતે કોઈ ગુનો કર્યો હોય તે રીતે પોતાની જાતને શરમમાં ડૂબાડી રાખવી એ માનવીની મોટી ભૂલ છે.

ચોરી કરવામાં, ખોટું કામ કરવામાં, અધર્મ આચરતાં ચોક્કસ શરમાવું જોઈએ. ગઈ કાલે દસ રૂપિયા હતા અને આજે બે જ રહ્યા છે.ગઈ કાલે સંપન્ન હતાં, આજે નિર્ધન થઈ ગયા છીએ તો એ સ્થિતિ શરમાવા યોગ્ય નથી.પાંડવો એક દિવસે રાજગાદી શોભાવતા હતા. એક દિવસ એવો આવ્યો કે મહેનત-મજૂરી કરી અજ્ઞાતવાસમાં રહી પેટ ભરવું પડ્યું. રાણા પ્રતાપ અને શિવાજી મહારાજનાં જીવનચરિત્ર જે જાણે છે એમને ખબર છે કે આવા પ્રતાપી મહાપુરુષો પણ કાળના કુચક્રમાં ફસાયા હતા આટલા માટે કોઈ વિવેકી પુરુષે એમની ટીકા નથી કરી.



દ્રૌપદી સાથે પાંડવો અજ્ઞાતવાસમાં

આવી કપરી સ્થિતિ વખતે ખોટા ભયની કલ્પનામાંથી બહાર નીકળી આવવું જોઈએ અને જ્યારે અભાવની સ્થિતિમાં રહેવા વારો આવે ત્યારે હસતાં હસતાં કોઈ જાતના ભય, સંકોચ, ખચકાટ અને દુઃખ વિના તેનો સ્વીકાર કરી લેવો જોઇએ.

કોઈ પણ યોજના નક્કી કરતાં કરતાં તેમાં વિઘ્ન આવી શકે છે. રૂકાવટ કે મુશ્કેલીઓ આવી શકે છે તેનો ખ્યાલ રાખવો જોઈએ. સફળતાનો માર્ગ જોખમી છે, જેને જોખમો ઉઠાવી સાહસ અને સંઘર્ષ કરવાનું પસંદ છે એણે જ આ સિદ્ધિના માર્ગ પર ડગ માંડવાં જોઈએ.. અદમ્ય ઉત્સાહ, અતૂટ સાહસ, અવિચળ ધીરજ સાથે નિરંતર પરિશ્રમ અને જોખમો સામે લડનારો પુરુષાર્થી જ પોતાનું કે કોઈનું જીવન સફળ બનાવી શકે છે.

જેમ સોનાને અગ્નિમાં તપાવતાં તેની ચમક બમણી થઈ જાય છે તેમ દુઃખમાં પડવાથી આપણી વીરતા અને પ્રયત્નશીલતા બમણાં વેગથી પ્રગટ થવાં જોઈએ. ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# મનોરંજનની દુનિયા : સરસ્વતીદેવીથી લઈને ઉષા ખન્ના સુધી

માર્ચ મહિનો એટલે મહિલાની મહિમા ગાવાનું પર્વ. વર્ષો પૂર્વે ‘ગાઈડ’ જેવી ફિલ્મમાં થોડા નેગેટિવ શેડ્સ ધરાવતા રોલ માટે વહીદા રહેમાનને યાદ કરવા જોઈએ.

આજકાલ તો ફિલ્મમાં અભિનેત્રીઓ નકારાત્મક ભૂમિકાઓ ભજવવામાં શ્રેષ્ઠ અભિનય કરે છે,પણ ‘ગાઈડ’ને વહીદાજીની શ્રેષ્ઠ ફિલ્મ તરીકે લોકો આજે પણ યાદ કરે છે.

આ વાત આજે એટલા માટે યાદ આવે છે કે એ જમાનામાં આવો નવો ચીલો પડવો સહેલો નહોતો. વહીદાજીની ‘ પ્યાસા’ ધારવા કરતાં વધુ ગંભીર ફિલ્મ બની ગઈ છે એવું ગુરુદત્ત અને એસ. ડી. બર્મન માનતા હતાં. આટલી ગંભીર ફિલ્મ નિષ્ફળ જશે એટલે થોડી રિ-શૂટ કરીને એને હળવી બનાવવી જોઈએ. ફિલ્મની કથામાં દુઃખદ અંત છે સાથોસાથ તેના ગીતોમાં પણ સાહિરની ભારોભાર વેદના છે.

એ સમયે દક્ષિણમાંથી નવાસવા આવેલાં ફિલ્મના અભિનેત્રી વહીદા રહેમાનનો અભિપ્રાય લેવામાં આવ્યો. વાંચનનો શોખ ધરાવતા વહીદાજીનો અભિપ્રાય લેવા પાછળનું એક કારણ હતુ કે આ પ્રકારની ગંભીર ફિલ્મ માટે યુવાનોનો મત શું હોઈ શકે એ જાણવા મળે. વહીદાએ કહ્યું કે ‘ક્લાસિક ફિલ્મ છે, જેવી બની છે એ જ રીતે રજૂ કરો’ અને એ ફિલ્મ ઇતિહાસ સર્જી ગઈ. ભારતની નારીશક્તિને સાહસિક અને વિકસિત રાખવી હોય તો વાંચનનું મહત્ત્વ સમજવાની જરૂર છે.

મનોરંજનની દુનિયામાં પ્રારંભમાં મહિલાઓ માટે સખ્ત સંઘર્ષ હતો. સામાન્ય રીતે ઉદાર અને અભ્યાસુ ગણાતી પારસી સમાજની મહિલા સંગીતકાર સરસ્વતીદેવીને એમનાં સમાજમાંથી હિંસક વિરોધનો સામનો કરવો પડ્યો હતો. સમાજના વિરોધને કારણે ખુર્શીદ મીનોચાર હોમજી નામ બદલીને ‘બોમ્બે ટોકિજ’ ના સ્થાપક હિમાંશુ રાયની સલાહથી ‘સરસ્વતીદેવી’ કરવું પડ્યું હતું.

પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડે પાસેથી સંગીત શીખ્યા પછી સરસ્વતીદેવી શાસ્ત્રીય સંગીત રજૂ કરતાં હતાં. લખનઊમાં મોરિસ કોલેજમાં અભ્યાસ કર્યો અને ત્યાં જ ભણાવવાનું શરૂ કર્યું. એ સમય દરમિયાન નાના- મોટા કાર્યક્રમોમાં ગાવાનું શરૂ કર્યું. મુંબઈમાં રેડિયો સ્ટેશન શરૂ થતાં સરસ્વતીદેવી તથા એમની બંને બહેનોએ વાજિંત્ર વગાડવા શરૂ કર્યા અને ‘હોમજી સિસ્ટર્સ’ નામથી એમની સંગીત પાર્ટીએ લોકચાહના મેળવી.

થિયોસોફિકલ સોસાઈટીના એક કાર્યક્રમમાં હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયે એક કાર્યક્રમમાં હિમાંશુ રાય સાથે પરિચય કરાવ્યો અને હિમાંશુ રાયે એમને ‘બોમ્બે ટોકિજ’માં જોડાવા આમંત્રણ આપ્યું. ફિલ્મ સંગીતથી લગભગ અજાણ એવા સરસ્વતીદેવીએ એમનાં બહેન માણિક સાથે ‘બોમ્બે ટોકિજ’ માં જોડાયાં . એમના પરિવાર


સંગીતકાર ‘સરસ્વતીદેવી’


ઉષા ખન્ના

તથા પારસી સમાજે ફિલ્મોમાં જોડાવાનો વિરોધ કર્યો અને હિમાંશુ રાયની કારમાંથી બહાર ખેંચીને હુમલો કરવામાં આવ્યો. હિમાંશુ રાયને કોઈ વિચાર સૂઝતાં એમનો ‘ દેવિકા રાની’ તરીકે પરિચય આપીને બચાવ્યા. પારસી સમાજના વિરોધને કારણે બંને બહેનોના નામ બદલવામાં આવ્યા. એક બહેનનું નામ ‘સરસ્વતીદેવી’ રાખવામાં આવ્યું અને બીજા બહેનનું નામ ‘ચંદ્રપ્રભા’ રાખવામાં આવ્યું. બંને બહેનોએ ‘જવાની કી હવા’ નામની ફિલ્મમાં ભજવેલી ભૂમિકાને ધ્યાનમાં રાખીને પારસી સમાજે વિરોધ સરઘસ પણ કાઢ્યાં હતાં. સરસ્વતીદેવીની ઓળખ ‘અછૂત કન્યા’ નામની ફિલ્મના સંગીતથી થઇ, જે ફિલ્મના વખાણ મહાત્મા ગાંધીએ કર્યા હતાં. એ જમાનામાં પાર્શ્વગાયક હતાં નહિ, કલાકારોએ જાતે જ ગાવું પડતું. દેવિકા રાની માટે સરળ તર્જ બનાવવાનું કામ સરસ્વતીદેવીએ કર્યું. ‘જવાની કી હવા’ નામની ફિલ્મમાં એમની અભિનેત્રી બહેનનું ગળું ખરાબ થતા એમણે સેટ પર ગાયું હતું અને બહેને ફક્ત હોઠ હલાવ્યા હતાં. બીજા શબ્દોમાં કહીએ તો એ પ્લેબેક ગાયકીની શરૂઆત કહી શકાય.

એ સમયગાળામાં રાજકુમારી, સુલોચના અને સવિતા દેવી જેવાં અભિનેત્રીઓએ અનેક લોકપ્રિય ગીતો ગાયાં હતાં જેણે ભારતીય મનોરંજનને વિશ્વભરમાં લોકપ્રિય કર્યું હતું. ત્રીસીના દાયકામાં સુલોચનાએ ‘આંખે ખોલ અબ નીંદ સે સો લી.’ જેવાં ગીતમાં વિધવા વિવાહ પર પ્રશ્ન ઉઠાવ્યા હતા. આપણા શાંતા આપ્ટેજીએ તો એ સમયે અંગ્રેજીમાં લખાયેલી ક્રાંતિકારી કવિતાઓને સિનેમાના માધ્યમથી પ્રસ્તુત કરીને પ્રગતિશીલ સમાજ માટે પહેલ કરી હતી.

ભારતીય મનોરંજન ઇન્ડસ્ટ્રીમાં પહેલી સંગીતકાર તરીકે અભિનેત્રી નરગિસના માતા જદ્દનબાઈનું નામ આવે છે. જદ્દનબાઈએ ગીત ગાવા સાથે ‘તલાશ એ હક’ નામની ફિલ્મમાં સંગીત આપ્યું હતું. જદ્દનબાઈએ હૃદય મંથન, મેડમ ફેશન અને જીવન સ્વપ્ન જેવી ફિલ્મોમાં સંગીત આપ્યું હતું. આ યાત્રા યાદ કરવાનો હેતુ એટલો જ છે કે મનોરંજનની દુનિયામાં પુરૂષોનું આધિપત્ય રહ્યું છે ત્યાં પ્રારંભથી ઓછી તકો વચ્ચે મહિલાઓએ ઉદાત્ત કહી શકાય એવો ફાળો આપ્યો છે.

સરસ્વતીદેવી પછી સફળ સંગીતકાર તરીકે ઉષા ખન્નાનું નામ કહી શકાય. પુરુષોના આધિપત્ય ધરાવતાં

સંગીતકારોની દુનિયામાં ઉષા ખન્નાનું આગવું નામ રહ્યું છે. આજે પણ લગ્ન માટે પરિવાર સાથે મુલાકાત કરવાની હોય ત્યારે ‘ શાયદ મેરી શાદી કા ખયાલ આયા હે’ એ ચિરંજીવી ગીત છે. ઉષા ખન્નાના પિતાજી સરકારી કહી શકાય એવી નોકરી છોડીને મુંબઈ ફિલ્મોમાં ગીત લખવા આવ્યા. ઉષા ખન્નાએ સિંગર બનવા કરતાં સંગીતકાર બનવું જોઈએ એવી ઇન્દીવરે સલાહ આપી. એસ મુખર્જી અને સંગીતકાર ઓ. પી. નૈયર વચ્ચે કોઈક બાબતે મનદુઃખ થયું હતું. મુખર્જીને નૈયર સાહેબની જેમ સંગીત આપી શકે એવા સંગીતકાર જોઈતા હતા. મુખર્જી સાહેબને ઉષા ખન્નામાં એ પ્રતિભાના દર્શન થયા. ટીનએજમાં ઉષા ખન્નાએ એસ મુખર્જીની સુપર હિટ ફિલ્મ ‘દિલ દે કે દેખો’ માં સંગીત આપવા ગયા ત્યારે વાદકો એમની વાત માને એ માટે સાડી પહેરીને જવું પડ્યું હતું. પહેલી ફિલ્મમાં સંગીત અત્યંત સફળ થયું હોય એવા શંકર જયકિશન કે લક્ષ્મીકાંત પ્યારેલાલ જોડે એ સમયે ટીનએજર ઉષા ખન્નાના યોગદાનને ભૂલી શકાય નહીં.

થોડા સમય પહેલાં ગુજરાતી રંગભૂમિનાં કલાકાર એવાં ગાયત્રી રાવલને મળ્યો હતો, એમણે અભિનેત્રીઓ માટે સરસ વાત કરી હતી.

એ કહે : ‘સ્ત્રી પાત્રો પાસે સમાજની હકારાત્મક અપેક્ષાઓ હોય છે. આ કારણે નકારાત્મક કે એન્ટી હીરો જેવાં પાત્રો ભજવવા મુશ્કેલ રહ્યા છે. હું જ્યારે આવા રોલ કરું છું તો પછી અભિપ્રાયની પરવા કરતી નથી. જો અમે એ ચર્ચા અને સલાહ લેવાનું શરૂ કરીએ તો ક્યારેય એ પ્રકારના બોલ્ડ રોલ કરી શકીએ નહિ. પાત્રની જરુરીયાત મુજબ બોલ્ડ એન્ડ બિન્દાસ એક્ટિંગ કરવા મજબૂત જિગર જોઈએ. મનોરંજનમાં સ્ત્રીઓની સફળતામાં ફક્ત હિમ્મતની જરૂર છે, બાકી નારીશક્તિને કોઈ રોકી શકે તેમ નથી.!’ ■

**ધ એન્ડ :**

*માણસની મૂળભૂત જરૂરિયાત શું છે?*

*રોટી- કપડા અને મકાન. આ સિવાય બાકી બધું મનોરંજન છે (એલો બ્લેક્ક)*

વ્યંગ
ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# કરવતથી કોના કટકા કરવાની કટોકટી?



‘મને માઆઆ.રોઓ ભાઆગ આપીપી દો.’ ચંદુ ચૌદસે લથડતા અવાજે માંગણી કરી.

‘આ કંઇ માગવા બાંગવાનો સમય છે?’ કોઇ વડીલે ચંદુની માગણીથી ભડકીને મોટા અવાજે કહ્યું.હજુ અર્ધો કલાક પણ કયાં થયો હતો? બધું પતી જાય પછી સગાસંબંધીની હાજરીમાં ભાગ પાડવામાં આવે તો સંબંધોના દૂધમાં ખટાશ ન આવે. પ્રેમ ભાવ જળવાઇ રહે. ચંદુ નાનો ભાઇ છે. સંપત્તિની વહેંચણીમાં થોડો વધુ ભાગ ચંદુને મળે તો મનુના મકાનના પાયા થોડા હચમચી જવાના હતા?

‘આ જ ખરોરો મોમોકોઓ છે. નાકક દબાવીએ તો તો જ ભઓડું ખુલે.’ ચંદુએ લથડતી ચાલે અને લથડતા અવાજે માગણી દોહરાવી.

ચંદુના મોઢામાંથી રેલવેના એન્જિનની માફક હળવી ભારે સિસોટી વાગતી હતી. આંખના પોપચા લગભગ લુઢકી ગયા હતા. ચંદુએ પોટલી મોમાં મૂકી અને પોટલી પર ભીંસ આપી. પોટલીનું પ્રવાહી મોં વાટે શરીરમાં ગયું શરીરમાં ગરમાવો આવ્યો. તેના ચહેરા પર પ્રવાહીના દદેડા થયા. બુશકોટના ડાબી બાંયથી મોઢું લૂંછી નાખ્યું. પોટલીમાંના પ્રવાહીની તીવ્ર ગંધ ચારેકોર ફેલાઈ ગઇ. બહેનોએ સાડીનો છેડો નાક આગળ દબાવ્યો.

‘ભૈ કોઇ આને સમજાવો. આને અહીંથી લઇ જાવ.ટાઇમ ફાઇમ જોતો નથી. ફરજ બજાવવાના બદલે ભાગ ... ભાગની માળા જપે છે. ચંદુડો વેળા-કવેળા બખાળો કરી માહૌલ બગાડે છે.’ મનુ મોટાએ ચંદુને આઘો લઇ જવા કહ્યું.

મનુ મોટો ચંદુનો સગો મોટો ભાઇ. મનુએ મા-બાપની જવાબદારી શ્રવણની જેમ ચુપચાપ બજાવેલી -કોઇ લાલચ વિના -કોઇ અપેક્ષા વિના. એક જ મા-બાપના બે રતન. એક ઉદાર અને બીજું ઉધાર.

‘શું બોઓલ્યોયો, મનુનુડા સાલા ? હુંહુંઅં ક્યાંયય જવાવાબવાનોનો નથી. દુઃખના પ્રસંગે પારોઠના પગલાલા ભરૂરૂ તો માઆનું ધાવણ લાજે. લે આ ઊભોઓ. થાયય ઇ કરીરી લે.’ ચંદુ રાજાપાઠમાં આવી ગયો.

‘તારે શેમાં ભાગ જોઇએ ? નપાવટ ચંદુડા.’ મનુએ ગુસ્સે થઇને પૂછ્યું.

‘મારે સંધાયયમાં ફીફટી ફીફટી ભાગ જોઇએએ છે.’ ચંદુએ ઇરાદો વ્યક્ત કર્યો.

‘તારે ઘરેણાંમાં અર્ધો ભાગ જોઇએ છે? તને તારો ભાગ મળી જશે. હવે શાંતિ થઇ?’ મોટા મનુએ ચંદુને પૂછ્યું.

‘ના, ઘરેણાઆ ?એ તો હું તનેએ આપી શકું એટલી મારી ઓકાત છે.’ હવે ચંદુને દેશી પોટલી બરાબર ચડી હતી.

‘આપણા બાપાની ચાલીસ વીઘા જમીન હતી. હું તને વીસ નહીં પચ્ચીસ વીઘા જમીન આપીશ.’ મોટા મનુએ ઉદારતા દાખવી.

‘મનેએ ક્યાંયય ખેતીતી આવડેડે છે? મોટા, જમીન તુંતુંતું જ રાખ.’

‘શહેરનો ફલેટ તારો, ગામડાનું મકાન મારું.’ મોટા મનુએ મકાનની વહેંચણી કરી.

‘ઓકેકેએ.’ ચંદુએ સંમતિ આપી. પોટલીમાંથી પાછો એક ઘૂંટડો પીધો.

‘બાપાએ ચાલીસ લાખ રૂપિયા શેરમાં રોક્યા હતા. શેરની માર્કેટ વેલ્યૂ નેવું લાખ છે. પિસ્તાળીસ લાખ રૂપિયા તારા અને પિસ્તાળીસ લાખ રૂપિયા મારા. બરાબરનો હિસાબ કર્યો છે. એની ડાઉટ ? એની પ્રોબ્લેમ? ‘ મોટો પ્રામાણિક હતો. એને અણહકનું કશું ખપે જ નહીં એમ મોટો હક્કનું કશું છોડે પણ નહીં.

‘યુ આરરર રાઇટ બ્રોઓઓ’ ચંદુએ મોટાનો નિર્ણય વધાવી લીધો. એના માનનાં ‘થ્રી ચિયર્સ’ કહી ત્રણ મોટા ઘૂંટડા પીધા.

‘ચંદુ, બાપાએ કરોડ રૂપિયાની લોન લીધી હતી. બાપા તો દેવ થઇ ગયા. દીકરા તરીકે આપણે પાઇ પાઇનું દેવું ચૂકવવું પડે. હું સિત્તેર લાખ રૂપિયા ચૂકવીશ બાકીના ત્રીસ લાખ રૂપિયા તું ચૂકવી દેજે’ મોટા મનુએ ઓર્ડર કર્યો.

ચંદુ અને મનુ વચ્ચે સ્થાવર અને જંગમ સંપતિની વહેંચણી ચાલતી રહી. પાંચ રજાઇની અઢી અઢી રજાઇની વહેંચણી કરવા રજાઇ ફાડીને રૂમાલ કર્યો ગાદલા, ચાદર,પલંગ, હિંચકા, પૂજામાં બેસવાના પાટલા-બાજોઠ વહેંચાયા. વાસણકુસણ વહેંચાયા.મંદિરના દેવી -દેવતા પણ વહેંચાયા. રામની મૂર્તિ મનુડાની. મહાદેવની મૂર્તિ ચંદુડાની. દીવાસળીની પેટીમાં ન સળગાવેલી ચાલીસ દીવાસળી સુધ્ધાંના ભાગ પડયા. પારિજાતના વૃક્ષમાં પિસ્તાળીસ ફૂલ આવેલ. તેના પણ ભાગ કાંસકાના ચોંટેલા વાળ અને ડ્સ્ટબિનનાં રહેલ કચરાના પણ સરખે હિસ્સે ભાગ પડયા. બાપાને ટીબી, ડાયાબિટીસ , બ્લડપ્રેશર, અસ્થમા હતા. તેના પણ સરખા ભાગ પાડ્યા. બાપાનાં સ્વપ્ન, દુસ્વપ્નના પણ ભાગ પાડયા. બાપાને નડતા ગ્રહ રાહુ, કેતુ, શનિ,મંગળ, વક્ર શુક્ર, માર્ગી ગુરૂ, છત્રભંગ, અઢી વર્ષની ઢૈયા, સાડાસાતીની પનોતી મહાદશા-અંતરદશાના ભાગ પાડેલા. આ અગાઉ, બા-બાપજીના ‘બાગબાન’ ફિલ્મની જેમ ભાગ પાડેલા. બા મનુ મોટાના ભાગે રહી ગઇ.

‘હજજજી, ભાગ પાડવાના બાકી છેએએ.’ચંદુ બરાડ્યો. ચંદુના હાથમાં કરવત હતી.

‘અકરમી, બારી બારણાંના ભાગ પાડીશ તો અમે ઠંડી -ગરમીમાં કયાયના નહીં રહીંએ. ચોર લોકો ચોરી કરી જશે એ નફામાં.’ મનુ મોટો હવે ગરમ થયો.

‘અહીંહીહી. બાઆરી બાઆરણાના ભાઆગ કોને કરવા છે?’ચંદુ દાંત પીસીને બોલ્યો.

‘તો ચંદુડા તારો ઇરાદો શું છે?’ મનુએ સાફ સાફ પૂછયું.

‘મોટા, તને ખબર છે? કબીર સાહેબ નિધન પામ્યા ત્યારે હિન્દુ-મુસ્લિમ અનુયાયીઓમાં દફન દહન કરવા માટે ચડસાચડસી થઇ ગયેલી. કબીર સાહેબના મૃતદેહના કટકા કરવા પડે તો અગ્નિસંસ્કાર અને દફનવિધિ થઇ શકે. ત્યારે ચાદર નીચે ઢંકેલ મૃતદેહને બદલે ફૂલો નીકળેલા. હિન્દુ-મુસ્લિમ અનુયાયીઓએ પોતપોતાની રીત માન્યતા મુજબ વિધિવિધાન કરેલ.’ ચંદુએ કહાની કહી.

‘ચંદુડા , આ બધું કહેવા- સાંભળવાનો કયાં સમય છે? બાપાને કાઢી જવાનો સમય પાકી ગયો છે.એમાં તું ’ મનુ મોટાને નાના ચંદુના ઇરાદા કળાતા ન હતા.

‘મનુભાઇ, હું બાપાના મડાં-મૃતદેહને કાપીને અડધો મૃતદેહને લઇ જવા માગું છું.’ ચંદુએ પાના ઓપન કર્યા.

‘ચંદુડા, કોઇ વ્યક્તિની સ્થાવર જંગમ મિલકતના ભાગ પડે પણ કોઇ વ્યક્તિના મર્યા પછી એના મૃતદેહના ભાગ ? તારે બાપાના મૃત શરીરના શા માટે ટુકડા કરવા છે?’ મનુએ માથે હાથ મૂકીને પૂછ્યું.

‘હું ચંદનનાં લાકડાંથી મારા બાપાનો અગ્નિસંસ્કાર કરવા અને બાપાને મુખાગ્નિ આપવા ઇચ્છું છું.’ ચંદુડાએ મનુ મોટાના કાનમાં હાઇડ્રોજન બોમ્બ ફોડ્યો !

‘ચંદુડા, મેં સ્થાવર જંગમ મિલકતની વહેંચણી કરવાની તારી બધી વાજબી ગેરવાજબી વાત માથે ચડાવી, પરંતુ બાપુજીના મૃતદેહના કટકા કરવાની વાતનો હરગિજ સ્વીકાર નહીં કરું બાપુજી અખંડ હતા અને નિધન બાદ પણ અખંડ રહેશે. બાપુજી કોઇ રાષ્ટ્ર નથી કે એના તને બે ટુકડા કરવા દઉં. બાપજીના જીવતેજીવ સારવાર કરી નહીં અને હવે એના ટુકડા કરી તેમની અંત્યેષ્ટિ કરવી છે? જીવતા કોઇ જાણે નહીં અને મર્યા પછી લે ખીચડી ખા જેવું તરકટ ફરકટ હું ચલાવી નહીં લઉં .’ મનુ મોટાએ લાલ આંખ કરી ચંદુ ચૌદસને તલવાર ઝાટકીને કહી દીધું પછી.

ચંદુડો હાથ ઘસતો રહી ગયો. મનુ મોટાએ બાપુજીને મુખાગ્નિ આપીને અંતિમ સંસ્કાર કરી નાખ્યા. હવે લાગે છે કે મરનાર માણસે સ્થાવર જંગમ મિલકતોની વહેંચણી માટે વસિયાતનામું કરવા ઉપરાંત મૃત શરીરનો કયો હિસ્સો કોને મળશે એનું શરરીરિયત એટલે કે વસિયત કરવાની નોબત આવી ગઇ છે! ■



‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| MAD | સુધારવું |
| MADE | નોકરાણી |
| MAID | પાગલ |
| MEND | ઘાસવાળી જમીન |
| MEADOW | બનાવ્યું |

## ઓળખાણ પડી?



૨૦૧૬માં ભારત સરકારે નોટબંધી જાહેર કરી એ સમયે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ગવર્નર કોણ હતા એની ઓળખાણ પડી?

અ) ડી. સુબ્બારાવ બ) ઉર્જિત પટેલ ક) રઘુરામ રાજન ડ) બિમલ જાલન

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ૨ ફ | રા | ૩ ત | ફ | ૪ રી | ■ | ૫ સ | ર | ૬ સ |
| ૭ ના | રા | ■ | દ | ■ | ૮ સા | ૯ થ | ળ | ■ | મ |
| ૧૦ પ | ક | ૧૧ વા | ન | ■ | ૧૨ ળ | ન | ■ | ૧૩ ભ | ય |
| સ | ■ | રાં | ■ | ૧૪ તા | ■ | ૧૫ ગ | ૧૫-અ મો | ■ | સ |
| ના | ■ | ૧૬ ગ | ૧૭ મ | ન | ■ | ૧૮ ના | દ | ■ | ર |
| ૧૯ પ | ૨૦ ર | ના | રી | ■ | ૨૧ હા | ટ | ■ | ૨૨ ભા | ■ |
| ■ | કા | ■ | ૨૩ ઝ | ૨૪ મી | ર | ■ | ૨૫ અ | વ | ૨૬ નિ |
| ૨૭ જ | સ | ત | ■ | ન | ■ | ૨૮ આ | પ | ■ | દો |
| લ | ■ | ■ | ૨૯ છા | ■ | ૩૦ સ | વા | ર | ■ | ષ |
| ૩૧ દ | ર | મિ | યા | ન | ■ | ૩૨ સ | મા | ન | તા |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | | | ૫ |
| | ■ | ૬ | | ■ | ૭ | | ■ | ■ | |
| ૮ | | | ■ | ૯ | ■ | ■ | ૧૦ | | |
| | ■ | ■ | ૧૧ | | ૧૨ | ૧૩ | | ■ | |
| ■ | ૧૪ | ૧૫ | | ■ | ૧૬ | | | ■ | |
| ૧૭ | ■ | ૧૮ | | ૧૯ | ■ | | ■ | ૨૦ | ■ |
| ૨૧ | | | ■ | ૨૨ | ૨૩ | ■ | ૨૪ | | |
| | ■ | ■ | ૨૫ | | | ૨૬ | | | ■ |
| ૨૭ | | ૨૮ | | ■ | ■ | ૨૯ | | ■ | ૩૦ |
| | ■ | ૩૧ | | | | ■ | ૩૨ | | |

**આડી ચાવી**

૧. અંતર, હૃદય (૫)
૪. મદદ, સહાય, પાડ (૪)
૬. રહસ્ય, ભેદ (૨)
૭. બોલી, વાણી, જબાન (૨)
૮. સમાજના રક્ષણનું કામ કરતા (૩)
૧૦. અવાવરું (૩)
૧૧. બરબાદી, સત્યાનાશ (૫)
૧૪. તરુણ, કુંવારો છોકરો (૩)
૧૬. ભૂલ, મિસ્ટેક (૩)
૧૮. બનાવટી (૩)
૨૧. મારા સસરાની દીકરી (૩)
૨૨. માપ, પ્રમાણ, વિસ્તાર (૨)
૨૪. મદદ (૩)
૨૫. મંદિરમાં વપરાતા પથ્થર (૬)
૨૭. કપાત, બદલામાં અપાય તે (૪)
૨૯. નક્કી (૨)
૩૧. રંગબેરંગી, તરેહવાર (૪)
૩૨. તપ, કરનાર (૩)

**ઊભી ચાવી**

૧. એક સંગીતમય રમત (૪)
૨. આપણાથી એવું કરાય? (૩)
૩. ધૂળ (૨)
૪. સવાર (૩)
૫. ફેરા, ધક્કા, રખડવું તે (૫)
૯. બાધા, મનાઇ (૨)
૧૦. અસ્તિત્વ (૩)
૧૧. તફાવત (૩)
૧૨. ફાગણમાં ગવાય (૨)
૧૩. હિંદુઓ કપાળમાં કરે (૩)
૧૫. માનાર્હ, માનપ્રદ (૩)
૧૭. સોના જેવાં રંગવાળી (૫)
૧૯. પ્રવાહી, દારૂ (અં.) (૩)
૨૦. નદી પાર કરવા જોઇએ (૩)
૨૩. રાવણનાં માથાં (૨)
૨૪. મદદ કરવી તે (૪)
૨૫. ભગવાનની --- ઉતારો (૩)
૨૬. પ્રતિષ્ઠા, આબરૂ (૨)
૨૮. --- ભટ્ટ ને મિયાં ફૂસકી બાળવાર્તાનાં પાત્રો (૨)
૩૦. જમ્યા પછી પીવા જોઇએ (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

શરૂઆતમાં ગલ્લાંતલ્લાં કર્યા પછી સાચી વાત કહી દીધી વાક્યમાં ગલ્લાંતલ્લાં શબ્દનો અર્થ જણાવો.

અ) ગભરાટ બ) ગુસપુસ ક) બહાનાં ડ) ચુપકીદી

## માતૃભાષાની મહેક

વન એટલે જંગલ, વગડો, અરણ્ય વગેરે પ્રચલિત અર્થ છે. વન જવું એટલે તુલસી વગેરે પવિત્ર છોડ સુકાઈ જવું. વન વળવા એટલે વૃક્ષમાં પાનખર પછી નવાં પાંદડાં આવવાં. વનને સિંહનો ને સિંહને વનનો ઓથ એટલે અરસપરસ મદદરૂપ થવું. વનમાં એકલું ઝાડ પણ રહે નહીં એટલે જથ્થો અને ઓથ વગર બધું નકામું છે.

## સુડોકુ-૮૦૩૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૬ | ૩ | | ૧ | ૫ | | |
| ૧ | ૩ | | | | ૯ | | | ૭ |
| ૫ | | | ૨ | | | | ૩ | |
| | | | | | | | | ૯ |
| | ૮ | ૯ | | | | ૩ | ૭ | |
| ૭ | | | | | | | | |
| | ૭ | | | | ૪ | | | ૨ |
| ૩ | | | ૭ | | | | ૯ | ૮ |
| | | ૫ | ૯ | | ૨ | ૭ | ૪ | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૩૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૪ | ૧ | ૭ | ૯ | ૮ | ૬ | ૫ |
| ૭ | ૬ | ૯ | ૮ | ૫ | ૨ | ૧ | ૪ | ૩ |
| ૫ | ૮ | ૧ | ૩ | ૪ | ૬ | ૯ | ૨ | ૭ |
| ૩ | ૭ | ૬ | ૪ | ૨ | ૧ | ૫ | ૮ | ૯ |
| ૯ | ૨ | ૫ | ૬ | ૮ | ૩ | ૭ | ૧ | ૪ |
| ૪ | ૧ | ૮ | ૫ | ૯ | ૭ | ૨ | ૩ | ૬ |
| ૧ | ૫ | ૭ | ૨ | ૬ | ૪ | ૩ | ૯ | ૮ |
| ૮ | ૪ | ૩ | ૯ | ૧ | ૫ | ૬ | ૭ | ૨ |
| ૬ | ૯ | ૨ | ૭ | ૩ | ૮ | ૪ | ૫ | ૧ |

## ગુજરાત મોરી મોરી રે

સંસારમાં સ્ત્રી, પૃથ્વી અને ધન ત્રણ કજિયાના મૂળ ગણાયા છે એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

જોરૂ કજિયાનાં ત્રણેય જમીન એ ને જર છોરું

## ઈર્શાદ

દાદા! કાગળ હોય તો વાંચીએ,
ઓલ્યાં કરમ વાંચ્યાં કેમ જાય?

- લોકગીત

## માઈન્ડ ગેમ

કયા ભારતીય ખેલાડીએ બે ખેલ (ક્રિકેટ અને ટેનિસ)માં રાષ્ટ્રીય ટીમમાં પ્રતિનિધિત્વ કર્યું હતું એ જણાવો.

અ) રંગાચારી બ) નિંબાળકર
ક) રામસ્વામી ડ) અમૃતરાજ

## ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| RAW | કાચું |
| ROW | હાર |
| ROE | હરણ |
| ROB | લૂંટવું |
| ROBE | જામો |

ઓળખાણ પડી?
મુશ્તાક અલી


માઈન્ડ ગેમ
Air Rifle

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
અણધાર્યા

ગુજરાત મોરી મોરી રે
આપ સમાન બળ નહીં મેઘ સમાન જળ નહીં

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) ખુશરૂ કાપડિયા (૬) હર્ષા મહેતા (૭) ભારતી બુચ (૮) મુલરાજ કપૂર (૯) નૂતન વિપીન (૧૦) પુષ્પા પટેલ (૧૧) લજિતા ખોના (૧૨) મહેશ દોશી (૧૩) શ્રદ્ધા આશર (૧૪) મીનળ કાપડિયા (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૯) ભાવના કર્વે (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) મહેન્દ્ર લોઢાવિયા (૨૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૪) નંદકિશોર સંજાણવાળા (૨૫) નયના ગિરીશ મિસ્ત્રી (૨૬) જગદીશ ઠક્કર (૨૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૮) પુષ્પા ખોના (૨૯) ચૌહાણ જયેશભાઈ પરબતભાઈ (૩૦) અંજુ ટોલિયા (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) અરવિંદ કામદાર (૩૬) નિતિન બજરિયા (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રમેશ દલાલ (૩૯) ઈનાક્ષી દલાલ (૪૦) હિના દલાલ (૪૧)અલકા વાણી




**અઘોરીઓએ ત્રિશૂળ અને ખોપરીઓને આજુબાજુ ફગોળી દીધાં હતા. એ હવે સાથેની યુવતીને ઊંચકી લઈ એને આલિંગનમાં જકડીને નાચવા લાગ્યા.**

થોડીવાર પછી પેલી ૧૨-૧૩ વર્ષની કન્યાની ચીસો સંભળાતી બંધ થઈ અને જંગલી પશુઓના પણ રૂંવાડાં ઊભાં કરી દે એવા જયઘોષથી વાતાવરણ ગાજી ઊઠ્યું.

'યહ લડકી કા બલિદાન કબ હોગા?' મેં ધ્રૂજતા અવાજે પૂછ્યું.

'પાંચ દિનકે બાદ અમાવાસ્યા કો.' નિકુંભઆનંદે પણ શુષ્ક અવાજે જવાબ આપ્યો.

ચોતરફ અંધકાર ફેલાતો જતો હતો અને અઘોરી ચોતરફ મશાલો પ્રગટાવી હતી.

હું અને નિકુંભઆનંદ મારી ઓરડી પાસે પહોંચ્યા ત્યારે એક અઘોરી દરવાજા પાસે જ ઊભો હતો, બોલ્યોઃ 'માતા આદિતિજીને આપકે લીયે સ્ટવ ઔર થર્મોસ ભેજેં હૈં. આશા હૈ ઈસસે આપકો સુવિધા હોગી ઔર ભોજન કે પશ્ચાત અવશ્ય મિલને કો કહા હૈ.'

મેં એનો અને માતા અદિતિજીનો આભાર માન્યો. ખાવાની જરા પણ રુચિ ન હોવા છતાં સ્ટવની સુવિધા મળવાના કારણે ખીચડી બનાવી લીધી. થર્મોસમાં દૂધ હતું. નિકુંભઆનંદ જે સીધાસામાન લાવ્યો હતો તેમાં ચા બનાવવા માટેની સામગ્રી હતી . નિકુંભઆનંદને પણ મેં મારી સાથે ભોજન લેવા આમંત્રણ આપ્યું, પણ એણે કહ્યું: 'અમને અઘોરીઓને આ સાધના દરમિયાન એકસાથે જ ભોજન લેવાનો આદેશ છે એટલે આપ ક્ષમા કરજો. કલાક પછી હું આપને લેવા આવીશ. આપણે સાથે જ માતા અદિતિ પાસે જઈશું. માતા ભાગ્યે જ કોઈને મળે છે. આપ ભાગ્યશાળી છો કે માતા અદિતિએ આપને સામેથી મળવા માટે આમંત્રણ આપ્યું છે.'

એ ગયો અને હું મારા ભાગ્ય પર વિચારતો રહ્યો.

પેલી માસૂમ છોકરીનો ચહેરો આંખ સામે તરવરવા લાગ્યો.

એનું બલિદાન રોકી શકાય? મારે શું કરવું જોઈએ? ચૂપચાપ જોતા રહેવું ? હું કરી પણ શું શકું? મારા કહેવાથી જ શું આ અઘોરીઓએ છોકરીનું બલિદાન આપવાનો વિચાર માંડી વાળશે?

એક ક્ષણ માટે તો એવો વિચાર પણ આવી ગયો કે સવારે જ મારે અહીંથી ચાલ્યા જવું. કમસે કમ આ ભયાનક કાર્યક્રમના સાક્ષી બનવામાંથી તો એ રીતે છૂટકારો મળી શકશે? આટલું જોયા પછી આ અઘોરીઓ મને હવે કાલે અહીંથી જવા દેશે ખરા? એમની સાધનામાં દખલ કરવાનો કોઈ અધિકાર મને છે ખરો? શિવાનંદે આ માટે પહેલાં પણ મને ચેતવ્યો હતો. સલાહ પણ આપી હતીઃ ચૂપચાપ જોયા કરજો.

માતા અદિતિને મળવાથી કંઈ માર્ગ સૂઝશે. મેં આશાસ્પદ રીતે વિચાર્યું. એકાદ કલાક પછી નિકુંભઆનંદ આવ્યો. એ ભૂતપૂર્વ ડોક્ટર અઘોરીના ભયાનક વેશમાં હોવા છતાં મને એના તરફ મિત્ર જેવો ભાવ થવા લાગ્યો હતો. એ એક સમયના સંસ્કારી ડોક્ટરે અઘોરીઓનું ઘૃણાસ્પદ ભોજન એમની સાથે કેવી રીતે કર્યું હશે? સાથે જ મને યાદ આવ્યું કે બપોરે પાડાનું લોહી પીવામાં એ નિકુંભઆનંદે કોઈ દિલચસ્પી બતાવી નહોતી. તે સમયે તો એની સાથે વધુ વાતો કરવાનો સમય નહોતો, પણ નિકુંભઆનંદના જીવનની ભીતર ઊતરવાનો - ઊંડાણથી ઊતરવાનો મેં નિર્ણય કરી લીધો હતો.

અમે બંને માતા અદિતિના ઓરડા પાસે પહોંચ્યા, એ અમારી પ્રતીક્ષા જ કરી રહ્યા હોય એમ બેઠાં હતાં. એમની બાજુમાં જ સવારે મારો હાથ ચોંટાડી દેનાર નિર્મલઆનંદ બેઠો હતો. મને જોઈ એણે તોફાની સ્મિત કર્યું. મેં મારા હાથ જોડી હસીને જવાબ આપ્યો. પેલી માસૂમ છોકરીના વિચારોમાં અને એને જોવામાં જ મેં માતા અદિતિને ખૂબ ધ્યાનથી જોયા ન હતાં. ફક્ત પહેલી નજરે એમનું પ્રભાવશાળી વ્યક્તિત્વ મને યાદ રહી ગયું હતું, પણ અત્યારે અહીં મશાલના પ્રકાશમાં મેં એમને ખૂબ ધ્યાનથી જોયાં. ચહેરો તામ્રવર્ણો હતો. ને મશાલના પ્રકાશના કારણે સોનેરી લાગતો હતો. છૂટા વાળમાં છૂટાછવાયા સફેદ વાળ દેખાઈ આવતા હતા. આંખો ખૂબ જ આકર્ષક હતી પણ ધ્યાનથી જોતાં જ એ આંખોમાંના ઝેરીલા સાપોની જીભ ફૂત્કારવા લાગી જતી. કોઈ વિષકન્યાની હોય એવી એ આંખો ઝેરીલી અને મદીલી હતી. આંખ પરની ભ્રમર પાતળી અને ધારદાર હતી. આંખોથી ચહેરો સાવ અલગ પડી જતો હતો. કોઈ મમતાભરી સ્ત્રીના ચહેરા પર શેતાનની આંખો બેસાડી દીધી હોય એમ મને લાગ્યું. આમ છતાં એ આંખો આકર્ષક હતી. એ આકર્ષણ કદાચ સામી વ્યક્તિને લકવો લાગુ પાડી દે એવા જાદુઈ વશીકરણનું હતું.

મેં થાકીને એના ચહેરા પરથી આંખો હટાવી લીધી. એણે હસીને મારા સ્વાગતમાં બે શબ્દો કહ્યા. મેં એમનો આભાર માન્યો.

'તમે આ બલિદાન શા માટે આપો છો? બલિદાન શું જરૂરી છે?' ખૂબ અચકાતાં અચકાતાં હું પૂછી બેઠો.

'તમે ભોજન કર્યું? શા માટે? ભોજન કરવું શું આવશ્યક છે?' એમણે સામો પ્રશ્ન કર્યો.

'ભોજન અને બલિદાનમાં મોટો ફરક છે. ભોજન જીવવા માટે આવશ્યક છે. બલિદાન વ્યર્થ.' મેં દલીલ કરી.

'ભોજન જીવવા માટે આવશ્યક છે. બલિદાન સારી રીતે જીવવા માટે આવશ્યક છે.'

'સારી રીતે?!'

'સારી રીતે એટલે શક્તિવાન બનીને, સત્તાધિશ બનીને. શક્તિવાન અને સત્તાધીશ બનવા માટે બલિદાન આવશ્યક છે. શક્તિવાન અને સત્તાધીશ બન્યા સિવાય જીવવાનો કોઈ અર્થ નથી. અમારા માટે જીવવું-સંપૂર્ણ રીતે જીવવું એ જ ધર્મ છે. તમારી નજરે એ અમારો ધર્મ છે - હશે. અમારી નજરે એ જ સર્વશ્રેષ્ઠ ધર્મ છે. '

માતા અદિતિના શબ્દોમાં દૃઢતા હતી. પરાત્પર કરતાં આમનાં વિચારો પણ વધુ સ્પષ્ટ અને ઘડાયેલા હશે એમ મને લાગ્યું.

'બીજાનું - અન્યનું મૃત્યુ નીપજાવી જીવનને શ્રેષ્ઠ કરે એને ધર્મ કહેવાય?' મેં પૂછ્યું.

'જીવવું એ જ ધર્મ છે. કેવી રીતે? શા માટે? આ પ્રશ્નો ગૌણ છે. એ માર્ગ છે, ધર્મ નથી.' એમનું આ વાક્ય ખૂબ જ સ્પષ્ટ હતું. અલબત્ત, મારા વિચારોથી એ ખૂબ જ અલગ હતું. પંડિત વર્ષો સુધી માથાં પછાડ્યા કરે છતાં ન તોડી શકે એવો એ તર્ક હતો પણ જીવનને, ધર્મને જેણે બૌદ્ધિક રીતે નહીં પણ ભાવનાત્મક રીતે સ્વીકાર્યું હોય એના માટે આ વાક્ય પડકારરૂપ હતું. મારે એ પડકાર ઝીલવો જ પડે. બૌદ્ધિક કક્ષાએ ચાલી રહેલી દલીલબાજી ભાવનાત્મક સપાટી પર લઈ જવી મુશ્કેલ હોય છે અને એ પણ અદિતિ જેવી સ્ત્રી સાથે તો ખાસ, એમ મને લાગવાથી મેં એમને બોલવા દીધા. એમનું પાંડિત્ય ખલાસ થવા દો. કદાચ ત્યાંથી જ ભાવનાત્મક માર્ગ શરૂ થતો હશે. મને અદિતિના મમતાભર્યાં ચહેરા પર વિશ્વાસ મૂકવાની ઈચ્છા થઈ આવી.

એ અર્ધી કલાક સુધી મને અઘોરીઓનું તત્ત્વજ્ઞાન સમજાવતાં રહ્યાં. વેદકાળ પહેલાંથી અને શરૂઆત કરી. બ્રહ્મવાદ, કાળવાદ, સ્વભાવવાદ, નિયતિવાદ, ભૂતવાદ, યોનિવાદ, પુરુષવાદ, એતત્સંયોગવાદ, આત્મવાદ અને દેવાત્મકશક્તિવાદ..

આ બધા જ પુરાણા વાદોનો સહારો લઈ એ પોતાના અઘોરપંથનું સમર્થન કરતાં રહ્યાં 'કાળનું મૂર્ત રૂપ સૂર્ય છે. આ સમગ્ર સૃષ્ટિ કાળના મોઢામાં બલિદાનનો કોળિયો છે. જન્મ-મૃત્યુ, દુઃખ-સુખ આ બધાં જ એ કાળચક્રના આરા છે. અન્વન્તરો અને પ્રલયોરૂપી કાલાગ્નિમાં આ સૃષ્ટિ બલિદાન બની હોમાયા કરે છે. મનુષ્યનો જઠરાગ્નિ પણ એક યજ્ઞ છે અને મહાકાળનું એક મુખ છે. એ પણ અન્નરૂપે સૃષ્ટિનું બલિદાન ઈચ્છે છે. આ મહાકાળના ભવ્ય પ્રવાહમાં પાંચ પ્રકારની લહરીઓ ઊઠે છે જેને પાંચ પ્રકારનાં જ્ઞાન પણ કહેવામાં આવે છે. અવ્યકતાત્મા, વિજ્ઞાત્મા, પ્રાણાત્મા અને ભૂતાત્મા, એ જ્ઞાનનાં આત્મિક સ્વરૂપો છે. આત્મા ઉપરાંત સમગ્ર સૃષ્ટિ જડ અને ચેતનની બની છે.. ચેતન જડનું ભક્ષણ કરીને જ કાળ પ્રવાહને વહેતો રાખે છે. અગ્નિ વાયુરૂપે ચેતનાનું અને સમિઠ રૂપે જડનું ભક્ષણ કરે છે. મનુષ્ય પણ જળ, વાયુ અને અન્નરૂપે ચેતના અને જડનું ભક્ષણ કરીને જ કાળપ્રવાહની એક લહરી બને છે. કાળના આ મહાયજ્ઞમાં આહુતિઓ આપીને જ શક્તિવાન બની શકાય છે. શક્તિવાન જ કાળના પ્રવાહ પર તરીને જીવી શકે છે. નિર્માલ્યો એના બલિદાન બનીને એ યજ્ઞમાં સહાયરૂપ બને છે.'

એમનું આ વિશદ અને અર્ધા કલાક ચાલેલું ભાષણ સાંભળ્યા પછી હું બોલ્યો :

'સ્વભાવમેકે કવિયો વદન્તિ, કાલં તથાન્યે પરિમુહ્યમાનાઃ'

મારું આ વાક્ય સાંભળતા જ એમની આંખો ક્રોધથી સળગી ઊઠી. આમ છતાં મેં જોયું કે એમના ચહેરા પરની શાંતિમાં જરાય ફેરફાર થયો ન હતો. અત્યાર સુધી શાંત બેઠેલો નિર્મલઆનંદ બોલી ઊઠયોઃ

'તમે અમારા અતિથિ છો. અમને પરિમુહ્યમાન-મોહગ્રસ્ત કહેતાં પહેલાં આપે આપની શક્તિનો વિચાર કરી લેવો જોઈએ.'

હું ક્ષણભર ખામોશ ઊભો રહ્યો, વિચારતોઃ આ ધમકી છે? આમ છતાં મેં પૂછ્યુંઃ 'આપ શક્તિ કોને કહો છો?'

નિર્મલઆનંદ જ બોલી ઊઠ્યોઃ

'મેં સવારે જ મારી શક્તિનો પરિચય તમને આપ્યો છે. અમારા અલૌકિક ચમત્કારો તમે આજે જોયા જ હશે.'

'જોયા છે આમ છતાં આને હું અલૌકિક શક્તિ નથી માનતો.'

'તો જાદુ માનો છો? છળકપટ માનો છો?'

'ના, શક્તિ અને સાધનાનો વ્યય.' મારા આ ઘાથી અદિતિ અને નિર્મલઆનંદ બંને સ્તબ્ધ બની જોઈ રહ્યાં.

નિકુંભઆનંદ તરત બોલી ઊઠયોઃ 'માતાજી, હમેં આજ્ઞા દે. અતિથિ કો અપના અગલા કાર્યક્રમ દિખાને મૂઝે લે જાના હૈ'.

નિકુંભઆનંદની આ ચાલાકી પર અમે ત્રણેય હસી પડયાં. માતા અદિતિનું હાસ્ય ખૂબ જ નિખાલસ હતું. એવા જ નિખાલસ શબ્દોમાં એ બોલીઃ

'તત્ત્વ ચર્ચાના બદલે પ્રયત્ક્ષ પરિણામ જોયા પછી જ આપના મનનું સમાધાન થશે.'

'એવી આશા સો જ હું અહીં આવ્યો છું.'

અમે વિદાય લીધી. ચાલતાં ચાલતાં જ મેં નિકુંભઆનંદને પૂછ્યું.

'આગળનો કાર્યક્રમ શું છે?'

'તમે ચર્ચા કરતાં ક્યાંક ઝઘડી પડશો.' એ ચિંતાથી બોલ્યો, 'અહીં માતા અદિતિ હતાં એટલે વાંધો નહોતો. વામદેવજી હોત તો આપની સ્થિતિ ખરાબ થઈ ગઈ હોત.'

હું ફક્ત બેફિકરું હસ્યો.

'એક પ્રશ્નનો જવાબ તમે આપશો?' મેં નિકુંભઆનંદને પૂછ્યું.

'પૂછો.'

'સવારથી અહીં જોઈ રહ્યો છું. બધા જ અઘોરીઓ બધા કાર્યક્રમમાં ભાગ નથી લેતા. એમ શા માટે? દાખલા તરીકે તમે જ ઘણાય પ્રયોગોમાં ભાગ નથી લીધો.'

'દીક્ષાર્થીઓ જ સાધનામાં ભાગ લે છે. એવા દીક્ષાર્થીઓ આ સાધના શિબિર વખતે ત્રીસ છે. જેને તમે બપોરના પાડાનું લોહી પીવા માટે પડાપડી કરતા જોયા હતા એ બધા જ દીક્ષાર્થીઓ છે. એ સિવાય વિધિ કરાવનારા દીક્ષા આપનારા ગુરુઓ છે, માર્ગદર્શકો છે. મારા જેવા ફક્ત અનુભવ લેવા આવેલા અઘોરીઓ પણ છે, જે વ્યવસ્થા સંભાળે છે.'

'તમે હજુ દીક્ષા નથી લીધી?' મેં પૂછ્યું.

'અઘોરીઓના અનેક પંથો આજે ભારતમાં છે. મુખ્યત્વે ભોગપ્રધાન તત્ત્વજ્ઞાન અને અઘોર વિદ્યાઓની સાધના કરનારા અઘોરીઓ કહેવાય છે. તમે ધર્મની ઉત્પત્તિ વિશે તો જાણતા જ હશો. બે મુખ્ય વિચારોમાં જે ડાબી તરફ ઝૂકતો હતો એ વામમાર્ગ કહેવાયો. આજકાલ તમે જેમ કેટલાકને 'લેફિટસ્ટ' કહો છો તેમ. આ અસુરોનો માર્ગ પણ કહેવાય છે. લોકાયતદર્શન જે વેદકાળ સમયે પણ પ્રચલિત હતું એ આ વામમાર્ગનો મુખ્ય આધાર છે. યદચ્છાવાદના અહેતુવાદી દાર્શનિકોની જેમ અઘોરીઓ પણ 'અઘટિતઘટના પરિયસી'માં માને છે. એ ઘટનાઓનું કારણ શોધતા નથી. સ્વીકારી લે છે. જીવનમાં એક અકસ્માત જે બની જાય છે તે જ સંયોગ છે. પ્રથમ અને આ જ્ઞાનદીક્ષા આપવામાં આવે છે. એ જ્ઞાનદીક્ષા મેં લીધી છે એ પછી મંત્ર-તંત્રની દીક્ષા છે. એક વખત બધું જ 'યદચ્છા' સ્વીકારી લીધા બાદ મંત્ર-તંત્રથી પ્રકૃતિને ભોગવી શક્તિ પ્રાપ્ત કરી 'યદચ્છા'ને 'સ્વેચ્છા'માં ફેરવવાની આ વિદ્યા છે. જેમ એક પહેલવાન ઉસ્તાદ પાસેથી કુસ્તી શીખીને પછી અન્ય પહેલવાનોને પડકારતો ફરે છે એવું જ આ છે. પહેલાં પ્રકૃતિની શક્તિને સ્વીકારો અને પછી એને પડકારો વધુ શક્તિમાન બનવા માટે.. આ તંત્ર-મંત્ર દીક્ષામાં શક્તિની આરાધના જ મુખ્ય છે. એ સિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી જ સર્વોચ્ચ અઘોરી બની શકાય છે. એ ખૂબ જ કઠિન માર્ગ છે.'

નિકુંભઆનંદનું ભણતર મને સ્પષ્ટ રીતે સમજાવવામાં વધુ અનુકૂળ લાગ્યું. એ અમને બંનેને સહાયક હતું. થોડીવાર રોકાઈને એ બોલ્યો :

'તમે વિધિઓ જોઈ રહ્યા છો. બહારથી જોવાનું ભાગ્ય તમને પ્રાપ્ત થયું છે , પણ તમે મંત્રો તો પામી ન જ શકો. હવે અહીં દીક્ષાર્થીઓ એમનું નૃત્ય કરશે, જે મધરાત સુધી ચાલશે. આપ થાક્યા ન હો તો એ જુઓ.'

થાકનો કોઈ સવાલ જ ન હતો. આવા અદ્ભુત અનુભવો જોઈ ક્યારેક વિચિત્ર ભાવો મનમાં ઊઠતાઃ ડર, ભય, ક્રોધ, હતાશા, આમ છતાં થાકવાનો સવાલ જ નહોતો. હું અહીં જોવા- સમજવા આવ્યો હતો.

હું અને નિકુંભઆનંદ ઓટલા પર બેઠા. મશાલોના પ્રકાશમાં વાતાવરણ વધુ ભયાનક લાગતું હતું. સ્વચ્છ આકાશમાં તારાઓ વધુ સ્પષ્ટ અને જાણે નીચે ઊતરી આવ્યા હોય એમ લાગતા હતા. અઘોરીઓનું ટોળું ધીરે ધીરે યજ્ઞકુંડની આસપાસ જમા થઈ રહ્યું હતું.

થોડી જ વારમાં ત્રીસેક જેટલાં અઘોરીઓ એક કતારમાં યજ્ઞકુંડની સામે ઊભા હતા. જ્યારે વામદેવ એમની તરફ ગયા ત્યારે એ બધાએ શક્તિદેવીનો જયઘોષ કર્યો. એ પછી બધા પોતાનું માનવ ખોપરીનું પાત્ર આગળ ધરી ઊભા રહ્યા. એક અઘોરીએ તેમાં પ્રવાહી રેડવાની શરૂઆત કરી.

નિકુંભઆનંદે મને કહ્યુંઃ 'એ સોમરસ છે, પણ તમે પીધો હતો તેનાથી વધારે તેજ અને વધુ 'ઉત્તેજક.'

બધા જ અઘોરીઓના પાત્ર ભરાઈ ગયાં પછી એ સહુએ સમૂહ મંત્રોચ્ચાર શરૂ કર્યા. ઘણા સમય સુધી એ મંત્રોચ્ચાર ચાલ્યા પછી વામદેવની આજ્ઞા મળતાં જ એ બધા અઘોરીઓ સોમરસને પી ગયા. ખોપરીમાંથી પીતી વખતે મોંઢાની બંને તરફની ધારા વહીને એમની વિશાળ છાતી પર પડતી હતી, એનો રંગ લાલ હતો અને મારા પૂછવા પછી નિકુંભઆનંદે કહ્યું કે એમાં રક્ત ભેળવવામાં આવ્યું છે !

અચાનક નગારાના પ્રચંડ અવાજથી અને મોટા જયઘોષથી અઘોરીઓ જે તરફ જોવા લાગ્યા હતા એ તરફ અમારું ધ્યાન દોરાયું. અમે બેઠા હતા એની પાછળના ઓરડામાંથી જ અદિતિ પેલી યુવતીઓ, જેને મેં આવતી વખતે વશીભૂત થયેલી જોઈ હતી, એ સૌ સાથે બહાર આવી રહ્યા હતાં. એ યુવતીઓએ અત્યારે શણગાર કર્યો હતો, પણ એમના ઘાટીલા વક્ષઃસ્થળ ખુલ્લાં હતાં. ફક્ત આદિવાસીઓની જેમ એમણે કમર પર જ વસ્ત્ર વીંટાળ્યું હતું. સવારે જોયેલા છૂટા વાળ અત્યારે વ્યવસ્થિત રીતે માથા પર બાંધ્યા હતા. એ યુવતીઓ અત્યારે પણ સંમોહનમાં હોય એમ જ ચાલતી હતી. એ સરઘસની છેલ્લે સંમોહન કરનાર પેલો જાડો અઘોરી હતો.

યુવતીઓ ચોકની વચ્ચમાં આવી કે તરત જ અઘોરીઓ ઉન્મત્ત બની ચીસો પાડી નાચવા લાગ્યા. નગારાનો અવાજ એકધારો અને તાલબદ્ધ બનવા લાગ્યો. દીક્ષાર્થી, અઘોરીઓ અને આ યુવતીઓ સામસામે કતારમાં ઊભીને નાચવા લાગ્યા. યજ્ઞમાં વધુ સમિધ નાખ્યા પછી એ ભડભડ બળવા લાગ્યો હતો. એની શિખાઓ પણ જાણે આ અઘોરીઓ સાથે નૃત્ય કરતી હોય એમ લાગતું હતું. એ અગ્નિના તેજમાં નૃત્ય કરતા અઘોરીઓ ભયાનક લાગતા હતા. પોતાના ડાબા હાથમાં રહેલી ખોપરીને એ જમણા હાથમાંના ત્રિશૂળ સાથે ભટકાવીને તાલ આપતા. યુવતીઓને ટાંપી રહેલી એમની આંખોની રતાશ અમે બેઠા હતા ત્યાંથી પણ સ્પષ્ટ દેખાતી હતી.

મેં નિકુંભઆનંદને ધીરેથી પૂછ્યુંઃ 'આ યુવતીઓ પણ દીક્ષાર્થી છે?'

'ના, દીક્ષાર્થીઓએ પીધેલા સોમરસ જેટલું જ એમનું મહત્ત્વ છે. સાધકની સાધના માટેના સાધન સિવાય એ યુવતીઓ કશું જ નથી.'

'સાધના પછી એમનું પણ બલિદાન આપી દેવાશે?' કંપતા ધીમે અવાજે મેં પૂછ્યું.

'ના,' નિકુંભઆનંદ ધીરેથી બોલ્યો.

'તો એમનું શું થશે?'

'એમને છોડી દેવામાં આવશે.'

'આ યુવતીઓને ક્યાંથી લાવવામાં આવી છે?'

'એ તમારે જાણવાની જરૂર નથી.'

પહેલી વખત એણે ચિડાઈને જવાબ આપ્યો. હું ચૂપ થઈ ગયો. થોડીવાર પછી એ જ બોલ્યોઃ

'માફ કરજો. કેટલાક સવાલોના જવાબ આપવાનો મને અધિકાર નથી. આવા સવાલો તમે બાબા ભૈરવનાથ માટે રાખી મૂકો. યોગ્ય લાગશે તો એ જ તમને જવાબ આપશે.'

'દિલગીર છું.' મેં કહ્યું અને નૃત્ય જોવામાં પરોવાયો.

હવે એક પાતળો અને ઊંચો અઘોરી નૃત્ય કરતી યુવતીઓ અને અઘોરીઓની વચમાં નાચવા લાગ્યો હતો. એના શરીરમાં કોઈ ભૂત પ્રવેશ્યું હોય એમ એ બેફામ કૂદકા મારતો હતો, ધૂણતો હતો અને ચીસો પાડતો હતો. નગારાનો અવાજ મોટો અને ઝડપી બન્યો હતો. વચ્ચમાં નાચતા એ અઘોરીએ યજ્ઞમાંથી બે સળગતાં લાકડાં ખેંચ્યા અને બંને હાથમાં લઈ નાચવા લાગ્યો. યુવતીઓ આ કશું જોતી જ ન હોય એમ મત્ત બનીને નાચતી હતી. ધૂણતાં ધૂણતાં એ અઘોરીએ લાકડાનાં સળગતા છેડા પોતાના હાથમાં પકડ્યા.

ક્ષણભર એ થોભ્યો અને ફરી નાચવા લાગ્યો. એ નાચતો હતો ત્યારે એવું લાગતું હતું કે જાણે એના બંને હાથ સળગી રહ્યા છે. પાંચેક મિનિટ સુધી સળગતા લાકડાં સાથે નાચ્યા પછી એણે એ લાકડાં ફેંકી દીધાં અને પોતાના વિશાળ પંજાઓ બતાવતો નાચવા લાગ્યો.

મધરાત નજીક આવી રહી હતી. ખોપરીઓના ઠમકારા અને નગારાના અવાજ સાથે હવે રડવાનો એક વિચિત્ર અવાજ સંભળાવા લાગ્યો. પહેલાં તો એ અવાજ ક્યાંથી આવે છે એ ન સમજાયું પણ નિકુંભઆનંદના કહેવાથી ખબર પડી કે બહાર જંગલમાં શિયાળના રડવાનો એ અવાજ હતો. કોઈ ધીરેથી ગાતું હોય તો પણ જંગલમાં માઈલો સુધી એ અવાજ રાતની શાંતિમાં સાંભળી શકાય છે, જ્યારે આ તો અનેક શિયાળવાઓના રડવાનો તીવ્ર અવાજ હતો. એ રડવાના અવાજ અને નગારાના અવાજ વચ્ચે સ્પર્ધા ચાલી રહી હોય એમ એકબીજાના અવાજને દબાવી દેવા માટે એ બંને અવાજો વધુ ને વધુ તીવ્ર થવા લાગ્યા.

હવે જાણે કશું સંભળાતું ન હતું. ઘૂવડના, ચામાચીડિયા અવાજો પણ એમાં ભળ્યા હોય એમ મને લાગ્યું. ક્યાંકથી ચીસો સંભળાવાનો ભ્રમ થવા લાગ્યો. મેં કાન ઉપર હાથ મૂકી દીધો. હાથ ઠંડા પડી ગયા હોય એમ મેં અનુભવ્યું.

યુવતીઓ અને અઘોરીઓ હવે એક સાથે ગોળ ફરતાં નાચતાં હતાં. એમના નૃત્યમાં તાલનું પ્રમાણ ઘટવા લાગ્યું હતું. માદકતા વધવા લાગી હતી. અઘોરીઓએ ત્રિશૂળ અને ખોપરીઓને આજુબાજુ ફગોળી દીધાં હતાં. એ હવે સાથેની યુવતીને ઊંચકી લેતા અને નાચવા લાગતા, ક્યારેક યુવતીને આલિંગનમાં જકડી લેતા અને નાચવા લાગતા. યુવતીઓ ચાવી દીધેલી પૂતળીઓ હોય એમ એમને સાથ આપી રહી હતી. એક સમયે બે અઘોરીઓ એક જ યુવતીને ખેંચવા લાગતાં થોડું ઘમસાણ મચ્યું , પણ વામદેવે એમને તરત જ અલગ પાડ્યા.

થોડીવાર પછી બધી જ મશાલો બૂઝાવી નાખવામાં આવી. ફક્ત યજ્ઞમાં અગ્નિના પ્રકાશને કારણે મકાનની દીવાલો પર નાચતા પડછાયા હવે વધુ ભયાનક દેખાવા લાગ્યા હતા. નાચના કારણે ઊડતી ધૂળ અને ધુમાડાના કારણે દૃશ્ય ધૂંધળું થવા લાગ્યું હતું. આમ છતાં સ્પષ્ટ જોઈ શકાતું હતું કે અઘોરીઓ અને યુવતીઓએ પોતાનાં વસ્ત્રો ફગાવી દીધાં હતાં. અચાનક અવાજો બંધ થઈ ગયા. કેટલીય પળો સુધી ફક્ત શાંતિનો અનુભવ કરતાં ઊભા રહ્યા. દૂર જંગલમાંથી કંઈક વિચિત્ર અવાજ આ શાંતિનો ભંગ કરતો હતો ખરો. અઘોરીઓએ પોતાના હાથમાં યુવતીઓને ઊંચકી લીધી હતી અને ધીરે ધીરે ગોળ ફરતા હતા.

એ જ વખતે નિકુંભઆનંદ ખૂબ જ ધીરેથી મારા કાનમાં બોલ્યોઃ

'આ જગતમાં અઘોરી સિવાય અન્ય કોઈ માનવીએ જે તંત્રસાધનાનું દૃશ્ય જોયું નથી એ હવે આપને જોવા મળશે. ઉત્તેજિત ન થશો. મૈથુન દ્વારા શક્તિ પ્રાપ્ત કરવાનું અઘોરીઓનું આ અલૌકિક તંત્ર છે.'

હું પણ સંમોહિત થઈને એ તરફ એકીટસે જોવા લાગ્યો.. (ક્રમશઃ) ■

---

**તસવીરની આરપાર**

___ભાટી એન.
feedback@bombaysamachar.com

# પોરબંદરનો હુજૂર પૅલેસ કળા-સ્થાપત્યનો ઉત્તમોતમ નમૂનો છે....

પોરબંદર ખાસ કરી પૂજ્ય મહાત્મા ગાંધીજી અને સુદામા જે શ્રીકૃષ્ણ ભગવાનનાં સખાના નામે ઓળખાય છે! તો સુરખાબનગરી તરીકે પણ ખ્યાતિ પ્રાપ્ત છે! પોરબંદરનાં છેલ્લાં રાજવી મહારાણા નટવરસિંહજી ભારતનાં આદર્શ રાજવીઓમાનાં એક હતા. પ્રજાવત્સલ રાજવી નટવરસિંહ હંમેશાં પ્રજાનું હિત દિલમાં રાખી નિર્ણયો કરતા હતા. તેમણે પોરબંદર દરિયા કિનારે બનાવેલ 'હુજૂર પૅલેસ'ની દીવાલે સાગરનાં મોજાં અફળાય છે. પૅલેસમાંથી મહાસાગરના બ્લૂઇશ પાણીના શ્વેત ફિણ મોજાં જોવા ને ઘૂઘવાતા સાગરનું સંગીત તન, મનને પ્રફૂલ્લિત કરે છે! મહારાણા નટવરસિંહજીના લગ્ન બાદ યુરોપમાં ફરવા ગયાને 'હુજૂર પૅલેસ' જેવા કલાત્મક સ્થાપત્ય જોયા બાદ તે સમયે તેના ફોટા પાડયા ને પોતાની જાતે નકશા બનાવી આ પૅલેસને યુરોપિયન સ્ટાઇલ બનાવેલો છે. આ રાજમહેલ નહીં, પરંતુ એનાથી પણ વિશેષ મહત્ત્વ ધરાવે છે...! આ રાજવીના બંગલાના દરેક ઓરડાઓ અલગ વિશેષતા ધરાવે છે...! દરેક રૂમની સિલિંગ, ફ્લોરિંગ ને લાઇટ શેડ, કલર શેડ, ફોટોગ્રાફ્સ, ફર્નિચર અનોખુ હોવાથી દરેક રૂમ આગવું સ્થાન ધરાવે છે. ભારતીય ભભકાદાર કલરથી દૂર રહી યુરોપિયન લાઇટ કલર જેના કારણે માનસિક શાંતિ વધુ અનુભવી શકાય એ રીતે મકાનની ઊંચાઇ વધુમાં વધુ રાખી છે. ઓરડાઓની ઊંચાઇ ૧૬ ફૂટ જેવી ઊંચી રાખી છે અને વેન્ટિલેશન જે રીતે હવા ઉજાસ બારે માસ બધી રીતે બરાબર આવે તે માટે બારી-બારણા ખૂલે તો કુદરતની સાથે તાદામ્યતા થાય ને પોતે હળવાશ અનુભવે આવી દીર્ઘદૃષ્ટિ રાખી છે. મોટા ભાગના રાજવીઓના બંગલા, મહેલો, કિલ્લાઓ ઊંચાઇ પર હોય છે! એક તો ઊંચાઇવાળી જગ્યાને ઊંચી પ્લિન્થ ને ઓરડાની ઊંચાઇ ૧૬ કે ૧૮ ફૂટની તેથી ઓરડાઓમાં હવા-ઉજાસ આવી શકે છે. આજે લોકો વેન્ટિલેશન મુકતા જ ભૂલી જાય છે...!? હવા ઉજાસ પૂરતા પ્રમાણમાં રાખો તો પોતાનું આરોગ્ય સારું રહે.



પોરબંદરના રાજવી નટવરસિંહએ પોતાની સૂઝબૂજથી પોરબંદરને આયોજનબદ્ધ ડેવલપિંગ કેવી રીતે કરી શકાય તેના ઉત્તમ નમૂના તરીકે વાડી, પ્લોટ, ભોજેશ્વર પ્લોટ, યુગાન્ડ રોડ, સ્ટેશન રોડ, વાડિયા રોડ બનાવ્યા છે.

આ રાજા વ્યક્તિને અનુરૂપ પ્લોટ આપતા ને મકાન કેવી રીતે ચણવું જોઇએ. તેનું સંપૂર્ણ માર્ગદર્શન પણ આપતા. આથી પોરબંદર દરિયા કિનારે બનાવેલ હુજૂર પૅલેસ બંગલો કલા, સ્થાપત્યનો આદર્શ નમૂનો છે. નટવરસિંહજી ખૂબ ભલા હતા. તેમણે પોતાની પ્રજા માટે કદી તુકારે શબ્દ વાપરેલ નથી. હંમેશાં માનાર્થે પ્રજાને સંબોધન કરતા. પ્રજાનું દુઃખ પોતાનું દુઃખ સમજીને પોતાનો વહિવટ ચલાવતા. તેમના સદ્ગુણો પારાવાર છે. તેમને વાંચનમાં જેને વોરેસિએશ રિડર કહી શકાય તેવી વાંચનની તીવ્ર ભૂખ ધરાવતા. તેમની આદર્શ લાઈબ્રેરી જે બ્રિટનની બકિંગઘમ પૅલેસની લાઈબ્રેરી જેવી હતી. નટવરસિંહજી ભારતીય ક્રિકેટ ટીમના ૧૯૩૨માં પ્રથમ કેપ્ટન હતા. પોરબંદરની પ્રજા ખાસ ક્રિકેટની તાલિમ મળે તે માટે એશીયાની બેસ્ટ સ્કૂલ બનાવી. જામનગરના રાજવી પ્રિન્સ દિલીપના નામથી દિલીપ સ્કૂલની સ્થાપના કરી. તો પોરબંદરમાં મસ્ત ક્રિકટ સ્ટેડિયમ બનાવી ક્રિકેટર વિજય મર્ચન્ટના નામ રાખેલ. તેમ જ ક્રિકેટ રસિયાને ક્રિકેટમાં વધુ રસ લેવા માટે એક કરતા વધુ ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવેલા ને ગરીબ લોકોને ક્રિકેટનાં સાધનો આપતા આવા પ્રજાવત્સલ રાજવીનો 'હુજૂર પૅલેસ' (બંગલો) એકવાર જોવા જેવો છે. ■

# સવા છ કરોડના હૅરી બ્રૂકે બીસીસીઆઇના નવા પ્રતિબંધનું જોખમ વહોરી લીધું

## હરાજી બાદ આઈપીએલમાંથી નામ ખેંચી લેતાં બે વર્ષનો બૅન લાગુ થઈ શકે




નવી દિલ્હીઃ ઇંગ્લૅન્ડના ૨૬ વર્ષીય રાઇટ-હૅન્ડ બૅટર હૅરી બ્રૂકે અગાઉ આઇપીએલમાં દિલ્હી કૅપિટલ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વતી રમવાનું ગૌરવ મેળવ્યું હતું, પરંતુ

આ વખતે તેણે કંઈક એવું કર્યું છે કે જેના કારણે આ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા સંબંધમાં તેના પર બે વર્ષનો પ્રતિબંધ લાગુ થઈ શકે એમ છે.

વાત એવી છે કે હૅરી બ્રૂકને દિલ્હી કૅપિટલ્સે નવેમ્બરની હરાજીમાં ૬.૨૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. જોકે તેણે સતત બીજી સીઝનમાં પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. આ ટૂર્નામેન્ટ શરૂ થાય એ પહેલાં જ તેણે કહી દીધું છે કે 'હું કરીઅરના સૌથી વ્યસ્ત સમયકાળમાંથી પસાર થયો છું જેને પગલે હું પોતાને રમવા માટે પૂર્ણપણે સક્ષમ બનાવવા માગું છું.'

આ વખતની આઇપીએલ બાવીસમી માર્ચે શરૂ થશે. બીસીસીઆઇનો નવો નિયમ છે કે જો કોઈ વિદેશી ખેલાડી ઑક્શનમાં ખરીદી લેવામાં આવે એ પછી તે કોઈ વાજબી કારણ વિના આઇપીએલની સીઝનમાંથી પોતાનું નામ પાછું ખેંચી લે તો તેના પર બે વર્ષનો (બે સીઝનનો) પ્રતિબંધ લાગુ થઈ શકે.

ઉલ્લેખનીય છે કે જૉસ બટલર વન-ડે તથા ટી-૨૦ ફૉર્મેટમાં ઇંગ્લૅન્ડના કૅપ્ટન તરીકે નિષ્ફળ ગયો હોવાથી તેના અનુગામી તરીકે હૅરી બ્રૂકનું નામ બોલાય છે. એ ઉપરાંત, તમામ ફૉર્મેટની ટીમના ખેલાડી તરીકે પણ તેને ફિટ મનાય છે. આઇપીએલમાંથી નામ પાછું ખેંચી લેવા પાછળ 'વર્ક લૉડ મૅનેજમેન્ટ' પણ એક મહત્ત્વનું પરિબળ ગણાય છે.

હૅરી બ્રૂકે 'એક્સ' પર લખ્યું છે કે 'આગામી આઇપીએલમાંથી મારું નામ પાછું ખેંચી લેવાનો મુશ્કેલ નિર્ણય મારે લેવો પડ્યો છે. હું દિલ્હી કૅપિટલ્સ અને એના સપોર્ટર્સની માફી માગું છું. મને નાનપણથી ક્રિકેટ બેહદ પ્રિય છે અને મને મારા દેશ વતી રમવા મળે એવું મારું સપનું હતું જે સાકાર તો થયું છે, મને આ સર્વોચ્ચ સ્તરે રમવા મળે છે એ બદલ પોતાને ભાગ્યશાળી ગણું છું. મને જેમના માર્ગદર્શન પર પૂરો ભરોસો છે તેમનું માનીને મેં આઇપીએલ વિશેનો આ નિર્ણય લીધો છે. ઇંગ્લૅન્ડની ક્રિકેટનો અત્યારે અત્યંત મહત્ત્વનો સમય ચાલી રહ્યો છે અને હું આગામી સિરીઝો માટે પૂરેપૂરો તૈયાર રહેવા માગું છું.'

હૅરી બ્રૂકે ૨૪ ટેસ્ટમાં આઠ સદીની મદદથી ૨,૨૮૧ રન બનાવ્યા છે. વન-ડે અને ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં તેના નામે કુલ ૭૦ મૅચમાં ૧,૬૦૦થી પણ વધુ રન છે. ■

# રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાને મોટી રાહત મળી, રમતગમત મંત્રાલયે હટાવ્યો પ્રતિબંધ

નવી દિલ્હીઃ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ડબલ્યૂએફઆઇ) ને મોટી રાહત મળી છે અને રમતગમત મંત્રાલયે ફેડરેશન પર લાદવામાં આવેલ પ્રતિબંધને તાત્કાલિક અસરથી હટાવી લીધો છે. છેલ્લા કેટલાક સમયથી ડબલ્યૂએફઆઇમાં વિવાદ ચાલી રહ્યો છે અને રમત મંત્રાલયના આ નિર્ણય પછી આ વિવાદનો અંત આવી રહ્યો હોય તેવું લાગે છે.

રમતગમત મંત્રાલયે સંજય સિંહના નેતૃત્વ હેઠળના ડબલ્યૂએફઆઇ એક્ઝિક્યુટિવ કમિટીને રમતગમત સંહિતાના ઉલ્લંઘન બદલ સસ્પેન્ડ કરી દીધી હતી. રેસલિંગની વૈશ્વિક સંસ્થા યુનાઇટેડ વર્લ્ડ રેસલિંગ એ પણ ગયા વર્ષે સંજય સિંહના નેતૃત્વ હેઠળના ડબલ્યૂએફઆઇ પરનો સસ્પેન્શન હટાવી લીધો હતો.

આ પછી ભારતીય ઓલિમ્પિક એસોસિએશને ભૂપિન્દર સિંહ બાજવાના નેતૃત્વ હેઠળની એડ-હોક સમિતિને વિસર્જન કરવાનો નિર્ણય લીધો હતો, જે ભારતમાં કુસ્તીના રોજિંદા કામકાજનું ધ્યાન રાખતી હતી. ડબલ્યૂએફઆઇ એક્ઝિક્યુટિવ કમિટીના ચેરમેન સંજય સિંહને કેન્દ્ર સરકાર તરફથી રાહત મળી હતી. સરકારે ડબલ્યૂએફઆઇ સામે નિયમોનું ઉલ્લંઘન કરીને કાર્યવાહી કરી હતી અને ચૂંટણી પૂર્ણ થયાના ત્રણ દિવસ પછી જ ડબલ્યૂએફઆઇને સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું.

ભૂતપૂર્વ ડબલ્યૂએફઆઇ પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહના નજીકના સહાયક સંજય સિંહના નેતૃત્વ હેઠળની સમિતિએ ૨૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ચૂંટણી જીતી હતી. આ પછી તેમણે અંડર-૧૫ અને અંડર-૨૦ કેટેગરીઓ માટે રાષ્ટ્રીય ચેમ્પિયનશિપનું આયોજન કરવાની જાહેરાત કરી હતી. જોકે, આ ચેમ્પિયનશિપનું સ્થળ ગોંડાના નંદિની નગરમાં રાખવામાં આવ્યું હતું જે બ્રિજભૂષણનો ગઢ છે. બાદમાં રમતગમત મંત્રાલયે ૨૪ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ કાર્યવાહી કરી અને ડબલ્યૂએફઆઇને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો હતો.

ડબલ્યૂએફઆઇના સસ્પેન્શનને કારણે કુસ્તીબાજોને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો હતો. આના કારણે ફેડરેશન અને રમત મંત્રાલય વચ્ચે સંઘર્ષની સ્થિતિ ઊભી થઈ રહી હતી, જેના કારણે કુસ્તીબાજોને સૌથી વધુ નુકસાન થયું હતું. જોકે, સસ્પેન્શન હટાવવાથી સ્થાનિક ટુર્નામેન્ટનું આયોજન કરવાનો માર્ગ ખુલ્યો છે અને આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ માટે પણ પસંદગીમાં કોઈ મૂંઝવણ રહેશે નહીં. મંત્રાલયે તેના આદેશમાં જણાવ્યું હતું કે ડબલ્યૂએફઆઇ એ સુધારાત્મક પગલાં લીધાં છે જેના કારણે તેના પર લાદવામાં આવેલ સસ્પેન્શન હટાવવામાં આવ્યું છે. આ રીતે રમતગમત મંત્રાલયે લગભગ ૧૫ મહિના પછી ડબલ્યૂએફઆઇ પર લાદવામાં આવેલ સસ્પેન્શન હટાવી લીધું. ડબલ્યૂએફઆઇના પ્રમુખ સંજય સિંહે કહ્યું, 'હું આ નિર્ણય માટે મંત્રાલયનો આભાર માનું છું.' હવે આપણે સરળતાથી કામ કરી શકીશું. આ રમત માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ હતું. સ્પર્ધાઓમાં ભાગ ન લઈ શકવાને કારણે ખેલાડીઓ નારાજ હતા. ■

## રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા પરથી પ્રતિબંધ હટાવવાનો નિર્ણય ખેલાડીઓની જીતઃ બ્રિજભૂષણ



ગોંડા/વારાણસી (ઉત્તર પ્રદેશ): રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ડબલ્યૂએફઆઇ) પરથી સસ્પેન્શન હટાવવાના કેન્દ્ર સરકારના નિર્ણયનું આ રમતગમત સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખ અને કૈસરગંજના ભૂતપૂર્વ સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહે સ્વાગત કર્યું છે.

ફેડરેશનના પ્રમુખ સંજય સિંહે સસ્પેન્શન હટાવવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને રમતગમત મંત્રીનો આભાર માન્યો હતો. બ્રિજ ભૂષણે કહ્યું હતું કે, ૨૬ મહિના સુધી ઘણા કાવતરાં રચવામાં આવ્યાં, ખોટા આરોપો લગાવવામાં આવ્યા અને ભારતીય કુસ્તીને રોકવાના પ્રયાસો કરવામાં આવ્યા પરંતુ કાવતરાખોરો તેમના ઉદ્દેશ્યમાં સફળ થઈ શક્યા નહીં. આ વિવાદને કારણે ટીમ બે વિશ્વ રેન્કિંગ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લઈ શકી નહીં, તાલીમ શિબિરો બંધ રહી હતી અને કુસ્તીની દુનિયાને ભારે નુકસાન થયું છે.

તેમણે પ્રમુખ સંજય સિંહ અને અન્ય અધિકારીઓને ખેલાડીઓના હિતમાં ન્યાયી નિર્ણયો લેવા અને કોઈપણ પ્રકારના ભેદભાવને ટાળવા વિનંતી પણ કરી હતી. તેમણે કહ્યું હતું કે, હવે પારદર્શક ટ્રાયલ થવી જોઈએ અને ખેલાડીઓને સમાન તક મળવી જોઈએ. સરકાર સાથે મળીને તાલીમ શિબિરો અને ટુર્નામેન્ટના આયોજનને વેગ આપવો જોઈએ.

બ્રિજ ભૂષણે કહ્યું હતું કે, કરણ ભૂષણ સિંહ હોય કે બ્રિજ ભૂષણ શરણ સિંહ કુસ્તી સંઘમાં ઉત્તર પ્રદેશનું નેતૃત્વ મહત્ત્વપૂર્ણ રહ્યું છે. હવે હું ફેડરેશન ઓફિસ સાથે સંકળાયેલ નથી, પરંતુ રમત અને ખેલાડીઓ માટે મારું સમર્થન હંમેશાં રહેશે. તેમણે કહ્યું હતું કે, હોળી પહેલા કુસ્તી સાથે સંકળાયેલા દરેક વ્યક્તિ માટે આ ભેટ છે. રમતગમતમાં આવી ઘણી પરિસ્થિતિઓ હતી, પરંતુ હવે ન્યાય થયો છે. ■

# ટેસ્ટ ક્રિકેટનાં ૧૫૦ વર્ષ પૂર્ણ થવા પર મેલબોર્નમાં ડે-નાઈટ મેચ રમશે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ

મેલબોર્ન : ક્રિકેટના સૌથી જૂના ફોર્મેટ એટલે કે ટેસ્ટ ક્રિકેટને ૧૫૦ વર્ષ પૂર્ણ થવા જઇ રહ્યાં છે. ટેસ્ટ ક્રિકેટ ૨૦૨૭માં તેના ૧૫૦ વર્ષ પૂર્ણ કરશે. આ ખાસ પ્રસંગે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે એક ટેસ્ટ મેચ રમાશે. આ મેચ ડે-નાઈટ ટેસ્ટ હશે, જેમાં યજમાન ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ એકબીજાનો સામનો કરશે. આ મેચ વર્ષ ૨૦૨૭માં ૧૧ થી ૧૫ માર્ચ દરમિયાન રમાશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ આ માહિતી આપી હતી. ઓસ્ટ્રેલિયાએ અત્યાર સુધીમાં ૧૩ પિંક બોલ ટેસ્ટ મેચ રમી છે, જેમાંથી તેણે ૧૨ મેચ જીતી છે. આમાંથી ૮ મેચ એડિલેડમાં રમાઈ છે. આ ઐતિહાસિક સ્ટેડિયમમાં ૧૮૭૭માં ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ વચ્ચે પ્રથમ ટેસ્ટ મેચ રમાઈ હતી. આ બંને ટીમો વચ્ચે શતાબ્દી ટેસ્ટ મેચ પણ ૧૯૭૭માં મેલબોર્ન ખાતે રમાઇ હતી. ઓસ્ટ્રેલિયાએ આ બંને મેચ ૪૫ રનના સમાન માર્જિનથી જીતી હતી. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના ચીફ એક્ઝિક્યુટિવ ટોડ ગ્રીનબર્ગે જણાવ્યું હતું કે, ટેસ્ટ ક્રિકેટની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે એમસીજી ખાતે એક મેચનું આયોજન કરવામાં આવશે. તે ફ્લડ લાઇટ્સ હેઠળ રમાશે જે રમતના સમૃદ્ધ વારસા અને ટેસ્ટ ક્રિકેટના આધુનિક ઉત્ક્રાંતિ બંનેની ઉજવણી કરવાની એક અદ્ભુત રીત હશે. તેમણે કહ્યું હતું કે, ''આનાથી દર્શકોની મહત્તમ હાજરી સુનિશ્ચિત કરવામાં પણ મદદ મળશે અને આ મેચનો આનંદ માણવાનો અનુભવ ખૂબ જ સારો રહેશે.'' ઓસ્ટ્રેલિયા નવેમ્બરમાં ઇંગ્લેન્ડ સામે ૨૦૨૫-૨૬ એશિઝ શ્રેણીનું આયોજન કરશે. ઓસ્ટ્રેલિયાએ અત્યાર સુધીમાં ૧૩ ડે-નાઈટ ટેસ્ટ મેચ રમી છે, જેમાંથી તેણે ૧૨ મેચ જીતી છે. આમાંથી આઠ મેચ એડિલેડમાં યોજાઈ હતી. ■

# પાકિસ્તાન સામેની ટી-૨૦ સિરીઝ માટે ન્યૂઝીલેન્ડની ટીમ જાહેરઃ આઈપીએલના કારણે આ ખેલાડીઓ નહીં રમે

વેલિંગ્ટનઃ ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) નજીક આવતાની સાથે ન્યૂઝીલેન્ડે પાકિસ્તાન સામેની પાંચ મેચની ટી-૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણી માટે એવા ખેલાડીઓને આરામ આપ્યો છે જે નિયમિતપણે ટૂંકા ફોર્મેટમાં રમે છે. ન્યૂઝીલેન્ડ ૧૬ માર્ચથી શરૂ થતી સિરીઝનું આયોજન કરશે. આઈપીએલ ૨૨ માર્ચથી શરૂ થશે.

ચેમ્પિયન્સ ટ્રોફીમાં ન્યૂઝીલેન્ડ માટે સારું પ્રદર્શન કરનાર માઈકલ બ્રેસવેલને ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે કારણ કે નિયમિત કેપ્ટન મિશેલ સેન્ટનરને આરામ આપવામાં આવ્યો છે. બ્રેસવેલ ઉપરાંત ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમનારા છ અન્ય ખેલાડીઓને પણ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે.

ડેવોન કોનવે, લોકી ફર્ગ્યુસન, ગ્લેન ફિલિપ્સ, રચિન રવીન્દ્ર અને ટીમના




કેપ્ટન સેન્ટનર આઇપીએલમાં રમવાના હોવાના કારણે તેમને પાકિસ્તાન સામેની ટીમમાં સ્થાન આપવામાં આવ્યું નથી. કાઇલ જેમીસન અને વિલ ઓરુકને શ્રેણીની ફક્ત પ્રથમ ત્રણ મેચ માટે જ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે, કારણ કે પસંદગીકારો ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી પાછા ફરેલા ઝડપી બોલરોના વર્કલોડને મેનેજ કરવા માગે છે. ઈજાને કારણે ભારત સામેની ફાઇનલમાં ન રમી શક્નારા ઝડપી બોલર મેટ હેનરીનો ચોથી અને પાંચમી મેચ માટે ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે, જ્યારે કેન વિલિયમ્સન નામ પર વિચાર કરાયો નહોતો.

**ન્યૂઝીલેન્ડની ટી-૨૦ ટીમઃ** માઈકલ બ્રેસવેલ (કેપ્ટન), ફિન એલન, માર્ક ચેપમેન, જેકબ ડફી, જેક ફોલ્ક્સ (ચોથી અને પાંચમી મેચ માટે), મિચ હે, મેટ હેનરી (ચોથી અને પાંચમી મેચ માટે), કાઇલ જેમિસન (પ્રથમ ત્રણ મેચ માટે), ડેરિલ મિશેલ, જીમી નીશમ, વિલ ઓરુક (પ્રથમ ત્રણ મેચ માટે), ટિમ રોબિન્સન, બેન સીયર્સ, ટિમ સીફર્ટ, ઇશ સોઢી. ■

# રાશિદ લતીફે ભારતના કિસ્સામાં ઈંગ્લેન્ડ માટે આવું કહીને ઝાટકણી કાઢી

'બેગાની શાદી મેં અબ્દુલ્લા દિવાના...'




કરાચીઃ પાકિસ્તાનનો ભૂતપૂર્વ વિકેટકીપર કેપ્ટન રાશિદ લતીફ ભારત વિરોધી ટિપ્પણી કરવા માટે તેમ જ પોતાને જે સાચું લાગે એ ફટ દઈને બોલી નાખવા માટે જાણીતો છે, પણ આ વખતે તેણે ઇંગ્લેન્ડના એકસાથે ત્રણ ભૂતપૂર્વ ખેલાડીઓને ભીંસમાં લઈ લીધા છે.

ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની ટીમ તમામ મેચ દુબઈમાં રમાઇ હતી. મુખ્ય યજમાન પાકિસ્તાનના ક્રિકેટ બોર્ડ સહિત તમામ દેશના ક્રિકેટ બોર્ડે આઇસીસી સાથે સહમતી સાધી હતી કે ભારત પોતાની ટીમને પાકિસ્તાન નથી મોકલવાનું એટલે ટીમ ઇન્ડિયા બધી મેચ યુએઇના દુબઈમાં જ રમશે. જોકે આ વિશે ઘણા ખેલાડીઓએ એવી કમેન્ટ કરી છે કે બાકીના બધા દેશોની ટીમોએ પાકિસ્તાન અને યુએઈ વચ્ચે પ્રવાસ કરતા રહેવું પડ્યું, પરંતુ ભારતીય ટીમને એક જ ગ્રાઉન્ડ (દુબઈ)માં રમવાનો બહુ મોટો ફાયદો થયો એટલે એ અપરાજિત રહ્યું અને છેવટે ચેમ્પિયનપદ મેળવ્યું.

જોકે ભારતની વિરુદ્ધમાં ટિપ્પણી કરનાર ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ ખેલાડીઓ નાસિર હુસેન, માઈકલ આથર્ટન અને ડેવિડ લોઇડને ભારતના કોઈ ખેલાડીએ નહીં, પરંતુ પાકિસ્તાનના રાશિદ લતીફે સાણસામાં લીધા છે.લતીફે 'કોટ બિહાઈન્ડ' નામના ટીવી શોમાં કહ્યું હતું કે 'ભારતીય ટીમને કોઈ રીતે ખોટો ફાયદો થાય એ વિશે અમે ટિપ્પણી કરીએ એ ઠીક છે, પણ ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ ખેલાડીઓ કેમ અત્યારે બહાનાબાજી કરવા લાગ્યા છે? બેગાની શાદી મેં અબ્દુલ્લા દિવાના. અમારા બંનેની વાતમાં તમે લોકો શું કામ વચ્ચે પડો છો?'

લતીફે એવું પણ કહ્યું હતું કે 'હાઇબ્રિડ મૉડેલ હેઠળ ભારતની ટીમે બધી મેચો દુબઈમાં જ રમવી એ સાથે બધા દેશના ક્રિકેટ બોર્ડ સંમત થયા હતા. હવે ફરિયાદ કરવાનો શું મતલબ?'

લતીફે થોડો ભારત વિરોધી સૂર અપનાવવાની સાથે ઇંગ્લેન્ડને ફરી ઝાટકતાં કહ્યું હતું કે ' શેડ્યૂલમાં જ ખામી હતી એ વિશે પહેલા બોલવું જોઈતું હતું. ભારત-ન્યૂ ઝીલેન્ડની છેલ્લી લીગ મેચ રવિવાર, બીજી માર્ચે રાખવામાં આવી હતી. જો દુબઈમાં એ જ મેચ આગલા દિવસે એટલે કે શનિવાર, પહેલી માર્ચે ઇંગ્લેન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચે કરાચીમાં રમાયેલી મેચના જ દિવસે રાખવામાં આવી હોત તો સેમિ ફાઇનલની લાઇન-અપ આસાનીથી નક્કી થઈ શકી હોત. શેડ્યૂલ નક્કી કરવામાં આઇસીસી તેમ જ તમામ ક્રિકેટ બોર્ડે બ્લન્ડર કર્યું હતું. તમારા ભૂતપૂર્વ ખેલાડીઓ એ ભૂલ શોધી ન શક્યા અને તમારી ટીમ સ્પર્ધાની બહાર થઈ ગઈ છે ત્યારે હવે તમે બધા રડી રહ્યા છો. તમારા ક્રિકેટ બોર્ડના પ્રતિનિધિઓએ આઇસીસીની મીટિંગમાં માત્ર મોજ માણવા ન જવું જોઈએ. તમારે જે કામ બરાબર કરવાનું હોય એ કરી દેખાડો.' ■

# ટીમ ઇન્ડિયાની જીત બાદ આ વખતે કેમ વિક્ટરી-પરેડ નથી રાખવામાં આવી?

મુંબઈઃ ટીમ ઇન્ડિયાએ વિક્રમજનક ત્રીજી વાર ચેમ્પિયન્સ ટ્રોફી જીતી લીધી એને પગલે રવિવારે રાત્રે મુંબઈ સહિત દેશભરમાં શાનદાર ઉજવણી થઈ હતી, પરંતુ ઘણાને પ્રશ્ન થયો હશે કે ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપ બાદ યોજાઈ હતી એવી ઓપન બસ વિક્ટરી-પરેડ આ વખતે કેમ નથી યોજવામાં આવી?

ગયા વર્ષે રોહિત શર્માની કેપ્ટન્સીમાં ભારતીય ટીમ ટી-૨૦નો વર્લ્ડ કપ જીતીને વેસ્ટ ઇન્ડિઝથી મુંબઈ પાછી આવી હતી ત્યારે મરીન ડ્રાઈવ પર તેમ જ બીજા અનેક વિસ્તારોમાં શાનદાર ઓપન બસ વિજયી-પરેડ યોજવામાં આવી હતી. હજારો લોકોની મેદની વચ્ચે ત્યારે ખેલાડીઓ મોડા આવતાં અસંખ્ય લોકોને પરેશાની થઈ હતી. જોકે ક્રિકેટચાહકો પોતાના ફેવરિટ ખેલાડીઓને જોવાની ઈચ્છા પૂરી પણ કરી શક્યા હતા.

જોકે આ વખતે બાવીસમી માર્ચે શરૂ થનારી આઈપીએલ ખૂબ નજીક આવી ગઈ હોવાથી ખેલાડીઓને એની તૈયારી માટે બહુ ઓછો સમય મળી રહ્યો છે. ખેલાડીઓ આઇપીએલના આરંભ પહેલાં નાનો બ્રેક ઈચ્છે છે. બીજું ગયા વર્ષે આઇપીએલ પછી વર્લ્ડ કપ યોજાયો હતો અને એ જીત્યા બાદ બ્રિજટાઉનથી ભારતની વર્લ્ડ કપ વિજેતા ટીમના ખેલાડીઓ ચાર્ટર પ્લેનમાં એકસાથે પાછા આવ્યા હતા. આ વખતે ખેલાડીઓ સોમવારથી અલગ અલગ જૂથમાં દુબઈથી પાછા આવી રહ્યા છે.

ભારતીય ખેલાડીઓ આંગળીને વેઢે ગણાય એટલા દિવસો પોતાના પરિવાર તથા મિત્રો સાથે વિતાવ્યા બાદ આઇપીએલની તૈયારીમાં વ્યસ્ત થઈ જશે.

મુંબઇ ઇન્ડિયન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ જેવી ટીમે તો ખેલાડીઓ માટેના ટ્રેઈનિંગ કેમ્પની શરૂઆત પણ કરી દીધી છે.

ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં ભારતે ન્યૂ ઝીલેન્ડને એક ઓવર અને ચાર વિકેટ બાકી રાખીને હરાવી દીધું હતું. ભારતે ૨૦૦૨ અને ૨૦૧૩ બાદ ફરી એકવાર ચેમ્પિયન્સ ટ્રોફી જીતી લીધી છે જે નવો વર્લ્ડ રેકોર્ડ છે. ■

# 'લોકોનું ધ્યાન આઈપીએલમાં રમવા પર પરંતુ દેશ માટે રમવું મહત્ત્વપૂર્ણ': પંત

નવી દિલ્હીઃ ભારતના વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંતનું માનવું છે કે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) પ્રત્યે આકર્ષણ સ્વાભાવિક છે પરંતુ યુવા ક્રિકેટરોએ દેશનું પ્રતિનિધિત્વ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, કારણ કે ત્યારબાદ વસ્તુઓ આપમેળે યોગ્ય થઈ જશે.

પંત ચેમ્પિયન્સ ટ્રોફી જીતનારી ભારતીય ટીમનો ભાગ હતો. જોકે તેને એક પણ મેચમાં રમવાની તક મળી નહોતી. તેણે ૨૦૧૭માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. પંતે જિયો હોટસ્ટારને કહ્યું હતું કે, નાનપણથી જ મારું એક જ સ્વપ્ન હતું, ભારત માટે રમવાનું. મેં ક્યારેય આઈપીએલમાં રમવાનું વિચાર્યું નહોતું. મને લાગે છે કે લોકો આજે આઇપીએલ પર વધુ ધ્યાન આપી રહ્યા છે. સ્વાભાવિક છે કે તે એક મોટું પ્લેટફોર્મ છે, પણ મારું માનવું છે કે, તમારું લક્ષ્ય તમારા દેશ માટે રમવાનું હોવું જોઇએ તો વસ્તુઓ યોગ્ય રીતે થશે અને તેમાં આઇપીએલ પણ સામેલ છે.

૨૭ વર્ષીય ખેલાડીએ કહ્યું હતું કે ''જો તમે આ રીતે મોટું વિચારો છો તો સફળતા તમારી પાછળ આવશે. મને હંમેશાં લાગતું હતું કે હું એક દિવસ ભારત માટે રમીશ અને ભગવાનના આશીર્વાદથી મને ૧૮ વર્ષની ઉંમરે આ તક મળી અને હું તેના માટે આભારી છું. પંત તેની આક્રમક બેટિંગ માટે જાણીતો છે.''

પંતે કહ્યું હતું કે, ''જ્યારે બોલ ખૂબ બહાર હોય અથવા શોર્ટ પિચ હોય ત્યારે શોટ મારવો સરળ નથી હોતો. આવા શોટ રમવાનો સફળતા દર ૩૦ કે ૪૦ ટકા હોઈ શકે છે પરંતુ મેચની પરિસ્થિતિના આધારે હું આ જોખમ લેવા તૈયાર છું. આ મારી માનસિકતા છે.''




પંતે કહ્યું કે તે બાળપણમાં જિમ્નેસ્ટિક્સમાં સામેલ હતો જેનો તેને ક્રિકેટર તરીકે ફાયદો થયો છે. હું બાળપણમાં જિમ્નેસ્ટિક્સ કરતો હતો. મારા જિમ્નેસ્ટિક્સ કોચ હંમેશા મને કહેતા કે આ જીવનમાં ખૂબ ઉપયોગી થશે. અમારા ભારતીય ટીમના ટ્રેનર બાસુ સરે મને એકવાર કહ્યું હતું કે તમારા જિમ્નેસ્ટિક્સ કોચનો આભાર માનો કારણ કે તેમણે તમને બાળપણમાં જે શીખવ્યું હતું તે હજુ પણ તમારા માટે ફાયદાકારક છે. ■

# ચેમ્પિયન્સ ટ્રોફી ઍવૉર્ડ સેરેમની વિવાદ મામલે પીસીબીએ કરી આઇસીસીને ફરિયાદ

કરાચીઃ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) દુબઈમાં ચેમ્પિયન્સ ટ્રોફીના સમાપન સમારોહ માટે સ્ટેજ પર તેમના પ્રતિનિધિ ન હોવાના મુદ્દે હજુ પણ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ તરફથી 'સત્તાવાર સ્પષ્ટતા'ની રાહ જોઈ રહ્યું છે. નોંધનીય છે કે ભારતે રવિવારે ફાઇનલ મેચમાં ન્યૂઝીલેન્ડને ચાર વિકેટથી હરાવીને ત્રીજી વખત ચેમ્પિયન્સ ટ્રોફી ટૂર્નામેન્ટ જીતી લીધી હતી. પીસીબીના એક અધિકારીએ મંગળવારે કહ્યું હતું કે, અમે આઇસીસીમાં ઔપચારિક ફરિયાદ નોંધાવી છે કારણ કે જે થયું તે અમને અસ્વીકાર્ય છે. પીસીબીના ચીફ ઓપરેટિંગ ઓફિસર (સીઓઓ) અને ચેમ્પિયન્સ ટ્રોફી ટૂર્નામેન્ટ ડિરેક્ટર સુમૈર અહેમદને ફાઈનલ મેચની એવોર્ડ સેરેમનીમાં સ્ટેજ પર બોલાવવામાં ન આવ્યા ત્યારે વિવાદ શરૂ થયો હતો.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)ના પ્રમુખ રોજર બિન્નીએ ભારતીય ખેલાડીઓને વ્હાઇટ બ્લેઝર અને મેચ અધિકારીઓને મેડલ અર્પણ કર્યા જ્યારે આઇસીસી પ્રમુખ જય શાહે કેપ્ટન રોહિત શર્માને ટ્રોફી આપી અને વિજેતાઓને મેડલ આપ્યા હતા. બીસીસીઆઈના સેક્રેટરી દેવજીત સૈકિયા અને ન્યૂઝીલેન્ડ ક્રિકેટના સીઈઓ રોજર ટ્વોઝ પણ મંચ પર હાજર હતા.

પીસીબીના અધિકારીએ કહ્યું હતું કે, ફાઇનલ મેચ પછી એવોર્ડ સેરેમની માટે સ્ટેજ પર અમારા સીઓઓ અને ટૂર્નામેન્ટ ડાયરેક્ટરને ન બોલાવવા પાછળનાં જે કારણો બતાવવામાં આવી રહ્યાં છે તે અમારા માટે કોઇ માન્ય રાખતા નથી. અમે ઔપચારિક સ્પષ્ટતા અથવા માફીની રાહ જોઈ રહ્યા છીએ. અમે યજમાન દેશ તરીકે પાકિસ્તાનની ભૂમિકા માટે આ સ્પષ્ટ અવગણનાથી આઘાત અનુભવીએ છીએ.

તેમણે કહ્યું હતું કે પીસીબીએ એવોર્ડ સમારોહ માટે સુમૈર અહેમદની દુબઈમાં હાજરી અંગે આઈસીસીને પહેલેથી જ જાણ કરી દીધી હતી અને તે ભારતની જીત બાદ જય શાહ અને બીસીસીઆઈના કેટલાક અધિકારીઓને પણ મળ્યા હતા અને તેમને અભિનંદન આપ્યા હતા. અધિકારીએ કહ્યું, ''તે સ્પષ્ટ કરવું સંપૂર્ણપણે અતાર્કિક છે કે આઇસીસી ફંક્શનમાં ફક્ત સીઇઓ, પ્રમુખ, ઉપ-પ્રમુખ અથવા સચિવોને આમંત્રણ આપે છે. ■

## ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**

**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

## ૯. લગ્ન સંબંધી

**કપોળ યુવક**

**કેનેડિયન સિટીઝન 1989 બોર્ન / 5'5", નિર્દોષ ઈસ્યૂલેસ ડિવોર્સી CA/CFA/ MBA યુવક, પેરેન્ટ વિલેપાર્લે સ્થિત માટે સમકક્ષ પરિવારની કેનેડા સ્થિત/સ્થાયી ઈચ્છુક યુવતીના વડીલો સંપર્ક 9820127258. (દહેજ નહીં.). (એસડીબી-૨૪૮૪)**

**ગુજરાતી VIP SHAADI**

**- 2000 + candidates, 3 વર્ષની સેવા. USA NRI clients માટે ગુજરાતી જૈન/ વૈષ્ણવ યુવાનોના પ્રોફાઈલ (1995-2000) આવકાર્ય છે. 100% confidential. સ્નેહા - Whatsapp: +918956459611, gicarke@gmail.com, sneha @cyberwebhotels.com (દહેજ નહીં). (૧૫૬૭૦-એ)**

**જીવનસાથી પસંદગી સંમેલન**
**શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ**
**રવિવાર, તા. ૬ એપ્રીલ ૨૦૨૫**
**HIGHLY QUALIFIED BOYS & GIRLS**
**માંથી વિશાળ પસંદગી**
**યુવક માટે રૂા. ૫૦૦/-**
**યુવતી માટે નિઃશુલ્ક**
**ફોર્મ મેળવવા માટે સંપર્ક**
**સમાજ ભવન : 9137407959**
**ઈલાબેન : 9821918605**
**ફોર્મ ભરવાની આખરી તા. ૧૭-૦૩-૨૫**
(દહેજ નહીં) (૧૫૬૮૯-એફ)

**''કંકોત્રી - 50''**

અસંખ્ય વેરાયટી - વ્યાજબી પ્રિન્ટીંગ ભાવ - ડિલિવરી 6 દિવસમાં સંપર્ક જલારામ ઈન્દ્રપ્રસ્થ - બોરીવલી - 9820000538 / 9820441711. (દહેજ નહીં) (૧૫૬૬૪-એ)

**''ગુજરાતી''**

અમેરિકા સ્થિત 1986, Dr. (PhD Medical) કન્યા માટે યોગ્ય ગુજરાતી (ફ્રેશ/ કુંવારા) IIM, Dr., IIT, CA, B.Tech, Engineer) યુવકના વડીલો. સંપર્કઃ 9324031686. (દહેજ નહીં). (૧૫૬૬૦-એ)

■ સુંદર ગરીબ મરાઠી કન્યા, ઉંમર 28, ઊંચાઈ 5'.3" શિક્ષણ 12મી, સિવણ કામ, બ્યુટી પાર્લર કલાસિસ લે છે. 18000/-, નિવ્યર્સની અપેક્ષા નિવ્યર્સનીછોકરો જોઈએ, જાતિ બાધ - ઉંમર બાધ નથી. તુરંત લગ્ન - 9923490703. (દહેજ નહીં) (બી-૧૫૬૬૮)

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૫૫૮૪)

**મહેમાનોનો ઉતારો**

બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૬૮૮-એ)

**10000 કમાવો**

ઘરબેઠાં Sutaria's જામનગરવાળા મસાલા - અથાણાનું વેચાણ કરી સ્વતંત્ર બનો. 8200644970/ 9426239355. (જેપી/ ૪૯૭૩-સી)

## ૧૨. યાત્રા સહેલગાહ

**''MANDANI TRAVELS''**

''ચારધામ યાત્રા MAY - JUNE, કાશ્મીર ટૂર, કેરાલા ટૂર, સંપૂર્ણ ભારત યાત્રા'' - 9167184467 / 9372396434. (૧૫૬૬૯-એ)


**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## ૧૨. યાત્રા સહેલગાહ

**તુષારભાઈ**

ઉત્તરાખંડ ચારધામ, નેપાળ મુક્તિનાથ પુલ્હાશ્રમ,. દેવીબેન પ્રવાસ : 9892496610, 9833730639. (૧૫૬૬૮-એ)

**શ્રીયમુના**

84 કોષ, વ્રજપરિક્રમા, કાશ્મીર, વૈષ્ણોદેવી, હરિદ્વાર, ચારધામ, સાઈટસીન 9892377559. (૧૫૩૨૮/એ)

**મુંબઈ - શ્રીનગર - મુંબઈ એર ટિકિટ 22000 થી**
**કાશ્મીરના 12 ગ્રુપો હાઉસફૂલ્લ ! બધાજ ગ્રુપોમાં જબરદસ્ત બુકીંગ. આભાર!**
**2000 PP તથા 5000 PP ડિસ્કાઉન્ટ ટૂંક સમય માટે લંબાવેલ છે.**
**કાશ્મીરની બધીજ ટુરોમાં ફેન્ટાસ્ટીક ફૂડ કારનીવલ.**
**સર્વ શ્રેષ્ઠ 100% સંપૂર્ણ**
**કાશ્મીર લેહ લડાખ**
**ચેલેન્જીંગ ભાવે પરફેક્ટ પેકેજ**
**એક માત્ર સુપર સ્પેશ્યાલીસ્ટ સાથે જ. સાથે / સિવાય અમૃતસર, વૈષ્ણોદેવી**
**સ્વતંત્ર ગુજરાતી / જૈન રસોડે બેડ ટી થી મસાલા દૂધ સુધીની જાન જેવી બાદશાહી સરભરા. ચટપટા નાસ્તા, ડ્રાયફ્રુટ બિસ્લેરી**
**બ્રાન્ડેડ 3-4* ફિક્સ લક્ઝરી હોટેલમાં બાદશાહી નિવાસ**
**ફેબ્રુ.થી જૂન દર અઠવાડિયે 3 પ્રસ્થાન**
**સૌથી વધુ બધાજ સાઈટ સીઈંગ, ગેમ્સ, ગરબા, ડાન્સ, ડીજે, કેમ્પફાયર બધા જ ખર્ચા સામિલ બધી જ હાઈફાઈ સુવિધાઓ**
**કેરાલા, હિમાચલ, ઉતરાંચલ, રાજસ્થાન, દુબઈ, બાલી, સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, માલદિવ્સ, નોર્થ ઈસ્ટ કસ્ટમાઈઝ પેકેજ મળશે**
**26 વર્ષથી કાશ્મીર/લેહ લદાખની ટુરો આપનાર એકમાત્ર સુપર સ્પેશ્યાલિસ્ટ સતીશભાઈ શાહ**
**પૂજા ટુર્સ 9869066942 9869056942 9869010141**
**ઘાટકોપર (મલાડ) www.poojaholidays.com**
(બી-૧૫૬૫૫)

**EXCELLENCY HOLIDAY**

દુબઈ વોટરપાર્ક - 46500/-, હિમાચલ - કાશ્મીર - ગોવા - ફાર ઈસ્ટ - વેજીટેરીયન - 9820002810. (૧૫૬૯૨/બી)

## ૧૪. નોકરી ખાલી છે

**ફિમેલ એકાઉન્ટન્ટ**

ટેલી ઓપરેટર (GST નોલેજ જરૂરી) દહિસર 9322286126. (૧૫૬૬૮-એ)

**''વૃદ્ધાશ્રમ''**

**મુંબઈ, રાજકોટ અને સુરેન્દ્રનગર માટે સ્ટાફ જોઈએ છે.: 9022684667, 08169314451. (૧૫૬૮૩-એ)**

**''ફીમેલ સ્ટાફ જોઈએ...''**

ફોન ઉપર માર્કેટિંગના કામ માટે... (ગુજરાતીમાં-અંગ્રેજીમાં-મરાઠીમાં બોલી શકે...) ''ઈન્વેસ્ટમેન્ટ હાઉસ'' કાંદિવલી-8291225710. (બી-૧૫૬૫૪)

**રસોઈ માટે**

**કાંદિવલી (વેસ્ટમાં) સ્ટેશનથી નજીક, જૈન નાના કુટુમ્બ માટે બન્ને ટાઈમ રસોડું સંભાળી શકે તેવા બહેનની જરૂર છે. (સંપર્કઃ સાંજના 7 થી 9) 9920018137. (૧૫૬૯૮/એ)**

**"COMPUTER OPERATOR"...**

Required Fresher Female for Full Time - Vileparle (East) - 9869009892, 9869481310. (B-15649)

**PEON**

12th Pass - Western Suburb Preferred- Salary - 12000/- + Jalaram - Indraprastha, Borivali (West) 9820441711 / 9820000538. (15693/A)

## ૧૭. જગ્યા આપવી છે

**પેડર રોડ**

જસલોક સામે, નિલકમલમાં, લીવલાયસન્સથી ૧ BHK ફુલ્લી ફર્નિશ્ડ, ૭૫,૦૦૦/=, 9820296693. 'કટારીયા' એજન્ટ. (૧૫૬૮૨-એ)

**અંધેરી (વેસ્ટ)**

1 BHK એસ.વી. રોડ, 1.80 કરોડ તેમજ ૧થી ૪ BHK અંધેરી, પાર્લે વેસ્ટ, જુહુ, ઓનરશિપ/લીવ લાયસન્સથી. ગૌતમ જોશી 9322236433/9821069632. (૧૫૬૭૫-એ)

**ઘાટકોપર ઈસ્ટ**

2 બેડરૂમ હોલ કિચન વિથ ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ, સ્ટેશનની નજીક, જૈન દેરાસરની સામે, વેચવાનો છે. દલાલ માફ, Contact : 9820788049. (૧૫૬૭૬/એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**પ્રાઈમ લોકેશન, રેપ્યુટેડ બિલ્ડરનાં બંધાતા આલીશાન ટાવરમાં, 2, 3, 4 બેડરૂમ, હોલ, કિચન ફ્લેટો / જોડી, એમેનીટીશ સાથે, લાઈફટાઈમ ઓપન વ્યુ, જુગ્નું શાહ - HOMEALONE PROPERTY 9833352224. (૧૫૬૪૪-બી)**

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૬૨૦)

**જુહુ**

મોડલ ટાઉન સોસાયટીમાં લેવીશ ૪ બેડરૂમ ભાડેથી અને ડી.એલ.એચ. રીજેન્સી બિલ્ડિંગમાં ૩ બેડરૂમ ભાડેથી મળશે. સંપર્કઃ ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૫૬૫૭-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**મલાડ (વેસ્ટમાં) ભાડેથી**

બે બેડરૂમ, હાયર ફ્લોર, માર્વે રોડ ફેસીંગ, જૈન અને લક્ષ્મી નારાયણ મંદિરની નજીક. 9821933375. (૧૫૬૭૨/એ)

**લોનાવાલા - ખંડાલા**

ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૫૫૩૪)

**SKY CITY**

By Oberoi બોરીવલી ઈસ્ટ 3 બેડરૂમ વેચાણથી 5 કરોડ 4 બેડરૂમ વેચાણથી 7 કરોડ-ભાડેથી 3 બેડરૂમ 95000/- ભાડેથી 4 બેડરૂમ 1.50 લાખ ઇન્વેસ્ટરોના ફ્લેટો લેવા 9619193345. (જેપી/૪૯૭૬-એ)

**પારલા વેસ્ટ**

ગાર્ડન ફેસિંગ 3 બેડ 1200' કાર્પેટ નવા બિલ્ડીંગમાં સ્ટેશન/ દેરાસર નજીક-7045622403. (બી-૧૫૬૪૫)

**વિલેપાર્લે (વેસ્ટ)**

બજાજ રોડ, સ્ટેશન નજીક, 2 બેડ, 736 કારપેટ, 3 બેડ 934 કારપેટ અંડર કન્સ્ટ્રક્શન, પઝેશન 12 મહિનામાં જીમ, રૂફ ટોપ ગાર્ડન વેચાણથી. 9136663063. (૧૫૫૬૨-એ)

**ગ્રાન્ટ રોડ**

3 બેડરૂમ - 1250' - કાર્પેટ - વેલે પાર્કીંગ - 4,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૨૭/ડી)

**કેમ્પ્સ કોર્નર**

2 બેડરૂમ - 780' - પાર્કીંગ - સી.વ્યું. 4,80,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૨૭/સી)

**મલબાર હીલ**

7 બેડરૂમ - 3500' - ગેરેજ - પાર્કીંગ, સી.ફેસીંગ - ફરનીસ્ટ શાહ 9820068382. (૧૫૩૨૭/બી)

**તારદેવ**

2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કીંગ 3,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૨૭/એ)

**બોરીવલી (વેસ્ટમાં) રીડેવલપમેન્ટનો ફાયદો**

**Investors માટે 3 બેડરૂમ 750' કાર્પેટ (1.59 All Inclusive) સાઈબાબા નગર, પ્રાઈમ લોકેશન, હાઈરાઈઝ ટાવરમાં (36મે માળે Alloted) Owner. 76666 44727. (૧૫૬૯૭/સી)**

**વડાલા**

બે બેડરૂમ લીફ્ટ પાર્કિંગ સવા બે કરોડ વિનોદઃ 9892980593. (બી-૧૫૬૬૬)

**માટુંગા**

બે બેડરૂમ લીફ્ટ પાર્કિંગ ત્રણથી ચાર કરોડ. વિનોદઃ 9892980593. (બી-૧૫૬૬૭)

**વાલકેશ્વર**

પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાઈસન્સથી. હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૪૯૯)

**ચેમ્બુર વેસ્ટ**

ઘાટકોપર ઈસ્ટ, બોર્ડર, અમરમહલ જંકશન, પ્રાઈમ લોકેશન, નવું ટાવર, મોર્ડન એમેનીટી, 2 BHK, સેમી ફર્નીશ્ડ, બાલ્કની, કવર પાર્કિંગ ફેમિલી - બેચલર્સ, 65000/=, 1 લાખ ડીપોઝીટ. 9323163249. (૧૫૩૨૯/એ)

**કાંદીવલી (વેસ્ટ)**

1 બેડરૂમ, મહાવીર નગર, ફુલ્લી ફર્નીશ્ડ, રેડી, 1.20 Cr. અને 2 બેડ / 3 બેડ લીવલાયસન્સ એમ. જી. રોડ. લેવા - વિજયભાઈ - 9324373521. (૧૫૩૨૯/બી)

**ઘાટકોપર- વિદ્યાવિહાર- ચેમ્બુર- તિલકનગર**

ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી/વેચાણથી લેવા-વેચવા ''પંકજ નરેન્દ્રભાઈ વોરા'' ૯૩૨૧૧૦૩૨૪૯. (૧૫૬૯૬/એ)

**કાંદિવલી (વેસ્ટ)**

પ્રાઈમ લોકેશન, જૈન મંદિર ચાલતા અંતરે, 1 BHK 489', નવું બિલ્ડીંગ, ''દિશા એસ્ટેટ'' ડિંકેશ ગડા- 9930010989. (જેપી/ ૪૯૭૬-ડી)

**One Avighna Parel**

2000' 3 બેડ 500' બાલ્કની, 3 પાર્કિંગ, હાયર ફ્લોર વેચાણથી. 9819569698. (૧૫૬૯૩/બી)

**જુહુ**

**સી-ફેસિંગ રો હાઉસ તથા 3/૪ બેડરૂમ ફ્લેટના વેચવાના/ લિવલાઈસન્સથી આપવાના છે. નીતી ઠક્કર 9757235535. (એસડીબી-૨૫૦૧)**

**PAREL EAST**

Ready OC Luxury New Tower Low density Pool, Club, Gym Amazing views 1800 carpet 11 Cr. / 10 yr. old Bldg. Low maintenance Pool, Club, Gym Party Area, Jain Mandir 3 BHK 1280 cpt. Earlier 5.11, now 4.70 Seller from our Office Bombay +91 86559 29524. (B-15647)

## ૧૮. જગ્યા જોઈએ છે

**ભાડુઆતવાળા**

**જુના બિલ્ડીંગ મુંબઈ તથા પશ્ચિમ ઉપનગરમાં વેચાણમાં જોઈએ છે- 9320279802. (એસડીબી-૨૪૨૭)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**વિલેપાર્લા (વેસ્ટ)**

અથવા જુહુસ્કીમમાં ભાડેથી બે બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ અરજન્ટ જોઈએ છે. ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૫૬૯૧-એ)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**શીરસાટ ઈન્ડસ્ટ્રીયલ N.A. PLOT- 10,000'- 20,000' ફૂટ લેવાઃ 8780264376. (૧૫૬૧૮-બી)**

**અંધેરી (ઈસ્ટ)**

એમઆઈડીસી, સ્વતંત્ર બિલ્ડીંગ, ફેક્ટરી યુનિટ, ૧૦૦૦' ૨૦૦૦', ૨૫૦૦', ૫૨૦૦', ૮૪૦૦' ગ્રાઉન્ડ/ ફર્સ્ટ ફ્લોર, જ્વેલરી, લોજીસ્ટીક, કુરીયર, મેન્યુફેક્ચરીંગ માટે ભાડા/ વેચાણથી. ૯૮૨૦૦૨૮૦૦૪. (૧૫૬૫૫-એ)

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**

**''કૈલાસ પ્લાઝામાં 277' ફુલ્લી ફર્નિશ્ડ અને વલ્લભબાગ લેનમાં 261' ઓફિસ ભાડેથી /વેચાણથી લેવા ઓનર - 9321690977. (૧૫૬૭૩/એ)**

**JUHU SCHEME**

ભાડેથી Shop 240' Carpet વૈશાલી શોપિંગ, આપવાની છે. યશ મહેતાઃ 9833766747. (૧૫૬૯૦-એ)

**દાદર પૂર્વ**

(વડાલા રામ મંદિર પાસે) ઈન્ડસ્ટ્રીયલ યુનિટ ભાડેથી આપવાનું છે. કાર્પેટ એરિયા ૧૬૬૧ અને ૧૧૦૦ ફૂટ લોફ્ટ, એક રિઝર્વ પાર્કિંગ, ક્લાઉડ કિચન / ઓફિસ / ઈન્ડસ્ટ્રીઅલ / ફેક્ટરી માટે ખાસ લાયક, ફાયર એક્ઝિટ સીડીથી સજ્જ છે, જેથી ગ્રેટર મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (MCGM) પાસેથી જરૂરી રસોડું લાઇસન્સ મેળવવા માટે ખૂબ જ સરળ રહેશે. પૂછપરછ માટે સંપર્કઃ જીતુભાઈ મજીઠિયા ૯૭૦૨૪૩૪૩૪૩, ૯૮૨૧૦૪૧૫૧૫. (એસડીબીજી-૨૪૯૧)

**મહાવીર નગર કાંદિવલીમાં**

**ક્લાસીસ ઓફિસ માટે 300' + 300' (LOFT) total: 600'. (વેચાણથી 1.49) (ભાડેથીઃ 65,000/=) ઓનરઃ 76666 44727. (૧૫૬૯૭/એ)**

**ANDHERI WEST**

**Commercial Premises at Parul Society, Off Veera Desai Road, 100 ft Frontage, 2500 sq. ft. Carpet for Outright. Call: 8828869998. (B-15629)**

**LOWER PAREL**

1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2493)

**SALE - RENT**

Office Tendice - 69 Andheri East 689' Sq. Ft. Off W. E. Highway Off Suren Road, Ready Possession, New Building Ph Owner 022-66318562-66311728-9930647494-9821936787. (JP/4976-C)

**VILE PARLE (EAST)**

Rambhau Barve Marg, Basement of 1100 sq. ft. & above it Office of 450 sq. ft. on Ground Floor with 2 Parkings Sale 3.75 Cr. OC received 9320075559. (15667/A)

**SNACKS MANUFACTURING**

Require 6000 sq. ft. on Rent at Vasai, Panvel, MIDC, Turbhe for Snacks Manufacturing. Rakesh 9821156360. (SDB-2500)

## ૨૩. મનોરંજન

**''બજેટ મુજબ''**

''દાંડિયા'', ''સંગીતસંધ્યા'' ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૬૬૯-બી)

**પ્રતીક મહેતા**

સંગીતસંધ્યા, લગ્નગીત, એનીવર્સરી, પ્રાર્થના, ભજન, ડાયરો, બર્થડે. 9821153026. (૧૫૬૯૪/એ)

## ૨૭. ઔષધ ઉપચાર

**કેબી ધોરમનો ધોરમ મલમ**

**ગુદાના ગુમડા, હરસ, ખસ, દાદર, ખરજવું, વાઢીયા, કરોળિયાનો આયુર્વેદિકમાં ઉપલબ્ધ. કેબીધોરમ વાંચી ખરીદવું. બોરીવલી 9820756510, દહિસર 9321611838, કાંદિવલી 7506655512, મુંબઈ 9820040824, મુલુંડ 9029676712. (૧૫૬૫૮-બી)**

**કોઢ-સોરાયસીસ**

ખરજવું ચામડીની એલર્જી-વેરીકોઝ વેઇન્સ, અલ્સર, સંધિવાની જળો, આયુર્વેદથી સફળ સારવાર, સૌરાષ્ટ્રના ૩૫ વર્ષના અનુભવી, વૈદ્ય ગોસ્વામી બોરીવલીમાં - ૯૮૯૨૧૮૮૦૯૦. (બી-૧૫૬૪૩)

## ૩૧. નાણાંકીય

**''ઈન્વેસ્ટમેન્ટ હાઉસ''..**

દરેક કંપનીનાઃ 'શેર' ખરીદશું.. Listed, Delisted, ફીઝીકલ, ડીમેટનાં 'શેર' તથા શેરનાં કોઈપણ પ્રોબ્લેમસ માટેઃ સર્વિસ આપીશું.. (IEPF, ડીમેટ, સીંગલ Deceased, Probate, Succession, ડુપ્લીકેટ, ટ્રાન્સમીશનની..) - સંપર્ક - 9619315362, 9321043842, 8291225710. (બી-૧૫૬૫૦)

**શેર સંબંધી**
**બજાર માં ખપતા ના ખપતા**
**શેર ખરીદશુ, ઓફ માર્કેટ**
**સંપર્ક : ચેતન શાહ**
**90290 81495**
(બી-૧૫૬૬૯)

## ૩૨. જમીન-મિલકત

**શાહાપુર આજા પર્વત**

પર ફુલ્લી ડેવલપ પ્રીમિયમ N.A. પ્લોટ તેમજ ફાર્મહાઉસ પ્લોટ લેવા- 9869108628. (જેપી/૪૯૭૬-બી)

■ 5 એકર NA પ્લોટ વેચવાનો છે. રોડટચ મહાબળેશ્વર- કાસ રોડ, રેગડે વાડી- મહાબળેશ્વર. ભાવ- રૂ.14.25 કરોડ. સંપર્ક- 9765407930. (૧૫૬૮૪-એ)

**રાજકોટમાં જોઈએ**

**પ્લોટ, કાલાવડ રોડ, હરીપર, કણકોટ, વડવાજડી-વિરડાવાજડી, ઈશ્વરીયા, અમરેલી, મોટાવડા, આણંદપર, મોરબી રોડ, હડાળા, વિજયનગર, રતનપર, નાના મોટા પ્લોટ કેશ પેમેન્ટથી. કીર્તિભાઈ કંસારા 9825160974. (બી-૧૫૬૧૪)**

**દેવલાલી**

પ્રાઈમ એરિયામાં ૩૨૫ વાર પ્લોટ વેચવાનો છે. દેરાસર નજીક મોબાઈલ - 9322683175 / 7738323175. (એસડીબીજી-૨૪૯૫)

## ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025/ 26822572. (બી-૧૫૫૬૦)

**PMC ARCHITECTS (PROJECT MANAGEMENT)**

All Architectural Services, Design Creation. Call: 9867800070. Email: designcreation02@gmail.com (SDBG-2498)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**મહાલક્ષ્મી જ્યોતિષ**

**તાત્કાલિક સમાધાન, પ્રેમ સમસ્યા, લગ્નજીવનમાં સમસ્યા, પતિ-પત્ની મતભેદ, સાસુ-વહુનો ઝઘડો, સંતાન પ્રાપ્તિ, વિદ્યામાં/વિદેશમાં રૂકાવટ, ધંધામાં નુકસાન. ફીસ કામ પછી. 9321554879. (૧૫૬૯૫/એ)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૬૫૮-ઈ)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૬૭૦/બી)

## ૪૬. વોટર પ્રુફિંગ

**બિલ્ડીંગ રીપેરીંગ**

વોટર પ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ વીથ પેઈન્ટીંગ, ટેરેસ, છજીયા, આઉટસાઈડ વોલ. સંપર્ક : 9987414990 / 9324558334. (૧૫૬૮૦-એ)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

■ વિદેશમાં અમેરિકા, લંડન, Europe, Australia, Canadaમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૫૬૫૧)

# લાતુરમાં ૯૩ જિલેટિન સ્ટિક્સ જપ્તઃ ટ્રેક્ટરના ડ્રાઈવરની ધરપકડ

લાતુરઃ લાતુર જિલ્લામાં ટ્રેક્ટરમાં ગેરકાયદે લઇ જવાઇ રહેલી ૯૩ જિલેટિન સ્ટિક્સ અને ચાર ઇલેક્ટ્રિક ડિટોનેટર એન્ટિ-ટેરરિઝમ સ્ક્વોડની ટીમે પકડી પાડી હતી અને આ પ્રકરણે ડ્રાઇવરની ધરપકડ કરી હતી. એટીએસની સ્પેશિયલ ટીમે ઔસા તહેસીલના દેવંગ્રા ફાર્મ વિસ્તારમાં સોમવારે બપોરે બે વાગ્યાની આસપાસ ટ્રેક્ટરને આંતર્યું હતું. ટ્રેક્ટરની તલાશી લેવામાં આવતાં ૯૩ જિલેટિન સ્ટિક્સ, ચાર ડિટોનેટર, વાયર, કોમ્પ્રેસર એન્જિન તથા અન્ય મતા મળી આવી હતી. ટ્રેક્ટર ડ્રાઇવર રાહુલ બાલાજી ધબાળેની આ પ્રકરણે ધરપકડ કરવામાં આવી હતી, કારણ કે તે વિસ્ફોટકોની ખરીદી માટેની પરવાનગી કે કોઇ કાનૂની દસ્તાવેજો રજૂ કરવામાં નિષ્ફળ ગયો હતો. (પીટીઆઇ)■

# સૈફના ઘરની જેમ જ છઠ્ઠા માળની ઑફિસમાં ઘૂસેલો ચોર ૧.૯૦ કરોડના દાગીના ચોરી ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સૈફ અલી ખાનના ઘરમાં ચોરીને ઇરાદે ઘૂસેલા ચોરે અભિનેતા પર હુમલો કર્યાનો મામલો હજુ શાંત પડ્યો નથી ત્યાં બાન્દ્રામાં એ જ પદ્ધતિથી છઠ્ઠા માળની ઑફિસમાં ઘૂસેલો ચોર ૧.૯૦ કરોડ રૂપિયાના હીરાજડિત દાગીના ચોરી ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું હતું. ચોર બિલ્ડિંગના દાદરથી આરામથી ચઢીને છઠ્ઠા માળે પહોંચ્યો હતો પછી પાઈપની મદદથી બારીમાંથી ઑફિસમાં ઘૂસ્યો હતો. ચોરે સીસીટીવી ઑપરેટિંગ મશીન બંધ કરી દીધું હતું, પરંતુ તે પહેલાં તે કૅમેરામાં ઝડપાઈ ગયો હતો.

બાન્દ્રા પોલીસના જણાવ્યા મુજબ ઘટના નવમી માર્ચેની રાતે બાન્દ્રા પશ્ચિમમાં ગુરુ નાનક રોડ પરની ટર્નર હાઈટ સોસાયટીમાં બની હતી. જ્વેલરીનો વ્યવસાય ધરાવતા સમર્થ બજાજે ઑફિસમાંથી ૧.૯૦ કરોડ રૂપિયાના દાગીના ચોરાયા હોવાનું ફરિયાદમાં જણાવ્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર આઠમી માર્ચની રાતે આઠ વાગ્યાની આસપાસ ઑફિસ બંધ કરવામાં આવી હતી. સોમવારે, ૧૦ માર્ચે સવારે કર્મચારી કુણાલે ઑફિસ ખોલી ત્યારે ઘટના પ્રકાશમાં આવી હતી. ઑફિસમાંના લૉકરમાંથી જ્વેલરીના પાંચ બૉક્સ ગુમ હોવાનું જણાયું હતું. તેણે તાત્કાલિક આ બાબતે બજાજને જાણ કરી હતી.

પોલીસે બિલ્ડિંગમાં લાગેલા અને ઑફિસમાંના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. ચોર નવમી માર્ચની રાતે બિલ્ડિંગના દાદર ચઢીને છઠ્ઠા માળે પહોંચ્યો હતો. બાદમાં પાઈપની મદદથી બારીમાંથી ઑફિસમાં ઘૂસ્યો હતો. ઑફિસમાં પ્રવેશતાં જ તેણે સીસીટીવીની સ્વિચ બંધ કરી દીધી હતી. જોકે તે ઑફિસમાં ઘૂસ્યો ત્યારે કૅમેરામાં ઝડપાઈ ગયો હતો. પોલીસ ફૂટેજની મદદથી આરોપીની શોધ ચલાવી રહી છે. ■

# ન્યૂ ઈન્ડિયા કો-ઓપ. બૅંકના ૧૨૨ કરોડની ઉચાપતનો કેસ

## ભૂતપૂર્વ જનરલ મેનેજર હિતેશ મહેતા પર પોલીગ્રાફ ટેસ્ટ કરાઈ

મુંબઈઃ ન્યૂ ઇન્ડિયા કો-ઓપ. બૅંકના ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપતના કેસની તપાસ કરી રહેલી આર્થિક ગુના શાખાએ ધરપકડ કરેલા બૅંકના ભૂતપૂર્વ જનરલ મેનેજર અને અકાઉન્ટ હૅડ હિતેશ મહેતા પર મંગળવારે પોલીગ્રાફ ટેસ્ટ કરવામાં આવી હતી.

પોલીસની આર્થિક ગુના શાખાની ટીમ ટૂંક સમયમાં રિઝર્વ બૅંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ)ના અધિકારીઓને મળશે, જેથી એ માહિતી મેળવી શકાય કે સેન્ટ્રલ બૅંકે ૧૨ ફેબ્રુઆરીના રોજ શા માટે નિરીક્ષણ કર્યું, જેમાં વિસંગતિઓ બહાર આવી હતી. એ પહેલા કેમ નહીં?

પોલીગ્રાફ ટેસ્ટને લાઇ ડિટેક્ટર ટેસ્ટ પણ કહેવામાં આવે છે, જે મંગળવારે બપોરે હિતેશ મહેતા પર કાલિના ખાતેની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફએસએલ)માં કરવામાં આવી હતી.

છેલ્લાં કેટલાંક વર્ષમાં હિતેશ મહેતા પહેલો આરોપી છે, જેના પર પોલીગ્રાફ ટેસ્ટ કરવામાં આવી છે. આ ટેસ્ટ ત્રણ કલાક ચાલી હતી જેમાં મહેતાને પચાસ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. હિતેશ મહેતા આ કેસનો મુખ્ય આરોપી છે.

પોલીસ અધિકારીઓએ પ્રશ્નાવલી તૈયાર કરી હતી અને ફોરેન્સિક ફિઝિયોલોજી નિષ્ણાતો દ્વારા મહેતાને આ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

આ ટેસ્ટનો રિપોર્ટ ૧૭ માર્ચના રોજ આવી શકે છે અને તેને પોલીસમાં રજૂ કરવામાં આવશે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે આર્થિક ગુના શાખા આ કેસમાં ચાર વોન્ટેડ આરોપીની શોધ ચલાવી રહી છે. આમાં બૅંકના ભૂતપૂર્વ ચેરમેન હિરેન ભાનુ અને તેની પત્ની ગૌરી અગાઉ દેશ છોડીને ભાગી ગયાં છે. આ કેસમાં અત્યાર સુધી ચાર જણની ધરપકડ કરવામાં આવી છે. (પીટીઆઇ)■

# મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે મિસિંગ લિંકનું ૯૩ ટકા કામ પૂર્ણ

મુંબઈઃ મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમએસઆરડીસી) એ મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર ખોપોલી અને કુસગાંવ વચ્ચે ૧૯.૮૦ કિમી લાંબી નવી લેન (મિસિંગ લિંક) નું કામ હાથ ધર્યું છે. અત્યાર સુધીમાં આ પ્રોજેક્ટનું ૯૩ ટકા કામ પૂર્ણ થઈ ગયું હોવાથી બાકીનું કામ ઝડપથી કરવામાં આવી રહ્યું છે.

રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અને નાણા પ્રધાન અજિત પવારે માહિતી આપી હતી કે બાકીનું કામ ઓગસ્ટ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. એકવાર આ હાઇ-વે સેવામાં આવી ગયા પછી, મુંબઈ અને પુણે વચ્ચેનો મુસાફરીનો સમય ૨૦ થી ૨૫ મિનિટ ઘટી જશે.

છ લેનવાળા મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર લાખો વાહનો દોડી રહ્યા છે અને આ હાઇવે પણ હવે અપૂરતો લાગી રહ્યો છે. બીજી તરફ, અકસ્માતોની સંખ્યા પણ વધી રહી છે, જેને ધ્યાનમાં રાખીને એમએસઆરડીસી એ ખોપોલી અને કુસગાંવ વચ્ચે ૧૯.૮૦ કિમી. લાંબો નવો રસ્તો બનાવવાનો નિર્ણય લીધો અને સાથે જ હાઇવેના આઠ લેન વિસ્તરણનો પણ નિર્ણય લીધો છે.

એમએસઆરડીસીના વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટનું ૯૩ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે અને હવે ફક્ત કેબલ-સ્ટેડ બ્રિજનું કામ બાકી છે. આ પ્રોજેક્ટની ૧.૭૫ કિમી અને ૮.૯૨ કિમી. ટનલનું કામ પૂર્ણ થઈ ગયું છે. દરમિયાન, ૮.૯૨ કિમી. લાંબી ટનલ એશિયાની સૌથી પહોળી છે, જે પર્વતો અને તળાવોની નીચેથી પસાર થાય છે. ■

## રવીન્દ્ર ધંગેકરે કૉંગ્રેસને રામ રામ કર્યા બાદ નિવેદન

# ધંગેકર તો પુણેનો વાલ્મિક કરાડ છેઃ કૉંગ્રેસ

મુંબઈઃ પાલિકાની ચૂંટણી માથા પર છે ત્યારે કોંગ્રેસને રામ રામ કરીને રવીન્દ્ર ધંગેકરે શિંદેની શિવસેનામાં પ્રવેશ કર્યો છે. આને કારણે કોંગ્રેસને મોટો ફટકો બેઠો છે. એવામાં કોંગ્રેસ પ્રદેશાધ્યક્ષ અરવિંદ શિંદેએ ધંગેકર પર ગંભીર આરોપ મૂક્યો છે. તેમણે જેટલા પણ આંદોલનો કર્યાં હતાં એ પોતાના ફાયદા માટે જ કર્યાં હતાં. તેમણે ક્યારે પણ કોંગ્રેસનો ફ્લેગ નહોતો વાપર્યો. તેમણે બીજો પણ એક મોટો દાવો કર્યો હતો કે ધંગેકર પુણેનો વાલ્મિક કરાડ છે.

જેની વિચારધારા શૂન્ય છે, તેના માટે કંઇ બોલવા જેવું નથી અને ધંગેકરના જવાથી પક્ષને કોઇ નુકસાન નહીં થાય. ચાર વાર તક આપવામાં આવી તેમ છતાં તેમણે પક્ષ છોડી દીધો. હું ચૂંટણી લડી રહ્યો હતો ત્યારે તેમણે વિરોધ કર્યો હતો. પક્ષે ૩ વર્ષમાં નિષ્ઠાવંત કાર્યકર્તાઓને બાકાત રાખીને ચોથી વાર તક આપી. જે દિવસે તેઓ વિધાનસભ્ય બન્યા ત્યાર પછી તેમણે ક્યારે પણ કોંગ્રેસનો ધ્વજ હાથમાં લીધો નથી.

કોંગ્રેસે માન આપ્યું, પક્ષના કોઇ પણ આંદોલનમાં તે દેખાયા નહીં. હવે તેમને મતદારોએ નકાર્યા છે અને તેઓ લીડ લઇ શકતા નથી. પક્ષે મારા માટે કામ કરવું જોઇએ, હું પક્ષ માટે કામ નહીં કરું, એવી ભૂમિકા તેમણે હાથ ધરી છે. ■

# ઈન્ડસઈન્ડ બેન્કના ગ્રહણ વચ્ચે સેન્સેક્સ અટવાયો, જોકે નિફ્ટી ગ્રીન ઝોનમાં ૨૨,૫૦૦ તરફ આગળ વધ્યો

મુંબઈ: વોલ સ્ટ્રીટના એકધારા કડાકાના અહેવાલો વચ્ચે હલી ગયેલા ગ્લોબલ ઇક્વિટી માર્કેટ સાથે સ્થાનિક બજારને પણ ઝટકો લાગ્યો હતો, જોકે બજાર આ ઝટકો પચાવીને આગળ વધી જ રહ્યું હતું ત્યાં ઇન્ડસઇન્ડ બેન્કના ધબડકાએ ફટકો માર્યો હોવાથી સેન્સેક્સ નેગેટિવ ઝોનમાં સરી પડ્યો હતો. અલબત્ત નિફ્ટી આ ઝટકો પચાવીને પોઝિટિવ ઝોનમાં આગળ વધીને ૨૨,૫૦૦ નજીક પહોંચવામાં સફળ રહ્યો હતો. જોકે, વિશ્વબજારના મંદીમય માહોલ વચ્ચે મંગળવારે બેન્ચમાર્ક સેન્સેક્સ તેના મોટાભાગના નુકસાનને પચાવી પાછો ફરીને મામૂલી ઘટાડા સાથે બંધ થયો છે, જ્યારે ખાનગી ધિરાણકર્તા ઇન્ડસઇન્ડ બેંક ૨૭ ટકા ઘટ્યો હતો અને યુએસ મંદીની ચિંતાઓને કારણે વૈશ્વિક બજારોમાં ઘટાડો થયો હતો. સત્રને અંતે સેન્સેક્સ ૧૨.૮૫ પોઈન્ટ અથવા ૦.૦૨ ટકા ઘટીને ૭૪,૧૦૨.૩૨ પોઇન્ટના સ્તર પર બંધ થયો હતો, જેમાં તેના અડધા ઘટક નેગેટિવ જોનમાં સરક્યા હતા. નબળા વૈશ્વિક વલણોને પગલે શરૂઆતના સોદામાં ઇન્ડેક્સમાં તીવ્ર ઘટાડો થયો હતો અને તે ૪૫૧.૫૭ પોઈન્ટ અથવા ૦.૬૧ ટકા ઘટીને ૭૩,૬૬૩.૬૦ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. બેરોમીટર પાછળથી નુકસાનને પચાવીને લગભગ સ્થિર સપાટીએ બંધ થયો હતો.

સેન્સેક્સ પેકમાં ઇન્ફોસિસ, બજાજ ફિનસર્વ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઝોમેટો, હિન્દુસ્તાન યુનિલિવર, પાવર ગ્રીડ, એક્સિસ બેંક, અલ્ટ્રાટેક સિમેન્ટ, અદાણી પોર્ટ્સ અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ ટોચના ઘટનારા શેર રહ્યાં હતા. બીજી બાજુ, સન ફાર્માસ્યુટિકલ્સ, આઈસીઆઈસીઆઈ બેંક, ભારતી એરટેલ, ઇંઈક ટેક્નોલોજીસ, મારુતિ સુઝુકી ઇન્ડિયા, લાર્સન એન્ડ ટુબ્રો, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, કોટક મહિન્દ્રા બેંક અને ટાઇટન ટોપ ગેઇઈનર્સ બન્યાં હતાં.

વિશ્લેષકોએ જણાવ્યું હતું કે આઇસીઆઇસીઆઇ બેંક, રિલાયન્સ અને એરટેલ જેવા પસંદગીના બ્લુ-ચિપ શેરોમાં સત્રના પાછલા ભાગમાં નવેસરની લેવાલીનો ટેકો મળતા બેન્ચમાર્કને નીચી સપાટીથી પાછાં ફરવામાં મદદ મળી હતી. ટેરિફ વોરને કારણે આર્થિક મંદીની ચિંતાઓને કારણે યુએસ અને અન્ય એશિયન બજારોમાં નોંધપાત્ર વેચવાલી હોવા છતાં, સ્થાનિક બજારમાં ધીમે ધીમે રિકવરીના સંકેતો દેખાઈ રહ્યા છે. એકંદર ચિત્ર જોઇએ તો અમેરિકામાં મંદીની ચિંતાને કારણે વોલ સ્ટ્રીટમાં રાતોરાત કડાકા બોલાઈ ગયા બાદ એશિયન બજારોમાં પણ વ્યાપક વેચવાલીનું દબાણ વધ્યું હોવાથી મંગળવારે સ્થાનિક ઇક્વિટી બેન્ચમાર્ક સેન્સેકસ અને નિફ્ટીમાં નીચા મથાળે ખુલ્યા હતા અને તમામ ક્ષેત્રોમાં વેચાણનું દબાણ સ્પષ્ટ હતું. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમની ટેરિફ નીતિઓ અંગેની ચિંતાઓ વચ્ચે, યુ.એસ. મંદીમાં પ્રવેશ કરશે કે કેમ તેની આગાહી કરવા માટે રવિવારે ઇનકાર કર્યા બાદ ઘટાડો થયો હતો, જેણે વૈશ્વિક આર્થિક સ્થિરતા વિશે રોકાણકારોની ચિંતાને વધુ તીવ્ર બનાવી હતી. સવારના સત્રમાં નિફ્ટી આઈટી ઈન્ડેક્સ ૧.૫ ટકા ગબડ્યો હતો. જેન્સોલ એન્જિનિયરિંગનો શેર પાંચ ટકા ગગડીને નીચલી સર્કિટમાં પટકાયો હતો. ઈન્ડસઈન્ડ બેંકનો શેર ૨૭ ટકા કડાકા સાથે બાવન સપ્તાહની નીચી સપાટીએ પટકાયો હતો. સવારના સત્રમાં અમેરિકી ડોલર સામે રૂપિયો સાત પૈસા ઘટીને ૮૭.૩૮ બોલાયો હતો. ટેરિફ અને સરકારી ખર્ચમાં ઘટાડો જગતની સૌથી મોટી અર્થવ્યવસ્થા એટલે કે અમેરિકામાં વૃદ્ધિને અવરોધી શકે તેવી ચિંતા વચ્ચે વૈશ્વિક બજારોનું માનસ ખરડાયું હતું. યુએસ ઇક્વિટી-ઇન્ડેક્સ ફ્યુચર્સને નવા નીચા સ્તરે ધકેલાતા ગ્લોબલ શેરબજારમાં વેચવાલી તીવ્ર બની હતી. ક્રિપ્ટોકરન્સીમાં તીવ્ર ઘટાડો થયો, જ્યારે બોન્ડ્સમાં તેજી જોવા મળી.

# યુએસ બજારોમાં ૨૦૨૨ પછીનો સૌથી મોટો એક દિવસીય કડાકો

મુંબઇ: યુએસ બજારોમાં ૨૦૨૨ પછીનો સૌથી મોટો એક દિવસીય ઘટાડો જોવા મળ્યો, જેની અસર સ્થાનિક દલાલ સ્ટ્રીટ પર પણ પડી. વેપાર યુદ્ધ અને મંદીની ચિંતાઓના કારણે વૈશ્વિક બજારો દબાણ હેઠળ છે. જાગતિક સ્તરે અનિશ્ચિતતા વચ્ચે, નિષ્ણાતો રોકાણકારોને સાવચેત રહેવાની અને ગુણવત્તાયુક્ત શેરો પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપે છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પની ટેરિફ પોલિસીએ વિશ્વભરનાં રોકાણકારોમા મંદીનો ભય ઉત્પન્ન કર્યો છે ગઇકાલે અમેરિકાનાં શેરમાર્કેટમા બે વર્ષનો સૌથી મોટો કડાકો બોલ્યો હતો સાથે સવારે ભારતીય શેરબજારનાં ઇન્ડેકસ, સેન્સેકસ અને નીફ્ટીમા પણ ભારે કડાકા સાથે શરૂઆત થઇ હતી. પાછલા ટ્રેડિંગ દિવસે યુએસ શેરબજારમાં ગભરાટનો માહોલ હતો અને ડાઉ જોન્સથી લઈને એસએન્ડપી ઇન્ડેક્સ ખરાબ રીતે તૂટ્યા હતા. નેસડેક ચાર ટકા ઘટ્યો હતો. અમેરિકી બજારમાં કડાકાની અસર મંગળવારે ખુલતાની સાથે જ એશિયન બજારોમાં જોવા મળી હતી. ખાસ વાત એ છે કે અમેરિકન શેરબજારોમાં બે વર્ષમાં આ સૌથી મોટો ઘટાડો છે. અમેરિકાના શેરબજારોમાં છેલ્લા ટ્રેડિંગ દિવસે, ટેસ્લા શેર્સ (ટેસ્લા શેર ૧૫ ટકા ડાઉન) સહિત ઘણી મોટી વૈશ્વિક કંપનીઓના શેર્સ તૂટ્યા હતા.

ડાઉ જોન્સની સ્થિતિ ખરાબ હતી, ટ્રેડિંગ દરમિયાન તેમાં ૧૧૦૦ પોઈન્ટ્સનો ઘટાડો થયો હતો અને ૨.૦૮ ટકાના ઘટાડા સાથે ૪૧,૯૧૧.૭૧ પર બંધ થયો હતો. એસએન્ડપી-૫૦૦ ઇન્ડેક્સમાં પણ ડાઉ જોન્સ જેવી જ સ્થિતિ જોવા મળી હતી અને તે ૧૫૫.૬૪ પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયો હતો.

# સોનામાં સાધારણ સુધારો, ચાંદીની ચમક ઝાંખી પડી

મુંબઇ: ટ્રમ્પની ટેરિફ વોરને કારણે જ્યારે ગ્લોબલ ઇક્વિટી માર્કેટમાં ઊથલપાથલ મચી છે, ત્યારે પણ સેફ હેવન એસેટ એવા બુલિયનમાં કોઇ ખાસ ચમકારો જોવા મળ્યો નથી. સ્થાનિક ઝવેરી બજારમાં સોનામાં સાધારણ સુધારો જોવા મળ્યો છે, પરંતુ ચાંદીની ચમક સહેજ ઝાંખી પડી છે. ચોવીસ કેરેટના શુદ્ધ સોનો ફરી રૂ. ૮૬,૦૦૦ની સપાટી હાંસલ કરી છે.

ઝવેરી બજારમાં ૯૯૯ ટચના શુદ્ધ સોનાનો ભાવ રૂ. ૮૫,૯૩૨ના પાછલા બંધ સામે રૂ. ૮૫૭૨૩ની સપાટીએ ખૂલીને અંતે દસ ગ્રામદીઠ રૂ. ૯૨ના સુધારા સાથે રૂ. ૮૬,૦૨૪ની સપાટીએ બંધ રહ્યાં હતાં. એ જ રીતે, ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોનાનો ભાવ રૂ. ૮૫,૫૮૮ના પાછલા બંધ સામે રૂ. ૮૫,૩૮૦ની સપાટીએ ખૂલીને અંતે દસ ગ્રામદીઠ રૂ. ૯૨ના સુધારા સાથે રૂ. ૮૫,૬૮૦ની સપાટીએ બંધ રહ્યાં હતાં. જોકે, .૯૯૯ ટચની શદ્ધતા ધરાવતી હાજર ચાંદી ઓદ્યોગિક લેવાલી અને સટ્ટાકીય માગને અભાવે રૂ. ૯૬,૬૩૪ના પાછલા બંધ ભાવ સામે રૂ. ૭૫૯ના ઘટાડા સાથે રૂ. ૯૬,૦૦૦ની સપાટી ગુમાવતી રૂ. ૯૫,૮૭૫ના સ્તરે ખૂલી હતી. સત્રના પાછલા ભાગમાં લેવાલીનો ટેકો મળતો ઘટાડો પચાવી અંતે એક કિલોદીઠ આઠ રૂપિયાના ઘસરકા સાથે રૂ. ૯૬,૬૨૬ની સપાટીએ બંધ થઇ હતી. બુલિયન ડીલરે જણાવ્યું હતું કે, અમેરિકાના શેરબજારમાં ભારે કડાકો જોવા મળ્યો હોવાથી વૈશ્વિક બજારોમાં પણ ગભરાટ વધી ગયો છે. મંદીની આશંકા અને વધતી મોંઘવારીના પગલે રોકાણકારોએ જોખમભર્યા એસેટ્સથી અંતર જાળવવાનું શરૂ કરી દીધુ છે. આ કડાકાની અસર ક્રિપ્ટો કરન્સીની બજાર ઉપર પણ જોવા મળી છે. જો કે સુરક્ષિત રોકાણ ગણાતા સોનામાં સુધારો જોવા મળ્યો છે. દેશાવરોથી મળતા અહેવાલ મુજબ ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના ડેટા અનુસાર, મંગળવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવમાં ત્રણ દિવસના ઘટાડાનો દોર તૂટીને, મજબૂત વૈશ્વિક વલણો વચ્ચે સોનાનો ભાવ ફરી ૮૮,૭૯૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ બોલાયો હતો.

એ જ રીતે, ૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતી કિંમતી ધાતુ ૪૦ રૂપિયા વધીને ૮૮,૭૯૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની સપાટીએ પહોંચી છે, જે પાછલાં બંધ ૮૮,૭૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના સ્તરે હતી. જ્યારે ૯૯.૫ ટકા શુદ્ધતા ધરાવતી સોનાની કિંમત પણ ૪૦ રૂપિયા વધીને ૮૮,૩૯૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ બોલાઇ છે.

અચરજરૂપે પાછલા ત્રણેક સત્રથી બુલિયન બજારમાં અફડાતફડી જોવા મળી છે. કારણ કે વાયદા બજારમાં સોનું મોંઘુ થયું જ્યારે રિટેલ બજારમાં સોનું સસ્તું થયું હતું. વાયદા બજારમાં જોઇએ તો અમેરિકી બજારમાં મોટા કડાકા અને આર્થિક અનિશ્ચિતતા વચ્ચે સુરક્ષિત રોકાણ તરીકે સોનાની માગ વધી છે. ઓનલાઇન એક્ચમેન્જ પર પર સોનું ૨૦૦ રૂપિયાના વધારા સાથે ૮૫,૬૦૦ રૂપિયા નજીક પહોંચી ગયું હતું.

ગ્લોબલ માર્કેટમાં સોનું ૨,૯૦૦ નજીક ટ્રેડ થતું જોવા મળ્યું. સોનાના ભાવ આંતરરાષ્ટ્રીય બજારમાં પણ મજબૂત જોવા મળી રહ્યા છે.

# અફડાતફડીથી ભરપૂર સત્રમાં એક્સચેન્જના માર્કેટ કેપમાં ₹ ૪૦ હજાર કરોડનો વધારો

મુંબઇ: શેરબજારના અફડાતફડીથી ભરપૂર સત્રમાં રિયલ્ટી, ટેલિકોમ્યુનિકેશન અને ઓઈલ એન્ડ ગેસ શેરો વધ્યા હતા. આઈટી ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યો હતો. એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ. ૪૦ હજાર કરોડનો વધારો થયો હતો.

મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૭૪,૧૧૫.૧૭ના બંધથી ૧૨.૮૫ પોઈન્ટ્સ (૦.૦.૨ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૦.૪૦ લાખ કરોડ વધીને રૂ.૩૯૪.૨૫ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૭૩,૭૪૩.૮૮ ખૂલીને નીચામાં ૭૩,૬૬૩.૬૦ સુધી અને ઊંચામાં ૭૪,૧૯૫.૧૭ સુધી જઈને અંતે ૭૪,૧૦૨.૩૨ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૫ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૫ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪૦૯૧ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૪૬૬ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૫૦૬ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૧૯ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૬૦ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૩૩ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૭૨ ટકા વધ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૭૦ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૩૦ ટકા વધ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૬૦ ટકા ઘટ્યો હતો.

# ટ્રમ્પની ભાગીદારી મસ્કને ભારે પડી, બે મહિનામાં નવ લાખ કરોડ સ્વાહા

મુંબઇ: ટ્રમ્પની તઘલખી ટેરિફ નીતિ અન્ય દેશોમાં અમેરિકા અને ટ્રમ્પ સામે ગુસ્સો પેદા કરી રહી છે, તો બીજી તરફ ટ્રમ્પના નજીકના મિત્ર એલન મસ્ક સામે પણ ગુસ્સો જોવા મળી રહ્યો છે. લોકો એલોન મસ્કની કંપની ટેસ્લા પાસેથી કાર ન ખરીદીને પોતાનો ગુસ્સો બતાવી રહ્યા છે. જર્મનીની વાત કરીએ તો, અહીં ટેસ્લાના વેચાણમાં ૭૬ ટકાનો ઘટાડો થયો છે. જ્યારે, ફ્રાન્સમાં ટેસ્લા કારના વેચાણમાં ૪૫ ટકા, ઇટાલીમાં ૫૬ ટકા, નેધરલેન્ડ્સમાં ૨૪ ટકા, સ્વીડનમાં ૪૨ ટકા અને સ્પેનમાં ૧૦ ટકાનો ઘટાડો થયો છે. ઓસ્ટ્રેલિયા અને ચીનમાં પણ ટેસ્લા કાર વેચાઈ રહી નથી. ઓસ્ટ્રેલિયામાં ૬૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો, જ્યારે ચીનમાં ૪૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો. આ વર્ષે ફેબ્રુઆરી સુધીમાં, ટેસ્લાના શેર લગભગ ૩૦ ટકા ઘટ્યા હતા.

જો આપણે પાછલા એક મહિનાની વાત કરીએ તો ટેસ્લાના શેર લગભગ ૨૫ ટકા ઘટ્યા છે. ગઇકાલે ટેસ્લાના શેરમા ૧૫ ટકા જેટલો ઘટાડો થયો હતો. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઇન્ડેક્સના રિપોર્ટ મુજબ, આ વર્ષે એલોન મસ્કની સંપત્તિમાં ૧૦૩ બિલિયન ડોલર એટલે કે આશરે નવ લાખ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. એલન મસ્કની વર્તમાન નેટવર્થ વિશે વાત કરીએ તો, તે લગભગ ૩૩૦ બિલિયન છે.

## પબ્લિક નોટીસ

આથી **ખબર** આપવામાં આવે છે કે ૭૭, કાલી જાની, જમ્મુ એન્ડ કાશ્મીર, JK-૧૮૦૦૦૧ ખાતે તેની રજીસ્ટર્ડ ઓફિસ ધરાવનાર, કંપનીઝ એક્ટ, ૧૯૫૬ હેઠળ સ્થપાયેલ એક કંપની, માઉન્ટ આબુ હોલ્ડિંગ્સ પ્રાઈવેટ લિમિટેડ ("માલિક"), સ્પષ્ટ અને માર્કેટેબલ ટાઈટલ સાથે અને ખાલી અને શાંતિદાયક કબજા સાથે અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ ઓફિસ પ્રિમાઈસીસ ("સદર પ્રિમાઈસીસ") અમારા અસીલને વેચવા માટે સંમત થયા છે.

સદર પ્રિમાઈસીસ હાલમાં માલીક દ્વારા SBI ફેક્ટર્સ લિમિટેડ (અગાઉ SBI ગ્લોબલ ફેક્ટર્સ લિમિટેડ)ને ગીરવે મૂકવામાં આવી છે.

કોઈપણ શખસો જે સદર પ્રિમાઈસીસ કે તેના કોઈપણ ભાગની બાબતમાં વેચાણ, અદલાબદલી, ગીરો (ઈક્વીટેબલ કે બીજી રીતે), ભાગીદારી, ભેટ, ટ્રસ્ટ, વારસો, કુટુંબ વ્યવસ્થા, પતાવટ, જાળવણી, બિકવેસ્ટ, કબજો, લીઝ, સબ-લીઝ, ટેનાન્સી, લાયસન્સ, લીયન, ચાર્જ, પ્લેજ, ઈઝમેન્ટ લોન્સ, એડવાન્સીસ, કોઈપણ અન્ય કોઈપણ અન્ય જપ્તી, ઈંજંકશન અથવા કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડીક્રી, ઓર્ડર કે એવોર્ડ હેઠળ, ટ્રીબ્યુનલ, રેવન્યૂ અથવા સ્ટેચ્યુટરી ઓથોરીટી અથવા આર્બીટ્રેશન, રાઈટ ઑફ પ્રીસ્ક્રીપ્શન અથવા પ્રી-એમ્પશન અથવા કોઈપણ ક્ષમતામાં ઉપર જણાવેલા કરારોની કસ્ટડી કે કબજોની દ્વારા કોઈપણ દાવો ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં અમને સહાયક દસ્તાવેજી પુરાવા સાથે નીચે દર્શાવેલ સરનામા ખાતે આ છપાયાની તારીખથી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર આવા શખ્સોના કંઈ દાવો કે દાવા જો કોઈ હશે તો ત્યજી દીધેલ અને/કે છોડી દીધેલ તરીકે ગણાશે અને કોઈપણ રીતે બંધનકર્તા રહેશે નહિ અને અમારા અસીલ લેવડદેવડ સાથે આગળની કાર્યવાહી કરશે.

ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટ
("સદર પ્રિમાઈસીસ")

ફ્રી પ્રેસ જર્નલ માર્ગ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧ ખાતે આવેલ ફોર્ટ ડિવિઝનના C.S. નં. ૧૯૫૯ ધરાવતી પ્લોટ નં. ૨૧૩, બ્લોક III, બેકબે રિકલેમેશન સ્કીમ ધરાવતી લીઝહોલ્ડ જમીન પર ઊભેલ, "રાહેજા ચેમ્બર્સ" તરીકે જાણીતી બિલ્ડિંગના ૫મા માળ પર કુલ ભરતમાં ૨૧૫૦ ચો. ફૂટ બિલ્ટ-અપ એરિયા ઓફિસ નં. ૫૦૩ અને ૫૦૪ તથા રાહેજા ચેમ્બર્સ પ્રિમાઈસીસ કો-ઓપરેટીવ સોસાયટી લિ. દ્વારા તા. ૧લી ઓક્ટોબર, ૧૯૮૩ના અસલ શેર સર્ટિફિકેટ નં. ૩૮ની બદલીમાં ઈશ્યુ કરાયેલ તા. ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૪ના ડુપ્લીકેટ શેર સર્ટિફિકેટ નં. ૧૪૨માં સમાવિષ્ટ વિશિષ્ટ નં. ૧૬૬થી ૧૭૦ (બંને સહિત) ધરાવતી દરેક રૂ. ૫૦ના તે તમામ ૫ ફુલ્લી પેઈડ અપ શેર્સ.

આજ તારીખ ૧૨મી માર્ચ, ૨૦૨૫.

LAW POINT
ADVOCATES & SOLICITORS
૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ,
બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્ષ,
ઈન્કમ ટેક્સ ઓફિસ સામે,
બાન્દ્રા (પૂર્વ),
મુંબઈ-૪૦૦૦૫૧.
Email: response@lawpointindia.com

## પશ્ચિમ રેલવે

મુંબઈ ડીવીજન પર "ઓલ વ્હીકલ્સ પે એન્ડ પાર્ક"નું સંચાલન

DRM, કોમર્શિયલ વિભાગ, પાર્કિંગ સેક., મું. સેન્ટ્રલ, મુંબઈ-૮. કામઃ- મુંબઈ ડીવી. પર "ઓલ વ્હીકલ્સ પે એન્ડ પાર્ક"નું સંચાલન

| | |
|---|---|
| ઓકશન કેટલોગ નં. BCT-PKG-2425-27 | બારડી - વાર્ષિક બીડ વેલ્યુના ૧૦% |
| ઈ-ઓકશનની તા. ૨૪-૩-૨૫ | ઈ-ઓકશનનો સમયઃ ૧૫:૦૦ ક. |

| અ. નં. | સ્ટેશન | સ્થળ | એરિયા (ચો.મી.) | ટેન્યોર |
|---|---|---|---|---|
| ૧ | સિંધખેડા | સરક્યુલેટિંગ એરિયા | ૭૫૯ | ૦૩ વર્ષ |
| ૨ | ગોરેગામ | પૂર્વ | ૧૪૧.૭૭ | ૦૩ વર્ષ |

નોંધઃ- વધુ વિગતો માટે, ભાવિ બિડરોને વિનંતી છે કે IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-ઓકશન લીઝીંગ મોડ્યુલની મુલાકાત લો. સાઈટ્સ અંગેની માહિતી ઉપર દર્શાવેલ કેટલોગમાં લોટ વિગતોમાં ઉપલબ્ધ છે. 1169

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

## મુંબઈ પોર્ટ ઓથોરિટી

મેજર પોર્ટ ઓથોરિટી ધારા, ૨૦૨૧ની કલમ ૩૦ હેઠળ નિકાલ માટેની સૂચના

### જાહેર સૂચના

નીચે દર્શાવેલ મુજબ કન્સાઈનમેન્ટ માટે મુંબઈ પોર્ટ ઓથોરિટીના વતીથી સૂચના આપવામાં આવે છે જે મુંબઈ પોર્ટ પ્રીમાઈસીસમાં દાવો ન કરાયેલ/ ક્લીયર ન કરાયેલ પડી રહેલ છે.

કન્સાઈનમેન્ટ- વુલન રેગ્સની ૮ બેલ્સ (લોટ નં. બીબી/૨૫૬૨) વેસેલનું નામ Ex. M.V. ધૌલાગિરી, IGM/આઈટમ ૧૩૯૮/ L ૧૨૨ તા. ૦૯/૧૦/૧૯૮૪.

આયાતકારઃ મે. રાજસ્થાન વૂલટેક્સ લી. ગામ હાટમારા, જયપુર, રાજસ્થાન.

આથી, કોઈપણ શખ્સ (સો) જે ઉપરોક્ત કન્સાઈનમેન્ટની બાબતમાં કોઈપણ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો આથી વિનંતી કે આ છપાયાની તા.થી ૧૫ દિવસમાં ઓકશન સેલ્સ બ્રાન્ચ, ૩જો માળ, ઓપરેશન સર્વિસ સેન્ટર બિલ્ડીંગ, પી. ડી'મેલો રોડ, મુંબઈ- ૪૦૦૦૦૧ખાતે નીચે સહી કરનારનો સંપર્ક કરે, ત્યારપછી જો કોઈ દાવેદાર હોય તો ધ્યાનમાં લીધા વિના અને પ્રક્રિયાને અનુસરીને કાર્ગોનો નિકાલ કરવામાં આવશે.

MbPA-26-2025 - ટ્રાફિક મેનેજર માટે

## BRIHANMUMBAI MAHANAGARPALIKA

પબ્લિક હેલ્થ વિભાગ
જંતુનાશક શાખા
પેસ્ટ કંટ્રોલ ઓફિસ-P/નોર્થ વોર્ડ

P/નોર્થ વોર્ડ ઓફિસ બિલ્ડીંગ, ૮૦૧, ૮મો માળ, Nr. લિબર્ટી ગાર્ડન, B. J. પટેલ રોડ, મલાડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૬૪.

ઈમેલ સરનામું- pco.pn@mcgm.gov.in

નંબરઃ PCO/PN/૧૨૪૫/SR તારીખઃ ૧૧.૦૩.૨૦૨૫

### નોટીસ

P/નોર્થ વોર્ડમાં ૦૭ મહિના (કામના દિવસો ૧૭૨)ની મુદત માટે વિવિધ પ્રકારના કામ એટલે કે લાર્વિસીડિંગ, ફોગિંગ, ફ્લાય કંટ્રોલ, રેટ કંટ્રોલ વગેરેની સારવાર આપવા માટે ૬૪ સ્વયંસેવકોની જોગવાઈ માટે રજિસ્ટર્ડ સરકારી/ બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવાય છે. જે મહારાષ્ટ્ર કો-ઓપ. સો., એક્ટ ૧૯૬૦ હેઠળ નોંધાયેલ છે. (જેનો ઉદ્દેશ્ય બેરોજગાર લોકોને નોકરી આપવાનો છે.)

રસ ધરાવતી સંસ્થાઓએ BMC પોર્ટલ **http://portal.mcgm.gov.in** પરથી અરજીઓ ડાઉનલોડ કરવી જોઈએ અથવા પેસ્ટ કંટ્રોલ ઓફિસરની ઓફિસ, **પી/નોર્થ વોર્ડ ઓફિસ બિલ્ડીંગ, ૮૦૧, ૮મો માળ, લિબર્ટી ગાર્ડન,** B. J. પટેલ રોડ, મલાડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૬૪ની ઓફિસમાં સંપર્ક કરો.

પેસ્ટ કંટ્રોલ ઓફિસર પી/નોર્થ વોર્ડની ઓફિસમાં અરજીઓ સુપ્રત કરવાની છેલ્લી તારીખ ૨૦.૦૩.૨૦૨૫ કામકાજના દિવસે **સાંજે** ૦૪.૦૦ કલાક પહેલા છે.

સહી/-
આસી. કમિશનર
P/નોર્થ વોર્ડ

PRO/2780/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## BRIHANMUMBAI MAHANAGARPALIKA

### ઈ-ટેન્ડર નોટિસ

| | | |
|---|---|---|
| વિભાગ | : | હાઈડ્રોલિક એન્જિનિયર/ ડે. હાઈડ્રોલિક એન્જિનિયર (મેન્ટ.) |
| સેક્શન | : | A. E. (મેન્ટ.) W.W.E.S-I |
| બીડ નંબર. | : | i) ૨૦૨૫_MCGM_૧૧૫૮૪૦૨_૧<br>ii) ૨૦૨૫_MCGM_૧૧૫૮૩૯૩_૧<br>iii)૨૦૨૫_MCGM_૧૧૫૮૪૧૨_૧ |
| વિષય | : | i) A.E.W.W. (M) E.S-I ડિવિઝન હેઠળ પૂર્વિય પરાંમાં 'M/W' વોર્ડ માટે M. S. ક્લોસેટ અને M.S. મેટલ કેબીનેટ્સનું ડિઝાઈંગ, ફેબ્રિકેશન અને ઇન્સ્ટોલેશનનું કામ.<br>ii) પૂર્વિય પરાંમાં A.E.W.W. 'M/W' વોર્ડ માટે વોટરમેઈનની જાળવણી અને ક્રોસ કનેકશન બનાવા માટે જરૂરી વિવિધ સાઈઝ એસેસરીઝની સપ્લાય.<br>iii) એક વર્ષની મુદત માટે A.E.W.W. (M) E.S-I ડિવિઝન માટે E.S. માં વોટર મેઈન્સ અને કન્ટ્રોલ વાલ્વસનું જાળવણી અને રિપેર્સ હાથ ધરવા માટે તમામ એસેસરીઝ સાથે JCB ની ભરતી. |
| બીડ પ્રારંભ તારીખ અને સમય | : | ૧૨.૦૩.૨૦૨૫ સ. ૧૦.૦૦ થી |
| બીડ અંતિમ તારીખ અને સમય | : | ૨૨.૦૩.૨૦૨૫ સાં. ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | : | http://portal.mcgm.gov.in |
| સંપર્ક વ્યક્તિઃ | | |
| a નામ | : | શ્રી એ. એમ. કોલટે, A.E.(M)W.W.E.S |
| b ટેલિફોન | : | ૦૨૨-૨૫૧૫૩૨૪૯/૫૦ |
| c મોબાઈલ નં. | : | ૯૯૩૦૨૬૦૫૦૮ |
| d ઈ-મેઈલ Id | : | aewwmes.he@mcgm.gov.in |

સહી/-
એક્ષિક્યુટીવ એન્જિનિયર
(હેડ વર્કસ) વોટર વર્કસ

PRO/2769/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન

### વિવિધ એન્જિનિયરિંગ કાર્યો

**નં. W/118/NIT/E-Tender/2024-25/WA/47 તારીખ: 10/03/2025. ટેન્ડર નં. 221-2024-25-R થી 233-2024-25.** ડિવિઝનલ રેલવે મેનેજર (કાર્ય) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે :

| અનુ.નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| 01 | 221-2024-25-R | ડીઇએન (પૂર્વ) અધિકારક્ષેત્ર: મંજૂર કામ સામે 5187 એફબી ડબ્લ્યુઇએલડી (1) ભાવનગર વિભાગ - આયએસડી (ડીપ સ્ક્રીનીંગ સાથે) દ્વારા લૂપ લાઇનને મજબૂત બનાવવી અને એલડબ્લ્યુઆર-51.470 ટીકેએમ માં રૂપાંતર (2) ભાવનગર ડિવિઝન એસડબ્લ્યુઆર થી એલડબ્લ્યુઆર માં 2 જી થી 4 થી ડિગ્રી વળાંક પર રૂપાંતર. (3) ભાવનગર વિભાગ - મુખ્ય અને મહત્વના પુલો પર ટીઆરઆર(પી)-20.808 ટીકેએમ (4) ધોલા - ભાવનગર ટર્મિનસ, સિહોર - પાલિતાણા અને સાબરમતી - બોટાદ વિભાગો: વેલ્ડ રીન્યુઅલ દ્વારા, (5) ભાવનગર વિભાગ: - ધોલા - ભાવનગર વિભાગો: યાર્ડમાં 06 સ્થળોએ સુધારો. | 6,34,57,834.40 | 4,67,300.00 |
| 02 | 222-2024-25 | ભાવનગર વિભાગ:- પીઆરસીએલ વિભાગ સિવાય ડીઇએન પૂર્વ વિભાગમાં ટીએમઆર. | 1,20,44,215.53 | 2,10,200.00 |
| 03 | 223-2024-25 | ધસા ડેપોમાં 25000 કમ, 50 mm સાઈઝનું મશીન ક્રશડ સ્ટોન બેલાસ્ટનો પુરવઠો અને પીઆરસીએલ વિભાગ માટે ધાસા ડેપોમાં હોપર વેગનમાં લોડિંગ. | 1,91,90,587.50 | 2,46,000.00 |
| 04 | 224-2024-25-R | ભાવનગર ટર્મિનસ: રેલવે સ્ટેશન પર બીવીસી પિટ લાઇનની ડ્રેનેજ સિસ્ટમ, પેડેસ્ટલ, કેટવોક, પાઇપલાઇન વગેરેનું સમારકામ. | 1,09,31,874.59 | 2,04,700.00 |
| 05 | 225-2024-25-R | સિનીયર ડીઇએન (સેન્ટ્રલ) બીવીપી અધિકારક્ષેત્ર: ભાવનગર ડિવિઝનના મંજૂર કામ સામે ટ્રેક માઉન્ટેડ ઓટોમેટિક ગેજ ફેસ લ્યુબ્રિકેટર (36 નંગ) વળાંક પૂરા પાડવું - ટ્રેક માઉન્ટેડ ઓટોમેટિક ગેજ ફેસ લ્યુબ્રિકેટર પૂરું પાડવું | 3,46,97,548.80 | 3,23,500.00 |
| 06 | 226-2024-25-R | મંજૂર કાર્ય હેઠળ 5233 એફબી વેલ્ડનું વેલ્ડીંગ 1) ભાવનગર વિભાગ - આયએસડી (ડીપ સ્ક્રીનીંગ સાથે) દ્વારા લૂપ લાઇનને મજબૂત બનાવવી અને એલડબ્યુઆર - 51.470 ટીકેએમ માં રૂપાંતર 2) રાજુલા - મહુવા (એલએલ) - ટીઆરઆર (પી) - 12.000 ટીકેએમ 3) ભાવનગર ડિવિઝન - 2 થી 4 ડિગ્રી વળાંક પર એસડબ્લ્યુઆર નું એલડબ્લ્યુઆર માં રૂપાંતર 4) ભાવનગર ડિવિઝન - મુખ્ય અને મહત્વપૂર્ણ પુલ પર ટીઆરઆર (પી) - 20.808 ટીકેએમ 5) રાજકોટના જી.આર બીડીએ અને જેતલસર જંકશન અને અપગ્રેડ કરો. | 6,71,99,682.05 | 4,86,000.00 |
| 07 | 227-2024-25-R | ડીઇએન (પશ્ચિમ) ભાવનગર અધિકારક્ષેત્ર:- મંજૂર કામ સામે એફબી વેલ્ડના 9604 નંગનું વેલ્ડિંગ:-(1) ભાવનગર ડિવિઝન: આયએસડી (ડીપ સ્ક્રીનિંગ સાથે) દ્વારા લૂપ લાઇનને મજબૂત બનાવવી અને એલડબ્લ્યુઆર-51.470 ટીકેએમ માં રૂપાંતર. (પ્રોજેક્ટ ID: 15.02.31.24.3.51.007). (2)જેતલસર જંકશન - સોમનાથ (એસએલ)-ટીઆરઆર (પી) - 26.000 ટીકેએમ (પ્રોજેક્ટ ID:15.02.31.24.3.51.002).(3) ભાવનગર વિભાગ - 2 થી 4 ડિગ્રી વળાંક પર એસડબ્લ્યુઆર નું એલડબ્લ્યુઆર માં રૂપાંતર (પ્રોજેક્ટ ID: 15.02.31.24.3.51.006).(4) ભાવનગર વિભાગ – મુખ્ય અને મહત્વપૂર્ણ પુલો પર ટીઆરઆર (પી)– 20.80 ટીકેએમ. (પ્રોજેક્ટ ID: 15.02.31.24.3.51.010).(5) એટીઇએન પોરબંદર-ભાવનગર ડિવિઝનના મંજૂર કામ સામે લૂપ લાઇન્સનું મજબૂતીકરણ અને આયએસડી (ડીપ સ્ક્રીનિંગ સાથે) દ્વારા એલડબ્લ્યુઆર 14.070 ટીકેએમ માં રૂપાંતર:- આયએસડી (ડીપ સ્ક્રીનિંગ સાથે) દ્વારા લૂપ લાઇનને મજબૂત બનાવવી અને એલડબ્લ્યુઆર-37.887 ટીકેએમ માં રૂપાંતર (પ્રોજેક્ટ ID: 15.02.31.22.1.51.002). | 11,92,47,531.56 | 7,46,200.00 |
| 08 | 228-2024-25 | મદદનીશ વિભાગીય ઈજનેર-બોટાદ પેટાવિભાગ: વિવિધ સ્થળોએ પોર્ટેબલ પાણીનો પુરવઠો ગેંગ હટ્સ, સ્ટાફ કોલોની વગેરે. કોન્ટ્રાકટર સાથે બે વર્ષ (24 મહિના) ના સમયગાળા માટે તમામ વ્યવસ્થા. | 1,63,47,411.79 | 2,31,700.00 |
| 09 | 229-2024-25 | ડીઇએન (પૂર્વ) અધિકારક્ષેત્ર: - વધારાનું સ્તર પ્રદાન કરીને બિન-ઇન્ટરલોક્ડ લેવલ ક્રોસિંગની સુરક્ષા સુવિધાઓમાં સુધારો. | 47,88,333.29 | 95,800.00 |
| 10 | 230-2024-25 | ભાવનગર વિભાગ:- ઢોળા-ભાવનગર વિભાગ: 06 સ્થળોએ યાર્ડની સુધારણા. | 5,53,25,510.19 | 4,26,600.00 |
| 11 | 231-2024-25 | ડીઇએન (પશ્ચિમ) ભાવનગર અધિકારક્ષેત્ર:- મંજૂર કામ સામે ગુંદર ધરાવતા સાંધાના 1533 સેટની ફેરબદલી:- 1) ભાવનગર વિભાગ:-ગુંદર ધરાવતા સાંધાના 2977 સેટની ફેરબદલી. (15.02.31.24.3.51.005) 2) ભાવનગર વિભાગ - 2 થી 4 ડિગ્રી વળાંક પર એસડબ્લ્યુઆર નું એલડબ્લ્યુઆર માં રૂપાંતર. (પ્રોજેક્ટ ID 15.02.31.24.3.51.006) 3) ભાવનગર ડિવિઝન – મુખ્ય અને મહત્વપૂર્ણ પુલો પર ટીઆરઆર (પી)) 20.808 કેટીએમ. (પ્રોજેક્ટ ID 15.02.31.24.3.51.010) | 6,42,84,091.27 | 4,71,400.00 |
| 12 | 232-2024-25 | ભાવનગર વિભાગ:- વેરાવળ - વિવિધ સ્થળોએ એઆરટી/એઆરએમઇ અને એસપીએઆરટી માટે જરૂરી માળખાકીય સુવિધાઓ અને સાધનો. | 51,47,930.25 | 1,03,000.00 |
| 13 | 233-2024-25 | પોરબંદર:- લાઇન નંબર 09 ની સીટીઆર | 59,34,255.41 | 1,18,700.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: બિડિંગ શરૂ થવાની તારીખ: 18/03/2025. બિડિંગ બંધ થવાની તારીખ: 01/04/2025. એનઆઈટી ને રેલવેની વેબ સાઈટ www.ireps.gov.in પર 10/03/2025 ના રોજ અપલોડ કરવામાં આવેલ છે.** 215

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

## પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, અમદાવાદ ડિવિઝન, પશ્ચિમ રેલવે,
સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, અમદાવાદ ડિવિઝન, વેસ્ટર્ન રેલવે, અમદુપુરા, નરોડા રોડ, અમદાવાદ 382345.

**પરિશિષ્ટ એ**

**કાર્ય - અમદાવાદ ડિવિઝનમાં ઓટોમેટેડ ટેલર મશીન (ATM).**
**હરાજી કેટલોગ નંબર:** એનએફઆર-એડીઆય -ADI-60-24
**હરાજી શરૂ (બધા લોટ)** 24.03.2025 11:30:00

| અનુ. ક્ર. | લોટ નંબર/શ્રેણી | વર્ણન | ટ્રિપ્સ/ દિવસ | લોટ સમાપ્તી દિનાંક સમય |
|---|---|---|---|---|
| AA/1 | ATM-ADI-SBIB-Gen-29-25-1 (ATM - General) | અમદાવાદ ડિવિઝનની નવી રેલ્વે કોલોની સબરામા (એસબીઆય) ખાતે એક ઓટોમેટેડ ટેલર મશીન (ATM) પાંચ વર્ષ માટે ના સ્થાપન અને સંચાલન માટેનો કરાર | 1826 | 24-03-25 12:00:00 |

**પરિશિષ્ટ બી**

**કાર્ય: અમદાવાદ વિભાગમાં જાહેરાત અને પરચુરણ સ્થિર સેવા.**
**હરાજી કેટલોગ નંબર:** એનએફઆર-એડીઆય -ADI-59-24
**હરાજી શરૂ (બધા લોટ)** 24.03.2025 12:00:00

| અનુ. ક્ર. | લોટ નંબર/શ્રેણી | વર્ણન | ટ્રિપ્સ/ દિવસ | લોટ સમાપ્તી દિનાંક સમય |
|---|---|---|---|---|
| AA/1 | MSS-ADI-MAN-BCrush-36-25-1 (Misc-Static-Services - Bottle crushing machine) | પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનમાં 05 વર્ષ માટે લાઈસન્સ ફી પર મણિનગર (MAN) અને વટવા (VTA) ખાતે 04 પીબીસીએમ (દરેક સ્ટેશન પર 02 પીબીસીએમ) ના સપ્લાય, ઇન્સ્ટોલેશન, ઓપરેશન અને જાળવણી માટે ઈ-ઓક્શન. | 1826 | 24-03-25 12:30:00 |
| AA/2 | MSS-ADI-ASV-BCrush-35-25-1 (Misc-Static-Services - Bottle crushing machine) | પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનમાં 05 વર્ષના સમયગાળા માટે લાયસન્સ ફી પર અસરવા (ASV), મહેસાણા (MSH), પાલનપુર (PNU), વિરમગામ (VG) અને ભુજ (ભુજ) ખાતે 50 પીબીસીએમ (દરેક સ્ટેશન પર 10 પીબીસીએમ) સપ્લાય, ઇન્સ્ટોલેશન, ઑપરેશન અને જાળવણી માટે ઇ-હરાજી. | 1826 | 24-03-25 12:40:00 |
| AB/1 | MSS-ADI-SIOB-BOXNWC-26-24-1 (Misc-Static-Services - BOXN Wagon Cleaning) | લાયસન્સ ધારકે ટ્રેક પર ઢોળાયેલ અવશેષ કોલસાની સફાઈ અને દૂર કરવાની અને બીઓએક્સએન/બીઓએક્સએનએચએલ માંથી કાઢી નાખેલ સાહિત્ય ઉપાડવાની સેવા પૂરી પાડવી પડશે. કાર્યની પ્રકૃતિ હેઠળ આવરી લેવાયેલા વિસ્તારો: (1) ચિરાઈ ગુડ્સ શેડ (2) સામખ્ય ગુડ્સ શેડ અને (3) ભીમસર ગુડ્સ શેડ. ઉપરોક્ત કરાર અને IREPS પોર્ટલમાં કેવી રીતે ભાગ લેવો તેની સંપૂર્ણ માહિતી માટે, IREPS પોર્ટલમાં ભાગ લેવા વિશેની માહિતી માટે કૃપા કરીને ચીફ કોમર્શિયલ ઇન્સ્પેક્ટર, નોન ફેર રેવન્યુ સેક્શન, અમદાવાદ ડિવિઝન, 9724093968નો સંપર્ક કરો. સ્થળો વિશે વધુ માહિતી માટે સંપર્ક કરો: કૃપા કરીને મુખ્ય વાણિજ્ય નિરીક્ષક ગાંધીધામ: મોબાઈલ 9274689655. | 1096 | 24-03-25 12:50:00 |
| BA/1 | ADVT-Int-179483-137-24-2 (Advertising - Train Interior) | પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના એન ટ્રેન નંબર. 09369 [SBIB-PT DMU], 09370 [PTN-SBIB DMU], 09431 [SBIB-SSH, DMU], 09432 [MSH-ADI DMU], 09433 [SBIB-PTN DMU], 09434 [PTN-SBIB DMU], 09437 [MSH-ABR DMU], 09438 [ABR - MSH DMU], 09401/09402 [અસારવા - હિંમતનગર ડેમુ SPL], 09543/09544 [અસારવા-ડુંગરપુર ડેમુ એસપીએલ], 09441/09442 [WKR-MVI-WKR DMU રેક Linux-09439/09440, 09443/09444, 09561/09562,09563/09564,09585/09586], 09359/09360 [BTD-DHG-BTD પેસેન્જર],09213/09314 [BTD-DHG-BTD સ્પેશિયલ], ના કોચની અંદર રેલ્વે સલામતી/સ્વચ્છતા સાથેની જાહેરાત બદલી શકાય તેવા ધાતુના ફ્રેમ દ્વારા સંદેશાઓ પ્રદર્શન માટે બલ્ક જાહેરાતનો અધિકાર. કુલ ફ્રેમની સંખ્યા = 957 કુલ પ્રતિકૂળ ક્ષેત્રફળ = 133.37 ચોરસ મીટર | 1096 | 24-03-25 13:00:00 |
| BB/1 | ADVT-ADI-ADI-OH-205-25-1 (Advertising - Out of Home) | અમદાવાદ ડિવિઝનમાં સ્થિત 30 ઓવરહેડ પાણીની ટાંકીઓ પર દિવાલ પેઇન્ટિંગ દ્વારા જાહેરાતો પ્રદર્શિત કરવાના કરાર માટે ઈ-હરાજી દ્વારા ઓફરો મંગાવવામાં આવી છે. ઉપલબ્ધ અંદાજિત કુલ જાહેરાત ક્ષેત્ર 2,901 ચોરસ મીટર છે. ઓવરહેડ પાણીની ટાંકીઓની વિગતવાર યાદી, જેમાં તેમના ચોક્કસ સ્થાનો અને સાઇટ મુલાકાતો માટે સંપર્ક વિગતોનો સમાવેશ થાય છે, તે સંપત્તિ વિગતો દસ્તાવેજમાં જોડાયેલ છે. | 1826 | 24-03-25 13:10:00 |
| BC/1 | ADVT-ADI-MAN-OSN-181-24-1(Advertising - On Station Premise (Non-Digital)) | મણિનગર રેલ્વે સ્ટેશનના પ્લાર્મ નં. 1, 2/3 અને એફઓબી પર કુલ 800 ચોરસ મીટર વિસ્તારને આવરી લેતા 200 ગ્લો એડવર્ટાઇઝિંગ સાઇનેજ બોર્ડ માટે ત્રણ વર્ષના સમયગાળા માટે કરાર. | 1096 | 24-03-25 13:20:00 |
| CA/1 | PARKING-ADI-GIMB-MX-26-25-1 (Parking - Mixed) | જીઆયએમબી ગુડ્સ શેડ ખાતે હાલના વાણિજ્યિક વાહન પાર્કિંગની બહારની જમીન પ્લોટ જે કુલ 10922.50 ચોરસ મીટર વિસ્તારને આવરી લે છે પાર્કિંગ કમ ફ્રેઇટ સંલગ્ન સેવાઓ માટેનો કરાર | 1826 | 24-03-25 13:30:00 |

**પરિશિષ્ટ સી**

**કાર્ય - પે અને યુજ - અમદાવાદ વિભાગમાં શૌચાલયો**
**હરાજી કેટલોગ નંબર:** પે-યુઝ-એડીઆઈ-24
**હરાજી શરૂ (બધા લોટ)** 24.03.2025 13:00:00

| અનુ. ક્ર. | લોટ નંબર/શ્રેણી | વર્ણન | ટ્રિપ્સ/ દિવસ | લોટ સમાપ્તી દિનાંક સમય |
|---|---|---|---|---|
| AA/1 | PnU-ADI-NRD-Toi-16-23-1 (Pay and Use - Toilets) | પશ્ચિમ રેલ્વે ત્રણ વર્ષના સમયગાળા માટે લાઇસન્સધારકના ખર્ચે અમદાવાદ ડિવિઝનના સ્ટેશન બિલ્ડીંગ પાછળ નરોડા રેલ્વે સ્ટેશન ફરતા વિસ્તારમાં પે એન્ડ યુઝ ટોઇલેટનું સંચાલન અને સંચાલન | 1096 | 24-03-25 13:30:00 |
| AA/2 | PnU-ADI-BHUJ-Toi-9-22-2 (Pay and Use - Toilets) | અમદાવાદ ડિવિઝન પશ્ચિમ રેલ્વે સ્ટેશનના નવા ભુજના પ્લેટફોર્મ નં. 1 નલિયા બાજુ, પ્લેટફોર્મ નં. 1 ગાંધીધામ બાજુ, પ્લેટફોર્મ નં.1 સ્ટેશન બિલ્ડીંગ, પ્લેટફોર્મ નં.1 કોમન વેઇટિંગ રૂમ, પ્લેટફોર્મ નં. 1 લેડીઝ વેઇટિંગ રૂમ, પ્લેટફોર્મ નં. 2 નલિયા બાજુ અને નવા ભુજના પ્લેટફોર્મ નં. 2 ગાંધીધામ બાજુ અમદાવાદ ડિવિઝન પશ્ચિમ રેલ્વે સ્ટેશન રેલ્વે ખાતે યુનિફાઇડ નોન-ડિલક્સ પ્રકારના પે એન્ડ યુઝ ટોઇલેટના સંચાલન અને સંચાલન માટે ત્રણ વર્ષ માટે લાઇસન્સનો ખર્ચ આપવામાં આવશે. | 1096 | 24-03-25 13:40:00 |

345

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

## દારૂ પરના પ્રતિબંધના નિયમની કડક રીતે થશે અમલબજાવણી

# હાઉસિંગ સોસાયટીમાં દારૂની દુકાન માટે જરૂરી સોસાયટીનું એનઓસી

**પાલિકા ક્ષેત્રના વોર્ડમાં ચાલતી વાઈનશોપને બંધ કરવા માટે મતદાન કરવું પડશે**

મુંબઈ: રાજ્યમાં હાઉસિંગ સોસાયટીના બિઝનેસ એરિયામાં બિયર કે પછી દારૂની દુકાન શરૂ કરવી હોય તો હવે પછી સંબંધિત સોસાયટીનું એનઓસી બંધનકારક રહેશે. સોસાયટીના એનઓસી સિવાય રાજ્યમાં નવી વાઈનશોપ શરૂ કરી નહીં શકાય, એવી કડક ભૂમિકા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે વિધાનસભામાં જાહેર કરી હતી. અજિત પવારની જાહેરાતને કારણે હાઉસિંગ સોસાયટીમાંનું વાતાવરણ ક્લેશમુકત રહેશે અને યુવા પેઢી વ્યસન તરફ નહીં ધકેલાય તેમ જ કાયદો અને વ્યવસ્થાને સુધારવામાં મદદ પણ મળશે.

પાલિકા વોર્ડમાં દારૂના વેચાણ કરતી દુકાન બંધ કરાવવી હોય તો નિયમ અનુસાર આવેલા પ્રસ્તાવ પર થયેલા કુલ મતદાન પૈકી ૭૫ ટકા મતદાન જે તરફ થયું હશે (જુઓ પાનું ૪) ▶▶

## રોડ એક્સિડેન્ટ રોકવા રાજ્યમાં ડ્રાઈવરોની ડ્રગ ટેસ્ટ

મુંબઈ: મહારાષ્ટ્રમાં માર્ગ અકસ્માતોમાં દરરોજ સરેરાશ ૪૦થી વધુ લોકોનાં મૃત્યુ થતાં હોવાથી રાજ્ય સરકારે મંગળવારે જણાવ્યું હતું કે ડ્રાઇવરે ડ્રગ્સનું સેવન કર્યું છે કે કેમ એ નક્કી કરવા માટે ટેસ્ટિંગ કિટ રજૂ કરવાની યોજના છે. રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે એક પ્રશ્નના જવાબમાં રાજ્ય વિધાનસભામાં આ માહિતી આપી હતી.

માર્ગ અકસ્માતને કારણે મૃત્યુની સંખ્યા વધી રહી હોવાનો સ્વીકાર કરી સરનાઇકે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર હાઇવે ઇન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમનો અમલ નથી કરી શકી. આ

સિસ્ટમ હેઠળ સીસીટીવી કેમેરા, સેન્સર અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવી ટેકનોલોજીનો ઉપયોગ હાઇવેના ટ્રાફિક પ્રવાહ પર નજર રાખવા અને તેનું સંચાલન કરવા માટે કરવામાં આવે છે. એનો ઉદ્દેશ ભીડ ઘટાડવાનો, સલામતીમાં સુધારો (જુઓ પાનું ૪) ▶▶

## યુવાન પ્રેમીને પામવા મહિલાએ ભાભીના ત્રણ મહિનાના બાળકનું અપહરણ કર્યું

**પ્રેમ સંબંધમાંથી બાળક જન્મ્યું હોવાનું જુઠ્ઠાણું ચલાવી પ્રેમિકાએ પ્રેમી સાથે લગ્નજીવન શરૂ કર્યું**

પાલઘર: નવયુવાન પ્રેમીને પામવા ત્રણ સંતાનની માતાએ વિચિત્ર યોજના બનાવી હોવાની ઘટના વસઈમાં બની હતી. પ્રેમ સંબંધમાંથી બાળક જન્મ્યું હોવાનું જુઠ્ઠાણું ચલાવી પ્રેમિકાએ પ્રેમી સાથે લગ્નજીવન શરૂ કર્યું અને આ માટે ભાભીના ત્રણ મહિનાના બાળકનું અપહરણ કર્યું હતું. પોલીસે મહિલાને બિહારથી પકડી પાડી બાળકને છોડાવ્યો હતો.માંડવી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર સંજય હઝારેએ જણાવ્યું હતું કે ૩૮ વર્ષની મહિલાએ વસઈના માંડવી વિસ્તારમાં રહેતી ભાભીના ત્રણ મહિનાના પુત્રનું કથિત અપહરણ કર્યું હતું. ૧૮ ફેબ્રુઆરીએ ફરવા લઈ જવાને બહાને બાળકને ઘરની બહાર લઈ ગયા પછી મહિલા ફરાર થઈ ગઈ હતી.

ખાસ્સો સમય વીત્યા છતાં બન્ને ઘરે પાછા ન ફરતાં બાળકના પરિવારજનોએ પોલીસ ફરિયાદ કરી હતી. ફરિયાદને આધારે પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ (જુઓ પાનું ૪) ▶▶




## પ્રાર્થના સ્થળ અને મસ્જિદના લાઉડ સ્પીકર બંધ થશે: ફડણવીસ

મુંબઈ: ભાજપનાં વિધાનસભ્ય દેવયાની ફરાંદેએ મંગળવારે પ્રાર્થના સ્થળ અને મસ્જિદોમાં મૂકવામાં આવતા લાઉડસ્પીકરના કારણે થતા ધ્વનિ પ્રદૂષણનો મુદ્દો ઉઠાવ્યો હતો. બોમ્બે હાઈ કોર્ટના ચુકાદાને ટાંકી તેમણે કહ્યું હતું કે પ્રાર્થના સ્થળે જઈને અઝાન કહેવાનો અધિકાર છે એ ખરું, પરંતુ અદાલતે લાઉડસ્પીકર પર અઝાન કહેવાની પ્રથાનો વિરોધ કર્યો છે. લાઉડસ્પીકરને કોઈ ધર્મ સાથે ન જોડી શકાય એવું અદાલતે કહ્યું હોવાનું ફરાંદેએ યાદ અપાવ્યું હતું. આ રજૂઆતના જવાબમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ધર્મસ્થાનો પર લાઉડસ્પીકરનો મુદ્દો ઉઠાવી રોજ સવારે વાગતા લાઉડસ્પીકરનું શું કરવું? એવો સવાલ કરી સંજય રાઉતને ટોણો માર્યો હતો. અલબત્ત મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સંજય રાઉતનું નામ લીધું ન હતું, પરંતુ (જુઓ પાનું ૪) ▶▶




## લીલાવતી હૉસ્પિટલમાં કરોડો રૂપિયાની ઉચાપત કરાઇ હોવાનો દાવો

મુંબઈ: મુંબઈની જાણીતી લીલાવતી હોસ્પિટલ ટ્રસ્ટે છેલ્લા વીસ વર્ષમાં ૧૨૫૦ કરોડની ઉચાપત કરવા માટે હૉસ્પિટલના સાત ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ, ઇક્વિપમેન્ટ સપ્લાયર્સ અને વિક્રેતાઓ સહિત ૧૭ જણ સામે એફઆઇઆર નોંધી છે. આમાંથી મોટા ભાગના આરોપીઓ દુબઇ અને બેલ્જિયમમાં છે.

લીલાવતી હૉસ્પિટલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહે મંગળવારે એક પત્રકાર પરિષદને સંબોધતા આક્ષેપ કર્યો હતો કે ટ્રસ્ટના કથિત ગેરકાયદે ટ્રસ્ટીઓએ ગંભીર ગેરરીતિઓ આચરી હતી (જુઓ પાનું ૪) ▶▶

### કાળા જાદુની વસ્તુઓ મળી

પરમબીર સિંહે જણાવ્યું હતું કે ટ્રસ્ટના કેટલાક ભૂતપૂર્વ કર્મચારીઓએ થોડા મહિના પહેલા જણાવ્યું હતું કે ટ્રસ્ટના કાયમી ટ્રસ્ટી પ્રશાંત મહેતા અને તેમના માતા ચારુ મહેતા જ્યાં બેસે છે ત્યાં કથિત કાળું જાદુ કરવામાં આવ્યું હતું. ઓફિસનો ફ્લોર ખોદવામાં આવ્યો ત્યારે ત્યાં માનવ અવશેષો, ચોખા, માનવી વાળ, અને અન્ય વસ્તુઓ આઠ વાસણમાં દટાયેલી હાલતમાં મળી આવ્યા હતા, એમ તેમણે જણાવ્યું હતું.

## ઔરંગઝેબ બાબતે ટિપ્પણી કરવાના કેસમાં અબુ આઝમીને રાહત: કોર્ટે આગોતરા જામીન મંજૂર કર્યા

મુંબઈ: મોગલ શાસક ઔરંગઝેબ અંગે પ્રશંસા કરતી ટિપ્પણી સામે સમાજવાદી પાર્ટીના વિધાનસભ્ય અબુ આઝમી વિરુદ્ધ નોંધાયેલા કેસમાં કોર્ટે મંગળવારે આગોતરા જામીન મંજૂર કરતાં તેમને રાહત મળી હતી. જામીનની અરજીના ભાગરૂપે આઝમીને (જુઓ પાનું ૪) ▶▶

### આઝમી થયા સંભાજી મહારાજને નતમસ્તક

પુણે: મુગલ શાસક ઔરંગઝેબની પ્રશંસા કરવાને કારણે મહારાષ્ટ્ર વિધાનસભામાંથી સસ્પેન્ડ કરાયેલા સમાજવાદી પક્ષના વિધાનસભ્ય અબુ આસિમ આઝમીએ મંગળવારે છત્રપતિ સંભાજી મહારાજને તેમની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ (જુઓ પાનું ૪) ▶▶

## મહેસાણાથી આવેલા દંપતીના સવા મહિનાના પુત્રનું ગોરેગામથી અપહરણ: ચાર પકડાયા

**બાળકીને બદલે ભૂલથી બાળકનું અપહરણ: વેચવા માટે બાળકીનું અપહરણ કરવાની યોજના**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રમજાન મહિનો ચાલતો હોવાથી ચાદર વેચવા ગુજરાતના મહેસાણાથી આવેલા દંપતીના સવા મહિનાના બાળકનું ગોરેગામથી અપહરણ કરવાના કેસમાં પોલીસે બે મહિલા સહિત ચારની ધરપકડ કરી હતી. વેચવા માટે બાળકીની શોધમાં રહેલા આરોપી ભૂલથી બાળકનું અપહરણ કરી ગયા હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. વનરાઈ પોલીસે પકડી પાડેલા (જુઓ પાનું ૪) ▶▶

## શિંદે સરકારે શરૂ કરેલી યોજના ફડણવીસ સરકારે પડતી મૂકી

મુંબઈ: મહાયુતિ સરકારની લોકપ્રિય યોજના, 'આનંદાચા શિધા યોજના' હવે બંધ કરી દેવામાં આવી છે. એકનાથ શિંદે મુખ્યપ્રધાન બન્યા પછી આ યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના શિંદેના રાજકીય ગુરૂ આનંદ દિઘેના નામે શરૂ કરવામાં આવી હતી. આ યોજના દ્વારા, રાજ્યના ૧ કરોડ ૬૩ લાખ લોકોને લાભ મળી રહ્યો હતો. પરંતુ હવે, રાજ્યની તિજોરી પર ભારણ હોવાથી, આ યોજના મુલતવી રાખવામાં આવી છે.

'આનંદાચા શિધા યોજના' દ્વારા, તહેવાર દરમિયાન રેશનકાર્ડ ધારકોને માત્ર ૧૦૦ રૂ.માં એક કિલો રવો, એક કિલો ખાંડ, એક કિલો ચણાની દાળ અને એક લિટર (જુઓ પાનું ૪) ▶▶

## મ્હાડાના ₹ ૧૭૨ કરોડ વસૂલવાના બાકી: ડેવલપર્સની મિલકત સરકાર જપ્ત કરશે


મુંબઈ: મહારાષ્ટ્ર સરકાર એવા ડેવલપર્સની મિલકતો જપ્ત કરશે જેઓએ મ્હાડાની જમીન પરની ઇમારતોનો પુનર્વિકાસ કરતી વખતે ૧૭૨ કરોડ રૂપિયા ચૂકવ્યા નથી, એમ વિધાનસ પરિષદમાં મંગળવારે આ અંગેની માહિતી આપવામાં આવી હતી.

હાઉસિંગ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન પંકજ ભોયરે જણાવ્યું હતું કે ટ્રાન્ઝિટ કેમ્પનાં બાકીનાં ભાડા ચૂકવવામાં નિષ્ફળ રહીને સરકારને નાણાકીય નુકસાન પહોંચાડનારા બાવીસ ખાનગી બિલ્ડરો સામે ફરિયાદ નોંધવામાં આવી (જુઓ પાનું ૪) ▶▶

## બજેટના દિવસે સંગીતખુરશીનો માહોલ

### ચૌધરી ભૂલથી વિરોધ પક્ષના નેતાની જગ્યા પર અને અજિતદાદા શિંદેની બેઠક પર બેસી ગયા

મુંબઈ: વિધાનસભામાં જ્યારે સત્તાધારી અને વિરોધ પક્ષ એક સાથે આવે ત્યારે અચૂક લડાઈ જોવા મળતી હોય છે. જોકે વિધાનસભામાં મંગળવારે કામકાજ શરૂ થયું અને વિરોધ પક્ષોએ અને સત્તાધારી પક્ષોએ એકમેક પર આક્ષેપબાજી અને મ્હેણાં-ટોણાં માર્યાં હતાં. જોકે એ સમયે સભાગૃહનું વાતાવરણ ખિલખિલાટ થઇ ગયું હતું. આનું કારણ એ હતું કે અજય ચૌધરી ભૂલથી વિરોધ પક્ષની જગ્યા પર જઇને બેસી ગયા હતા. શું તેમની અહીં વિરોધી પક્ષના નેતા તરીકે નિમણૂક કરવામાં (જુઓ પાનું ૪) ▶▶







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**